
શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી

વિરચિત

# સમાધિતંત્ર



સમાધિતંત્ર

આચાર્ય
શ્રી પૂજ્યપાદસ્વામી

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

ભગવાન શ્રીકુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પ-૧૦૦

ॐ

શ્રી પરમાત્મને નમઃ

## શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી

વિરચિત

# સમાધિતંત્ર

મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થાદિ તથા
શ્રી પ્રભાચંદ્ર વિનિર્મિત સંસ્કૃત ટીકા
ગુજરાતી અનુવાદ સહિત

卐

: અનુવાદક :
**છોટાલાલ ગુલાબચંદ ગાંધી (સોનાસણ)**
બી. એ. (ઓનર્સ); એસ. ટી. સી.

: પ્રકાશક :
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

એકથી ચાર આવૃત્તિ પ્રત : ૬૫૦૦
પાંચમી આવૃત્તિ | પ્રત : ૧૦૦૦ | વિ સં. ૨૦૭૦ | ઈ.સ. ૨૦૧૫

સમાધિતંત્ર (ગુજરાતી)ના


**✻ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ✻**

**જ્ઞાનેશ રસિકલાલ શાહ મેમોરિયલ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર**
**હસ્તે રસિકલાલ જગજીવનદાસ શાહ પરિવાર,**
**પુષ્પાબેન, કમલેશ, અજય**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૮૮=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૫૦=૦૦ થાય છે. તેમાંથી શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, પાર્લા (મુંબઈ) તરફથી સ્થાયી શાસ્ત્ર પ્રકાશન–કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા. ૨૫=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૨૫=૦૦**

મુદ્રક
**કહાન મુદ્રણાલય**
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)



परमोपकारी पूज्य गुरुदेव श्री कानजीस्वामी

ૐ

## સમાધિપ્રાપ્ત સર્વે સંતોને નમસ્કાર

# પ્રથમ આવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

શરીરાદિક પરપદાર્થોમાં તથા પરભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને, સંસારથી મુક્ત થવાના સંદેશા ભગવાન શ્રી પૂજ્યપાદ આચાર્યે આ 'સમાધિતંત્ર' યા 'સમાધિશતક'માં આપ્યા છે. તે શાસ્ત્ર ઉપર સંસ્કૃત ટીકા શ્રી પ્રભાચંદ્ર આચાર્યે કરી છે, તેનો અક્ષરશઃ અનુવાદ પ્રથમવાર જ પ્રકાશિત કરતાં અત્યાનંદ થાય છે.

સમાધિની પ્રાપ્તિ સર્વકાળે દુર્લભ છે, તેમાં પણ આ વર્તમાનયુગમાં તો અત્યંત દુર્લભ છે. છતાં સમાધિપ્રાપ્ત આત્મજ્ઞ સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં ભવતાપનાશક અમૃતમય પ્રવચનોથી મુમુક્ષુઓને તેવી સમાધિની પ્રાપ્તિ સુલભ થઈ રહી છે એ મહાન સદ્ભાગ્ય છે. તેઓશ્રીનાં સાન્નિધ્યમાં રહીને તથા તેમનાં પ્રવચનોથી પ્રેરણા પામીને સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી (સોનાસણવાળા)એ આ અનુવાદ તૈયાર કરી આપ્યો છે.

શ્રીયુત્ છોટાલાલભાઈ બી.એ. (ઓનર્સ); એસ.ટી.સી. છે. તેઓ સરકારી હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય છે. વળી તેઓ સાબરકાંઠા બેતાલીસ દ.હુ.દિ. જૈન કેળવણી મંડળના પ્રમુખ તથા શેઠ જી.ઉ.દિ. જૈન છાત્રાલય, ઈડરના ટ્રસ્ટી અને માનદ્ મંત્રી છે. હાલમાં તેઓ મુખ્યતયા જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, આધ્યાત્મિક શાસ્ત્રોનું વાંચન-મનન, જૈન સાહિત્યની સેવા અને સત્સમાગમાદિ ધાર્મિક પ્રવૃત્તિમાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે. છેલ્લા બાર વર્ષથી દર વર્ષે સોનગઢ આવી, લાંબો સમય પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો તથા તત્ત્વચર્ચાનો અલભ્ય લાભ તેઓ લઈ રહ્યા છે. તેઓ શાંત, સરળ સ્વભાવી, વૈરાગ્યભાવનાવંત, અધ્યાત્મરસિક સજ્જન છે, તેમણે આ અધ્યાત્મશાસ્ત્રનો ગુજરાતી અનુવાદ અત્યંત ખંત અને ચીવટપૂર્વક તદ્દન નિસ્પૃહભાવે કરી આપ્યો છે. તે માટે આ સંસ્થા તેમની અત્યંત ઋણી છે અને આભાર પ્રદર્શિત કરવા સાથે આવાં સત્કાર્યો તેમના દ્વારા થતાં રહે એમ અંતરથી ઈચ્છીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનકાર્યમાં શ્રીયુત નવનીતભાઈ સી. ઝવેરીએ સારું પ્રોત્સાહન આપ્યું છે અને શ્રીયુત્ હિંમતલાલ છોટાલાલ શાહે ગ્રંથ છપાવવાના કાર્યમાં સહાય કરી છે, તેથી તે બંનેનો આભાર માનીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનાર્થે કલોલના ઉદારચિત્ત સદ્ધર્મપ્રેમી સ્વ. શ્રીયુત વાડીલાલભાઈ જગજીવનદાસ તરફથી રૂ. ૨૦૦૧ની સહાયતા મળી છે તે બદલ તેમને તથા તેમના કુટુંબીજનોને ધન્યવાદ.

વળી મુમુક્ષુઓ આ ગ્રંથનો વિશેષ લાભ લઈ શકે એ હેતુને લક્ષમાં રાખીને આ ગ્રંથની કિંમત ઘટાડવા માટે શ્રી બચુભાઈ હેમાણી, કલકત્તાવાળા તરફથી રૂ. ૧૦૦૦) મળ્યા છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

વસંત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદના વ્યવસ્થાપક શ્રી જયંતિલાલ દલાલે કુશળતાપૂર્વક આ ગ્રંથનું સુંદર છપાઈ આદિ કાર્ય કરી આપ્યું છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર આ શાસ્ત્રનાં સારી રીતે અધ્યયન તથા અનુભવ કરીને જગતના જીવો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત પરમ જ્ઞાનાત્મક સમાધિની પ્રાપ્તિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

સોનગઢ,
તા. ૧-૪-૬૬

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## પાંચમી આવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

મહાનસમર્થ આચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામી રચિત 'સમાધિતંત્ર'ની ચોથી આવૃત્તિ ખપી જવાથી આ પાંચમી આવૃત્તિનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. પરમપૂજ્ય પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સ્વાનુભૂતિપ્રધાન સદુપદેશથી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં આત્માર્થપોષક અંતર સાધનામય પવિત્ર જીવન અને દેવગુરુ—ઉપકારભીના અધ્યાત્મ ઉપદેશથી જીવોને ભવાંત કરવાની રુચિનાં જે બીજ રોપાઈ-પાંગરી રહ્યા છે, તેના પ્રતાપે જ ટ્રસ્ટ તરફથી દિનોદિન પ્રકાશન વૃદ્ધિંગત બની રહ્યું છે. આ બધોય પ્રતાપ બન્ને ધર્માત્માઓનો જ છે. જીવો આ પ્રકાશનથી વૈરાગ્ય વધારી આત્મહિતનો પુરુષાર્થ કરે, એ જ ભાવના સાથે—

વિ.સં. ૨૦૭૦
તા. ૧૨-૮-૨૦૧૪

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પ્રસ્તાવના

## ૧. ગ્રન્થ—સમાધિતંત્ર અપરનામ સમાધિશતક

શ્રી પૂજ્યપાદ આચાર્યે આ ગ્રન્થમાં જીવની ત્રણ અવસ્થાઓ—બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે અને બહિરાત્માવસ્થા છોડી અન્તરાત્માવસ્થા દ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપાય સૂચવ્યો છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વિના અન્તરાત્મપણું પ્રગટ થઈ શકે નહીં, તેથી આચાર્યદેવે આ ગ્રન્થમાં ભેદ-વિજ્ઞાનનું મહત્વ વિશેષપણે સમજાવ્યું છે.

આચાર્યદેવે આધ્યાત્મિક રસસાગરને આ નાના ગ્રન્થ—ગાગરમાં અતિ કલાપૂર્ણ કૌશલ્યથી ભરી દીધો છે. તેમાં ભેદજ્ઞાનનો ધ્વનિ પ્રત્યેક શ્લોકમાં ગુંજી રહ્યો છે. ભેદજ્ઞાનની ભાવના અને તેના અભ્યાસ માટે તે પૂરતી સામગ્રી પૂરી પાડે છે અને અભ્યાસીને આગળ વધવા માટે સારી પ્રેરણા આપે છે. આધ્યાત્મિક ભાવનાનો આ એક અત્યુત્તમ ગ્રન્થ છે.

પરમાત્મપદની પ્રાપ્તિ ભેદવિજ્ઞાન દ્વારા જ થઈ શકે, બીજી કોઈ રીતે થઈ શકે નહિ,— એ બાબત ઉપર ગ્રન્થકારે આગમ, યુક્તિ અને જાત અનુભવદ્વારા પોતાની અનોખી, રોચક, હૃદયગ્રાહી, સરળ શૈલીમાં સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રન્થના અભ્યાસથી ચિત્ત અતિ પ્રફુલ્લિત બને છે અને અનાદિકાળથી અજ્ઞાનવશ થતી ભૂલોની પરંપરાનો પદે પદે બોધ થાય છે. ભેદવિજ્ઞાન દ્વારા તે ભૂલો ટાળી પરમપદની પ્રાપ્તિ કેમ કરવી તેની માર્ગદર્શનપૂર્વક પ્રેરણા, આચાર્યે સચોટ ભાવવાહી શબ્દોમાં કરી છે. આ ગ્રન્થના ભાવપૂર્વક વાંચન, વિચાર અને મનનથી ભવદુઃખથી સંતપ્ત થયેલા જીવોને આત્મશાંતિ થયા વગર રહેશે નહિ. ગ્રન્થની એ એક અદ્‌ભુત ખૂબી છે.

આચાર્યદેવે આ ગ્રન્થની રચના મોક્ષમાર્ગના અભિલાષી જીવોને લક્ષમાં રાખીને કરી છે—એ વાત શ્લોક (૩) ઉપરથી જણાઈ આવે છે.

અંતિમ શ્લોક (૧૦૫)માં ગ્રન્થનો ઉપસંહાર કરતાં આચાર્યદેવે ગ્રન્થના નામ—**'સમાધિતંત્ર'**નો નિર્દેશ કરી તેની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું છે કે આ મોક્ષમાર્ગભૂત ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી તથા તેને અનુભવમાં ઉતારી, પરમાત્મામાં નિષ્ઠાવાન જીવ પરમપદની-પરમસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આ ગ્રન્થમાં આત્મ-વિષયને સ્પષ્ટ કરવા માટે એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દોનો સુંદર શૈલીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે જોતાં, સાહિત્યદષ્ટિએ પણ ગ્રન્થની મહત્તા વિશેષ પ્રતિભાસે છે. રચનાચાતુર્ય અને શબ્દપ્રયોગનું કૌશલ્યાદિ કર્તાનું સંસ્કૃતભાષાનું અગાધ જ્ઞાન પ્રગટ કરે છે.

પ્રસ્તુત ગ્રંથ ભાષા—સૌષ્ઠવ, પદ્ય-રચના અને સાહિત્યગુણોની દૃષ્ટિએ જૈન સાહિત્યમાં એક વિશિષ્ઠ—અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ગ્રન્થના સંસ્કૃત-ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર પોતાની ટીકા-પ્રશસ્તિમાં, ગ્રન્થના અપરનામ **'સમાધિશતક'**નો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત ગ્રંથ, **'સમાધિતંત્ર'** અને **'સમાધિશતક'**— એ બંને નામોથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

## ૨. ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદાચાર્ય

શ્રી પૂજ્યપાદાચાર્ય મૂલસંઘ—અન્તર્ગત નન્દિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાળી, પ્રખર તાર્કિક વિદ્વાન્ અને મહાન તપસ્વી હતા.

**સમય :**

શ્રવણ બેલ્ગોલના શિલાલેખ નં. ૪૦ (૧૦૮)મા ઉલ્લેખ છે કે તેઓ **શ્રી સમંતભદ્રાચાર્ય**ની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા.

તેમણે પોતાના **'જૈનેન્દ્ર વ્યાકરણ'**માં 'चतुष्टयं समन्तभद्रस्य' (૫-૪-૧૬૮)—એવો ઉલ્લેખ કર્યો છે. તે પણ બતાવે છે કે શ્રી સમન્તભદ્રાચાર્ય તેમના પૂર્વાગામી હતા.

વિદ્વાનોના મત પ્રમાણે શ્રી સમન્તભદ્રાચાર્ય ઈ.સ. ૨૦૦માં—બીજી શતાબ્દિમાં થઈ ગયા.

**શ્રી ભટ્ટાકલંકદેવે** (સમય—ઈ.સ. ૬૨૦ થી ૬૮૦) પોતાની **'તત્ત્વાર્થરાજવાર્તિક'**માં અને શ્રી વિદ્યાનંદે (સમય ઈ.સ. ૭૭૫ થી ૮૦૦) પોતાની **'તત્ત્વાર્થશ્લોકવાર્તિક'** ટીકામાં, શ્રી પૂજ્યપાદ રચિત **'સર્વાર્થસિદ્ધિ'**નાં વાક્યોનો ઉપયોગ અને અનુસરણ કર્યું છે. આથી અનુમાન થાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી શ્રી ભટ્ટાકલંકદેવની પહેલાં અર્થાત્ ઈ.સ. ૬૨૦ પહેલાં થઈ ગયા હોવા જોઈએ.

આ બંને આધારોથી સાબિત થાય છે કે તેઓ ઈ.સ. ૨૦૦ અને ઈ.સ. ૬૨૦ની વચ્ચેના કાળમાં થઈ ગયા.

શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ. પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

### નિવાસસ્થાન અને માતા—પિતાદિ :

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા **'પૂજ્યપાદચરિતે'** તથા **'રાજાવલીકથે'** નામના ગ્રંથોમાં તેમના પિતાનું નામ **'માધવભટ્ટ'** અને માતાનું નામ **'શ્રીદેવી'** આપ્યું છે અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયા હતા.

શ્રી દેવસેનાચાર્યકૃત **'દર્શનસાર'**માં લખ્યું છે કે તેમના એક વજ્રનંદી નામના શિષ્યે વિ.સં. ૫૨૬મા દ્રાવિડ સંઘની સ્થાપના કરી.

**તેમનું નામ :**

તેમનું દીક્ષા નામ દેવનન્દી હતું; અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી લોકમાં પ્રસિદ્ધ થયા.

શ્રવણ બેલ્ગોલાના શિલાલેખમાં ઉલ્લેખ છે કે–

**यो देवनन्दिप्रथमाभिधानो बुद्धया महत्या स जिनेन्द्रबुद्धिः।**
**श्री पूज्यपादोऽजनि देवताभिर्यत्पूजितं पादयुगं यदीयम्॥**

(–શ્રવણ બેલ્ગોલ શિલાલેખ નં. ૪૦ (૬૪); શક સં. ૧૦૮૫)

**प्रागभ्यधायि गुरुणा किल देवनन्दी,**
**बुद्धया पुनर्विपुलया स जिनेन्द्रबुद्धिः।**
**श्री पूज्यपाद इति चैव बुधैः प्रचरण्ये,**
**यत्पूजितः पदयुगे वनदेवताभिः॥**

(–શ્ર. શિલાલેખ નં. ૧૦૫ (૨૫૪); શક સં. ૧૧૨૦)

ઉપરોક્ત લેખોથી જણાય છે કે તેઓ ત્રણ નામ–દેવનન્દી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદથી પ્રસિદ્ધ હતા. દેવનન્દી–એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા–વિપુલતાના કારણે તેઓએ પાછળથી **'જિનેન્દ્રબુદ્ધિ'**–એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને **'પૂજ્યપાદ'** નામથી વિભૂષિત કર્યા.

**તેમની અદ્‌ભુત જીવન-ઘટનાઓ :**

નીચેના શિલાલેખો તેમના જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે :–

**श्रीपूज्यपादोद्धृतधर्मराज्यस्ततः सुराधीश्वरपूज्यपादः।**
**यदीयवैदुष्यगुणानिदानीं वदन्ति शास्त्राणि तदुद्धृतानि॥**
**धृतविश्वबुद्धिरयमत्र योगिभिः कृतकृत्यभावमनुबिभ्रदुच्चकैः।**
**जिनवद् बभूव यदनङ्गचापहृत्स जिनेन्द्रबुद्धिरिति साधुवर्णित्तः॥**

(–શ્ર. શિલાલેખ નં. ૧૦૮ (૨૫૮); શક સં. ૧૩૫૫)

**श्रीपूज्यपादमुनिरप्रतिमौषर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्रः।**
**यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार॥**

(શ્ર. શિલાલેખ નં. ૧૦૮ (૨૫૮)

ઉપરોક્ત શિલાલેખોમાં દર્શાવ્યું છે કે—

શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક હતા અર્થાત્ સમસ્ત શાસ્ત્ર-વિષયોમાં પારંગત હતા. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને **'જિનેન્દ્રબુદ્ધિ'** નામે વર્ણવ્યા છે.

વળી આ શિલાલેખમાં એવો પણ ઉલ્લેખ છે કે—-

(૧) તેઓ અદ્વિતીય ઔષધ-ઋદ્ધિના ધારક હતા,

(૨) વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;

(૩) તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનું થઈ ગયું હતું.

આ ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું, પરંતુ 'શાન્ત્યષ્ટક'ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું.

મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

**ગ્રન્થરચના :**

શ્રી પૂજ્યપાદસ્વામીએ જે ગ્રન્થો રચ્યા છે તેમાં 'જૈનેન્દ્ર વ્યાકરણ', શબ્દાવતાર, સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશ ગ્રન્થો પ્રમુખસ્થાને છે. નીચેના શિલાલેખથી તેમના રચિત ગ્રન્થોનો ખ્યાલ આવે છે—

**जैनेन्द्रं निजशब्दभागमतुलं सर्वार्थसिद्धिः परा,**
**सिद्धान्ते निपुणत्वमुद्धकवितां जैनाभिषेकः स्वकः।**
**छन्दः सूक्ष्मधियं समाधिशतकं स्वास्थ्यं यदीयं विदा-**
**माख्यातीह स पूज्यपादमुनिषः पूज्यो मुनीनां गणैः॥४॥** (–શ્ર.શિ.લે.નં. ૪૦)

જેમનું **'જૈનેન્દ્ર વ્યાકરણ'** શબ્દશાસ્ત્રોમાં પોતાના અનુપમ સ્થાનને, **'સર્વાર્થસિદ્ધિ'** સિદ્ધાન્તમાં પરમ નિપુણતાને, 'જૈનાભિષેક' ઉચ્ચ કક્ષાની કવિતાને, **'છન્દશાસ્ત્ર'** બુદ્ધિની સૂક્ષ્મતા (રચનાચાતુર્ય)ને અને **'સમાધિશતક'** સ્વાત્મસ્થિતિ (સ્થિતપ્રજ્ઞતા)ને સંસારમાં વિદ્વાનો પ્રતિ જાહેર કરે છે, તે પૂજ્યપાદ મુનીન્દ્ર મુનિગણોથી પૂજનીય છે.

**જૈનેન્દ્ર વ્યાકરણ :**

આ સંસ્કૃત વ્યાકરણનો ગ્રંથ છે. તેના સૂત્રોના લાઘવાદિના કારણે તેનું મહત્વ ઘણું છે અને તેથી તેણે લોકમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતમાં આઠ પ્રમુખ શાબ્દિકોમાં વ્યાકરણના કર્તા શ્રી પૂજ્યપાદ સ્વામીની સારી ગણના છે.

'सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम्।' (–શ્ર.શિ.લે.નં. ૪૭, ૫૦)

'जैनेन्द्रे पूज्यपादः' (–શ્ર.શિ.લે.નં. ૫૫)

સર્વ વ્યાકરણોમાં, શ્રી પૂજ્યપાદ સ્વયં વિદ્વાનોના અધિપતિ હતા, અર્થાત્ સર્વ વ્યાકરણ પંડિતોમાં શિરોમણિ હતા.

**શબ્દાવતાર :**

આ પણ વ્યાકરણનો ગ્રન્થ છે. તે પ્રખ્યાત વૈયાકરણ પાણિનીના વ્યાકરણ ઉપર લખેલો 'શબ્દાવતાર' નામનો ન્યાસ છે. 'નગર' તાલુકાના શિલાલેખમાં તેનો ઉલ્લેખ છે.

**સર્વાર્થસિદ્ધિ :**

શ્રી ઉમાસ્વામી રચિત **'તત્ત્વાર્થસૂત્ર'**ની સંસ્કૃત ટીકારૂપે આ ગ્રન્થ છે. **'તત્ત્વાર્થસૂત્ર'**ની આ સૌથી પ્રથમ ટીકા છે. તેની પછી શ્રી અકલંકદેવે **'તત્ત્વાર્થ રાજવાર્તિક'** અને શ્રી વિદ્યાનંદે **'તત્ત્વાર્થશ્લોક'** નામની ટીકાઓ લખી. આ ટીકાઓમાં **'સર્વાર્થસિદ્ધિ'**નો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનું ઠીક પ્રમાણમાં અનુસરણ કરવામાં આવ્યું છે. સિદ્ધાંત ગ્રન્થોમાં આ ગ્રન્થ બહુ જ પ્રમાણભૂત ગણાય છે અને જૈન સમાજમાં તેનું સારું મહત્વ અંકાય છે.

**સમાધિતંત્ર અને ઇષ્ટોપદેશ :**

આ બંને આધ્યાત્મિક ગ્રન્થો છે. સમાધિતંત્રનું અપરનામ સમાધિશતક છે. તેની સં. ટીકા શ્રી પ્રભાચંદ્રે કરી છે અને ઈષ્ટોપદેશની સં. ટીકા પં. આશાધરજીએ કરી છે. બંને ગ્રંથો જૈન-સમાજમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે 'સમાધિતંત્ર'માં શ્રી કુંદકુંદાચાર્ય જેવા પ્રાચીન આચાર્યોનાં આગમવાક્યોનું સફળતાપૂર્વક અનુસરણ કર્યું છે. મોક્ષપાહુડ, સમયસારાદિ આધ્યાત્મિક શાસ્ત્રોનો આંશિક પ્રતિધ્વનિ, આ ગ્રન્થમાં તુલનાત્મક દૃષ્ટિવાળાને જરૂર જણાયા વગર રહેશે નહિ.

## ઉપસંહાર

શિલાલેખો, ઉપલબ્ધ ગ્રન્થો અને ઐતિહાસિક ગવેષણાથી જ્ઞાત થાય છે કે **પૂજ્યપાદસ્વામી** એક સુપ્રતિષ્ઠિત જૈન આચાર્ય, અદ્વિતીય વૈયાકરણ, મહાન દાર્શનિક, ધુરંધરકવિ, મહાન તપસ્વી અને યુગપ્રધાન યોગીન્દ્ર હતા. મહત્ત્વના વિષયો ઉપર તેમણે જે ગ્રન્થો રચ્યા છે તે તેમની અપાર વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈ કર્ણાટકના ઈ.સ. ૮મી, ૯મી, ૧૦મી શતાબ્દિના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રન્થોમાં બહુ ભક્તિ–ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુક્તકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.

## ૩. સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચન્દ્ર

પ્રસ્તુત ગ્રન્થની સંસ્કૃત ટીકાને અંતે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી પ્રભાચન્દ્ર (પ્રભેન્દુ) આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ 'શ્રી સમન્તભદ્રાચાર્ય' રચિત 'રત્નકરંડ-શ્રાવકાચાર'ના પણ સંસ્કૃત ટીકાકાર છે. તેમણે સમાધિતંત્રના (સમાધિશતકના) પ્રત્યેક શ્લોકમાં ગર્ભિત રહેલા ભાવને (હાર્દને) સરળ સંસ્કૃત ભાષામાં સારી રીતે વ્યક્ત કર્યો છે.

તેમનો સમય, સ્થાન, ગુરુ, માતા-પિતાદિના સંબંધમાં યોગ્ય સંશોધન થવાની જરૂર છે.

આ ગ્રન્થમાં તેમની સંસ્કૃત ટીકાનો શબ્દશઃ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે.

## ૪. આભારદર્શન

કેટલાંક વર્ષ ઉપર પરમ પૂજ્ય આત્મજ્ઞ સંત **શ્રી કાનજીસ્વામી**નાં, આ આધ્યાત્મિક ગ્રન્થ ઉપર સોનગઢમાં, પ્રવચનો થયેલાં. મને તે પૂરેપૂરાં સાંભળવાની અલભ્ય તક મળેલી. હું તેઓશ્રીનાં પ્રવચનોથી પ્રભાવિત થયો અને વિચાર સ્ફૂર્યો કે આવા ગ્રન્થનો ગુજરાતી અનુવાદ કરવામાં આવે તો, વિદ્વાન ગ્રન્થકર્તાના આધ્યાત્મિક જ્ઞાનથી જૈન સમાજ વંચિત રહે નહિ. આ વિચાર કેટલાંક વર્ષો સુધી ઘોળાયા કર્યો. આખરે મિત્રો અને સ્નેહીઓની સલાહ અને સહાનુભૂતિથી એ વિચાર બે વર્ષ ઉપર અનુવાદરૂપે પરિણમ્યો.

ખરું કહું, તો આ અનુવાદના મૂળ પ્રેરકરૂપ શ્રી સ્વામીજીનાં પ્રવચનો જ છે. તેથી અત્યંત આભારપૂર્વક હું તેઓશ્રી પ્રત્યે સાદર ભક્તિભાવ પ્રગટ કરું છું.

મેં મારો વિચાર માન્યવર મુરબ્બી **શ્રીયુત રામજીભાઈ માણેકચંદ દોશી, વકીલ** આગળ રજૂ કર્યો અને કરેલા અનુવાદને તપાસી જવાને તેઓશ્રીને વિનંતી કરી. તેમણે ઘણી જ કાળજીપૂર્વક તે અનુવાદને આદિથી અંત સુધી—પ્રત્યેક શ્લોકનો અન્વયાર્થ, સંસ્કૃત ટીકાનો અનુવાદ, ભાવાર્થ, વગેરે-બરાબર તપાસ્યો અને અમૂલ્ય સૂચનાઓ કરી. સૂચવેલા સુધારા-વધારા સાથે મેં તેઓશ્રીની દેખરેખ નીચે ફરીથી અનુવાદ લખ્યો. આ અનુવાદ પણ તેઓશ્રી ફરીથી તપાસી ગયા. આ રીતે અનુવાદ પાછળ તેમણે લગભગ ત્રણ મહિના જેટલા પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી શ્રમ લીધો. તે માટે હું તેઓશ્રી પ્રતિ કૃતજ્ઞતાભરી લાગણી પૂજ્યભાવ પ્રગટ કરું છું.

આ અનુવાદના પ્રકાશન માટે શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ—સોનગઢના પ્રમુખ **શ્રી નવનીતલાલ સી. ઝવેરી (મુંબઈ)**ને વિનંતી કરી. તેમને પણ આ ગ્રન્થના અનુવાદની આવશ્યકતા જણાઈ એટલું જ નહિ, પણ તે એક સુંદર ગ્રન્થસ્વરૂપ પ્રગટ થાય તેવી ઇચ્છા વ્યક્ત કરી અને બધો અનુવાદ **શ્રીયુત ખીમચંદભાઈ જે. શેઠ** દ્વારા તપાસાવી લેવા સલાહ આપી. તે પ્રમાણે મેં તેમને વિનંતી કરી. તેમણે મારી વિનંતીને માન આપી બધો અનુવાદ બારીક દૃષ્ટિએ

તપાસી લીધો અને કોઈ કોઈ સ્થળે યોગ્ય સુધારો સૂચવ્યો.

મુખ્યતયા શ્રીયુત રામજીભાઈ અને શ્રીયુત ખીમચંદભાઈના સુપ્રયત્નના ફલસ્વરૂપ આ અનુવાદ છે. તે માટે નમ્રભાવે હું તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. તેમની સહાય અને પ્રોત્સાહનથી જ આ અનુવાદ પ્રકાશમાં આવવા પામ્યો છે, એમ કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી.

આ ગ્રન્થનો હિન્દી અનુવાદ બ્ર. શ્રી શીતલપ્રસાદજી તથા શ્રીયુત જુગલકિશોર મુખ્તારજીએ કરેલો છે, પરંતુ તેઓએ સંસ્કૃત ટીકાનો શબ્દશઃ અનુવાદ નહીં કરતાં ફક્ત ભાવ જ આપ્યો છે. તેનો ગુજરાતી અનુવાદ, સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીકૃત, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય—અમદાવાદ તરફથી પ્રસિદ્ધ થયો છે. તેમણે પાટણ—જૈન ભંડારની હસ્તલિખિત પ્રતના આધારે સંસ્કૃત ટીકાનો અનુવાદ કર્યો છે, પરંતુ ઉપલબ્ધ બીજી દિગમ્બર જૈન હસ્તલિખિત પ્રતો સાથે તેનો કેટલીક જગ્યાએ મેળ બેસતો નથી.

જયપુર તથા દિલ્હી દિ. જૈન ભંડારોની હસ્તલિખિત પ્રતો ઉપરથી શ્રી મુખ્તારજીએ જે સંસ્કૃત ટીકા પ્રગટ કરી છે, તેનો આ ગ્રન્થમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ટીકાને ઘણે અંશે મળતી એક વધુ શુદ્ધ હસ્તલિખિત પ્રત મને **ઈડર—દિ. જૈન સરસ્વતી ભંડારમાંથી** તેના પ્રબંધકર્તાના સૌજન્યથી પ્રાપ્ત થઈ છે. આ બધી પ્રતોનો આધાર લઈ શબ્દશઃ આ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે અને આ ગ્રંથકર્તા તથા ટીકાકારના ભાવને વધુ સ્પષ્ટ કરવા, તે સાથે **'ભાવાર્થ'** તથા **'વિશેષાર્થ'** પણ ઉમેરવામાં આવ્યા છે.

આ કાર્યમાં પ્રત્યક્ષ યા પરોક્ષ સહાય કરનાર વ્યક્તિઓનો તથા દિ. જૈન સંસ્થાઓનો હું આભાર માનું છું.

બ્ર. શ્રી ગુલાબચંદભાઈ તથા બ્ર. શ્રી ચંદુભાઈએ પણ અનુવાદ-કાર્યમાં પ્રોત્સાહન અને સહાનુભૂતિ દર્શાવી છે તથા માર્ગદર્શન કર્યું છે. તે માટે હું તેમનો પણ આભારી છું.

આ સિવાય જે જે ભાઈઓએ મને સહાય કરી છે, તે સર્વેનો હું સમગ્રપણે આભાર માનું છું.

આ અનુવાદ ઉપરોક્ત બે વિદ્વાનો દ્વારા પરિશોધિત હોવા છતાં તેમાં જે કાંઈ સ્ખલના દૃષ્ટિગોચર પડે તે અનુવાદકની જ છે, એમ સમજવા વિદ્વાન વર્ગને વિનંતી છે.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः।
हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः॥

સોનગઢ (સૌરાષ્ટ્ર)
તા. ૩-૪-૧૯૬૬
શ્રી મહાવીર જયંતિ

અનુવાદક,
**છોટાલાલ ગુ. ગાંધી** (સોનાસણ)
બી.એ. (ઓનર્સ) એસ.ટી.સી.

# સમાધિતંત્ર

## વિષયાનુક્રમણિકા


| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મંગલાચરણ (સિદ્ધાત્માને નમસ્કાર) | ૧ |
| ૨. | મંગલાચરણ (સકલ પરમાત્મા—શ્રી અરિહંતને નમસ્કાર) | ૬ |
| ૩. | ગ્રન્થકારની ગ્રન્થરચના માટે પ્રતિજ્ઞા | ૧૦ |
| ૪. | આત્માના ત્રણ ભેદ | ૧૩ |
| ૫. | બહિરાત્માદિનાં લક્ષણ | ૧૭ |
| ૬. | પરમાત્મા વાચક નામ | ૨૧ |
| ૭. | બહિરાત્માની શરીરાદિમાં આત્મબુદ્ધિ | ૨૨ |
| ૮-૯. | ચતુર્ગતિ સંબંધી શરીરભેદથી જીવભેદની માન્યતા | ૨૫ |
| ૧૦. | બહિરાત્માની અન્ય શરીરમાં માન્યતા | ૨૮ |
| ૧૧. | શરીરમાં આત્મબુદ્ધિનું પરિણામ | ૨૯ |
| ૧૨. | અવિદ્યાના સંસ્કારનું પરિણામ | ૩૧ |
| ૧૩. | બહિરાત્મા અને અંતરાત્મામાં કર્તવ્ય ભેદ | ૩૨ |
| ૧૪. | શરીરમાં આત્મબુદ્ધિ માટે ખેદ | ૩૪ |
| ૧૫. | સંસારદુ:ખનું મૂળ | ૩૫ |
| ૧૬. | અન્તરાત્માનો પૂર્વ અવસ્થા સંબંધી ખેદ | ૩૭ |
| ૧૭. | આત્મજ્ઞાનનો ઉપાય | ૩૯ |
| ૧૮. | અન્તરંગ—બહિરંગ વચન—પ્રવૃત્તિના ત્યાગનો ઉપાય | ૪૦ |
| ૧૯. | અન્તર્વિકલ્પોના ત્યાગનો ઉપાય | ૪૨ |
| ૨૦. | આત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ | ૪૪ |
| ૨૧-૨૨. | અન્તરાત્માની આત્મજ્ઞાન પહેલાં અને પછી ચેષ્ટા | ૪૬-૪૮ |
| ૨૩. | લિંગ-સંખ્યાદિ વિષે ભ્રમ—નિવારણ | ૪૯ |
| ૨૪. | આત્મસ્વરૂપનો અનુભવ | ૫૧ |
| ૨૫-૨૬. | આત્માનુભવીનો શત્રુ-મિત્ર વિચાર | ૫૨-૫૪ |
| ૨૭. | પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય | ૫૫ |
| ૨૮. | પરમાત્મપદની ભાવનાનું ફળ | ૫૬ |
| ૨૯. | ભય અને અભયનું સ્થાન | ૫૭ |
| ૩૦-૩૧-૩૨. | પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય | ૫૯-૬૦-૬૨ |
| ૩૩. | આત્મજ્ઞાન વિના તપશ્ચરણ વ્યર્થ | ૬૩ |
| ૩૪. | આત્મજ્ઞાનીને તપશ્ચરણનો ખેદ હોતો નથી. | ૬૫ |
| ૩૫. | રાગ-દ્વેષ રહિત મનવાળો જ આત્મદર્શી છે. | ૬૭ |
| ૩૬. | આત્મતત્ત્વ અને આત્મભ્રાન્તિ | ૬૮ |

| | | |
|---|---|---|
| ૩૭. | વિક્ષિપ્ત અને અવિક્ષિપ્ત મનનું કારણ | ૭૦ |
| ૩૮. | વિક્ષિપ્ત અને અવિક્ષિપ્ત મનનું ફળ | ૭૨ |
| ૩૯. | રાગ-દ્વેષાદિ દૂર કરવાનો ઉપાય | ૭૩ |
| ૪૦. | શરીરાદિનો પ્રેમ કેવી રીતે દૂર થાય ? | ૭૫ |
| ૪૧. | આત્મવિભ્રમજ દુઃખ દૂર કરવાનો ઉપાય | ૭૬ |
| ૪૨. | તપથી બહિરાત્મા અને અંતરાત્મા શું ચાહે છે ? | ૭૮ |
| ૪૩. | કર્મબંધન કોણ કરે છે? બહિરાત્મા કે અંતરાત્મા ? | ૮૦ |
| ૪૪. | બહિરાત્મા અને અંતરાત્માના વિચારો | ૮૨ |
| ૪૫. | અન્તરાત્માને દેહાદિમાં અભેદ-ભ્રાન્તિ કેમ ? | ૮૩ |
| ૪૬. | અન્તરાત્મા થયેલી ભ્રાંતિને કેવી રીતે છોડે ? | ૮૫ |
| ૪૭. | બહિરાત્મા અને અન્તરાત્માનો ત્યાગ-ગ્રહણ વિષય | ૮૬ |
| ૪૮. | અન્તરાત્માનો અંતરંગ ત્યાગ-ગ્રહણ | ૮૮ |
| ૪૯. | બહિરાત્મા અને અંતરાત્માને જગત કેવું ભાસે છે ? | ૯૦ |
| ૫૦. | અન્તરાત્માની ભોજનાદિકમાં કેવી પ્રવૃત્તિ હોય છે ? | ૯૧ |
| ૫૧. | અનાસક્ત અન્તરાત્મા આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે છે. | ૯૩ |
| ૫૨. | આત્માનુભવ કરનારને દુઃખ-સુખ કેવી રીતે હોય ? | ૯૪ |
| ૫૩. | આત્મસ્વરૂપની ભાવના કેવી રીતે કરવી ? | ૯૬ |
| ૫૪. | શરીરાદિમાં ભ્રાન્ત-અભ્રાન્ત મનુષ્યનો વ્યવહાર | ૯૮ |
| ૫૫. | બહિરાત્માની બાહ્ય વિષયમાં આસક્તિ | ૧૦૦ |
| ૫૬. | બહિરાત્માની દશા | ૧૦૨ |
| ૫૭. | સ્વ શરીર અને પર શરીરને કેવી રીતે અવલોકવું ? | ૧૦૩ |
| ૫૮. | અન્તરાત્મા બહિરાત્માને આત્મતત્ત્વ કેમ બતાવતા નથી. | ૧૦૫ |
| ૫૯. | બહિરાત્માને આત્મતત્ત્વમાં રુચિ નથી. | ૧૦૭ |
| ૬૦. | બહિરાત્માને આત્મબોધ કેમ થતો નથી ? | ૧૦૯ |
| ૬૧. | અંતરાત્માની શરીરાદિકની શણગારવામાં ઉદાસીનતા | ૧૧૦ |
| ૬૨. | સંસાર શાથી ટકે છે ? | ૧૧૨ |
| ૬૩-૬૬. | અંતરાત્મા શરીરની અવસ્થાથી આત્માની અવસ્થા માનતો નથી. | ૧૧૪-૧૧૮ |
| ૬૭. | અન્તરાત્માને મુક્તિની યોગ્યતા | ૧૧૮ |
| ૬૮. | બહિરાત્માને સંસાર-ભ્રમણનું કારણ | ૧૨૦ |
| ૬૯. | બહિરાત્મા કોને આત્મા માને છે ? | ૧૨૨ |
| ૭૦. | શરીરથી ભિન્ન આત્મ-ભાવના કરવાનો ઉપદેશ | ૧૨૩ |
| ૭૧. | આત્માની એકાગ્ર ભાવનાનું ફળ | ૧૨૪ |
| ૭૨. | ચિત્તની સ્થિરતા માટે લોકસંસર્ગનો ત્યાગ | ૧૨૫ |

૭૩. શું મનુષ્યોનો સંસર્ગ છોડી જંગલમાં વસવું ? ........ ૧૨૭
૭૪. આત્મભાવના અને અનાત્મભાવનાનું ફળ ........ ૧૨૮
૭૫. આત્મા જ આત્માનો ગુરુ છે ........ ૧૨૯
૭૬. બહિરાત્મા મરણથી શાથી ડરે છે ? ........ ૧૩૧
૭૭. અન્તરાત્માની મરણ સમયે નિર્ભયતા ........ ૧૩૨
૭૮. જે વ્યવહારમાં સૂતો તે આત્મવિષયમાં જાગૃત ........ ૧૩૪
૭૯. જે આત્મવિષયમાં જાગૃત હોય છે તે મુક્તિ પામે છે. ........ ૧૩૬
૮૦. અન્તરાત્માને જગત યોગ અવસ્થામાં કેવું લાગે છે. ........ ૧૩૭
૮૧. આત્માને શરીરાદિથી ભિન્ન ભાળ્યા વિના મુક્તિ નથી. ........ ૧૩૯
૮૨. અન્તરાત્માએ ભેદવિજ્ઞાનની ભાવના કેવી રીતે કરવી ? ........ ૧૪૦
૮૩. અવ્રતોની જેમ વ્રતોના વિકલ્પ પણ ત્યાજ્ય છે. ........ ૧૪૨
૮૪. વ્રતોના વિકલ્પોને છોડવાનો ક્રમ ........ ૧૪૩
૮૫. વિકલ્પજાળના નાશથી પરમપદની પ્રાપ્તિ. ........ ૧૪૪
૮૬. ઉત્પ્રેક્ષા--જાલના નાશનો ક્રમ ........ ૧૪૬
૮૭. લિંગ--વિકલ્પ મોક્ષનું કારણ નથી. ........ ૧૪૯
૮૮. જાતિનો આગ્રહ પણ મુક્તિનું કારણ નથી. ........ ૧૫૦
૮૯. જાતિ સંબંધી આગમ--હઠવાળો પરમપદને પામતા નથી. ........ ૧૫૧
૯૦. મોહી જીવોનો શરીરમાં અનુરાગ ........ ૧૫૩
૯૧. મોહી જીવોનો શરીરમાં દર્શન-વ્યાપારનો વિપર્યાસ ........ ૧૫૪
૯૨. સંયોગી અવસ્થામાં અન્તરાત્મા શું કરે છે ? ........ ૧૫૫
૯૩. બહિરાત્મા અને અન્તરાત્માની કઈ દશા ભ્રમરૂપ અને કઈ ભ્રમરહિત હોય છે. .. ૧૫૬
૯૪. બહિરાત્માનું સકલ શાસ્ત્રજ્ઞાન નિષ્ફળ છે. ........ ૧૫૯
૯૫. જ્ઞાતાત્માનું સપ્તાદિ અવસ્થાઓમાં પણ સ્વરૂપ સંવેદન ........ ૧૬૦
૯૬. ચિત્ત ક્યાં અનાસક્ત હોય છે ? ........ ૧૬૨
૯૭. ભિન્નાત્માની ઉપાસનાનું ફળ ........ ૧૬૩
૯૮. અભિન્નાત્માની ઉપાસનાનું ફળ ........ ૧૬૪
૯૯. ભિન્નાભિન્નાત્મભાવનાનો અસ્વીકાર ........ ૧૬૬
૧૦૦. ચાર્વાક--સાંખ્યમતનું નિરસન ........ ૧૬૮
૧૦૧. શરીરનો નાશ થવા છતાં આત્માનો અવિનાશ ........ ૧૭૧
૧૦૨. મુક્તિ માટે ભેદવિજ્ઞાન સાથે તપશ્ચરણ ........ ૧૭૨
૧૦૩. આત્માની ગતિ-સ્થિતિથી શરીરની ગતિ-સ્થિતિ ........ ૧૭૩
૧૦૪. શરીર--યંત્રોનું આત્મામાં આરોપણ ........ ૧૭૬
૧૦૫. ગ્રન્થનો ઉપસંહાર ........ ૧૭૭
ટીકા પ્રશસ્તિ ........ ૧૭૯

ॐ

શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામીવિરચિત

# સમાધિતંત્ર

## श्रीप्रभाचन्द्रविनिर्मितसंस्कृतटीका

(मंगलाचरण)

सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधम्
निर्वाणमार्गममलं विबुधेन्द्रवन्द्यम्।
संसारसागरसमुत्तरणप्रपोतं
वक्ष्ये समाधिशतकं प्रणिपत्य वीरम्॥

श्रीपूज्यपादस्वामी मुमुक्षूणां मोक्षोपायं मोक्षस्वरूपं चोपदर्शयितुकामो निर्विघ्नतः शास्त्रपरिसमाप्त्यादिकं फलमभिलषन्निष्टदेवताविशेषं नमस्कुर्वन्नाह—

શ્રી સદ્ગુરુ પ્રસાદ

### મૂળ શ્લોક અને સંસ્કૃત ટીકાનો

## ગુજરાતી અનુવાદ

### મંગલાચરણ

અર્થ : સિદ્ધ, અનુપમજ્ઞાનવાન્ (અનંતજ્ઞાની), નિર્વાણમાર્ગરૂપ, નિર્મળ (વીતરાગ), દેવેન્દ્રોથી વંદનીય તથા સંસાર–સાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવરૂપ–એવા વીર જિનેન્દ્ર ભગવાનને પ્રણિપાત કરીને, હું (શ્રીપ્રભાચંદ્ર) સમાધિશતક કહીશ.

શ્રી પૂજ્યપાદસ્વામી (આ સમાધિતંત્રના રચયિતા) મુમુક્ષુઓને મોક્ષનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ બતાવવાની કામનાથી તથા નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ–આદિરૂપ ફલની અભિલાષાથી ઈષ્ટદેવતાવિશેષને નમસ્કાર કરીને કહે છે :–

येनात्माऽबुद्ध्यतात्मैव परत्वेनैव चापरम्।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मे नमः॥१॥

**टीका**—अत्र पूर्वार्द्धेन मोक्षोपाय उत्तरार्द्धेन च मोक्षस्वरूपमुपदर्शितम्। सिद्धात्मने सिद्धपरमेष्ठिने सिद्धः सकलकर्मविप्रमुक्तः स चासावात्मा च तस्मै नमः। येन किं कृतं? अबुद्ध्यत ज्ञातः। कोऽसौ? आत्मा। कथं? आत्मैव। अयमर्थः येन सिद्धात्मनाऽत्रात्मैवाध्यात्मैवा-ध्यात्मत्वेनाबुद्ध्यत न शरीरादिकं कर्मापादितसुरनरनारकतिर्यगादिजीवपर्यायादिकं वा। तथा परत्वेनैव चापरम्। अपरं च शरीरादिकं कर्मजनितमनुष्यादिजीवपर्यायादिकं वा परत्वेनैवात्मनोभेदेनैवाबुद्ध्यत।

---

### શ્લોક ૧

**અન્વયાર્થ :** (येन) જેનાથી (आत्मा आत्मा एव) આત્મા આત્મા રૂપે જ (अबुध्यत) જણાયો (च) અને (अपरं परत्वेन एव) પર પરરૂપે જ જણાયું (तस्मै) તે (अक्षयानन्तबोधाय) અવિનાશી અનન્ત જ્ઞાનસ્વરૂપ (सिद्धात्मने) સિદ્ધાત્માને (नमः) નમસ્કાર હો!

**ટીકા :** અહીં પૂર્વાર્ધથી મોક્ષનો ઉપાય અને ઉત્તરાર્ધથી મોક્ષનું સ્વરૂપ દર્શાવ્યું છે.

સિદ્ધાત્માને એટલે સિદ્ધપરમેષ્ઠીને–સિદ્ધ એટલે સર્વ કર્મથી સંપૂર્ણપણે (અત્યંત) મુક્ત એવા આત્માને–નમસ્કાર હો!

જેણે શું કર્યું? જાણ્યો. કોને? આત્માને. કેવી રીતે (જાણ્યો)? આત્મારૂપે જ અર્થ એ છે કે સિદ્ધાત્માએ અહીં આત્માને આત્મારૂપે જ અર્થાત્ અધ્યાત્મરૂપે જ જાણ્યો, તેને શરીરાદિક કે કર્મોપાદિત સુર–નર–નારક–તિર્યંચાદિક જીવપર્યાયાદિકરૂપે ન જાણ્યો તથા (જેણે) અન્યને એટલે શરીરાદિક વા કર્મજનિત મનુષ્યાદિ જીવપર્યાયાદિને પરરૂપે અર્થાત્ આત્માથી ભિન્નરૂપે જ જાણ્યા.

કેવા તેમને (નમસ્કાર)? અક્ષય અનંત[1] બોધવાળા–અક્ષય એટલે અવિનશ્વર અને

---

૧. અનન્ત–ક્ષેત્રની અંતરહિત અને કાલથી અંતરહિત (જુઓ–પંચાસ્તિકાય ગાથા ૧ની સં. ટીકા)

(દોહરા)

નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ. ૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**तस्मै कथंभूताय? अक्षयानन्तबोधाय अक्षयोऽविनश्वरोऽनन्तोदेशकालानवच्छिन्न-स्समस्तार्थपरिच्छेदको वा बोधो यस्य तस्मै। एवंविधबोधस्य चानन्तदर्शनसुखवर्यैरविनाभावित्व-सामर्थ्यादनंतचतुष्टयरूपायेति' गम्यते। ननु चेष्टदेवताविशेषस्य पञ्चपरमेष्ठिरूपत्वात्तदत्र सिद्धात्मन एव कस्माद् ग्रन्थकृता नमस्कारः कृत इति चेत्, ग्रन्थस्य कर्तुर्व्याख्यातुः श्रोतुरनुष्ठातुश्च सिद्धस्वरूपप्राप्त्यर्थत्वात्। यो हि यत्प्राप्त्यर्थी स तं नमस्करोति यथा धनुर्वेदप्राप्त्यर्थी धनुर्वेदविदं नमस्करोति। सिद्धस्वरूपप्राप्त्यर्थी च समाधिशतकशास्त्रस्यकर्ता व्याख्याता श्रोता तदर्थानुष्ठाता चात्मविशेषस्तस्मात्सिद्धात्मानं नमस्करोतीति। सिद्धशब्देनैव चार्हदादीनामपि ग्रहणम्। तेषामपि देशतः सिद्धस्वरूपोपेतत्वात्॥१॥**

---

અનંતર એટલે દેશકાલથી અનવચ્છિન્ન એવા સમસ્ત પદાર્થોના પરિચ્છેદક અર્થાત્ જ્ઞાનવાળા–તેમને (નમસ્કાર). આવા પ્રકારના જ્ઞાન અનંત દર્શન–સુખ–વીર્ય સાથેના અવિનાભાવીપણાના સામર્થ્યને લીધે તેઓ અનંતચતુષ્ટયરૂપ છે એમ બોધ થાય છે.

શંકા : ઈષ્ટદેવતા વિશેષ પંચપરમેષ્ઠી હોવા છતાં અહીં ગ્રન્થકર્તાએ સિદ્ધાત્મને જ કેમ નમસ્કાર કર્યા?

સમાધાન : ગ્રન્થકર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને અનુષ્ઠાતાને સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિનું પ્રયોજન હોવાથી (તેમણે તેમ કર્યું છે) એ જેની પ્રાપ્તિનો અર્થી હોય તે તેને નમસ્કાર કરે છે; જેમ ધનુર્વિદ્યાપ્રાપ્તિનો અર્થી ધનુર્વેદીને નમસ્કાર કરે છે તેમ. તેથી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિના અર્થી–સમાધિશતક શાસ્ત્રના કર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને તેના અર્થના અનુષ્ઠાતા આત્મવિશેષ–(–એ સર્વે) સિદ્ધાત્માને નમસ્કાર કરે છે.

'સિદ્ધ' શબ્દથી અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું કારણ કે તેમણે પણ દેશતઃ (અંશે) સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. (૧)

**ભાવાર્થ** : ગ્રન્થકારે શ્લોકના પૂર્વાર્ધમાં સ્વ–પરનું ભેદવિજ્ઞાન તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે એમ સૂચવ્યું છે અને તેના ઉત્તરાર્ધમાં ફળસ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન આનંદરૂપ એવી સિદ્ધદશા તે મોક્ષસ્વરૂપ છે એમ દર્શાવ્યું છે; અર્થાત્ પ્રસ્તુત શ્લોકમાં મોક્ષનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે.

જેમણે આત્માને આત્મારૂપે જ યથાર્થ જાણ્યો છે શરીરાદિ અને સુર નર–નારકાદિ પર્યાયરૂપે જાણ્યો નથી અને પરને પરરૂપે જાણ્યો છે–અર્થાત્ શરીરાદિ અને નર–નારકાદિ પર્યાયને આત્માથી પર જાણ્યા છે, તેવા અવિનાશી અનંતજ્ઞાનસ્વરૂપ સિદ્ધાત્માને અહીં નમસ્કાર કર્યા છે.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## વિશેષ

આત્મા આત્મારૂપે છે અને શરીરાદિ પર પદાર્થોરૂપે નથી તથા શરીરાદિ પર પદાર્થો પરરૂપે છે અને આત્મારૂપે નથી–એવું નિર્ણયપૂર્વક સ્વ–પરનું ભેદવિજ્ઞાન સિદ્ધપદ પામવાનો મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે.

શ્રી સમયસાર ગાથા ૨ની ટીકામાં પણ લખ્યું છે કે–

'.......સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય પામે છે......''

એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન (ઉપાય) છે.

## સ્વ–પરનું–જીવ–અજીવનું ભેદજ્ઞાન

''પ્રથમ તો દુઃખ દૂર કરવા માટે સ્વ–પરનું જ્ઞાન અવશ્ય જોઈએ કારણ કે સ્વ–પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુઃખ તે કેવી રીતે દૂર કરે?

અથવા સ્વ–પરને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે તો તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય? અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર–મમકાર કરે તો તેથી દુઃખ જ થાય. માટે સ્વ–પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.

હવે સ્વ–પરનું જ્ઞાન જીવ–અજીવનું જ્ઞાન થતાં જ થાય છે કારણ કે પોતે જીવ છે તથા શરીરાદિક અજીવ છે. જો લક્ષણાદિ વડે જીવ–અજીવની ઓળખાણ થાય તો જ સ્વ–પરનું ભિન્નપણું ભાસે; માટે જીવ–અજીવ જાણવા જોઈએ.....''[1]

## ભેદજ્ઞાનની આવશ્યકતા

''.......સર્વે દુઃખોનું મૂળ કારણ મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર છે. એ સર્વે દુઃખોનો અભાવ કરવા માટે તેને બે પ્રકારનું ભેદજ્ઞાન કરાવવામાં આવે છે.

## પહેલા પ્રકારનું ભેદજ્ઞાન

જીવ પોતાના ગુણો અને પર્યાયોથી એક છે–અભિન્ન છે તથા પર દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોથી અત્યંત જુદો છે અર્થાત્ જીવ સ્વદ્રવ્યે સ્વક્ષેત્રે સ્વકાળે અને સ્વભાવે, પર દ્રવ્યનાં દ્રવ્યક્ષેત્રકાળભાવથી અત્યંત જુદો છે. તેથી તે અપેક્ષાએ પર દ્રવ્યો, તેના ગુણો અને

૧. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ–પૃ. ૮૨

તેના પર્યાયો સાથેનો સંબંધ માત્ર વ્યવહારનયે સંયોગરૂપ કે નિમિત્તરૂપ છે એવું જ્ઞાન કરાવવામાં આવે છે.

આ દૃષ્ટિએ પર દ્રવ્યો સાથેનો સંબંધ અસદ્‌ભૂત–અસત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'વ્યવહારનય' કહેવામાં આવે છે અને જીવના દ્રવ્ય–ગુણ–પર્યાય પોતાના હોવાથી તે સદ્‌ભૂત–સત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'નિશ્ચયનય' કહેવામાં આવે છે.

## બીજા પ્રકારનું ભેદજ્ઞાન

પણ પહેલા પ્રકારનું ભેદજ્ઞાન કરવા માત્રથી જ સમ્યગ્‌દર્શનજ્ઞાન થતું નથી. અનાદિથી જીવનો પર્યાય અશુદ્ધ છે. તેને પોતામાં થતો હોવાની અપેક્ષાએ 'નિશ્ચયનય'નો વિષય કહે છે, તો પણ તે પરના આશ્રયે થતો હોવાથી તેને વ્યવહારનયનો પણ વિષય કહેવાય છે. વળી શુદ્ધ પર્યાયો પણ જીવનું ત્રિકાલી સ્વરૂપ નથી, તેમ જ તેના આશ્રયે તથા ગુણભેદના આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય છે તેથી તેનો આશ્રય છોડાવવા માટે તેને પણ વ્યવહાર કહેવામાં આવે છે અને જીવ દ્રવ્યનું ત્રિકાલી શુદ્ધસ્વરૂપ કે જે ધ્રુવ છે તેને 'નિશ્ચય' કહેવામાં આવે છે કેમ કે તેને આશ્રયે જ ધર્મની શરૂઆત–તેનું ટકવું–તેની વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.[1]

## સિદ્ધાત્માને નમસ્કાર શા માટે?

".......સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના (પ્રતિબિંબના) સ્થાને છે–જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે....."

"સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવા ઉચિત છે......"

વળી શ્રી મોક્ષમાર્ગપ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૩માં સિદ્ધ[2] ભગવાનનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે–

".......જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય–પરદ્રવ્યનું ઉપાધિક ભાવ તથા

૧. જુઓ : શ્રી સમયસાર–શ્રી રાયચંદ્ર ગ્રન્થમાળા–શ્રી જયસેનાચાર્ય ટીકા–ગાથા ૫૭; પૃ. ૧૦૧; ગાથા ૧૦૨, પૃ. ૧૬૭; ગાથ ૧૧૧ થી ૧૧૫, પૃ. ૧૭૯; ગાથા ૧૩૭–૧૩૮, પૃ. ૧૯૮ (ગુ. દ્રવ્યસંગ્રહ પૃ. ૮, ૯).

૨. શ્રી સમયસાર–નવી ગુ. આવૃત્તિ પૃ. ૬, ૭.

अथोक्तप्रकारसिद्धस्वरूपस्य तत्प्राप्त्युपायस्य चोपदेष्टारं सकलात्मानमिष्टदेवताविशेषं स्तोतुमाह—

સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને સિદ્ધ સમાન થવાનું સાધન થાય છે. તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે તથા જે કૃતકૃત્ય થયા છે તેથી એ જ પ્રમાણે અનંતકાળ પર્યંત રહે છે એવી નિષ્પન્નતાને પામેલા શ્રી સિદ્ધ ભગવાનને અમારા નમસ્કાર હો......''

પ્રશ્ન : પંચપરમેષ્ઠીમાં પહેલા અરિહંત દેવ છે; તો તેમના બદલે અહીં સિદ્ધ ભગવાનને પ્રથમ નમસ્કાર કેમ કર્યા?

ઉત્તર : સિદ્ધ દશા તે આત્માનું પરમ ધ્યેય છે. તે જ આત્માને ઇષ્ટ છે. ગ્રન્થકર્તા વ્યાખ્યાતા, શ્રોતા અને અનુષ્ઠાતાને સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવાની ભાવના છે, તેથી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી કર્તાએ ગ્રન્થની શરૂઆત કરી છે. જેને જે ગુણની પ્રાપ્તિની ભાવના હોય તે તે ગુણધારીનું બહુમાન કરી તેને નમસ્કાર કરે એ સ્વાભાવિક છે. જેમ ધનુર્વિદ્યાની પ્રાપ્તિનો અભિલાષી પુરુષ ધનુર્વિદ્યા જાણનારનું બહુમાન કરે છે, તેમ સિદ્ધપદની પ્રાપ્તિની ભાવનાવાળો જીવ, સિદ્ધપદને પામેલા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરીને શુદ્ધાત્માનો આદર કરે છે.

વળી આ અધ્યાત્મ શાસ્ત્ર છે તેથી તેમાં પ્રથમ સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવા તે ઉચિત છે.[1]

શ્રી કુન્દકુન્દાચાર્યે પણ શ્રી સમયસારની શરૂઆત કરતાં પ્રથમ ''वंदित्तु सव्वसिद्धे.......' કહીને સર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા છે.

અરહંતાદિને એકદેશ સિદ્ધપણું પ્રગટ થયું છે, માટે સિદ્ધ ભગવાનોને નમસ્કાર કરતાં પંચપરમેષ્ઠી ભગવંતોને પણ તેમાં નમસ્કાર આવી જાય છે.

આ કારણથી શાસ્ત્રકર્તાએ મંગલાચરણમાં પ્રથમ સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા છે. ૧.

હવે ઉક્ત પ્રકારના સિદ્ધસ્વરૂપના તથા તેની પ્રાપ્તિના ઉપાયના ઉપદેશદાતા ઇષ્ટદેવતા વિશેષ 'સકલાત્મની' (અરહંત ભગવાનની) સ્તુતિ કરતાં કહે છે :–

૧. જુઓ : બૃ. દ્રવ્યસંગ્રહ-ગાથા ૧ની ટીકા.

जयन्ति यस्यावदतोऽपि भारतीविभूतयस्तीर्थकृतोप्यनीहितुः।
शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नमः॥२॥

**टीका**—यस्य भगवतो जयन्ति सर्वोत्कर्षेण वर्तन्ते। काः? भारतीविभूतयः भारत्याः वाण्याः विभूतयो बोधितसर्वात्महितत्वादिसम्पदः। कथंभूतस्यापि जयन्ति? अवदतोऽपि ताल्वोष्ठपुटव्यापारेण वचनमनुच्चारयतोऽपि। उक्तं च–

''यत्सर्वात्महितं न वर्णसहितं न स्पंदितोष्ठद्वयं,
नो वांछाकलितं न दोषमलिनं न श्वासरुद्धक्रमं।

---

### શ્લોક ૨

**અન્વયાર્થ** :—(यस्य अनीहितुः अपि) જેમને ઇચ્છા પણ નથી, (अवदतः अपि) જેમને તાલુ, ઓષ્ઠાદિદ્વારા શબ્દોચ્ચારણ પણ નથી, (तीर्थकृतः) જેઓ તીર્થના કરનાર છે અને જેમની (भारतीविभूतयः) વાણીની (સર્વ પ્રાણીઓને હિત ઉપદેશવારૂપ) વિભૂતિઓ (जयन्ति) જયવંત વર્તે છે, (तस्मै) તે (शिवाय) શિવને (धात्रे) વિધાતાને–બ્રહ્માને, (सुगताय) સુગતને, (विष्णवे) વિષ્ણુને, (जिनाय) જિનને અને (सकलात्मने) સશરીર શુદ્ધાત્માને (અરહંત પરમાત્માને) (नमः) નમસ્કાર હો.

**ટીકા** : જે ભગવાનની જયવંત વર્તે છે અર્થાત્ સર્વોત્કર્ષરૂપે વર્તે છે–શું (જયવંત વર્તે છે)? ભારતીની વિભૂતિઓ–ભારતીની એટલે વાણીની અને વિભૂતિઓ એટલે સર્વ આત્માઓને હિતનો ઉપદેશ દેવો ઇત્યાદિરૂપ સંપદાઓ–(જયવંત વર્તે છે).

કેવા હોવા છતાં (તેમની વાણીની વિભૂતિઓ) જયવંત વર્તે છે? નહિ બોલતા હોવા છતાં અર્થાત્ તાલુ–ઓષ્ઠના સંપુટરૂપ (સંયોગસમ) વ્યાપારદ્વારા વચનોચ્ચાર કર્યા વિના પણ (તેમની વાણી પ્રવર્તે છે).

વળી કહ્યું છે કે—

''જે સર્વ આત્માઓને હિતરૂપ છે, વર્ણરહિત નિરક્ષરી છે, બંને હોઠના પરિસ્પંદન

---

બોલ્યા વિણ પણ ભારતી-ૠદ્ધિ જ્યાં જયવંત,
ઇચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,
વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ. ૨.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



शान्तामर्षविषैः समं पशुगणैराकर्णितं कर्णिभिः,
तन्नः सर्वविदः प्रणष्टविपदः पायादपूर्वं वचः'' ॥१॥

अथवा भारती च विभूतयश्च छत्रत्रयादयः। पुनरपि कथम्भूतस्य ? तीर्थकृतोऽप्यनीहितुः ईहा वाञ्छा मोहनीयकर्मकार्यं, भगवति च तत्कर्मणः प्रक्षयात्तस्याः सद्भावानुपपत्तिरतोऽनीहितुरपि तत्करणेच्छारहितस्यापि, तीर्थकृतः संसारोरत्तणहेतुभूतत्त्वात्तीर्थमिव तीर्थमागमः तत्कृतवतः। किं नाम्ने तस्मै सकलात्मने ? शिवाय शिवं परमसौख्यं परमकल्याणं निर्वाणं चोच्यते तत्प्राप्ताय। धात्रे असिमषिकृष्यादिभिः सन्मार्गोपदेशकत्वेन च सकललोकाभ्युद्धारकाय। सुगताय शोभनं गतं ज्ञानं यस्यासौ सुगतः, सुष्टु वा अपुनरावर्त्यगतिं गतं सम्पूर्णं वा अनन्तचतुष्टयं गतः प्राप्तः सुगतस्तस्मै।

(હલનચલનરૂપ વ્યાપારથી) રહિત છે, વાંછારહિત છે, કોઈ દોષથી મલિન નથી, તેના (ઉચ્ચારણમાં) શ્વાસનું રૂંધન નહિ હોવાથી અક્રમ (એક સાથે) છે અને જેને શાન્ત તથા ક્રોધરૂપી વિષથી રહિત (મુનિગણ) સાથે પશુગણે પણ કર્ણદ્વારા (પોતાની ભાષામાં) સાંભળી છે તે દુઃખવિનાશક સર્વજ્ઞની અપૂર્વ વાણી અમારી રક્ષા કરો.''

અથવા 'भारतीविभूतयः'નો અર્થ 'ભારતી એટલે વાણી અને વિભૂતિઓ એટલે ત્રણ છત્રાદિ' એમ પણ થાય.

વળી કેવા ભગવાનની? તીર્થના કર્તા હોવા છતાં ઈચ્છા-રહિતની-ઈહા એટલે વાંછા જે મોહનીયકર્મનું કાર્ય છે, તે કર્મનો ભગવાનને ક્ષય હોવાથી તેમનામાં તેનો (વાંછાનો) અસદ્ભાવ (અભાવ) છે; તેથી તેઓ ઈચ્છારહિત હોવા છતાં-તે કરવાની ઈચ્છા રહિત હોવા છતાં 'તીર્થકૃત્' છે અર્થાત્ સંસારથી તારવાના (પાર કરાવવાના) કારણભૂતપણાને લીધે તીર્થ સમાન અર્થાત્ તીર્થ એટલે આગમ-તેના કરનાર છે-તેમની (વાણી જયવંત વર્તે છે).

કેવા નામવાળા તેમને (નમસ્કાર)? સકલાત્માને, 'શિવ'ને[1]-શિવ એટલે પરમ સુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય છે તે જેમણે પ્રાપ્ત કર્યું તેવાને, 'ધાતાને'-અસિ-મસિ-કૃષિ આદિદ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાના કારણે જેઓ સકલ લોકના અભ્યુદ્ધારક (તારણહાર) તેમને, 'સુગતને'-સારું છે ગત એટલે જ્ઞાન જેમનું અથવા જે સારી રીતે અપુનરાવર્ત્યગતિને (મોક્ષને) પામ્યા છે તેમને, અથવા સંપૂર્ણ કે અનંતચતુષ્ટયને જેમણે પ્રાપ્ત

१. शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयं।
प्राप्तं मुक्तिपदं येन सः शिवः परिकीर्तितः ॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**विष्णवे केवलज्ञानेनाशेषवस्तुव्यापकाय। जिनाय अनेकभवगहनप्रापहेतून् कर्मारातीन् जयतीति जिनस्तस्मै। सकलात्मे सह कलया शरीरेण वर्तत इति सकलः सचासावात्मा च तस्मै नमः॥२॥**

કર્યું છે તેવા સુગતને, 'વિષ્ણુને'[1]–જેઓ કેવળજ્ઞાન દ્વારા અશેષ (સમસ્ત) વસ્તુઓમાં વ્યાપક છે એવાને, 'જિને'[2]–અનેક ભવરૂપી અરણ્યને (વનને) પ્રાપ્ત કરાવવાના કારણભૂત કર્મશત્રુઓને જેમણે જીત્યા છે તે જિનને–એવા સકલાત્માને–કલ એટલે શરીર સહિત જે વર્તે છે તે સકલ; અને સકલ અર્થાત્ સશરીર આત્મા તે 'સકલાત્મા'–તેમને નમસ્કાર હો! (૨)

**ભાવાર્થ :** જેઓ તીર્થંકર છે, શિવ છે, વિધાતા છે, સુગત છે, વિષ્ણુ છે તથા સમવરણાદિ વૈભવ સહિત છે અને ભવ્ય જીવોને કલ્યાણરૂપ જેમની દિવ્ય વાણી (દિવ્ય ધ્વનિ) મુખેથી નહિ પણ સર્વાંગેથી ઇચ્છા વગર છૂટે છે અને જયવંત વર્તે છે તે સશરીર શુદ્ધાત્માને અર્થાત્ જીવનમુક્ત અરહંત પરમાત્માને અહીં નમસ્કાર કર્યા છે.

આ પણ માંગલિક શ્લોક છે. તેમાં ગ્રન્થકારે શ્રી અરહંત ભગવાનને અને તેમની દિવ્ય ધ્વનિને નમસ્કાર કર્યા છે.

## શ્રી અરહંત દેવ કેવા છે?

તાળુ–ઓષ્ઠ વગેરેની ક્રિયારહિત અને ઇચ્છારહિત તેમની વાણી જયવંત વર્તે છે, તેઓ તીર્થના કર્તા છે અર્થાત્ જીવોને મોક્ષનો માર્ગ બતાવનારા છે–હિતોપદેશી છે, તેમને મોહના અભાવને લીધે કોઈ પણ પ્રકારની ઇચ્છા શેષ રહી નથી અર્થાત્ તેઓ વીતરાગ છે અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયાં કર્મોનો નાશ થવાથી તેમને અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા છે અર્થાત્ તેઓ 'સર્વજ્ઞ' છે.

વળી તેઓ શિવ છે, ધાતા છે, સુગત છે, વિષ્ણુ છે, જિન છે અને સકલાત્મા છે. આ બધાં તેમનાં ગુણવાચક નામો છે.

## ભગવાનની વાણી કેવી છે?

તે દિવ્ય વાણી છે. તે ભગવાનના સર્વાંગેથી ઇચ્છા વિના છૂટે છે, સર્વ પ્રાણીઓને હિતરૂપ છે અને નિરક્ષરી છે.

વળી ભગવાનના દિવ્યધ્વનિને દેવ, મનુષ્ય, તિર્યંચાદિ સર્વ જીવો પોતપોતાની ભાષામાં

૧. विश्वं हि द्रव्यपर्यायं विश्वं त्रैलोक्यगोचरम्।
व्याप्तं ज्ञानत्विषा येन स विष्णुर्व्यापको जगत्॥३॥ —(आप्तस्वरूपः)

૨. रागद्वेषादयो येन जिताः कर्म-महाभटाः।
कालचक्रविनिर्मुक्तः स जिनः परिकीर्तितः॥२१॥ —(आप्तस्वरूपः)

ननु निष्कलेतररूपमात्मानं नत्वा भवान् किं करिष्यतीत्याह—

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक्।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये।।३।।**

પોતાના જ્ઞાનની યોગ્યતાનુસાર સમજે છે. તે નિરક્ષર ધ્વનિને 'ૐકાર ધ્વનિ' કહે છે. શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાં સુધી તે અનક્ષર જ છે અને જ્યારે તે શ્રોતાઓના કર્ણો વિષે પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્ષરરૂપ થાય છે.[૧]

"......જેમ સૂર્યને એવી ઇચ્છા નથી કે હું માર્ગ પ્રકાશું પરંતુ સ્વાભાવિક જ તેનાં કિરણો ફેલાય છે, જેથી માર્ગનું પ્રકાશન થાય છે. તે જ પ્રમાણે શ્રી વીતરાગ કેવલી ભગવાનને એવી ઇચ્છા નથી કે અમે મોક્ષમાર્ગને પ્રકાશિત કરીએ, પરંતુ સ્વાભાવિકપણે જ અઘાતિકર્મના ઉદયથી તેમનાં શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપ પરિણમે છે, જેનાથી મોક્ષમાર્ગનું સહજ પ્રકાશન થાય છે....."[૨]

ભગવાનની દિવ્ય ધ્વનિ દ્રવ્યશ્રુત વચનરૂપ છે. તે સરસ્વતીની મૂર્તિ છે, કારણ કે વચનોદ્વારા અનેક ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે. કેવળજ્ઞાન અનંત ધર્મસહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે, તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ અને વચનરૂપ અનેકાન્તમયી સરસ્વતીની મૂર્તિ છે. સરસ્વતીનાં વાણી, ભારત, શારદા, વાગ્દેવી ઇત્યાદિ ઘણાં નામ છે.[૩] ૨.

નિષ્કલથી અન્યરૂપ આત્માને (નિષ્કલ નહિ એવા સકલ આત્માને) નમસ્કાર કરીને આપ શું કરશો? તે કહે છે–

### શ્લોક ૩

**અન્વયાર્થ :** (अथ) હવે પરમાત્માને નમસ્કાર કર્યા બાદ (अहं) હું–પૂજ્યપાદ

૧. જુઓ : ગોમ્મટસાર–જીવકાંડ ગાથા ૨૨૭ની ટીકા.

૨. જુઓ : મોક્ષમાર્ગપ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૨૨ ૩. જુઓ : શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ પૃ. ૪.

આગમથી ને લિંગથી, આત્મશક્તિ અનુરૂપ,
હૃદય તણા ઐકાગ્ર્યથી સમ્યક્ વેદી સ્વરૂપ,
મુક્તિસુખ-અભિલાષીને કહીશ આતમરૂપ,
પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્તસ્વરૂપ. ૩.

**टीका**—अथ इष्टदेवतानमस्कारकरणानन्तरं। अभिधास्ये कथयिष्ये। कं? विविक्तमात्मानं कर्ममलरहितं जीवस्वरूपं। कथभिधास्ये? यथात्मशक्ति आत्मशक्तेरनतिक्रमेण। किं कृत्वा? समीक्ष्य तथाभूतमात्मानं सम्यग्ज्ञात्वा। केन? श्रुतेन—

''एगो मे सासओ आदा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा''॥

इत्याद्यागमेन। तथा लिंगेन हेतुना। तथा हि–शरीरादिरात्मभिन्नोभिन्नलक्षणलक्षितत्त्वात्। ययोर्भिन्नलक्षणलक्षितत्वं तयोर्भेदो यथाजलानलयोः। भिन्नलक्षणलक्षितत्वं चात्मशरीरयोरिति। न चानयोर्भिन्नलक्षणलक्षितत्वमप्रसिद्धम्। आत्मनः उपयोगस्वरूपोपलक्षितत्वात्–शरीरादेस्तद्विपरीतत्त्वात्। समाहितान्तः करणेन समाहितमेकाग्रीभूतं तच्च तदन्तःकरणं च मनस्तेन। सम्यक्–समीक्ष्य

---

આચાર્ય (विविक्तं आत्मानं) પરથી ભિન્ન એવા આત્માના શુદ્ધસ્વરૂપને (श्रुतेन) શ્રુતદ્વારા (लिंगेन) અનુમાન અને હેતુદ્વારા, (समाहितान्तः करणेन) એકાગ્ર મનદ્વારા (सम्यक्समीक्ष्य) સમ્યક્ પ્રકારે જાણીને–અનુભવીને (कैवल्यसुखस्पृहाणां) કેવલ્યપદ–વિષયક અથવા નિર્મલ અતીન્દ્રિયસુખની ભાવનાવાળાઓને (यथाशक्ति) શક્તિ અનુસાર (अभिधास्ये) કહીશ.

**ટીકા** : હવે ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા પછી હું કહીશ. શું (કહીશ)? વિવિક્ત આત્માને અર્થાત્ કર્મમલરહિત જીવસ્વરૂપને (કહીશ). કેવી રીતે કહીશ? યથાશક્તિ–આત્મશક્તિનું ઉલ્લંઘન કર્યા વગર–કહીશ. શું કરીને (કહીશ)? સમીક્ષા કરીને અર્થાત્ તેવા આત્માને (વિવિક્ત આત્માને) સમ્યક્ પ્રકારે જાણીને (કહીશ). શા વડે (કયા સાધન વડે)? શ્રુતદ્વારા–

''જ્ઞાનદર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.'' ઈત્યાદિ આગમદ્વારા તથા લિંગ અર્થાત્ હેતુદ્વારા (કહીશ). તે આ પ્રમાણે :–

શરીરાદિ આત્માથી ભિન્ન છે, કારણ કે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે. જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, તેઓ બંને (એકબીજાથી) ભિન્ન છે; જેમ જલ અને અગ્નિ (એક બીજાથી) ભિન્ન છે તેમ. આત્મા અને શરીર (બંને) ભિન્ન લક્ષણોથી લક્ષિત છે અને તે બંનેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી (અર્થાત્ પ્રસિદ્ધ છે). કારણ કે આત્મા ઉપયોગસ્વરૂપથી ઉપલક્ષિત છે અને શરીરાદિક તેનાથી વિપરીત લક્ષણવાળાં છે.

સમાહિત અન્તઃકરણથી–સમાહિત એટલે એકાગ્ર થયેલા અને અંતઃકરણ એટલે

૪

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**सम्यग्ज्ञात्वा अनुभूयेत्यर्थः। केषां तथा भूतमात्मानमभिधास्ये? कैवल्यसुखस्पृहाणां कैवल्ये सकलकर्मरहितत्त्वे सति सुखं तत्र स्पृहा अभिलाषो येषां, कैवल्ये विषयाप्रभवे वा सुखे; कैवल्यसुखयो स्पृहा येषाम्॥३॥**

મન-એકાગ્ર થયેલા મન વડે, સમ્યક્પ્રકારે સમીક્ષા કરીને-(વિવિક્ત આત્માને) જાણીને-અનુભવીને (કહીશ) એવો અર્થ છે. હું કોને તેવા પ્રકારના આત્માને કહીશ? કૈવલ્ય સુખની સ્પૃહાવાળાઓને-કૈવલ્ય અર્થાત્ સકલ કર્મોથી રહિત થતાં જે સુખ (ઊપજે) તેની સ્પૃહા (અભિલાષા) કરનારાઓને-(કહીશ). કૈવલ્ય અર્થાત્ વિષયોથી ઉત્પન્ન નહિ થયેલા એવા સુખની-અથવા કૈવલ્ય અને સુખની-સ્પૃહાવાળાઓને (કહીશ). (૩)

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ સ્વામી પ્રતિજ્ઞારૂપે કહે છે કે, 'હું શ્રુત વડે, યુક્તિઅનુમાન વડે અને ચિત્તની એકાગ્રતા વડે શુદ્ધાત્માને યથાર્થ જાણીને તથા તેનો અનુભવ કરીને, નિર્મળ અતીન્દ્રિય સુખની ભાવનાવાળા ભવ્ય જીવોને મારી શક્તિ અનુસાર શુદ્ધ આત્માનું સ્વરૂપ કહીશ.

## વિશેષ

## આગમમાં આત્માનું સ્વરૂપ

કહ્યું છે કે :—

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!

દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમેલો આત્મા જાણે છે કે-'નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઈ પણ અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર પણ મારું નથી. એ નિશ્ચય છે.'[૧]

## યુક્તિ (અનુમાન)

શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન છે કારણ કે તે બંનેનાં લક્ષણ[૨] ભિન્ન ભિન્ન છે. આત્મા જ્ઞાન-દર્શન લક્ષણવાળો છે અને શરીરાદિ તેનાથી વિરુદ્ધ લક્ષણવાળાં છે-અર્થાત્ અચેતન જડ છે. જેમનાં લક્ષણ ભિન્ન ભિન્ન હોય છે તે બધાં એકબીજાથી ભિન્ન હોય

૧. શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૩૮

૨. ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ પદાર્થને જુદો કરનાર હેતુને લક્ષણ કહે છે. (જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

कतिभेदः पुनरात्मा भवति? येन विविक्तमात्मानमिति विशेष उच्यते। तत्र कुतः

છે; જેમ કે જલનું લક્ષણ શીતલપણું અને અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું છે. એમ બંનેના લક્ષણ ભિન્ન છે, તેથી જલથી અગ્નિ ભિન્ન છે.

જેમ સોના અને ચાંદીનો એક પિંડ હોવા છતાં તેમાં સોનું તેનાં પીળાશાદિ લક્ષણ વડે અને ચાંદી તેના શુક્લાદિ લક્ષણ વડે-બંને જુદાં છે-એમ જાણી શકાય છે, તેમ જીવ અને કર્મ-નોકર્મ (શરીર) એકક્ષેત્રે હોવા છતાં તેમનાં લક્ષણો વડે તેઓ એકબીજાથી ભિન્ન જાણી શકાય છે.[૧]

વળી અંતરંગ રાગ-દ્વેષાદિ વિકારી પરિણામો પણ વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે, કારણ કે રાગ-દ્વેષાદિ ભાવો ક્ષણિક અને આકુળતા લક્ષણવાળા છે; તે સ્વ-પરને જાણતા નથી; જ્યારે જ્ઞાનસ્વભાવ તો નિત્ય ને શાન્ત-અનાકુળ છે, સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે. આ રીતે ભિન્ન લક્ષણદ્વારા જ્ઞાનમય આત્મા રાગાદિકથી ભિન્ન છે-એમ નક્કી થાય છે.[૨] માટે આત્મા પરમાર્થે પર-ભાવોથી અર્થાત્ શરીરાદિક બાહ્ય પદાર્થોથી તથા રાગ-દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે-ભિન્ન છે.

## અનુભવ

આગમ અને યુક્તિ દ્વારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં આચાર્યને જે શુદ્ધાત્માનો અનુભવ થયો તે અનુભવથી તેઓ વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માગે છે.

આચાર્ય આત્માનું સ્વરૂપ કોને બતાવવા માગે છે?

આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે-ઇન્દ્રિય-વિષયસુખની જેને સ્પૃહા નથી, તેવા (જિજ્ઞાસુ) ભવ્ય જીવોને જ આચાર્ય વિવિક્ત આત્માનું (શુદ્ધાત્માનું) સ્વરૂપ કહેવા માગે છે.

આ રીતે શ્રી પૂજ્યપાદ આગમ, યુક્તિ અને અનુભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે. ૩.

આત્માના વળી કેટલા ભેદ છે. જેથી 'વિવિક્ત આત્મા'-એમ વિશેષ કહ્યું છે? અને

૧. જુઓ : સમયસાર ગાથા-૨૭-૨૮

૨. જીવ બંધ બંને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણીથકી છેદતાં, બંને જુદા પડી જાય છે. (શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ ગા. ૨૯૪)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



कस्योपादानं कस्य वा त्यागः कर्तव्य इत्याशंक्याह—

*बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु।
उपेयात्तत्र परमं मध्योपायाद्बहिस्त्यजेत् ॥४॥

**टीका**—बहिर्बहिरात्मा, अन्तः अन्तरात्मा, परश्च परमात्मा इति त्रिधा आत्मा त्रिप्रकार आत्मा। क्वा ? सर्वदेहिषु सकलप्राणिषु। ननु अभव्येषु बहिरात्मन एव सम्भवात् कथं सर्वदेहिषु त्रिधात्मा स्यात् ? इत्यप्यनुपपन्नं, तत्रापि द्रव्यरूपतया त्रिधात्मसद्भावोपपत्तेः कथं पुनस्तत्र

એ આત્માના ભેદોમાં શા વડે કોનું ગ્રહણ અને કોનો ત્યાગ કરવા યોગ્ય છે? એવી આશંકા કરી કહે છે–

## શ્લોક ૪

**અન્વયાર્થ :** (सर्वदेहिषु) સર્વ પ્રાણીઓમાં (बहिः) બહિરાત્મા, (अन्त) અન્તરાત્મા (च परः) અને પરમાત્મા (इति) એમ (त्रिधा) ત્રણ પ્રકારે (आत्मा अस्ति) આત્મા છે. (तत्र) તેમાં (मध्योपायात्) અંતરાત્માના ઉપાયદ્વારા (परमं) પરમાત્માને (उपेयात्) અંગીકાર કરવો જોઈએ અને (बहिः) બહિરાત્માને (त्यजेत्) છોડવો જોઈએ.

**ટીકા :** બહિઃ એટલે બહિરાત્મા, અંતઃ એટલે અંતરાત્મા અને પરઃ એટલે પરમાત્મા–એમ ત્રિધા એટલે ત્રણ પ્રકારે આત્મા છે. તે (પ્રકારો) શામાં છે? સર્વ દેહીઓમાં–સકલ પ્રાણીઓમાં.

અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી સર્વ દેહીઓમાં ત્રણ પ્રકારનો આત્મા છે એમ કેવી રીતે હોઈ શકે?

એમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે ત્યાં પણ (અભવ્યમાં પણ) દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્‌ભાવ ઘટે છે. વળી ત્યાં પાંચ જ્ઞાનાવરણ (કર્મો)ની ઉપપત્તિ કેવી

* तिपयारो सो अप्पा परमंतरबाहिरो हु देहीणं।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा॥
–मोक्षप्राभृते, कुन्दकुन्दः।

આત્મ ત્રિધા સૌ દેહીમાં—બાહ્યાંતર-પરમાત્મ;
મધ્યોપાયે પરમને ગ્રહો, તજો બહિરાત્મ. ૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

पंचज्ञानावरणान्युपपद्यन्ते ? केवलज्ञानाद्याविर्भावसामग्री हि तत्र कदापि न भविष्यतित्यभव्यत्वं, न पुनः तद्योग्यद्रव्यस्याभावादिति। भव्यराश्यपेक्षया वा सर्वदेहिग्रहणं। आसन्नदूरदूरतरभव्येषु भव्यसमानअभव्येषु च सर्वेषु त्रिधाऽऽत्मा विद्यत इति। तर्हि सर्वज्ञे परमात्मन एव सद्भावाद्बहिरन्तरात्मोरभावात्त्रिधात्मनो विरोध इत्यप्ययुक्तम्। भूतपूर्वप्रज्ञापननयापेक्षया तत्र तद्विरोधासिद्धेः घृतघटवत्। यो हि सर्वज्ञावस्थायां परमात्मा सम्पन्नः स पूर्वबहिरात्मा अन्तरात्मा चासीदिति। घृतघटवदन्तरात्मनोऽपि बहिरात्मत्वं परमात्मत्वं च भूतभाविप्रज्ञापन–नयापेक्षया दृष्टव्यम्। तत्र कुतः कस्योपादानं कस्य वात्यागः कर्तव्य इत्याह–उपेयादिति। तत्र तेषु त्रिधात्मसु मध्ये उपेयात् स्वीकुर्यात्। परमं परमात्मानं। कस्मात् ? मध्योपायात् मध्योऽन्तरात्मा स एवोपायस्तस्मात्। तथा बहिः बहिरात्मानं मध्योपायादेव त्यजेत्।।४।।

રીતે ઘટી શકે? કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી તેથી તેમનામાં અભવ્યપણું છે, પણ નહિ કે તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી (અભવ્યપણું છે); અથવા ભવ્યરાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું. આસન્ન ભવ્ય, દૂર ભવ્ય, દૂરતર ભવ્યમાં તથા અભવ્ય જેવા ભવ્યોમાં–સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે.

તો સર્વજ્ઞમાં પરમાત્માનો જ સદ્‌ભાવ હોવાથી અને (તેમાં) બહિરાત્માનો અને અંતરાત્માનો અસદ્‌ભાવ હોવાથી તેમાં (સિદ્ધમાં) ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે?

એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે ભૂતપૂર્વ[1] પ્રજ્ઞાપન–નયની અપેક્ષાએ તેમાં ઘૃતઘટવત્ તે વિરોધની અસિદ્ધિ છે (તેમાં વિરોધ આવતો નથી). જે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા, તે પૂર્વે બહિરાત્મા તથા અંતરાત્મા હતા.

ઘૃતઘટની જેમ ભૂત–ભાવિ પ્રજ્ઞાપન–નયની અપેક્ષાએ અંતરાત્માને પણ બહિરાત્મપણું અને પરમાત્મપણું સમજવું.

એ ત્રણેમાંથી કોનું શા વડે ગ્રહણ કરવું કે કોનો ત્યાગ કરવો તે કહે છે. ગ્રહણ કરવું એટલે તેમાં તે ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર (ગ્રહણ) કરવો. કેવી રીતે? મધ્ય ઉપાયથી–મધ્ય એટલે અન્તરાત્મા તે જ ઉપાય છે તે દ્વારા (પરમાત્માનું ગ્રહણ કરવું) તથા મધ્ય (અંતરાત્મારૂપ) ઉપાયથી જ બહિરાત્માનો ત્યાગ કરવો. (૪)

**ભાવાર્થ :** સર્વે જીવોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા–એ ત્રણ પ્રકારની

૧. જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભૂતનૈગમનય (અથવા ભૂતપૂર્વપ્રજ્ઞાપન–નય કહે) છે. જે ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભાવિનૈગમનય (અથવા ભાવિપ્રજ્ઞાપન–નય) કહે છે. (જુઓ : ગુ. મોક્ષશાસ્ત્ર–અ. ૧/ સૂત્ર ૩૩)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અવસ્થાઓ હોય છે. તેમાં બહિરાત્માવસ્થા છોડવા યોગ્ય છે; અંતરાત્માવસ્થા, પરમાત્મપદની પ્રાપ્તિનું સાધન છે, માટે તે પ્રગટ કરવા યોગ્ય છે અને પરમાત્માવસ્થા જે આત્માની સ્વાભાવિક પરમ વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.

પ્રશ્ન : સર્વ પ્રાણીઓમાં આત્માની ત્રણ અવસ્થાઓ છે એમ શ્લોકમાં કહ્યું છે પણ અભવ્યને તો એક બહિરાત્માવસ્થા જ સંભવિત છે, તો સર્વ પ્રાણીઓને આત્માની ત્રણ અવસ્થાઓ કેમ બની શકે?

ઉત્તર : જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં પણ અંતરાત્મા અને પરમાત્મા થવાની શક્તિ છે. ભવ્ય અને અભવ્ય જીવોમાં પણ કેવલજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. જો તે શક્તિ તેમનામાં ન હોય, તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણાદિ કર્મ પણ ન હોવાં જોઈએ, પણ બહિરાત્માને (અભવ્યને પણ) કેવલજ્ઞાનાવરણાદિ કર્મ તો છે; તેથી સ્પષ્ટ છે કે બહિરાત્મામાં (ભવ્ય કે અભવ્યમાં) કેવલજ્ઞાનાદિ શક્તિપણે છે. અભવ્યને તે શક્તિ પ્રગટ કરવા જેટલી યોગ્યતા નથી.

અનાદિથી બધા જીવોમાં કેવલજ્ઞાનાદિરૂપ પરમસ્વભાવ શક્તિરૂપે છે. તે સ્વભાવનાં શ્રદ્ધાજ્ઞાન કરી તેમાં લીન થાય તો તે કેવલજ્ઞાનાદિ શક્તિઓ પ્રગટ થઈ જાય અને કેવલજ્ઞાનાવરણાદિ કર્મો સ્વયં છૂટી જાય.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે–

'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.'

બધાય જીવો શક્તિપણે પરિપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે, પણ જે પોતાની ત્રિકાલ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વભાવશક્તિને સમ્યક્ પ્રકારે સમજે, તેની પ્રતીત કરે અને તેમાં સ્થિરતા કરે, તે પરમાત્મદશા પ્રગટ કરી શકે.

વર્તમાનમાં જે ધર્મી અંતરાત્મા છે તેને પૂર્વે અજ્ઞાન દશામાં બહિરાત્મપણું હતું ને હવે અલ્પ કાળમાં પરમાત્મપણું પ્રગટ થશે.

પરમાત્મપદને પ્રાપ્ત થયેલા શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મદશા હતી. તેઓ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીતિ કરી જે સમયે સ્વભાવસન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું ટળી ગયું અને અંતરાત્મદશા પ્રગટ થઈ અને પછી ઉગ્ર પુરુષાર્થ કરી સ્વભાવમાં લીન થઈ પરમાત્મા થયા.

એ રીતે, અપેક્ષાએ દરેક જીવમાં ત્રણ પ્રકારો લાગુ પડે એમ સમજવું.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तत्र बहिरन्तः परमात्मनां प्रत्येकं लक्षणमाह—

*बहिरात्मा शरीरादौ जातात्मभ्रान्तिरान्तरः।
चित्तदोषात्मविभ्रान्तिः परमात्माऽतिनिर्मलः ।।५।।

## વિશેષ

### બહિરાત્મા

બાહ્ય શરીરાદિ, વિભાવભાવ તથા અપૂર્ણદશામાં જે આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ તેની સાથે એકતાની બુદ્ધિ કરે છે તે બહિરાત્મા છે. તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી બહારમાં કાયા અને કષાયોમાં મારાપણું માને છે, તેને ભાવકર્મ અને દ્રવ્યકર્મ સાથે એકતાબુદ્ધિ છે; તેનાથી જ પોતાને લાભ-હાનિ માને છે. તે મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિકાલથી સંસારપરિભ્રમણનાં દુઃખોથી પિડાય છે.

### અંતરાત્મા

જેને શરીરાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે. તેને એવો વિવેક વર્તે છે કે 'હું જ્ઞાન-દર્શનરૂપ છું; એક શાશ્વત આત્મા જ મારો છે, બાકીના સંયોગલક્ષણરૂપ અર્થાત્ વ્યવહારરૂપ જે ભાવો છે તે બધા મારાથી ભિન્ન છે-મારાથી બાહ્ય છે.' આવો સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત છે.

### પરમાત્મા

જેણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય-શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે પરમાત્મા છે. ૪.

ત્યાં બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા-પ્રત્યેકનું લક્ષણ કહે છે-

### શ્લોક ૫

**અન્વયાર્થ :** (शरीरादौ जातात्मभ्रान्तिः बहिरात्मा) શરીરાદિમાં જેને આત્મ-ભ્રાન્તિ

* अक्खाणि बाहिरप्पा अंतरप्पा हु अप्पसंकप्पो।
कम्मकलंकविमुक्को परमप्पा भण्णए देवो ।।५।। —मोक्षप्राभृते, कुन्दकुन्दः।

આત્મભ્રાન્તિ દેહાદિમાં કરે તેહ 'બહિરાત્મ';
'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ'. ૫.

**टीका**—शरीरादौ शरीरे आदिशब्दाद्वाङ्मनसोरेव ग्रहणं तत्र जाता आत्मेतिभ्रान्तिर्यस्य स बहिरात्मा भवति। आन्तरः अन्तर्भवः। तत्र भव इत्यणष्टेर्भमात्रे टि लोपमित्यस्याऽनित्यत्वं येषां च विरोधः शाश्वतिक इति निर्देशात् अन्तरे वा भव आन्तरोऽन्तरात्मा। स कथं भूतो भवति? चित्तदोषात्मविभ्रान्तिः चित्तं च विकल्पो, दोषाश्च रागादयः, आत्मा च शुद्धं चेतनाद्रव्यं तेषु विगता विनष्टा भ्रान्तिर्यस्य। चित्तं चित्तत्वेन बुध्यते दोषाश्च दोषत्वेन आत्मा आत्मत्वेनेत्यर्थः। चित्तदोषेषु वा विगता आत्मेति भ्रान्तिर्यस्य। परमात्मा भवति किं विशिष्टः? अतिनिर्मलः प्रक्षीणाशेषकर्ममलः ॥५॥

ઉત્પન્ન થઈ છે તે 'બહિરાત્મા' છે; (चित्तदोषात्मविभ्रातिः अन्तरः) ચિત્ત (વિકલ્પો), રાગાદિ દોષો અને આત્મા (શુદ્ધ ચેતનાદ્રવ્ય)ના વિષયમાં જેને ભ્રાન્તિ નથી (અર્થાત્ જે ચિત્તને ચિત્તરૂપે, દોષોને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે) તે 'અન્તરાત્મા' છે; (अतिनिर्मलः परमात्मा) જે સર્વ કર્મમલથી રહિત અત્યંત નિર્મળ છે તે 'પરમાત્મા' છે.

**ટીકા :** શરીર આદિમાં–શરીરમાં અને 'આદિ' શબ્દથી વાણી અને મનનું જ ગ્રહણ સમજવું, તેમાં જેને 'આત્મા' એવી ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે તે બહિરાત્મા છે. અન્તર્ભવ અથવા અંતરે ભવ તે આન્તર અર્થાત્ અન્તરાત્મા. તે (અન્તરાત્મા) કેવો છે? તે ચિત્ત, દોષ અને આત્મા સંબંધી ભ્રાન્તિ વિનાનો છે–ચિત્ત એટલે વિકલ્પ, દોષ એટલે રાગાદિ અને આત્મા એટલે શુદ્ધ ચેતના દ્રવ્ય–તેમાં જેની ભ્રાન્તિ નાશ પામી છે તે–અર્થાત્ જે ચિત્તને ચિત્તરૂપે, દોષને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે તે અન્તરાત્મા છે, અથવા ચિત્ત અને દોષોમાં 'આત્મા' માનવારૂપ ભ્રાન્તિ જેને જતી રહી છે તે (અન્તરાત્મા) છે.

પરમાત્મા કેવા હોય છે? અતિ નિર્મળ છે અર્થાત્ જેનો અશેષ (સમસ્ત) કર્મમલ નાશ પામ્યો છે તે (પરમાત્મા) છે. (૫)

**ભાવાર્થ :** જે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્માની ભ્રાન્તિ કરે છે–તેને જ આત્મા માને છે–તે 'બહિરાત્મા' છે; વિકલ્પો, રાગાદિ દોષો અને ચૈતન્યસ્વરૂપ આત્માના વિષયમાં જેને ભ્રાન્તિ નથી, અર્થાત્ જે વિકારને વિકારરૂપે અને આત્માને આત્મારૂપે–એકબીજાથી ભિન્ન સમજે છે તે 'અંતરાત્મા' છે; જે રાગાદિ દોષોથી સર્વથા રહિત છે–અત્યંત નિર્મળ છે અને સર્વજ્ઞ છે તે 'પરમાત્મા' છે.

## વિશેષ

### બહિરાત્મા

જે શરીરાદિ (શરીર, વાણી, મન વગેરે) અજીવ છે તેમાં જીવની કલ્પના કરે છે

તથા જીવમાં અજીવની કલ્પના કરે છે, દુઃખદાયી રાગદ્વેષાદિક વિભાવભાવોને સુખદાયી સમજે છે, જ્ઞાન-વૈરાગ્યાદિ જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણી તેમાં અરુચિ યા દોષ કરે છે, શુભ કર્મફલને સારાં અને અશુભ કર્મફલને બૂરાં માની તે પ્રત્યે રાગ–દ્વેષ કરે છે, શરીરનો જન્મ થતાં પોતાનો જન્મ અને તેનો નાશ થતાં પોતાનો નાશ માને છે તે મિથ્યાદ્રષ્ટિ 'બહિરાત્મા' છે.

વળી આ શરીરાદિ જડ પદાર્થો પ્રગટપણે આત્માથી જુદા છે, તે કોઈ પદાર્થો આત્માના નથી–આત્માથી પર (ભિન્ન) જ છે, છતાં તેને પોતાના માનવા, તેમજ શરીરની બોલવાચાલવા વગેરેની ક્રિયા હું કરું છું, મને તેનાથી લાભ–અલાભ થાય છે; આ શરીર મારું, હું પુરુષ, હું સ્ત્રી, હું રાજા, હું રંક, હું રાગી, હું દ્વેષી, હું ધોળો, હું કાળો–એમ બાહ્ય પદાર્થોથી પોતાના આત્માને ભિન્ન નહિ જાણતો તે પર પદાર્થોને જ આત્મા માને છે અને મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવ અજીવાદિ તત્ત્વોના સ્વરૂપમાં ભ્રાન્તિથી પ્રવર્તે છે તે જીવ 'બહિરાત્મા' છે.

પર પદાર્થોમાં આત્મભ્રાન્તિને લીધે આ અજ્ઞાની જીવ વિષયોની ચાહરૂપ દાવાનલમાં રાતદિન જલતો રહે છે, આત્મશાન્તિ ખોઈ બેસે છે, અતીન્દ્રિય ચૈતન્ય આત્માને ભૂલી બાહ્ય ઈન્દ્રિય–વિષયોમાં મૂર્છાઈ જાય છે અને આકુલતા રહિત મોક્ષ–સુખની પ્રાપ્તિ માટે કોઈ પ્રયત્ન કરતો નથી.

## અંતરાત્મા

ચૈતન્ય લક્ષણવાળો જીવ છે અને તેનાથી વિપરીત લક્ષણવાળો અજીવ છે; આત્માનો સ્વભાવ જ્ઞાતા–દ્રષ્ટા છે, અમૂર્તિક છે અને શરીરાદિક પરદ્રવ્ય છે, પુદ્ગલપિંડરૂપ છે, જડ છે, વિનાશીક છે; તે મારાં નથી અને હું તેનો નથી–એવું ભેદજ્ઞાન કરનાર સમ્યગ્દ્રષ્ટિ 'અંતરાત્મા' છે.

વળી તે જાણે છે કે, 'હું દેહથી ભિન્ન છું, દેહાદિક મારા નથી, મારો તો એક જ્ઞાનદર્શન લક્ષણરૂપ શાશ્વત આત્મા જ છે, બાકીના સંયોગ લક્ષણવાળા (વ્યાવહારિક ભાવો) જે કોઈ ભાવો છે તે બધાય મારાથી ભિન્ન છે; આત્માના આશ્રયે જે જ્ઞાન–વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે છે તે સંવર–નિર્જરા–મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે અને બાહ્ય પદાર્થોને આશ્રયે જે રાગાદિ ભાવો થાય છે તે આસ્રવ-બંધરૂપ હોઈ સંસારનું કારણ છે, મને તે અહિતરૂપ છે.' આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને તેની સાચી પ્રતીતિ કરીને જે પોતાના જ્ઞાનાનંદ–સ્વરૂપ આત્મામાં જ અંતર્મુખ થઈને વર્તે છે તે 'અંતરાત્મા' છે.

૫

અંતરાત્માના ત્રણ ભેદ છે–ઉત્તમ અંતરાત્મા, મધ્યમ અંતરાત્મા અને જઘન્ય અંતરાત્મા.

અંતરંગ–બહિરંગ પરિગ્રહોથી રહિત શુદ્ધોપયોગી આત્મધ્યાની દિગમ્બર મુનિ 'ઉત્તમ અંતરાત્મા' છે. 'આ મહાત્મા સોળ કષાયોના અભાવદ્વારા ક્ષીણમોહ પદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે.'

ચોથા ગુણસ્થાનવર્તી વ્રતરહિત સમ્યગ્દ્રષ્ટિ આત્મા 'જઘન્ય અંતરાત્મા' કહેવાય છે.

આ બેની (જઘન્ય અંતરાત્મા અને ઉત્તમ અંતરાત્માની) મધ્યમાં રહેલા સર્વે 'મધ્યમ અંતરાત્મા' છે, અર્થાત્ પાંચમાંથી અગિયારમા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ અંતરાત્મા છે.[૧]

## પરમાત્મા

જેમણે અનંતજ્ઞાન–દર્શનાદિરૂપ ચૈતન્ય શક્તિઓનો પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે 'પરમાત્મા' છે.

પરમાત્માના બે પ્રકાર છે—સકલ પરમાત્મા અને નિકલ પરમાત્મા.

અરહંત પરમાત્મા તે સકલ પરમાત્મા છે અને સિદ્ધ પરમાત્મા તે નિકલ પરમાત્મા છે, તેઓ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયથી સહિત છે.

અરહંત પરમાત્માને ચાર અઘાતિ કર્મો બાકી છે. તેનો ક્ષણે ક્ષણે ક્ષય થતો જાય છે. તેમને બહારમાં સમવસરણાદિ દિવ્ય વૈભવ હોય છે. તેમને ઇચ્છા વિના ભવ્ય જીવોને કલ્યાણરૂપ દિવ્ય ધ્વનિ છૂટે છે. તેઓ પરમ હિતોપદેશક છે. પરમ ઔદારિક શરીરના સંયોગ સહિત હોવાથી તેઓ સકલ (કલ–શરીર સહિત) પરમાત્મા કહેવાય છે.

જે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મથી રહિત છે, શુદ્ધજ્ઞાનમય છે, ઔદારિક શરીર (કલ) રહિત છે, તે નિર્દોષ અને પરમ પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી 'નિકલ પરમાત્મા' કહેવાય છે. તેઓ અનંતકાળ સુધી અનંત સુખ ભોગવે છે.

'આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે. બાહ્ય ઇન્દ્રિય–વિષયોમાં વાસ્તવિક સુખ નથી. એમ અંતર પ્રતીતિ કરીને ધર્મી જીવ અંતર્મુખ થઈને આત્માના અતીન્દ્રિય સુખનો સ્વાદ લે છે. જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશની તાકાત ભરી છે તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન–આનંદથી ભરેલો છે, પણ તેનો વિશ્વાસ કરી અંતર્મુખ

૧. જુઓ–નિયમસાર, ગુ. આવૃત્તિ–પૃ. ૨૯૫

तद्वाचिकां नाममालां दर्शयन्नाह—

**निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ।।६।।**

**टीका**–निर्मलः कर्ममलरहितः। केवलः शरीरादिनां सम्बन्धरहितः। शुद्धः द्रव्यभावकर्मणामभावात् परमविशुद्धिसमन्वितः। विविक्तः शरीरकर्मादिभिरसंस्पृष्टः। प्रभुरिन्द्रादीनां स्वामी। अव्ययो लब्धानंतचतुष्टयस्वरूपादप्रच्युतः। परमेष्ठी परमे इन्द्रादिवंद्ये पदे तिष्ठतीति परमेष्ठी

---

થઈને તેમાં એકાગ્ર થાય તો તે જ્ઞાન-આનંદનો સ્વાદ અનુભવમાં આવે. આત્માથી ભિન્ન બાહ્ય વિષયોમાં ક્યાંય આત્માનો આનંદ નથી. ધર્માત્મા પોતાના આત્મા સિવાય બહારમાં ક્યાંય–સ્વપ્નમાં ય આનંદ માનતો નથી. આવો અંતરાત્મા પોતાના અંતરસ્વરૂપમાં એકાગ્ર થઈને પરિપૂર્ણ જ્ઞાન આનંદ પ્રગટ કરીને પોતે જ પરમાત્મા થાય છે......'' 'આત્મધર્મ'માંથી)

પરમાત્માનાં નામ–વાચક નામાવલિ દર્શાવતાં કહે છે :–

### શ્લોક ૬

**અન્વયાર્થ** : (निर्मल:) નિર્મળ–મલ રહિત, (केवल:) કેવળ–શરીરાદિ પર દ્રવ્યના સંબંધથી રહિત, (शुद्ध:) શુદ્ધ–રાગાદિથી અત્યંત ભિન્ન થઈ ગયા હોવાથી પરમ વિશુદ્ધિવાળા, (विविक्त:) વિવિક્ત–શરીર અને કર્માદિકના સ્પર્શથી રહિત, (प्रभु:) પ્રભુ–ઈન્દ્રાદિકના સ્વામી, (अव्यय:) અવ્યય–પોતાના અનંતચતુષ્ટયરૂપ સ્વભાવથી ચ્યુત નહિ થવાવાળા, (परमेष्ठी) પરમેષ્ઠી–ઈન્દ્રાદિથી વન્દ્ય પરમ પદમાં સ્થિત, (परात्मा) પરાત્મા–સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા, (ईश्वर:) ઈશ્વર–અન્ય જીવોમાં અસંભવ એવી વિભૂતિના ધારક–અર્થાત્ અંતરંગ અનંતચતુષ્ટય અને બાહ્ય સમવસરણાદિ વિભૂતિથી યુક્ત, (जिन:) જિન–જ્ઞાનાવરણાદિ સંપૂર્ણ કર્મશત્રુઓને જીતનાર (इति परमात्मा)—એ પરમાત્માનાં નામ છે.

**ટીકા** : નિર્મલ એટલે કર્મમલરહિત, કેવલ એટલે શરીરાદિના સંબંધરહિત, શુદ્ધ એટલે દ્રવ્યકર્મ–ભાવકર્મના અભાવના કારણે પરમ વિશુદ્ધિવાળા, વિવિક્ત એટલે શરીર–કર્માદિથી નહિ સ્પર્શાયેલા, પ્રભુ એટલે ઈન્દ્રાદિના સ્વામી, અવ્યય એટલે પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટયમય સ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) નહિ થયેલા, પરમેષ્ઠી એટલે પરમ અર્થાત્ ઈન્દ્રાદિથી

---

નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ,
ઈશ્વર, પરમેષ્ઠી અને અવ્યય તે પરમાત્મ. ૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



स्थानशीलः। परात्मा संसारिजीवेभ्य उत्कृष्ट आत्मा। इति शब्दः प्रकारार्थे। एवंप्रकारा ये शब्दास्ते परमात्मनो वाचकाः। परमात्मेत्यादिना तानेव दर्शयति। परमात्मा सकलप्राणिभ्य उत्तम आत्मा। ईश्वर इंद्राद्यसम्भविना अन्तरङ्गबहिरङ्गेण परमैश्वर्येण सदैव सम्पन्नः। जिनः सकलकर्मोन्मूलकः॥६॥

इदानीं बहिरात्मनो देहस्यात्मत्वेनाध्यवसाये कारणमुपदर्शयन्नाह—

---

વન્દ્ય–એવું મોટું પદ–તેમાં જે રહે છે તે સ્થાનશીલ પરમેષ્ઠી, પરાત્મા એટલે સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા–એવા પ્રકારના જે શબ્દો છે તે પરમાત્માના વાચક છે,

'પરમાત્મા' ઇત્યાદિથી તેમને જ દર્શાવાય છે. પરમાત્મા એટલે સર્વ પ્રાણીઓમાં ઉત્તમ આત્મા, ઈશ્વર એટલે ઇન્દ્રાદિને અસંભવિત એવા અંતરંગ–બહિરંગ પરમ ઐશ્વર્યથી સદાય સંપન્ન; જિન–સર્વકર્મોનો મૂલમાંથી નાશ કરનાર—(ઇત્યાદિ પરમાત્માનાં અનંત નામ છે).

**ભાવાર્થ :** નિર્મળ, કેવળ, શુદ્ધ, વિવિક્ત, પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરમાત્મા, ઈશ્વર, જિન વગેરે નામો પરમાત્મા–વાચક છે.

આ નામો પરમાત્માના સ્વરૂપને બતાવે છે. તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે ચિંતવવો તે પરમાત્મા થવાનો ઉપાય છે.

આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું જીવને ભાન થાય તેટલા માટે ભિન્ન ભિન્ન ગુણવાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે.

આત્મા ચૈતન્યાદિ અનંત ગુણોનો પિંડ છે. આ ગુણો ભગવાનમાં પૂર્ણપણે વિકસિત થઈ ગયા છે, તેથી તે ગુણોની અપેક્ષાએ તેઓ અનેક નામોથી ઓળખાય છે.

પરમાત્માને ગુણ અપેક્ષાએ જેટલાં નામ લાગુ પડે છે તે બધાંય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે, કારણ કે શક્તિ અપેક્ષાએ બંને આત્માઓ સમાન છે; તેમાં કાંઈ ફેર નથી. જે પરમાત્માના ગુણોને[૧] બરાબર ઓળખે છે તે પોતાના આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ. જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલા જ ગુણો દરેક આત્મામાં છે. પોતાના ત્રિકાલી આત્માની સન્મુખ થઈને તેમનો પૂર્ણપણે વિકાસ કરીને આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે. ૬.

હવે બહિરાત્માને દેહમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા કયા કારણે થાય છે તે બતાવતાં કહે છે—

---

૧. જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (શ્રી પ્રવચનસાર, ગુ. આવૃત્તિ–ગાથા ૮૦)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

* बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः।
स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति।।७।।

**टीका**—इन्द्रियद्वारैरिन्द्रियमुखैः कृत्वा स्फुरितो बहिरर्थग्रहणे व्यापृतः सन् बहिरात्मा मूढात्मा। आत्मज्ञानपराङ्मुखो जीवस्वरूपज्ञानाद्वहिर्भूतो भवति। तथाभूतश्च सन्नसौ किं करोति? स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति आत्मीयशरीरमेवाहमिति प्रतिपद्यते।।७।।

### શ્લોક ૭

**અન્વયાર્થ :** (बहिरात्मा) બહિરાત્મા (इन्द्रियद्वारैः) ઇન્દ્રિય દ્વારોથી (स्फुरित) બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી (आत्मज्ञानपराङ्मुखः) આત્મજ્ઞાનથી પરાઙ્મુખ–વંચિત હોય છે; તેથી તે (आत्मनः देह) પોતાના શરીરને (आत्मत्वेन अध्यवस्यति) મિથ્યા અભિપ્રાયપૂર્વક આત્મારૂપ સમજે છે.

**ટીકા :** ઇન્દ્રિયોરૂપ દ્વારોથી અર્થાત્ ઇન્દ્રિયોરૂપ મુખથી બહારના પદાર્થોના ગ્રહણમાં રોકાયેલો હોવાથી તે બહિરાત્મા–મૂઢાત્મા છે. તે આત્મજ્ઞાનથી પરાઙ્મુખ અર્થાત્ જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત છે. તેવો થયેલો તે (બહિરાત્મા) શું કરે છે? પોતાના દેહને આત્મારૂપે માને છે અર્થાત્ પોતાનું શરીર જે 'હું છું' એવી મિથ્યા માન્યતા કરે છે.

**ભાવાર્થ :** બહિરાત્મા ઇન્દ્રિયોદ્વારા જે બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે તેને મોહવશાત્ પોતાના માને છે. તેને અંદર આત્મતત્ત્વનું કંઈ પણ જ્ઞાન નથી; તેથી તે પોતાના શરીરને જ આત્મા સમજે છે–અર્થાત્ શરીર, મન અને વાણીની ક્રિયા જે જડની ક્રિયા છે તેને પોતે કરી શકે છે અને તેનો પોતે સ્વામી છે એમ માને છે.

જીવ ત્રિકાલી જ્ઞાનસ્વરૂપ છે. તેને બહિરાત્મા અજ્ઞાનવશ જાણતો નથી અને બાહ્ય ઇન્દ્રિયગોચર પદાર્થો જે માત્ર જ્ઞેયરૂપ છે તેમાં ઇષ્ટ–અનિષ્ટની કલ્પના કરી પોતાને સુખી–દુઃખી, ધનવાન–નિર્ધન, બલવાન–નિર્બલ, સુરૂપ–કુરૂપ, રાજા–રંક વગેરે હોવાનું માને છે.

---

* बहिरत्थे फुरियमणो इंद्रियदारेण णियसरूवचओ।
णियदेहं अप्पाणं अज्झवसदि मूढदिट्ठिओ।।८।। –मोक्षप्राभृते–कुन्दकुन्दाचार्यः।

ઇન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;
આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ. ૭.

## વિશેષ

મિથ્યા અભિપ્રાયવશ અજ્ઞાની માને છે કે, 'શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરની ભૂખ, તરસ, આદિરૂપ અવસ્થા થતાં મને ભૂખ-તરસ લાગી, શરીર કપાઈ જતાં હું કપાઈ ગયો, વગેરે.' એ રીતે અજીવની અવસ્થાને તે પોતાના આત્માની અવસ્થા માને છે.

"........આપને આપરૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો તથા પોતાનો અંશ પણ પરમાં ન મેળવવો-એવું સાચું શ્રદ્ધાન કરતો નથી. જેમ અન્ય મિથ્યાદૃષ્ટિ નિર્ધાર વિના પર્યાયબુદ્ધિથી જાણપણામાં વા વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ આ પણ આત્માશ્રિત જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે...... વળી પર્યાયમાં જીવ-પુદ્ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વેને બે દ્રવ્યોના મેળાપથી નીપજી માને છે, પણ આ જીવની ક્રિયા છે તેમાં પુદ્ગલ નિમિત્ત છે તથા આ પુદ્ગલની ક્રિયા છે તેમાં જીવ નિમિત્ત છે-એમ ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી......."[1]

'જેની મતિ અજ્ઞાનથી મોહિત છે અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવા જીવ એમ કહે છે કે આ શરીરાદિ બદ્ધ તેમ જ ધન-ધાન્યાદિ અબદ્ધ પુદ્ગલ દ્રવ્ય મારું છે.'[2]

વળી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં એકતાબુદ્ધિ કરવાથી અજ્ઞાનીને ભ્રમ થાય છે કે રસ, રૂપ, ગંધ, સ્પર્શ અને શબ્દનું જે જ્ઞાન થાય છે તે ઇન્દ્રિયોથી થાય છે તથા ઘટપટાદિનું જે જ્ઞાન થાય છે તે બાહ્ય પદાર્થોથી થાય છે, પણ તેને ખબર નથી કે જીવને જે જ્ઞાન થાય છે તે પોતાના જ્ઞાનગુણરૂપ ઉપાદાન શક્તિથી થાય છે. ઇન્દ્રિયો અને ઘટ-પટાદિ પદાર્થો તો જડ છે. તેનાથી જ્ઞાન થાય નહિ. તે તો જ્ઞાન થવામાં નિમિત્તમાત્ર છે.

એ રીતે બહિરાત્મા પોતાના જ્ઞાનાત્મક સ્વભાવને ભૂલી શરીરાદિ પર પદાર્થોથી પોતાનું અસ્તિત્વ માને છે અર્થાત્ શરીરાદિ પર પદાર્થોમાં તે આત્મબુદ્ધિ કરે છે. ૭.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ. ૨૩૦.

૨. અજ્ઞાનથી મોહિતમતિ, બહુ ભાવસંયુત જીવ જે,
"આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલ દ્રવ્ય મારું" તે કહે.
(શ્રી સમયસાર, ગુ. આવૃત્તિ-ગાથા ૨૩)

तच्च प्रतिपद्यमानो मनुष्यादिचतुर्गतिसम्बन्धिशरीराभेदेन प्रतिपद्यते तत्र—

* नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम्।
तिर्यंच तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा।।८।।
नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा।
अनंतानंतधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः।।९।।

અને તેનું પ્રતિપાદન કરી મનુષ્યાદિ ચતુર્ગતિ સંબંધી શરીરભેદથી જીવભેદનું તેમાં પ્રતિપાદન કરે છે.

## શ્લોક ૮–૯

**અન્વયાર્થ :** (अविद्वान्) મૂઢ બહિરાત્મા (नरदेहस्थ) મનુષ્યદેહમાં રહેલા (आत्मानं) આત્માને (नरम्) મનુષ્ય, (तिर्यङ्गस्थं) તિર્યંચના શરીરમાં રહેલા આત્માને (तिर्यंचम्) તિર્યંચ, (सुरांङ्गस्थं) દેવના શરીરમાં રહેલા આત્માને (सुरं) દેવ (तथा) અને........

**અન્વયાર્થ :** (नारकांङ्गस्थं) નારકીના શરીરમાં રહેલા આત્માને (नारकं) નારકી (मन्यते) માને છે. (तत्त्वतः) વાસ્તવિક રીતે (स्वयं) સ્વયં આત્મા (तथा न) તેવો નથી– અર્થાત્ તે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકીરૂપ નથી; પરંતુ વાસ્તવિક રીતે આ આત્મા (अनंतांतधीशक्ति) અનંતાનંત જ્ઞાન અને અનંતાનંત શક્તિ (વીર્ય) રૂપ છે, (स्वसंवेद्यः) સ્વાનુભવગમ્ય છે–પોતાના અનુભવગોચર છે અને (अचलस्थितिः) પોતાના સ્વરૂપમાં સદા નિશ્ચલ–સ્થિર રહેવાવાળો છે.......

* सुरं त्रिदशपर्यायैस्तथानरम्।
तिर्यञ्च च तदङ्गे स्वं नारकाङ्गे च नारकम्।।३२–१३।।
वेत्त्यविद्यापरिश्रान्तो मूढस्तन्न पुनस्तथा।
किन्त्वमूर्तं स्वसंवेद्य तद्रूपं परिकीर्तितम्।।–१४।। —ज्ञानार्णवे–शुभचन्द्राचार्यः

નરદેહે સ્થિત આત્મને નર માને છે મૂઢ,
પશુદેહે સ્થિતને પશુ, સુરદેહે સ્થિત સુર; ૮.
નરક-તને નારક ગણે, પરમાર્થે નથી એમ,
અનંત ધી-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ૯.

**टीका**—नरस्य देहो नरदेहः तत्र तिष्ठतीति नरदेहस्थस्तमात्मानं नरं मन्यते। कोऽसौ ? अविद्वान् बहिरात्मा। तिर्यंचमात्मानं मन्यते। कथंभूतं ? तिर्यगङ्गस्थं तिरश्चामङ्गं तिर्यगङ्गं तत्र तिष्ठतीति तियङ्गस्थस्तं। सुराङ्गस्थं आत्मानं सुरं तथा मन्यते॥८॥ नारकमात्मानं मन्यते। किं विशिष्टं ? नारकाङ्गस्थं। न स्वयं तथा नरादिरूप आत्मा स्वयं कर्मोपाधिमंतरेण न भवति। कथं ? तत्त्वतः परमार्थतो न भवति। व्यवहारेण तु यदा भवति तदा भवतु। कर्मोपाधिकृता हि जीवस्य मनुष्यादिपर्यायास्तन्निवृतौ निवर्तमानत्वात् न पुनः वास्तवा इत्यर्थः। परमार्थतस्तर्हिकीदृशोऽसावित्याहअनन्तानन्तधीशक्तिः धीश्च शक्तिश्च धीशक्ति अनन्तानन्ते धीशक्ति यस्य। तथाभूतोऽसौकुतः परिच्छेद्य इत्याह–स्वसंवेद्यो निरुपाधिकं हि रूपं वस्तुनः स्वभावोऽभिधीयते। कर्माद्यपाये चानन्तान्तधीशक्तिपरिणत आत्मा स्वसंवेदनेनैव वेद्यः। तद्विपरीतपरिणत्यनुभवस्य संसारावस्थायां कर्मोपाधिनिर्मितत्वात्। अस्तु नाम तथा स्वसंवेद्यः

---

**ટીકા :** નરનો દેહ તે નરદેહ. તેમાં રહે છે તેથી નરદેહસ્થ. તે (નરના દેહમાં રહેનાર) આત્માને નર માને છે. કોણ તે (આવું માને છે)? અવિદ્વાન–બહિરાત્મા (એવું માને છે); તિર્યંચને આત્મા માને છે, કેવા (તિર્યંચ)ને? તિર્યંચોના શરીરમાં રહેનારને–તિર્યંચોનું શરીર તે તિર્યંચશરીર–તેમાં રહે છે તેથી તિર્યંગસ્થ–તેને (આત્મા માને છે). તેવી રીતે દેવોના શરીરમાં રહેનાર (આત્મા)ને દેવ માને છે.

નારકને આત્મા માને છે. કેવા (નારકને)? નારકીના શરીરમાં રહેનારને. આત્મા સ્વયં નરાદિરૂપ નથી; કર્મોપાધિ વિના તે સ્વયં થતો નથી. કેવી રીતે? તત્ત્વતઃ એટલે પરમાર્થે તે (તેવો) નથી, પણ વ્યવહારે તે હોય તો ભલે હોય. જીવની મનુષ્યાદિ પર્યાયો કર્મોપાધિથી થયેલી છે. તે (કર્મોપાધિ) નિવૃત્ત થતાં (મટતાં) તે (પર્યાય) નિવૃત્ત થતી હોવાથી વાસ્તવમાં (તે પર્યાયો જીવની) નથી–એમ અર્થ છે.

ત્યારે પરમાર્થે તે (આત્મા) કેવો છે? તે કહે છે. તે અનંતાનંત ધીશક્તિ–અર્થાત્ અનંતાનંત જ્ઞાન અને શક્તિ–વાળો છે. તેવો તે કેવી રીતે જાણી શકાય (અનુભવી શકાય)? તે કહે છે. તે સ્વસંવેદ્ય છે. નિરુપાધિક રૂપ જ વસ્તુનો સ્વભાવ કહેવાય છે. કર્માદિનો વિનાશ થતાં, અનંતાનંત જ્ઞાન–શક્તિરૂપે પરિણત આત્મા સ્વસંવેદનથી જ વેદી શકાય છે. સંસાર–અવસ્થામાં તે કર્મોપાધિથી નિર્મિત (નિર્માયેલો) હોવાથી તેનાથી વિપરીત પરિણતિનો અનુભવ થાય છે.

તેવો સ્વસંવેદ્ય (આત્મા) ભલે હો, પણ તે કેટલો કાલ? સર્વદા તો નહિ હોય, કારણ કે પાછળથી તેના રૂપનો નાશ થાય છે. (આવી શંકાનો પરિહાર કરતાં) કહે છે કે–તેની

**कियत्कालमसौ न तु सर्वदा। पश्चात् तद्रूपविनाशादित्याह–अचलस्थितिः अनंतांतधीशक्तिस्वभावेनाचलास्थितिर्यस्य सः। यैः पुनर्योगसांख्यैर्मुक्तौ तत्प्रच्युतिरात्मनोऽभ्युपगता ते प्रमेयकमलमार्तण्डे न्यायकुमुदचन्द्रे च मोक्षविचारे विस्तरतः प्रत्याख्याताः॥९॥**

(આત્માની) અચળ સ્થિતિ છે, કારણ કે અનંતાનંત ધીશક્તિના સ્વભાવના કારણે તે અચલ સ્થિતિવાળો છે. જે યોગ અને સાંખ્યમતવાળાઓએ, મુક્તિના વિષયમાં આત્માની તેનાથી (મુક્તિથી) પ્રચ્યુતિનો (પતનનો) સંભવ માન્યો છે, તેના સંબંધી (ખંડનરૂપે) પ્રમેયકમલમાર્તણ્ડ અને ન્યાયકુમુદચન્દ્રમાં મોક્ષવિચાર–પ્રસંગે વિસ્તારથી કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ :** નરનારકાદિ જે પર્યાયોને જીવ ધારણ કરે છે તે પર્યાયોરૂપ અજ્ઞાની પોતાને માને છે. વાસ્તવમાં જીવ તે પર્યાયોરૂપ નથી, પણ તે સ્વાનુભવગમ્ય, શાશ્વત અને અનંતાનંતજ્ઞાન–વીર્યમય છે. મુક્ત–અવસ્થામાં (મોક્ષમાં) તેની સ્થિતિ અચલ છે; ત્યાંથી (મુક્તિથી) તેનું કદી પણ પતન થતું નથી–અર્થાત્ જીવ મુક્ત થયા પછી કદી ફરીથી સંસારમાં આવતો નથી. યોગ અને સાંખ્યમતવાળાની માન્યતા તેનાથી વિપરીત છે.

## વિશેષ

બહિરાત્મા નરનારકાદિ પર્યાયોને જ પોતાની સાચી અવસ્થા માને છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી ભિન્ન, કર્મોપાધિરહિત, શુદ્ધ, ચૈતન્યમય, ટંકોત્કીર્ણ એક જ્ઞાતા–દ્રષ્ટા છે, અભેદ્ય છે, અનંતજ્ઞાન તથા અનંતવીર્યથી યુક્ત છે અને અચલસ્થિતિરૂપ છે–આવું ભેદજ્ઞાન (વિવેકજ્ઞાન) તેને હોતું નથી, તેથી તે સંસારના પર પદાર્થોમાં તથા મનુષ્યાદિ પર્યાયોમાં આત્મબુદ્ધિ કરે છે–તેને આત્મા માને છે.

જીવ જે જે ગતિમાં જાય છે તે તે ગતિને અનુરૂપ જુદો જુદો સ્વાંગ (વેષ) ધારણ કરે છે. આ સ્વાંગ અચેતન છે, જડ છે અને ક્ષણિક છે. તે વેષને ધારણ કરનાર જીવ, તેનાથી ભિન્ન, શાશ્વત, જ્ઞાનસ્વરૂપ ચેતન દ્રવ્ય છે. અજ્ઞાનીને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન નથી, તેથી તે બાહ્ય વેષને જ જીવ માની તે પ્રમાણે વર્તાવ કરે છે.

“.......અમૂર્તિક પ્રદેશોનો પુંજ પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક અનાદિનિધન વસ્તુ પોતે (આત્મા) છે, તથા મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યોનો પિંડ પ્રસિદ્ધ જ્ઞાનાદિરહિત નવીન જ જેનો સંયોગ થયો છે એવાં શરીરાદિ પુદ્‌ગલ કે જે પોતાનાથી પર છે–એ બન્નેના સંયોગરૂપ નાના પ્રકારના મનુષ્ય–તિર્યંચાદિ પર્યાયો હોય છે તે પર્યાયોમાં આ મૂઢ જીવ અહંબુદ્ધિ ધારી રહ્યો છે, સ્વપરનો ભેદ કરી શકતો નથી. જે પર્યાય પામ્યો હોય તેનેજ પોતાપણે માને છે; તથા એ પર્યાયમાં પણ જે જ્ઞાનાદિ ગુણો છે તે તો પોતાના ગુણ છે અને રાગાદિક છે તે પોતાને

स्वदेहे एवमध्यवसायं कुर्वाणो बहिरात्मा परदेहे कथंभूतं करोतीत्याह–

* स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम्।
परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति॥१०॥

**टीका**—व्यापार–व्याहाराकारादीना स्वदेहसदृशं परदेहं दृष्ट्वा। कथंम्भूतं? परात्मनाधिष्ठितं कर्मवशात्स्वीकृतं अचेतनं चेतनेन संगतं। मूढो बहिरात्मा परत्वेन परात्मत्वेन अध्यवस्यति॥१०॥

કર્મનિમિત્તથી ઔપાધિકભાવ છે; વળી વર્ણાદિક છે તે પોતાના ગુણો નથી પણ શરીરાદિ પુદ્‌ગલના ગુણો છે; શરીરાદિમાં પણ વર્ણાદિનું વા પરમાણુનું પલટાવું નાના પ્રકારરૂપ થયા કરે છે. એ સર્વ પુદ્‌ગલની અવસ્થાઓ છે, પરંતુ તે સર્વને આ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે. તેને સ્વભાવ–પરભાવનો વિવેક થઈ શકતો નથી.''[1] ૮–૯

સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે–

**શ્લોક ૧૦**

**અન્વયાર્થ :** (मूढः) અજ્ઞાની બહિરાત્મા, (परमात्माधिष्ठितं) બીજાના આત્મા સાથે રહેલા (अचेतनं) અચેતન–ચેતનારહિત (परदेहं) બીજાના શરીરને, (स्वदेहसदृशं) પોતાના શરીર સમાન (दृष्ट्वा) જોઈને (परत्वेन) બીજાના આત્મારૂપે (अध्यवस्यति) માને છે.

**ટીકા :** વ્યાપાર, વ્યાહાર (વાણી, વચન) આકારાદિવડે પરદેહને પોતાના દેહ સમાન જોઈને–કેવો (જોઈને)? કર્મવશાત્ બીજાના આત્માથી અધિષ્ઠિત–સ્વીકૃત અચેતન (પરના દેહને) ચેતનાયુક્ત જોઈને બહિરાત્મા તેને (દેહને) પરપણારૂપ–અર્થાત્ પરના આત્મારૂપે માને છે.

---

* णियदेहसरिच्छं पिच्छिऊण परविग्गहं पयत्तेण।
अच्चेयणं पि गहियं झाइज्जइ परमभावेण॥९॥ मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।
स्वशरीरमिवान्विध्य पराङ्गच्युतचेतनम्।
परमात्मानमज्ञानी परबुद्धयाऽध्यवस्यति॥३२–१५॥ ज्ञानार्णवे, शुभचन्द्रः।

૧. મોક્ષમાર્ગપ્રકાશક ગુ. આવૃત્તિ–પૃ. ૪૨.

નિજ શરીર સમ દેખીને પરજીવયુક્ત શરીર,
માને તેને આતમા, બહિરાતમ મૂઢ જીવ. ૧૦.

एवंविधाध्यवसायात्किं भवीत्याह–

* स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम्।
वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ॥११॥

**टीका**–विभ्रमो विपर्यासः पुंसां वर्तते? किं विशिष्टानां? अविदितात्मनां अपरिज्ञातात्मस्वरूपाणां। केन कृत्वाऽसौ वर्तते? स्वपराध्यवसायेन। क्व? देहेषु। कथम्भूतो

---

**ભાવાર્થ :** અજ્ઞાની બહિરાત્મા, જેવી રીતે પોતાના શરીરને પોતાનો આત્મા માને છે તેવી રીતે બીજાના (સ્ત્રી–પુત્ર–મિત્રાદિકના) અચેતન શરીરને તેમનો (સ્ત્રી–પુત્ર–મિત્રાદિકનો આત્મા) માને છે.

### વિશેષ

જેમ પોતાના શરીરનો નાશ થતાં, બહિરાત્મા પોતાનો નાશ સમજે છે, તેમ સ્ત્રી–પુત્ર–મિત્રાદિના શરીરનો નાશ થતાં તે તેમના આત્માનો નાશ સમજે છે. એમ તે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ–આત્મકલ્પના–કરી દુઃખી થાય છે, અને બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાના કારણે દુઃખી થાય છે એમ માને છે. ૧૦.

એવા પ્રકારના અધ્યવસાયથી શું થાય છે તે કહે છે—

### શ્લોક ૧૧

**અન્વયાર્થ :** (अविदितात्मनां पुंसां) આત્માના સ્વરૂપથી અજ્ઞાન પુરુષોને, (देहेषु) (स्वपराध्यवसायेन) પોતાની અને પરની આત્મબુદ્ધિના કારણે (पुत्रभार्यादिगोचरः) પુત્ર–સ્ત્રી–આદિકના વિષયમાં (विभ्रमः वर्तते) વિભ્રમ વર્તે છે.

**ટીકા :** પુરુષોને વિભ્રમ અર્થાત્ વિપર્યાસ (મિથ્યાજ્ઞાન) વર્તે છે. કેવા પુરુષોને? આત્માથી અજાણ–આત્મસ્વરૂપને નહિ જાણનારા–પુરુષોને. શાથી કરીને તે (વિભ્રમ) વર્તે છે? સ્વપરના અધ્યસાયથી. (વિભ્રમ) ક્યાં થાય છે? શરીરો વિષે. કેવો વિભ્રમ થાય છે? પુત્ર–

---

* सपरज्झवसाएणं देहेसु य अविदिदत्थमप्पाणं।
सुयदाराईविसए मणुयाणं वड्ढए मोहो ॥१०॥ मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।

વિભ્રમ પુત્ર-રમાદિગત આત્મ-અજ્ઞને થાય.
દેહોમાં છે જેહને આતમ-અધ્યવસાય. ૧૧.

विभ्रमः ? पुत्रभार्यादिगोचरः परमार्थतोऽनात्मीयमनुपकारकमपि पुत्रभार्याधनधान्यादिकमात्मीयमुपकारकं च मन्यते। तत्सम्पत्तौ संतोषं तद्वियोगे च महासन्तापमात्मवधादिकं च करोति॥११॥

ભાર્યાદિ વિષયક (વિભ્રમ થાય છે.)–પરમાર્થે (વાસ્તવમાં) પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ આત્મીય (પોતાનાં) તેમજ ઉપકારક નહિ હોવા છતાં, તે (વિભ્રમિત પુરુષ) તેમને આત્મીય તથા ઉપકારક માને છે, તેમની સંપત્તિમાં (આબાદીમાં) તે સંતોષ તથા તેના વિયોગમાં મહાસંતાપ અને આત્મવધાદિક કરે છે.

**ભાવાર્થ :** જે પુરુષોને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી, તેઓ પોતાના શરીરમાં પોતાના આત્માની અને પરના શરીરમાં પરના આત્માની કલ્પના કરી, સ્ત્રી–પુત્રાદિકના વિષયમાં વિભ્રાન્ત રહે છે–અર્થાત્ પોતાના શરીરની સાથે સ્ત્રી–પુત્રાદિકના શરીર–સંબંધને જ પોતાના આત્માનો સંબંધ માને છે.

બહિરાત્મા સ્ત્રી–પુત્ર–મિત્રાદિ અનાત્મીય અર્થાત્ પર હોવા છતાં તેમને આત્મીય માને છે અને પોતાને અનુપકારક હોવા છતાં તેમને ઉપકારક માની તેમની રક્ષાનો પ્રયત્ન કરે છે, તેના સંયોગાદિમાં સુખી થાય છે અને તેમના વિયોગાદિમાં મહાસંતાપ માને છે અને આત્મવધ પણ કરે છે.

## વિશેષ

"........શરીરનો સંયોગ થવા અને છૂટવાની અપેક્ષાએ જન્મ–મરણ હોય છે તેને પોતાનાં જન્મ–મરણ માની "હું ઊપજ્યો, હું મરીશ" એમ માને છે. વળી શરીરની જ અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે, જેમકે જેનાથી શરીર નીપજ્યું તેને પોતાનાં માતા–પિતા માને છે, શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે, શરીરવડે નીપજ્યાં તેને પોતાનાં દીકરા–દીકરી માને છે, શરીરને જે ઉપકારક છે તેને પોતાનો મિત્ર માને છે તથા શરીરનું બૂરું કરે તેને પોતાનો શત્રુ માને છે, ઈત્યાદિરૂપ તેની માન્યતા હોય છે. ઘણું શું કહીએ? હરકોઈ પ્રકારવડે પોતાને અને શરીરને તે એકરૂપ જ માને છે......."[1]

"........વળી જેમ કોઈ બહાવરો બેઠો હતો ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી માણસ, ઘોડા અને ધનાદિક આવી ઊતર્યાં; તે સર્વને આ બહાવરો પોતાનાં જાણવા લાગ્યો, પણ એ બધાં પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઈ આવે, કોઈ જાય અને કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે–એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે. એ પ્રમાણે આ જીવ જ્યાં પર્યાય (શરીર) ધારણ કરે છે ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી પુત્ર, ઘોડા અને ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે તેને આ જીવ પોતાનાં

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ–પૃ. ૮૩.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



एवंविधविभ्रामाच्च किं भवतीत्याह–

* अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः।
येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते॥१२॥

**टीका**—तस्माद्विभ्रमाद्बहिरात्मनि संस्कारो वासना दृढोऽविचलो जायते। किन्नामा? अविद्यासंज्ञितः अविद्या संज्ञाऽस्य संजातेति ''तारकादिभ्य इतच्'' येन संस्कारेण कृत्वालोकोऽविवेकिजनः। अंगमेव च शरीरमेव। स्वं आत्मानं। पुनरपि जन्मान्तरेऽपि। अभिमन्यते॥१२॥

જાણે છે, પણ એ તો પોતપોતાને આધીન કોઈ આવે, કોઈ જાય તથા કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે–એમ તેની પરાધીન ક્રિયા હોય છે, તેને પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે.''[૨] ૧૧.

એવા પ્રકારના વિભ્રમથી શું થાય છે? તે કહે છે :–

**શ્લોક ૧૨**

**અન્વયાર્થ :** (तस्मात्) એ વિભ્રમથી (अविद्यासंज्ञितः) અવિદ્યા નામનો (संस्कारः) (दृढः) દૃઢ–મજબૂત (जायते) થાય છે, (येन) જે કારણથી (लोकः) અજ્ઞાની જીવ (पुनः अपि) જન્માન્તરમાં પણ (अंगम् एव) શરીરને જ (स्वं अभिमन्यते) આત્મા માને છે.

**ટીકા :** તે વિભ્રમથી બહિરાત્મામાં સંસ્કાર એટલે વાસના દૃઢ–અવિચલ થાય છે. કયા નામનો (સંસ્કાર)? અવિદ્યા નામનો (સંસ્કાર)–અવિદ્યા સંજ્ઞા જેની છે તે–જે સંસ્કારને લીધે અવિવેકી (અજ્ઞાની) જન અંગને જ એટલે શરીરને જ ફરીથી પણ, અર્થાત્ અન્ય જન્મમાં પણ પોતાનો આત્મા માને છે.

**ભાવાર્થ :** આ જીવને અજ્ઞાનજનિત અવિદ્યા સંસ્કાર અનાદિકાલથી છે, સ્ત્રી–પુત્રાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવાથી આ સંસ્કાર દૃઢ થાય છે અને તેને લીધે અન્ય જન્મમાં પણ જીવ શરીરને જ આત્મા માને છે.

* मिच्छाणाणेसु रओ मिच्छाभावेण भाविओ संतो।
मोहोदयेण पुणरवि अंगं संम्मण्णए मणुओ॥११॥ —मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।

૨. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ–પૃ. ૫૨.

આ ભ્રમથી અજ્ઞાનમય દૃઢ જામે સંસ્કાર;
અન્ય ભવે પણ દેહને આત્મા ગણે ગમાર. ૧૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

एवमभिमन्यमानश्चासौ किं करोतीत्याह—

देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात्।
स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनं ॥१३॥

**टीका**–देहे स्वबुद्धित्मबुद्धिरार्बहिरात्मा किं करोति? आत्मानं युनक्ति सम्बद्धं करोति

---

અનાદિ અજ્ઞાનતાના કારણે આ જીવને જે પર્યાય (શરીર) પ્રાપ્ત થાય છે તેને તે પોતાનો આત્મા સમજી લે છે અને તેનો આવો અજ્ઞાનાત્મક સંસ્કાર જન્મ–જન્માન્તરોમાં પણ બન્યો રહેવાથી તે દ્રઢ થતો જાય છે. જેમ રસ્સીના ઘસારાથી કૂવાના પત્થરમાં કાપો વધુ ને વધુ ઊંડો પડતો જાય છે, તેમ અવિદ્યાના સંસ્કારો પણ અજ્ઞાની જીવમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા જાય છે.

અવિદ્યાના સંસ્કારોથી પ્રેરાઈ આ જીવ શરીરાદિ પર પદાર્થો વિષે આત્મબુદ્ધિ કરે છે. પોતાને પરનો કર્તા–ભોક્તા માને છે, પર પ્રત્યે અહંકાર–મમકાર બુદ્ધિ ને એકતાબુદ્ધિ કરે છે. આ કારણથી તેને રાગ–દ્વેષ થાય છે અને રાગ–દ્વેષથી તેનું સંસાર–ચક્ર ચાલુ જ રહે છે. ૧૨.

એવી રીતે માનીને તે શું કરે છે? તે કહે છે :–

### શ્લોક ૧૩

**અન્વયાર્થ :** (देहे स्वबुद्धिः) શરીરમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા (निश्चयात्) નિશ્ચયથી (आत्मानं) પોતાના આત્માને (एतेन) તેની સાથે–શરીરની સાથે (युनक्ति) જોડે છે– સંબંધ કરે છે, અર્થાત્ બંનેને એકરૂપ માને છે, પરંતુ (स्वात्मनि एव आत्मधीः) પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ કરનાર અંતરાત્મા (देहिनं) પોતાના આત્માને (तस्मात्) તેનાથી– શરીરથી (वियोजयति) પૃથક્–અલગ કરે છે.

**ટીકા :** શરીરમાં [1]સ્વબુદ્ધિ–આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા શું કરે છે? તે (પોતાના)

---

૧. પાટણ–જૈન ભંડારની પ્રત આધારે 'સમાધિશતક'ની ટીકાના અનુવાદમાં શ્રીયુત મણિલાલ નભુભાઈ ત્રિવેદીએ નીચે પ્રમાણે લખ્યું છે :—

"બહિરાત્માને દેહને વિષે જ આત્મબુદ્ધિ છે, ને તે આત્માને પરમાનંદ ન પામવા દેતાં, દેહમાં જ બાંધી રાખે છે, અર્થાત્ દીર્ઘ સંસારતાપમાં પાડે છે......"

દેહબુદ્ધિ જન આત્મને કરે દેહસંયુક્ત,
આત્મબુદ્ધિ જન આત્મને તનથી કરે વિમુક્ત. ૧૩.

दीर्घसंसारिणं करोतीत्यर्थः। केन ? एतेन देहेन। निश्चयात् परमार्थेन। स्वात्मन्येव जीवस्वरूपे एव आत्मधीरन्तरात्मा। निश्चयाद्वियोजयति असम्बद्धं करोति देहिनं॥१३॥

આત્માને (શરીર સાથે) જોડે છે–(તેની સાથે) સંબંધ કરે છે; તેને દીર્ઘ સંસારી કરે છે– એવો અર્થ છે. કોની સાથે (જોડે છે)? નિશ્ચયથી એટલે નક્કી તે શરીર સાથે (જોડે છે); પણ આત્મામાં જ એટલે જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો અંતરાત્મા નિશ્ચયથી તેને (આત્માને) તેનાથી (શરીરથી) પૃથક્ (અલગ) કરે છે–(શરીર સાથે) અસંબંધ કરે છે.

ભાવાર્થ : અજ્ઞાની બહિરાત્મા પોતાના શરીરમાં સ્વ-બુદ્ધિ-આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ શરીર અને આત્માને એકરૂપ માને છે, જ્યારે જ્ઞાની અંતરાત્મા પોતાના આત્માને શરીરથી ભિન્ન સમજે છે.

“........આ જીવ એ શરીરને પોતાનું અંગ જાણી પોતાને અને શરીરને એકરૂપ માને છે, પણ શરીર તો કર્મોદય આધીન કોઈ વેળા કૃશ થાય, કોઈ વેળા સ્થૂલ થાય, કોઈ વેળા નષ્ટ થાય અને કોઈ વેળા નવીન ઊપજે, ઇત્યાદિ ચરિત્ર થાય છે. એ પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતાં આ જીવ તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે.....”[૧]

દેહાધ્યાસથી મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા શરીરને જ આત્મા માનતો હોવાથી તેને નવાં નવાં શરીરોનો સંબંધ થતો રહે છે અને તેથી તે અનંતકાલ સુધી આ ગહન સંસારવનમાં ભટકતો ફરે છે તથા સંસારના તીવ્ર તાપથી સદા બળતો રહે છે.

અન્તરાત્માને શરીરાદિમાં આત્મબુદ્ધિ (મમત્વબુદ્ધિ) હોતી નથી; પણ તેને પોતાના જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મામાં જ આત્મબુદ્ધિ હોય છે; તેથી તે શરીરને, પોતાના ચૈતન્યસ્વરૂપથી ભિન્ન, પુદ્ગલનો પિંડ સમજે છે. ભેદ–જ્ઞાનના બળે તે ધ્યાનદ્વારા–સ્વરૂપલીનતા દ્વારા પોતાના આત્માને શરીરાદિના બંધનથી સર્વથા પૃથક્ કરે છે અને સદાને માટે મુક્ત થઈ જાય છે.

આવી રીતે દૃષ્ટિફેરને લીધે બહિરાત્મા પર સાથે એકત્વબુદ્ધિ કરી સંસારમાં રખડે છે, જ્યારે અંતરાત્મા પર સાથેનો સંબંધ તોડી તથા સ્વ સાથે સંબંધ જોડી અંતે સંસારના દુઃખોથી સર્વથા મુક્ત થાય છે.

અનાદિ કાલથી શરીરને આત્મા માનવાની ભૂલ જીવે પોતે જ પોતાની અજ્ઞાનતાથી કરી છે અને આત્મજ્ઞાન વડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે.

‘શરીરાદિમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમથી ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી જ શાન્ત થાય છે’[૨] ૧૩.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ–પૃ. ૫૨  ૨. જુઓ : ‘સમાધિતંત્ર’–શ્લોક ૪૧.

देहेष्वात्मानं योजयतश्च बहिरात्मनो दुर्विलसितोपदर्शनपूर्वकमाचार्योऽनुशयं कुर्वन्नाह—

**देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः।**
**सम्पत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत्॥१४॥**

**टीका**—जाताः प्रवृत्ताः। काः ? पुत्रभार्यादिकल्पनाः। क्व ? देहेषु। कया ? आत्मधिया। क्व आत्मधीः ? देहेष्वेव। अयमर्थः—पुत्रादिदेहं जीवत्वेन प्रतिपद्यमानस्य मत्पुत्रो भार्येतिकल्पना विकल्पा जायन्ते। ताभिश्चानात्मनीयाभिरनुपकारिणीभिश्च सम्पत्तिं पुत्रभार्यादिविभूत्यतिशयं आत्मानो मन्यते जगत्कर्तृ हा हतं नष्टं स्वस्वरूप–परिज्ञानाद् बहिर्भूतं जगत् बहिरात्मा प्राणिगणः॥१४॥

શરીરોમાં આત્માનો સંબંધ જોડનાર બહિરાત્માના નિન્દનીય વ્યાપારને બતાવીને આચાર્ય ખેદ પ્રગટ કરતાં કહે છે :–

### શ્લોક ૧૪

**અન્વયાર્થ** : (देहेषु) શરીરોમાં (आत्मधिया) આત્મબુદ્ધિના કારણે (पुत्रभार्यादि-कल्पनाः जाताः) મારો પુત્ર, મારી સ્ત્રી, ઇત્યાદિ કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. (हा) ખેદ છે કે (जगत्) બહિરાત્મ–સ્વરૂપ પ્રાણિગણ (ताभिः) એ કલ્પનાઓના કારણે (सम्पत्तिम्) સ્ત્રી–પુત્રાદિની સમૃદ્ધિને (आत्मनः) પોતાની સમૃદ્ધિ (मन्यते) માને છે. એવી રીતે આ જગત્ (हतं) હણાઈ રહ્યું છે.

**ટીકા** : ઉત્પન્ન થઈ–પ્રવર્તી. શું (પ્રવર્તી)? પુત્ર–સ્ત્રી આદિ સંબંધી કલ્પનાઓ. શાને વિષે? શરીરો વિષે. કયા કારણે? આત્મબુદ્ધિના કારણે. શામાં આત્મબુદ્ધિ? શરીરોમાં જ. અર્થ એ છે કે–પુત્ર વગેરેના દેહને જીવરૂપે માનનારને, 'મારો પુત્ર, સ્ત્રી–એવી કલ્પનાઓ–વિકલ્પો થાય છે. અનાત્મરૂપ અને અનુપકારક એવી તે કલ્પનાઓથી પુત્ર–ભાર્યાદિરૂપ વિભૂતિના અતિશય સ્વરૂપ સંપત્તિને જગત્ પોતાની માને છે. અરે! સ્વસ્વરૂપના પરિજ્ઞાનથી બહિર્ભૂત (રહિત) બહિરાત્મારૂપ જગત્–પ્રાણિગણ–હણાઈ રહ્યું છે.

**ભાવાર્થ** : દેહમાં આત્મબુદ્ધિના કારણે આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત બહિરાત્માઓ, સ્ત્રી–પુત્રાદિ સંબંધોમાં મારાપણાની કલ્પનાઓ કરે છે અને તેમની સમૃદ્ધિને પોતાની સમૃદ્ધિ માને છે. આમ આ જગત્ હણાઈ રહ્યું છે–એ ખેદની વાત છે.

---

દેહે આતમબુદ્ધિથી સુત-દારા કલ્પાય;
તે સૌ નિજ સંપત ગણી, હા! આ જગત હણાય. ૧૪.

इदानीमुक्तमर्थमुपसंहृत्यात्मन्यन्तरात्मनोऽनुप्रवेशं दर्शयन्नाह—

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः॥१५॥

જ્યાંસુધી જીવને શરીરમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાંસુધી તેને પોતાના નિરાકુલ નિજાનન્દરસનો સ્વાદ આવતો નથી અને પોતાની અનંતચતુષ્ટયરૂપ સમ્પત્તિથી અજ્ઞાત રહે છે. તે સ્ત્રી–પુત્ર–ધન–ધાન્યાદિ બાહ્ય સમ્પત્તિઓને પોતાની માની તેના સંયોગ–વિયોગમાં હર્ષ–વિષાદ કરે છે. તેના ફલસ્વરૂપ તેનું સંસાર–પરિભ્રમણ ચાલુ રહે છે. તેથી આચાર્ય ખેદ દર્શાવતાં કહે છે કે, "હાય! આ જગત્ માર્યું ગયું! ઠગાઈ ગયું! તેને પોતાનું કાંઈ પણ ભાન રહ્યું નહિ!"

## વિશેષ

"........વળી કોઈ વખતે કોઈ પ્રકારે પોતાની ઇચ્છાનુસાર પરિણમતા જોઈ આ જીવ એ શરીર–પુત્રાદિકમાં અહંકાર–મમકાર કરે છે અને એ જ બુદ્ધિથી તેને ઉપજાવવાની, વધારવાની તથા રક્ષા કરવાની ચિંતાવડે નિરંતર વ્યાકુળ રહે છે, નાના પ્રકારનાં દુઃખ વેઠીને પણ તેમનું ભલું ઇચ્છે છે......"[1]

".......મિથ્યાદર્શન વડે આ જીવ કોઈ વેળા બાહ્ય સામગ્રીનો સંયોગ થતાં તેને પણ પોતાની માને છે, પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, હાથી, ઘોડા, મંદિર (મકાન) અને નોકર–ચાકરાદિ જે પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન છે. સદાકાળ પોતાને આધીન નથી–એમ પોતાને જણાય તો પણ તેમાં મમકાર[2] કરે છે, પુત્રાદિકમાં "આ છે તે હું જ છું"—એવી પણ કોઈ વેળા ભ્રમબુદ્ધિ થાય છે. મિથ્યાદર્શનથી શરીરાદિકનું સ્વરૂપ પણ અન્યથા જ ભાસે છે......."[3] ૧૪.

હવે કહેલા અર્થનો ઉપસંહાર કરીને આત્મામાં અન્તરાત્માનો અનુપ્રવેશ દર્શાવતાં કહે છે :—

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ–પૃ. ૫૩.
૨. वपुर्गृहं धनं दाराः पुत्रा मित्राणि शत्रवः।
सर्वथान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते॥८॥ (इष्टोपदेश)
૩. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ–પૃ. ૮૩.

ભવદુઃખોનું મૂળ છે દેહાતમધી જેહ;
છોડી, રુદ્ધેન્દ્રિય બની, અંતરમાંહી પ્રવેશ. ૧૫.

૭

**टीका**—मूलं कारणं। कस्य? संसारदुःखस्य। काऽसौ? देहएवात्मधीः। देहः कायः स एवात्म इति धीः। यत एवं ततस्तस्मात्कारणात्। एनां देहएवात्मबुद्धिं त्यक्त्वा अन्तः प्रविशेत् आत्मनि आत्मबुद्धिं कुर्यात् अन्तरात्मा भवेदित्यर्थः। कथं भूतः सन्? बहिरव्यापृतेन्द्रियः बहिर्बाह्यविषयेषु अव्यापृतान्यप्रवृत्तानीन्द्रियाणि यस्य॥१५॥

---

## શ્લોક ૧૫

**અન્વયાર્થ :** (देहे) શરીરમાં (आत्मधीः एव) આત્મબુદ્ધિ હોવી તે જ (संसारदुःखस्य) સંસારના દુઃખનું (मूलं) કારણ છે (ततः) તેથી (एनां) તેને-શરીરમાં આત્મબુદ્ધિને-(त्यक्त्वा) છોડીને તથા (बहिः अव्यापृतेन्द्रियः) બાહ્ય વિષયોમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિને રોકીને (अन्तः) અંતરંગમાં-આત્મામાં (प्रविशेत्) પ્રવેશ કરવો.

**ટીકા :** મૂલ એટલે કારણ, કોનું? સંસારદુઃખનું તે (કારણ) કયું? દેહમાં જ આત્મબુદ્ધિ અર્થાત્ દેહ-કાય તે જ આત્મા એવી બુદ્ધિ (માન્યતા) તે. તે કારણને લીધે તેનો, એટલે દેહમાં જ આત્મબુદ્ધિનો, ત્યાગ કરીને અંતરમાં પ્રવેશ કરવો-આત્મામાં આત્મબુદ્ધિ કરવી-અંતરાત્મા થવું-એવો અર્થ છે. કેવો થઈને? બાહ્યમાં અવ્યાપૃત ઇન્દ્રિયોવાળો થઈને-અર્થાત્ બાહ્ય વિષયોમાં જેની ઇન્દ્રિયો અવ્યાપૃત એટલે અપ્રવૃત્ત થઈ છે (રોકાઈ ગઈ છે-અટકી ગઈ છે) તેવો થઈને.

**ભાવાર્થ :** શરીરમાં આત્મબુદ્ધિ થવી એ જ સંસારનું મૂળ (એક જ સાચું) કારણ છે, માટે તેને છોડીને તથા ઇન્દ્રિયોની બાહ્ય વિષયોમાં થતી પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો, અર્થાત્ પર તરફથી હઠીને સ્વસન્મુખ થવું.

સંસારમાં જેટલાં દુઃખ છે તે બધા શરીરમાં એકતાબુદ્ધિના કારણે જ હોય છે. જ્યાં સુધી જીવને બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાંસુધી આત્માની સાથે શરીરનો સંબંધ રહ્યા કરે છે અને તેથી તેને સંસારમાં ઘોર દુઃખ ભોગવવાં પડે છે.

જ્યારે જીવને શરીરાદિ પર પદાર્થો તરફનો મમત્વભાવ છૂટી જાય છે ત્યારે તેને બાહ્ય પદાર્થોમાં અહંકાર-મમકારબુદ્ધિ હોતી નથી. તે પરથી મુખ મોડી સ્વસન્મુખ ઢળે છે અને આત્મિક આનંદ અનુભવે છે; તેથી ગ્રન્થકારે સમસ્ત દુઃખોનું મૂળ કારણ જે શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી, અન્તરાત્મા થવાની જીવને પ્રેરણા કરી છે, જેથી તે ઘોર સાંસારિક દુઃખોથી છુટકારો પામી સાચા નિરાકુલ સુખની પ્રાપ્તિ કરે.

अन्तरात्मा आत्मन्यात्मबुद्धिं कुर्वाणोऽलब्धलाभात्संतुष्ट आत्मीयां बहिरात्मावस्थामनुस्मृत्य विषादं कुर्वन्नाह—

## વિશેષ

"......આ જીવને પર્યાયમાં અહંબુદ્ધિ થાય છે, તેથી તે પોતાને અને શરીરને એકરૂપ જાણી પ્રવર્તે છે. આ શરીરમાં પોતાને રુચે એવી ઈષ્ટ અવસ્થા થાય છે તેમાં રાગ કરે છે તથા પોતાને અણરુચતી એવી અનિષ્ટ અવસ્થામાં દ્વેષ કરે છે. શરીરની ઈષ્ટ અવસ્થાના કારણભૂત બાહ્ય પદાર્થોમાં રાગ કરે છે તથા તેના ઘાતક પદાર્થોમાં દ્વેષ કરે છે......કોઈ બાહ્ય પદાર્થ શરીરની અવસ્થાના કારણરૂપ નથી, છતાં તેમાં પણ તે રાગદ્વેષ કરે છે."[૧]

"પોતાનો સ્વભાવ તો દ્રષ્ટા-જ્ઞાતા છે. હવે પોતે કેવળ દેખવાવાળો જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થોને તે દેખે-જાણે છે તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને છે અને તેથી રાગીદ્વેષી થાય છે. કોઈના સદ્ભાવને તથા કોઈના અભાવને ઈચ્છે છે, પણ તેનો સદ્ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો જ નથી, કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,[૨] પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે; માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે.

વળી કદાચિત્ પોતે ઈચ્છે તેમ જ પદાર્થ પરિણમે તો પણ તે પોતાનો પરિણમાવ્યો તો પરિણમ્યો નથી, પણ જેમ ચાલતા ગાડાને ધકેલી બાળક એમ માને કે, "આ ગાડાને હું ચલાવું છું"-એ પ્રમાણે તે અસત્ય માને છે.[૩]........

માટે શરીરાદિ મારાં છે અને તેની ક્રિયા હું કરી શકું છું એવી શરીરમાં આત્મબુદ્ધિ તે અજ્ઞાનચેતના છે. તેનો ત્યાગ કરી 'આત્મા એ જ મારો છે'—એવી આત્મામાં આત્મબુદ્ધિરૂપ જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરી અંતરાત્મા થવા, આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે. ૧૫.

અંતરાત્મા આત્મામાં આત્મબુદ્ધિ કરતો, અલબ્ધ (પૂર્વે નહિ પ્રાપ્ત થયેલા એવા) લાભથી સંતોષ પામી, પોતાની બહિરાત્માવસ્થાનું સ્મરણ કરીને વિષાદ (ખેદ) કરે છે. તે કહે છે :—

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ-પૃ. ૯૨

૨. કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. (શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ, ગાથા ૩૭૨)

૩. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ-પૃ. ૯૦.

मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम्।
तान् प्रपद्याऽहमिति मा पुरा वेद न तत्त्वतः॥१६॥

**टीका**—मत्त आत्मस्वरूपात्। च्युत्वा व्यावृत्य। अहं पतितः अत्यासक्त्या प्रवृत्तः। क्व? विषयेषु। कैः कृत्वा? इन्द्रियद्वारैः इन्द्रियमुखैः। ततस्तान् विषयान् प्रपद्य ममोपकारका एते इत्यतिगृह्यानुसृत्य। मां आत्मानं। न वेद न ज्ञातवान्। कथं? अहमित्युल्लेखेन अहमेवाहं न शरीरादिकमित्येवं तत्त्वतो न ज्ञातवानित्यर्थः। कदा? पुरा पूर्वं अनादिकाले॥१६॥

### શ્લોક ૧૬

**અન્વયાર્થ :** (अहं) હું (पुरा) અનાદિકાલથી (मत्तः) આત્મસ્વરૂપથી (च्युत्वा) ચ્યુત થઈને (इन्द्रियद्वारेः) ઇન્દ્રિયોદ્વારા (विषयेषु) વિષયોમાં (पतितः) પતિત થયો, (ततः) તેથી (तान्) તે વિષયોને (प्रपद्य) પ્રાપ્ત કરી (तत्त्वतः) વાસ્તવમાં (मां) મને–પોતાને (अहं इति न वेद) હું તે જ છું આત્મા છું એમ મેં ઓળખ્યો નહિ.

**ટીકા :** મારાથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત થઈ–પાછો હઠી, હું પતિત થયો અર્થાત્ અતિ આસક્તિથી પ્રવર્ત્યો. ક્યાં (પ્રવર્ત્યો)? વિષયોમાં. કોના દ્વારા? ઇન્દ્રિયોરૂપ દ્વારોથી–ઇન્દ્રિય–મુખેથી. પછી તે વિષયોને પ્રાપ્ત કરીને, તે મારા ઉપકારક છે એમ સમજી તેને અતિપણે ગ્રહી–અનુસરી મેં પોતાને આત્માને–ઓળખ્યો નહિ–જાણ્યો નહિ. કેવા પ્રકારે (ન જાણ્યો)? 'હું' એવા ઉલ્લેખથી હું જ પોતે (આત્મા) છું, શરીરાદિરૂપ નથી. એમ તત્ત્વતઃ (વાસ્તવમાં) મેં જાણ્યું નહિ–એવો અર્થ છે. ક્યારે? પૂર્વે–અનાદિકાલે.

**ભાવાર્થ :** અંતરાત્મા વિચાર કરે છે કે, 'હું અનાદિકાલથી આત્મસ્વરૂપને ચૂકી ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો; તેમાં આત્મબુદ્ધિ કરી મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ.'

જ્યાંસુધી જીવને પોતાના અસલી ચૈતન્યસ્વરૂપનું યથાર્થ પરિજ્ઞાન હોતું નથી, ત્યાંસુધી તે પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ બાહ્ય ઇન્દ્રિયોના વિષયોને પોતાને સુખદાયક–ઉપકારક સમજી તેમાં અતિ આસક્તિ રહે છે–તેમાં આત્મબુદ્ધિ કરે છે, પણ જ્યારે તેને ચૈતન્ય અને પર જડ પદાર્થોનું ઇન્દ્રિયોના વિષયોનું ભેદવિજ્ઞાન થાય છે અને પોતાનાં નિરાકુલ ચિદાનંદ–સુધારસનો સ્વાદ આવે

---

અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત,
ઇન્દ્રિયવિષયો અનુસરી, જાણ્યું નહિ 'હું' તત્ત્વ. ૧૬.

अथात्मो ज्ञप्तावुपायं दर्शयन्नाह—

**एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः।**
**एष योगः समासेन प्रदीपः परमात्मनः॥१७॥**

**टीका**–एवं वक्ष्यमाणन्यायेन। बहिर्वाचं पुत्रभार्याधनधान्यादिलक्षणान्बहिरर्थ-वाचकशब्दान्। त्यक्त्वा। अशेषतः साकल्येन। पश्चात् अन्तर्वाचं अहं प्रतिपादकः, प्रतिपाद्यः, सुखी, दुःखी, चेतनो वेत्यादिलक्षणमन्तर्जल्पं त्यजेदशेषतः। एष बहिरन्तर्जल्पत्यागलक्षणः योगः स्वरूपे चित्तनिरोधलक्षणः समाधिः। प्रदीपः स्वरूपप्रकाशकः। कस्य? परमात्मनः। कथं? समासेन संक्षेपेण झटिति परमात्मस्वरूपप्रकाशक इत्यर्थः॥१७॥

છે ત્યારે તેને બાહ્ય ઇન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો ભલા–બૂરા લાગતા નથી, ફક્ત તેઓ તેને જ્ઞેયરૂપ ભાસે છે. આ કારણથી અંતરાત્મા પહેલાં બહિરાત્માવસ્થામાં વિષય–ભોગોને સુખરૂપ માની સેવતો હતો તે હવે ભોગવેલા વિષયોની બાબતમાં વિચાર કરવા લાગે છે કે, 'અરે! અજ્ઞાનતાથી ઇન્દ્રિયોના વિષયમાં ફસાઈ મેં મારું ચૈતન્યસ્વરૂપ ઓળખ્યું નહિ!' ૧૬.

હવે આત્માને જાણવાનો ઉપાય બતાવતાં કહે છે :—

### શ્લોક ૧૭

**અન્વયાર્થ :** (एवं) આગળના શ્લોકમાં કહેવામાં આવતી વિધિ અનુસાર (बहिर्वाचं) બાહ્ય અર્થવાચક વચન–પ્રવૃત્તિનો (त्यक्त्वा) ત્યાગ કરીને (अन्तः) અંતરંગ વચન–પ્રવૃત્તિને પણ (अशेषतः) સંપૂર્ણપણે (त्यजेत्) તજવી. (एषः) આ (योगः) યોગ અર્થાત્ સમાધિ (समासेन) (परमात्मनः) પરમાત્મસ્વરૂપનો (प्रदीपः) પ્રકાશક દીવો છે.

**ટીકા :** એવી રીતે અર્થાત્ આગળ કહેવામાં આવતા ન્યાયથી, બાહ્ય વચન–અર્થાત્ પુત્ર–સ્ત્રી–ધન-ધાન્યાદિરૂપ બાહ્યાર્થ વાચક શબ્દોને, અશેષપણે એટલે સંપૂર્ણપણે તજીને, પછી અંતરંગ વચનને–અર્થાત્ હું પ્રતિપાદક (ગુરુ), હું પ્રતિપાદ્ય (શિષ્ય), સુખી, દુઃખી, ચેતન ઇત્યાદિરૂપ અંતર્જલ્પનો પૂર્ણપણે ત્યાગ કરવો. એ બહિર્જલ્પ–અંતર્જલ્પના ત્યાગ–સ્વરૂપ યોગ—અર્થાત્ સ્વરૂપમાં ચિત્તનિરોધલક્ષણ સમાધિ–પ્રદીપ અર્થાત્ સ્વરૂપપ્રકાશક છે. કોનો? પરમાત્માનો. કેવી રીતે? સમાસથી એટલે સંક્ષેપથી શીઘ્રપણે તે પરમાત્મસ્વરૂપનો પ્રકાશક છે

બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;
સંક્ષેપે પરમાત્મનો દ્યોતક છે આ યોગ. ૧૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



कुतः पुनर्बहिरन्तर्वाचस्त्यागः कर्तव्य इत्याह—

એવો અર્થ છે.

**ભાવાર્થ :** બાહ્ય વચન-પ્રવૃત્તિના વિકલ્પો તેમ જ અંતરંગ વિકલ્પોનો સર્વથા ત્યાગ કરીને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવું તે યોગ છે સમાધિ છે. આ યોગ પરમાત્માનો પ્રકાશક પ્રદીપ છે.

'સ્ત્રી, પુત્ર, ધન, ધાન્યાદિ મારાં છે' એવો મિથ્યા પ્રલાપ તે બાહ્ય વચન-વ્યાપાર-બહિર્જલ્પ છે અને 'હું સુખી, હું દુઃખી, હું રંક, હું રાય, હું ગુરુ, હું શિષ્ય' ઈત્યાદિ અંતરંગ વચનપ્રવૃત્તિ તે અંતર્જલ્પ છે. તે બંને બહિરંગ અને અંતરંગ વચન-પ્રવૃત્તિને છોડી આત્મસ્વરૂપમાં એકાગ્રતા પ્રાપ્ત કરવી તે યોગ અથવા સમાધિ છે. આ યોગ જ પરમાત્મસ્વરૂપને પ્રકાશવા માટે દીપક સમાન છે.

આચાર્યે યોગને પ્રદીપ કહ્યો છે, કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે, તે યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપને પ્રકાશે છે.

જે સમયે આત્મા આ બાહ્ય-અભ્યન્તર સંકલ્પ-વિકલ્પોનો પરિત્યાગ કરે છે તે સમયે તે ઇન્દ્રિયોની પ્રવૃત્તિથી હઠી નિજ સ્વરૂપમાં લીન થઈ જાય છે અને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે.

## વિશેષ

'હું સિદ્ધ સમાન છું, હું કેવલજ્ઞાનમય છું, વગેરે'—એવા વિકલ્પો મનમાં કર્યા કરે અને ઉપયોગને શુદ્ધાત્મસ્વરૂપમાં ન જોડે તો તે કલ્પના-જાળ છે. તેમાં જ ફસાઈ રહે તો શુદ્ધ સ્વાત્માનો અનુભવ થાય નહિ, કારણ કે આવું અંતર્જલ્પન આત્માનુભવમાં બાધક છે. જ્યાં સુધી અંતર્જલ્પનરૂપ અંતરંગ પ્રવૃત્તિ છે, ત્યાં સુધી સવિકલ્પ દશા છે. અતીન્દ્રિય જ્ઞાન-સ્વરૂપમાં ઉપયોગને જોડવા માટે જ્ઞાની સવિકલ્પ દશાનો ત્યાગ કરે છે. નિર્વિકલ્પ દશામાં જ-સમાધિમાં જ શુદ્ધાત્માનો અનુભવ થાય છે. તેથી ગ્રન્થકારે અંતર્જલ્પરૂપ સવિકલ્પ દશાનો પણ પૂર્ણપણે ત્યાગ કરવાનું સૂચવ્યું છે.

'અંતરંગમાં જે વચન-વ્યાપારવાળી અનેક પ્રકારની કલ્પના-જાળ છે તે આત્માને દુઃખનું મૂલ કારણ છે. તેનો નાશ થતાં હિતકારી પરમ પદની પ્રાપ્તિ થાય છે.[૧] ૧૭.

વળી અંતરંગ અને બહિરંગ વચન-પ્રવૃત્તિનો ત્યાગ કેવી રીતે કરવો? તે કહે છે—

૧. જુઓ-પ્રસ્તુત ગ્રન્થનો શ્લોક ૮૫.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

* यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा।
जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम्॥१८॥

**टीका**—रूपं शरीरादिरूपं यद् दृश्यते इन्द्रियैः परिच्छिद्यते मया तदचेतनत्वात् उक्तमपि वचनं सर्वथा न जानाति। जानता च समं वचनव्यवहारो युक्तो नान्येनातिप्रसङ्गात्। यच्च जानद् रूपं चेतनमात्मस्वरूपं तन्न दृश्यते इन्द्रियैर्न परिच्छिद्यते। तत एवं ततः केन सह ब्रवीम्यहम्॥१८॥

### શ્લોક ૧૮

**અન્વયાર્થ** : (मया) મારાવડે (यत् रूपं) જે રૂપ–શરીરાદિરૂપી પદાર્થ (दृश्यते) દેખાય છે (तत्) તે–અચેતન પદાર્થ (सर्वथा) સર્વથા (न जानाति) કોઈને જાણતો નથી અને (जानत् रूपं) જે જાણવાવાળો ચૈતન્યરૂપ આત્મા છે તે (न दृश्यते) દેખાતો નથી. (ततः) તો (अहं) હું (केन) કોની સાથે (ब्रवीमि) બોલું–વાતચીત કરું?

**ટીકા** : રૂપ એટલે શરીરાદિરૂપ જે દેખાય છે અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા મારાથી જણાય છે, તે અચેતન (જડ) હોવાથી (મારા) બોલેલા વચનને પણ સર્વથા જાણતું નથી; જે જાણતો હોય (સમજતો હોય) તેની સાથે વચન–વ્યવહાર યોગ્ય છે; બીજાની સાથે (વચન–વ્યવહાર) યોગ્ય નથી કારણ કે અતિ પ્રસંગ આવે છે, અને જે રૂપ અર્થાત્ ચેતન–આત્મસ્વરૂપ–જાણે છે તે તો ઇન્દ્રિયોદ્વારા દેખાતું નથી–જણાતું નથી; જો એમ છે તો હું કોની સાથે બોલું?

**ભાવાર્થ** : જે શરીરાદિરૂપી પદાર્થો ઇન્દ્રિયોથી દેખાય છે તે અચેતન હોવાથી બોલેલું વચન સર્વથા જાણતા નથી–સમજતા નથી અને જેનામાં જાણવાની શક્તિ છે તે ચૈતન્યસ્વરૂપ આત્મા અરૂપી હોવાથી ઇન્દ્રિયોદ્વારા દેખાતો નથી; તેથી અંતરાત્મા વિચારે છે કે 'કોઈની સાથે બોલવું યા વચન–વ્યવહારની પ્રવૃત્તિ કરવી તે નિરર્થક છે, કારણ જે પરનું જાણવાવાળું ચૈતન્ય–દ્રવ્ય છે તે તો મને દેખાતું નથી અને ઇન્દ્રિયોદ્વારા જે રૂપી શરીરાદિક જડ પદાર્થો દેખાય છે તે ચેતનારહિત હોવાથી કાંઈ પણ જાણતા નથી; તો હું કોની સાથે વાત કરું? કોઈની પણ સાથે વાતચીત કરવાનું બનતું નથી, માટે હવે તો મારે મારા સ્વરૂપમાં રહેવું

* जं मया दिस्सदे रूवं तं ण जाणादि सव्वहा।
जाणगं दिस्सदे णेव तम्हा जँपेमि केण हं॥२९॥ (मोक्षप्राभृते–श्रीकुन्दकुन्दाचार्यः)

રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;
સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ? ૧૮.

एवं बहिर्विकल्पं परित्यज्यान्तर्विकल्पं परित्याजयन्नह–

**यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।**
**उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ॥१९॥**

એ યોગ્ય છે, પરંતુ બોલવાનો વિકલ્પ (રાગ) કરવો તે યોગ્ય નથી.''

આ શ્લોકમાં આચાર્યે વિભાવ–ભાવરૂપ બાહ્ય વિકલ્પ–જાળથી છૂટવા માટે એક ઉત્તમ ઉપાય દર્શાવ્યો છે.

## વિશેષ

કોઈની સાથે બોલવું એ વ્યવહાર કથન છે. નિશ્ચયનયની દ્રષ્ટિએ કોઈ જીવ બોલી શકતો જ નથી. જે વાણી નીકળે છે તે ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલોનું વચનરૂપ પરિણમન છે. તે આત્માનું કાર્ય નથી. તે કાર્યમાં અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ (ઇચ્છા) નિમિત્તમાત્ર છે. વિકલ્પ અને વાણી એ બંનેમાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. વિકલ્પના કારણે વાણી નીકળે છે એમ નથી અને વાણી નીકળી એટલે વિકલ્પ થયો એમ પણ નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી, તેથી તે એમ માને છે કે, 'મેં બોલવાની ઇચ્છા કરી એટલે વાણી નીકળી,' પરંતુ તાત્ત્વિક દ્રષ્ટિએ વિચારતાં એ સત્ય નથી. ભાષાવર્ગણાનું વાણીરૂપે પરિણમન તેના કારણે છે, સ્વતંત્ર છે; ઇચ્છાથી તે નિરપેક્ષ છે; છતાં 'હું બોલું છું' એમ માનવામાં તે જીવ અને અજીવ તત્ત્વોની એકતા–બુદ્ધિ કરે છે. આવી ઊંધી માન્યતાને લીધે તેને અનંત સંસારના કારણભૂત અનંતાનુબંધી કષાય થયા વગર રહેતો નથી.

જ્ઞાનીને અસ્થિરતાના કારણે બોલવાનો વિકલ્પ આવે, પણ સ્વભાવની દ્રષ્ટિએ તેના અભિપ્રાયમાં તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે, કારણ કે તે જાણે છે કે વિકલ્પ એ રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી, તે તેનાથી ભિન્ન છે.

માટે કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો તે દોષ છે. આવી સમજણપૂર્વક જે સ્વરૂપમાં લીનતારૂપ મૌન સેવે છે તેને જ સાચી વચન–ગુપ્તિ છે. આવી વચન–ગુપ્તિથી અંતર્બાહ્ય વચનપ્રવૃત્તિનો સ્વયં નાશ થાય છે. ૧૮.

એવી રીતે બાહ્ય વિકલ્પોનો પરિત્યાગ કરીને આભ્યન્તર વિકલ્પોને છોડાવતાં કહે છે :—

---

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ. ૧૯.

**टीका**–परैरुपाध्यायादिभिरहं यत्प्रतिपाद्यः परान् शिष्यादीनहं यत्प्रतिपादये तत्सर्वं मे उन्मत्तचेष्टितं मोहवशादुन्मत्तस्येवाखिलं विकल्पजालात्मकं विजृम्भितमित्यर्थः। कुत एतत्? यदहं निर्विकल्पको यद्यस्मादहमात्मा निर्विकल्पक एतैर्वचनविकल्पैरग्राह्यः॥१९॥

### શ્લોક ૧૯

**અન્વયાર્થ :** (अहं) હું (परैः) બીજાઓથી–અધ્યાપકાદિથી (यत् प्रतिपाद्यः) જે કાંઈ શીખવવા યોગ્ય છું તથા (परान्) બીજાઓને શિષ્યાદિકને (यत् प्रतिपादये) હું જે કાંઈ શીખવું (तत्) તે (मे) મારી (उन्मत्तचेष्टितं) ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે; (यद् अहं) કારણ કે (વાસ્તવમાં) હું (निर्विकल्पकः) નિર્વિકલ્પક અર્થાત્ વચન–વિકલ્પોથી અગ્રાહ્ય છું.

**ટીકા :** પર વડે અર્થાત્ ઉપાધ્યાયાદિ વડે મને જે શીખવાડવામાં આવે છે અને બીજાઓને–શિષ્યો વગેરેને હું જે શીખવું છું તે બધી મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે– મોહવશાત્ ઉન્મત્તના (પાગલના) જેવી જ તે બધી વિકલ્પજાલરૂપ ચેષ્ટા પ્રવર્તે છે, એવો અર્થ છે. શાથી તે (ઉન્મત્ત ચેષ્ટા) છે? કારણ કે હું (આત્મા) તો નિર્વિકલ્પક અર્થાત્ વચનવિકલ્પોથી અગ્રાહ્ય છું.

**ભાવાર્થ :** અધ્યાપકાદિ મને શીખવે છે તથા હું શિષ્યાદિ બીજાઓને શીખવું છું– એવો સંકલ્પ કરું તે મારું ઉન્મત્તપણું–પાગલપણું છે, કારણ કે મારું વાસ્તવિક સ્વરૂપ તો નિર્વિકલ્પ છે અર્થાત્ બધા વિકલ્પોથી હું અગ્રાહ્ય છું–પર છું.

આત્માનો સ્વભાવ તો જ્ઞાતા–દ્રષ્ટા છે. કોઈને શીખવવું યા તેનું ભલું–બૂરું કરવું એ વાસ્તવમાં આત્માનો સ્વભાવ નથી, કારણ કે 'કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનો કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિણમે છે' એમ વિચારી સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્મા અંતરના વિકલ્પોને તોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે.

### વિશેષ

વિકલ્પો દૂર કરી પરમાત્મતત્ત્વમાં લીન થવા માટે ઉપદેશ આપતાં શ્રી અમિતગતિ આચાર્ય કહે છે કે—

"સંસારરૂપી ભયાનક જંગલમાં પટકવાના હેતૂભૂત સર્વ વિકલ્પોને દૂર કરીને તારા આત્માને સર્વથી (દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી) ભિન્ન અનુભવ કરતાં તું પરમાત્મતત્ત્વમાં લીન થઈ જઈશ."[1]

१. सर्वं निराकृत्य विकल्पजालं, संसारकान्तारनिपातहेतुम्।
विविक्तमात्मानमवेक्ष्यमाणो, निलीयसे त्वं परमात्मतत्त्वे॥२१॥ (सामयिक पाठ)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तदेव विकल्पातीतं स्वरूपं निरूपयन्नाह–

**यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।**
**जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम्॥२०॥**

## ઉન્મત્તતા સંબંધી સ્પષ્ટતા

ઉન્મત્તતા બે પ્રકારની છે–એક શ્રદ્ધા અપેક્ષાએ અને બીજી ચારિત્ર અપેક્ષાએ.

(૧) શ્રી તત્ત્વાર્થસૂત્રમાં[૨] જે ઉન્મત્તતા દર્શાવી છે તે શ્રદ્ધા અપેક્ષાએ છે. મિથ્યાદૃષ્ટિ સત અને અસત્‌નો ભેદ જાણતો નથી. તે ઉન્મત્ત પુરુષની માફક પોતાની રુચિ અનુસાર વસ્તુને સમજે છે. જેમ મદિરા પીને ઉન્મત્ત થયેલો પુરુષ માતા–પત્નીનો ભેદ જાણતો નહિ હોવાથી કદી માતાને પત્ની અને પત્નીને માતા કહે છે અને કોઈ વખત તે પત્નીને પત્ની અને માતાને માતા કહે છે, છતાં તે ઠીક સમજીને તેમ કહે છે એમ નથી. તેવી રીતે મિથ્યાદૃષ્ટિને પણ વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી તેના વિકલ્પો મિથ્યા માન્યતાના કારણે ઉન્મત્ત પુરુષના જેવા હોય છે.

(૨) પ્રસ્તુત શ્લોકમાં જે ઉન્મત્તતા દર્શાવી છે તે અંતરાત્માની ચારિત્ર અપેક્ષાએ છે, શ્રદ્ધા અપેક્ષાએ નથી; કેમકે જ્ઞાનીને પણ અસ્થિરતાના કારણે તેવા વિકલ્પો ઊઠે છે, પણ અભિપ્રાયમાં તેને તેનો આદર નથી. જ્યાં સુધી વિકલ્પ ઊઠે ત્યાં સુધી નિર્વિકલ્પ થઈ શકાતું નથી. તેથી આચાર્યે વિકલ્પ તોડીને આત્મસ્વરૂપમાં લીન થવા માટે નિર્દેશ કર્યો છે; અને અંતરાત્માની ભૂમિકાના વિકલ્પોને ચારિત્ર અપેક્ષાએ ઉન્મત્તપણું કહ્યું છે. ૧૯.

તે જ વિકલ્પાતીત (નિર્વિકલ્પ) સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે :–

### શ્લોક ૨૦*

**અન્વયાર્થ :** (यत्) જે એટલે શુદ્ધ આત્મસ્વરૂપ (अग्राह्यं) અગ્રાહ્યને અર્થાત્ ક્રોધાદિસ્વરૂપને (न गृह्णाति) ગ્રહણ કરતું નથી અને (गृहीतं अपि) ગ્રહણ કરેલાને અર્થાત્

૨. જુઓ–તત્ત્વાર્થસૂત્ર–અ. ૧, સૂત્ર ૩૨.

* जो णिय भाउ ण परिहरइ जो पर–भाउ ण लेइ।
जाणइ सयलु वि णिच्चु पर सो सिउ संतु हवेइ॥१८॥ (પરમાત્મપ્રકાશ–અ. ૧/૧૮)

ગ્રહે નહીં અગ્રાહ્યને, છોડે નહીં ગ્રહેલ,
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય. ૨૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**टीका**—यत् शुद्धात्मस्वरूपं। अग्राह्यं कर्मोदयनिमित्तं क्रोधादिस्वरूपं। न गृहृणाति आत्मस्वरूपतया न स्वीकरोति। गृहीतमनन्तज्ञानादिस्वरूपं। नैव मुञ्चति कदाचिन्न परित्यजति। तेन च स्वरूपेण सहितं शुद्धात्मस्वरूपं किं करोति? जानाति। किं विशिष्टं तत्? सर्वं चेतनमचेतनं वा वस्तु। कथं जानाति? सर्वथा द्रव्यपर्यायादिसर्वप्रकारेण। तदित्थम्भूतं स्वरूपं स्वसंवेद्यं स्वसंवेदनग्राह्यम् अहमात्मा अस्मि भवामि॥२०॥

---

અનંતજ્ઞાનાદિ ગુણોને (न मुञ्चति) છોડતું નથી તથા (सर्वं) સંપૂર્ણ પદાર્થોને (सर्वथा) સર્વ પ્રકારે એટલે દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપે (जानाति) જાણે છે, (तत् स्वसंवेद्यं) તે પોતાના અનુભવમાં આવવા યોગ્ય ચૈતન્ય દ્રવ્ય (अहं अस्मि) હું છું.

**ટીકા :** જે એટલે શુદ્ધાત્મસ્વરૂપ છે, તે અગ્રાહ્યને અર્થાત્ કર્મોદય નિમિત્તે (થયેલા) ક્રોધાદિરૂપને ગ્રહતું નથી એટલે તેને આત્મસ્વરૂપપણે સ્વીકારતું નથી અને ગ્રહણ કરેલા અનન્તજ્ઞાનાદિ સ્વરૂપને છોડતું જ નથી એટલે ક્યારેય પણ તેનો પરિત્યાગ કરતું નથી. આવા સ્વરૂપવાળું શુદ્ધાત્મસ્વરૂપ શું કરે છે? જાણે છે. શું જાણે છે? સર્વ ચેતન યા અચેતન વસ્તુને (જાણે છે). કેવી રીતે જાણે છે? તે સર્વથા અર્થાત્ દ્રવ્ય–પર્યાયાદિ સર્વ પ્રકારે (જાણે છે). તેથી આવું સ્વસંવેદ્ય સ્વરૂપ એટલે સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ તે હું–આત્મા છું.

**ભાવાર્થ :** શુદ્ધાત્મા એ અનુભવગમ્ય ચૈતન્ય દ્રવ્ય છે. તે નહિ ગ્રહણ કરવા યોગ્ય રાગદ્વેષાદિને ગ્રહણ કરતું નથી, અને ગ્રહણ કરેલા આત્મિક ગુણોને–અનંતજ્ઞાનાદિ ગુણોને–છોડતું નથી. તે સંપૂર્ણ પદાર્થોને સર્વથા–દ્રવ્ય–ગુણ–પર્યાય સહિત–જાણે છે.

'જે નિજભાવને છોડતો નથી, કાંઈ પણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે–દેખે છે, તે હું છું–એ જ્ઞાન ચિંતવે છે.'[1]

## વિશેષ

આત્મા પરદ્રવ્યને જરા પણ ગ્રહતો નથી તથા છોડતો નથી કારણ કે પર નિમિત્તના આશ્રયે થયેલા–પ્રાયોગિક ગુણના સામર્થ્યથી તેમ જ સ્વાભાવિક–વૈસ્રસિક ગુણના સામર્થ્યથી આત્મા વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.[2]

---

१. णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।
जाणदि पस्सदि सव्वं सोहं इदि चिंतए णाणी॥९७॥ (श्री नियमसार, –गाथा ९७)

૨. જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ–ગાથા ૪૦૬)
જુઓ : શ્રી પ્રવચનસાર ગાથા–૩૨ અને શ્રી સમયસાર કલશ–૨૩૬

इत्थंभूतात्मपरिज्ञानात्पूर्वं कीदृशं मम चेष्टितमित्याह—

उत्पन्नपुरुषभ्रान्तेः स्थाणौ यद्वद्विचेष्टितम्।
तद्वन्मे चेष्टितं पूर्वं देहादिष्वात्मविभ्रमात्॥२१॥

આત્માને પર દ્રવ્યનો ગ્રહણ–ત્યાગ કહેવો એ તો વ્યવહારનયનું કથનમાત્ર છે. નિશ્ચયનયે તો તે પર દ્રવ્યનો ગ્રહણ–ત્યાગ કરી શકતો જ નથી. જ્યારે જીવ આત્મસ્વરૂપમાં લીન થાય છે, ત્યારે રાગાદિ વિકારો સ્વયં છૂટી જાય છે; તેને છોડવા પડતા નથી. અને આત્મિક ગુણો સ્વયં પ્રગટ થાય છે.

વળી આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય ત્યારે આત્માના જ્ઞાનગુણની પર્યાય પણ કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. આ કેવળજ્ઞાનનો એવો અનંત મહિમા છે કે તે અનંત દ્રવ્યોના અનંત ગુણોને અને તેમની ત્રિકાલવર્તી વિકારી–અવિકારી અનંત પર્યાયોને સંપૂર્ણપણે એક જ સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે.[૧]

જ્ઞાન પર પદાર્થોને જાણે છે—એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથન છે. વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે એવી જ્ઞાનની નિર્મળતા–સ્વચ્છતા છે.

વળી તે આત્મસ્વરૂપ સ્વસંવેદ્ય છે અર્થાત્ પોતાના આત્માના જ અનુભવમાં આવે તેવું છે. ગુરુ, તેમની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્ય–ધ્વનિ પણ તેનો અનુભવ કરાવી શકે તેમ નથી. જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય. તે સ્વાનુભવ–ગોચર છે. આત્મા પોતે જ તેને ઓળખી, અનુભવ કરી શકે.

એ રીતે વાસ્તવમાં આત્માને પરદ્રવ્યનાં તથા રાગાદિનાં ગ્રહણ–ત્યાગ નથી; તે સર્વજ્ઞ છે અને માત્ર સ્વાનુભવ–ગોચર છે. ૨૦.

આવા આત્મ–પરિજ્ઞાનની પૂર્વે મારી ચેષ્ટા કેવી હતી તે કહે છે :–

### શ્લોક ૨૧

**અન્વયાર્થ :** (स्थाणौ) ઝાડના ઠૂંઠામાં (उत्पन्नपुरुषभ्रान्तेः) જેને પુરુષની ભ્રાન્તિ

૧. જુઓ : શ્રી પ્રવચનસાર ગાથા–૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૭, ૪૮, ૪૯, ૫૧.

સ્થાણુ વિષે નરભ્રાન્તિથી થાય વિચેષ્ટા જેમ;
આત્મભ્રમે દેહાદિમાં વર્તન હતું મુજ તેમ. ૨૧.

**टीका**—उत्पन्नपुरुषभ्रान्तेः पुरुषोऽयमित्युत्पन्ना भ्रान्तिर्यस्य प्रतिपत्तुस्तस्य। स्थाणौ स्थाणुविषये। यद्वद्यत्प्रकारेण। विचेष्टितंविविधमुपकारापकारादिरूपं चेष्टितं विपरीतं वा चेष्टितं। तद्वत् तत्प्रकारेण। मे चेष्टितं। क्व? देहादिषु। कस्मात्। आत्मविभ्रमात् आत्मविपर्यासात्। कदा? पूर्वम् उक्तप्रकारात्मस्वरूपपरिज्ञानात् प्राक्॥२१॥

ઉત્પન્ન થઈ તેવા મનુષ્યને (यद्वत्) જેવી (विचेष्टितम्) વિપરીત યા વિવિધ ચેષ્ટા હોય છે (तद्वत्) તેવી (देहादिषु) શરીરાદિમાં (आत्मविभ्रमात्) આત્મ-વિભ્રમને લીધે (पूर्वं) પહેલાં (मे) મારી (चेष्टितम्) ચેષ્ટા હતી.

**ટીકા :** પુરુષની ભ્રાન્તિ જેને ઉત્પન્ન થઈ છે-તેની અર્થાત્ 'આ પુરુષ છે' એવી જેને ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે તેની-એવું માનનારની-સ્થાણુમાં (ઠૂંઠાના વિષયમાં) જે રીતે-જે પ્રકારે વિચેષ્ટા થાય છે-વિવિધ પ્રકારની ચેષ્ટા થાય છે-અર્થાત્ ઉપકાર-અપકારાદિરૂપ ચેષ્ટા વા વિપરીત ચેષ્ટા થાય છે-તે પ્રમાણે-તે પ્રકારે મેં ચેષ્ટા કરી. કોના વિષે? દેહાદિ વિષે. શા કારણથી? આત્મવિભ્રમ-આત્મવિપર્યાસ-ના કારણે. ક્યારે? પૂર્વે અર્થાત્ ઉક્ત પ્રકારના આત્મસ્વરૂપના પરિજ્ઞાન પૂર્વે.

**ભાવાર્થ :** અંતરાત્મા વિચારે છે કે, 'જેવી રીતે કોઈ પુરુષ ભ્રમથી વૃક્ષના ઠૂંઠાને પુરુષ સમજી તેનાથી પોતાને ઉપકાર-અપકારાદિની કલ્પના કરી સુખી-દુઃખી થાય છે, તેવી રીતે હું પણ મિથ્યાત્વાવસ્થામાં ભ્રમથી શરીરાદિને આત્મા સમજી તેનાથી પોતાને ઉપકાર-અપકારાદિની કલ્પના કરી સુખી-દુઃખી થયો-એ મારી મૂર્ખાઈ ભરેલી ચેષ્ટા હતી. કોઈ ઠૂંઠાને પુરુષ માને અને હું શરીરાદિને આત્મા માનું-એમ બંનેના વિભ્રમમાં અને ચેષ્ટામાં કાંઈ ફેર નથી.'

## વિશેષ

"જેમ એક નારીએ કાષ્ટની પૂતળી બનાવીને તેને અલંકાર-વસ્ત્ર પહેરાવીને પોતાના મહેલમાં પથારીમાં સુવાડી રાખી અને લૂગડાંથી ઢાંકી દીધી. ત્યાં, તે નારીનો પતિ આવ્યો. એણે એમ જાણ્યું કે મારી નારી શયન કરે છે. તે તેને હલાવે, પવન નાખે, પરંતુ તે (પૂતળી) તો બોલે નહિ. આખી રાત બહુ સેવા કરી; પ્રભાત થયું ત્યારે તેણે જાણ્યું કે આ તો કાષ્ટની પૂતળી છે, ત્યારે તે પસ્તાયો કે મેં જૂઠી સેવા કરી. તેમ અનાદિથી આત્મા પર અચેતનની સેવા વૃથા કરે છે. જ્ઞાન થતાં તે જાણે છે કે જડ છે, ત્યારે તેનો સ્નેહ ત્યાગે છે અને સ્વરૂપાનંદી થઈ સુખ પામે છે."[૧] ૨૧.

૧. 'અનુભવ પ્રકાશક'-ગુ. બીજી આવૃત્તિ, પૃ. ૨૨-૨૩.

साम्प्रतं तु तत्परिज्ञाने सति कीदृशं मे चेष्टितमित्याह—

यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे।
तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः॥२२॥

**टीका**—असौ उत्पन्नपुरुषभ्रान्तिः पुरुषाग्रहे पुरुषाभिनिवेशे निवृत्ते विनष्टे सति यथा येन पुरुषाभिनिवेशजनितोपकारापकाराद्युद्यमपरित्यागप्रकारेण। चेष्टते प्रवर्तते। तथाचेष्टोऽस्मि तथा तदुद्यमपरित्यागप्रकारेण चेष्टा यस्यासौ तथाचेष्टोऽस्मि भवाम्यहम्। क्व? देहादौ। किं विशिष्टः? विनिवृत्तात्मविभ्रमः विशेषेण निवृत्त आत्मविभ्रमो यस्य। क्व? देहादौ॥२२॥

---

વર્તમાનમાં તેનું (આત્માનું) પરિજ્ઞાન થતાં મારી કેવી ચેષ્ટા થઈ ગઈ તે કહે છે :—

### શ્લોક ૨૨

**અન્વયાર્થ** : (स्थाणौ) વૃક્ષના ઠૂંઠામાં (निवृत्ते पुरुषाग्रहे) 'આ પુરુષ છે' એવી ભ્રાન્તિ દૂર થતાં, (यथा)। જેવી રીતે (असौ) તે (–પૂર્વે ભ્રાન્તિવાળો મનુષ્ય) (चेष्टते) ચેષ્ટા કરે છે અર્થાત્ તેનાથી ઉપકારાદિની કલ્પનાનો ત્યાગ કરે છે, (देहादौ) શરીરાદિમાં (विनिवृत्तात्मविभ्रमः) જેનો આત્મવિભ્રમ દૂર થયો છે તેવો હું (तथा चेष्टः अस्मि) તેવી રીતે ચેષ્ટા કરું છું.

**ટીકા** : (ઠૂંઠામાં) પુરુષાગ્રહ અર્થાત્ પુરુષાભિનિવેશ નિવૃત્ત થતાં–નાશ પામતાં, જેને (ઠૂંઠામાં) પુરુષની ભ્રાન્તિ થઈ ગઈ હતી તે (મનુષ્ય). જેવી રીતે પુરુષાભિનિવેશજનિત ઉપકાર–અપકારાદિથી તે પ્રવૃત્તિનો પરિત્યાગ કરવારૂપ ચેષ્ટા કરે છે–પ્રવર્તે છે તેવી રીતે મેં ચેષ્ટા કરી છે–અર્થાત્ તે પ્રવૃત્તિના પરિત્યાગ અનુરૂપ જેને જેવી રીતે ચેષ્ટા થાય તેવી ચેષ્ટાવાળો હું બની ગયો છું.

ક્યાં (ક્યા વિષયમાં)? દેહાદિમાં. કેવો (થયો છું)? જેનો આત્મવિભ્રમ વિનિવૃત્ત થયો છે તેવો–અર્થાત્ જેનો આત્મ–વિભ્રમ વિશેષ કરી નિવૃત્ત થયો છે તેવો–થયો છું. ક્યાં (ક્યા વિષયમાં)? દેહાદિમાં.

**ભાવાર્થ** : જ્યારે માણસ ઠૂંઠાને ઠૂંઠું સમજે છે, ત્યારે પહેલાં તેમાં પુરુષની કલ્પના

---

સ્થાણુ વિષે વિભ્રમ જતાં થાય સુચેષ્ટા જેમ;
ભ્રાન્તિ જતાં દેહાદિમાં થયું પ્રવર્તન તેમ. ૨૨.

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गैकत्वादिसंख्याविभ्रमनिवृत्त्यर्थंतद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह–

**येनात्मनाऽनुभूयेहमात्मनैवात्मनात्मनि।**
**सोऽहं न तन्न सा नासौ नैका न द्वौ वा बहुः॥२३॥**

કરી જે ઉપકાર–અપકારાદિની કલ્પનારૂપ ચેષ્ટા કરતો હતો તે બંધ થઈ જાય છે; તેમ અન્તરાત્માને ભેદ–વિજ્ઞાન દ્વારા શરીર અને આત્માની એકતાનો ભ્રમ દૂર થતાં શરીરાદિમાં ઉપકાર–અપકારરૂપ બુદ્ધિ રહેતી નથી અને તેથી તેના પ્રત્યે ઉદાસીન રહે છે.

## વિશેષ

જ્ઞાની પોતાના આત્માને શરીરથી ભિન્ન અને તદ્દન જુદી જાતનો માને છે; કારણ કે શરીર રૂપી, આત્મા અરૂપી; શરીર જડ, આત્મા ચેતન; શરીર સંયોગી, આત્મા અસંયોગી; શરીર વિનાશી, આત્મા અવિનાશી; શરીર આંધળું, આત્મા દેખતો; શરીર ઇન્દ્રિય–ગ્રાહ્ય, આત્મા અતીન્દ્રિય–ગ્રાહ્ય; શરીર બાહ્ય પરતત્ત્વ, આત્મા અંતરંગ સ્વતત્ત્વ, ઇત્યાદિ પ્રકારે બંને એકબીજાથી ભિન્ન છે.

આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી જીવને જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે શરીરાદિમાં આત્મબુદ્ધિની ભ્રમણા છૂટી જાય છે, શરીરના સુધાર–બગાડથી આત્મા સુધરે–બગડે એવો ભ્રમ ટળી જાય છે. દેહાદિ પર પદાર્થો પ્રત્યે કર્તા–બુદ્ધિના સ્થાને જ્ઞાતા–બુદ્ધિ ઊપજે છે અને તે આત્મ સન્મુખ વળી ચૈતન્ય–સ્વરૂપમાં એકાગ્ર થવા લાગે છે.

આમ જીવને જ્યારે ભેદ–વિજ્ઞાનદ્વારા સ્વ–પરનું ભાન થાય છે, ત્યારે તે પર ભાવથી હટી સ્વસન્મુખ થાય છે. ૨૨

હવે આત્મામાં સ્ત્રી આદિ લિંગ ને એકત્વાદિ સંખ્યા સંબંધી વિભ્રમની નિવૃત્તિ માટે તેનાથી વિવિક્ત (ભિન્ન) અસાધારણ સ્વરૂપ બતાવતાં કહે છે :—

## શ્લોક ૨૩

**અન્વયાર્થ** : (येन आत्मना) જે આત્માથી–ચૈતન્યસ્વરૂપથી (अहम्) હું (आत्मनि) પોતાના આત્મામાં (आत्मना) આત્માદ્વારા–સ્વસંવેદનજ્ઞાનદ્વારા (आत्मना एव) પોતાના

જે રૂપે હું અનુભવું નિજ નિજથી નિજમાંહી,
તે હું, નર-સ્ત્રી-ઈતર નહિ, એક-બહુ-દ્વિક નાહિ. ૨૩.

**टीका**—येनात्मना चैतन्यस्वरूपेण इत्थंभावे तृतीया। अहमनुभूये। केन कर्त्रा? आत्मनैव अनन्येन। केन करणभूतेन? आत्मना स्वसंवेदस्वभावेन। क्व? आत्मनि स्वस्वरूपे। सोऽहं इत्थंभूतस्वरूपोऽहं। न तत् न नपुंसकं। न सा न स्त्री। नासौ न पुमान् अहं। तथा नैको न द्वौ न वा बहुरहं। स्त्रीत्वादिधर्माणां कर्मोत्पादितदेहस्वरूपत्वात्॥२३॥

આત્માને પોતે (अनुभूये) અનુભવું છું. (सः) તે–શુદ્ધાત્મસ્વરૂપ (अहं) હું (न तत्) ન તો નપુંસક છું, (न सा) ન સ્ત્રી છું, (न असौ) ન પુરુષ છું; (न एकः) ન એક છું (न द्वै) ન બે છું, (वा) અથવા (न बहुः) ન બહુ છું.

**ટીકા** : જે આત્મા વડે–ચૈતન્ય સ્વરૂપ વડે હું અનુભવમાં આવું છું–કોનાથી? આત્માથી જ–બીજા કોઈથી નહિ, કયા કરણ (સાધન) દ્વારા? આત્માદ્વારા–સ્વસંવેદન સ્વભાવ દ્વારા, ક્યાં? આત્મામાં–સ્વસ્વરૂપમાં, તે હું છું–એવા સ્વરૂપવાળો છું. ન તો હું નપુંસક છું, ન સ્ત્રી છું, ન પુરુષ છું; તથા ન હું એક છું, ન બે છું કે ન હું બહુ છું; કારણ કે સ્ત્રીત્વાદિ ધર્મો છે તે તો કર્મોપાદિત દેહ–સ્વરૂપવાળા છે.

**ભાવાર્થ** : હું સ્વસંવેદનજ્ઞાનદ્વારા પોતે જ મારા આત્મસ્વરૂપને મારા આત્મામાં અનુભવું છું–અર્થાત્ હું ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છું. તેમાં સ્ત્રી–પુરુષાદિ લિંગનો તથા એક, બે, વગેરે સંખ્યાના વિકલ્પોનો અભાવ છે.

અન્તરાત્મા વિચારે છે કે જીવમાં સ્ત્રી–પુરુષાદિનો વ્યવહાર કેવળ શરીરને લીધે છે. એક, બે અને બહુવચનનો વ્યવહાર પણ શરીરાશ્રિત છે. જ્યારે શરીર મારું રૂપ જ નથી અને મારું શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ છે, ત્યારે મારામાં લિંગ–ભેદ અને વચન–ભેદના વિકલ્પો કેવી રીતે ઘટી શકે? આ સ્ત્રીત્વાદિ ધર્મો તો કર્મોપાદિત દેહનું સ્વરૂપ છે, મારું સ્વરૂપ નથી. મારું ચૈતન્યસ્વરૂપ તો તે બધાંથી પર છે.

## વિશેષ

આત્મા શુદ્ધ આનંદસ્વભાવી છે, એક છે–એવો રાગમિશ્રિત વિચાર પણ સ્વભાવમાં નથી. ગુણ–ગુણી તરીકે બે છે ને જ્ઞાન–દર્શનના ઉપયોગે બે છે–એવો ભેદ સ્વરૂપમાં નથી.

આત્માનું શુદ્ધ સ્વરૂપ અભેદ, ગુણ–ગુણીના ભેદ વિનાનું છે. તેમાં લિંગભેદ, વચન ભેદ, વિકલ્પભેદાદિ કંઈ નથી.

અહીં આચાર્યનું લક્ષ અભેદ–અખંડ આત્માના સ્વરૂપ ઉપર છે; તેથી તેમણે કહ્યું છે કે, વાસ્તવમાં આત્માને સ્ત્રી, પુરુષ, નપુંસકાદિ અવસ્થાઓ નથી, ગુણોના ભેદરૂપ અને કારકોના ભેદરૂપ કલ્પના નથી.

येनात्मना त्वमनुभूयसे स कीदृशः इत्याह—

यदभावे सुषुप्तोऽहं यद्भवे व्युत्थितः पुनः।
अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२४॥

**टीका**—यस्य शुद्धस्य स्वसंवेद्यस्य रूपस्य। अभावे अनुपलम्भे। सुषुप्तो यथावत्पदार्थपरिज्ञानाभावलक्षणनिद्रया गाढाक्रान्तः। यद् भावे यस्य तत्स्वरूपस्य भावे उपलम्भे। पुनर्व्युत्थितः विशेषेणोत्थितो जागरितोऽहं यथावत्स्वरूपपरिच्छित्तिपरिणत इत्यर्थः। किं विशिष्टं तत्स्वरूपं ? अतीन्द्रियं इन्द्रियैरजन्यमग्राह्यं च। अनिर्देश्यं शब्दविकल्पागोचरत्वादिदंतयाऽनिदन्तया वा निर्देष्टुमशक्यम्। तदेवंविधं स्वरूपं कुतः सिद्धमित्याह-तत्स्वसंवेद्यं तदुक्तप्रकारंस्वरूपं स्वसंवेद्य स्वसंवेदनग्राह्यं अहमस्मीति॥२४॥

---

આવી સમજણથી જ્ઞાની ભેદ–વિજ્ઞાન કરી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવાની નિરંતર ભાવના ભાવે છે. ૨૩.

જે આત્માથી તું અનુભવમાં આવે છે તે કેવો છે તે કહે છે :—

### શ્લોક ૨૪

**અન્વયાર્થ :** (यत् अभावे) જેના–શુદ્ધાત્મસ્વરૂપના–અભાવે (अहं) હું (सुषुप्तः) સૂતો પડી રહ્યો હતો–અજ્ઞાન અવસ્થામાં હતો, (पुनः) વળી (यत् भावे) જેના–શુદ્ધાત્મસ્વરૂપના–સદ્‌ભાવમાં હું (व्युत्थितः) જાગી ગયો–યથાવત્ વસ્તુસ્વરૂપને જાણવા લાગ્યો, (तत्) તે–શુદ્ધાત્મસ્વરૂપ (अतीन्द्रियम्) ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય (अनिर्देश्यम्) વચનોથી અગોચર (વચનોથી ન કહી શકાય તેવું) અને (स्वसंवेद्यम्) સ્વાનુભવગમ્ય છે; તે (अहं अस्मि) હું છું.

**ટીકા :** જે શુદ્ધ સ્વસંવેદ્યરૂપના અભાવે એટલે તેની અનુપલબ્ધિમાં–અપ્રાપ્તિમાં હું સૂતો હતો–અર્થાત્ યથાવત્ પદાર્થ–પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ છે એવી નિદ્રામાં હું ગાઢ ઘેરાયેલો હતો (લપેટાયેલો હતો) અને જેના સદ્‌ભાવમાં અર્થાત્ જેના તત્સ્વરૂપના સદ્‌ભાવમાં–પ્રાપ્તિમાં (જે સ્વરૂપનો અનુભવ થતાં) હું જાગ્યો–વિશેષપણે જાગૃત થયો, અર્થાત્ યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાનસ્વરૂપે હું પરિણમ્યો–એવો અર્થ છે.

---

નહિ પામ્યે નિદ્રિત હતો, પામ્યે નિદ્રામુક્ત,
તે નિજવેદ્ય, અતીન્દ્રિ ને અવાચ્ય છે મુજ રૂપ. ૨૪.

૯

तत्स्वरूपं स्वसंवेदयतो रागादिप्रक्षयान्न क्वचिच्छत्रुमित्रव्यवस्था भवतीति दर्शयन्नाह—

क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः।
बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः॥२५॥

**टीका**—अत्रैव नकेवलमग्रे किन्तु अत्रैव जन्मनि क्षीयन्ते। के ते? रागाद्याः आदौ भवः

---

તત્સ્વરૂપ કેવા પ્રકારનું છે? તે અતીન્દ્રિય છે અર્થાત્ ઇન્દ્રિયજન્ય નથી, ઇન્દ્રિયગ્રાહ્ય નથી અને વચન-અગોચર અર્થાત્ શબ્દ-વિકલ્પોથી અગોચર હોવાથી (શબ્દો દ્વારા કહેવામાં નહિ આવતું હોવાથી) આ કે તે સ્વરૂપાદિરૂપે કહી શકાય તેવું નથી. તો એવા પ્રકારનું સ્વરૂપ ક્યાંથી સિદ્ધ થાય તે કહે છે-“તે સ્વસંવેદ્ય સ્વરૂપ અર્થાત્ તે ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ તે હું છું.”

**ભાવાર્થ** : જે શુદ્ધાત્મસ્વરૂપ અતીન્દ્રિય, વચન-અગોચર અને સ્વાનુભવગમ્ય છે તે હું છું-એવું જ્યાં સુધી જીવને જ્ઞાન ન હતું ત્યાં સુધી તે અજ્ઞાન-નિદ્રામાં સૂતો હતો, પરંતુ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાવત્ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો અર્થાત્ તેના પરિજ્ઞાનરૂપે પરિણમ્યો.

જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે તે જ જાગે છે અને જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ નથી તે ઊંઘે છે. જ્યારથી તે ચિદાનંદ-સ્વરૂપને સ્વસંવેદન દ્વારા અનુભવે છે, ત્યારથી તે સદાય જાગૃત જ છે એમ સમજવું. ૨૪

તે સ્વરૂપનું સ્વસંવેદન કરનારને રાગાદિનો વિશેષ ક્ષય થવાથી ક્વચિત્ પણ શત્રુમિત્રની વ્યવસ્થા (કલ્પના) રહેતી નથી તે દર્શાવતાં કહે છે :—

## શ્લોક ૨૫

**અન્વયાર્થ** : (यतः) કારણ કે (बोधात्मानं) શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એવા (मां) અને-મારા આત્માને (तत्त्वतः प्रपश्यतः) વાસ્તવમાં અનુભવ કરનાર જીવને (अत्र एव) અહીં જ (रागाद्याः) રાગાદિ દોષો (क्षीयन्ते) નાશ પામે છે; (ततः) તેથી (मे) મારો (न कः चित्) ન કોઈ (शत्रुः) શત્રુ છે (न च) અને ન કોઈ (प्रियः) મિત્ર છે.

**ટીકા** : અહીં જ—નહીં કે કેવળ આગળ (બીજા જન્મમાં) જ પરંતુ આ જ જન્મમાં

---

જ્ઞાનાત્મક મુજ આત્મ જ્યાં પરમાર્થે વેદાય,
ત્યાં રાગાદિવિનાશથી નહિ અરિ-મિત્ર જણાય. ૨૫.

आद्यः राग आद्यो येषां द्वेषादिनां ते तथोक्ताः। किं कुर्वन्तस्ते क्षीयन्ते? तत्त्वतो मां प्रपश्यतः। कथम्भूतं मां? बोधात्मानं ज्ञानस्वरूपं। तत इत्यादि-यतो यथावदात्मानं पश्यतो रागादयः प्रक्षीणास्ततस्तस्मात् कारणात् न मे कश्चिच्छत्रुः न च नैव प्रियो मित्रम्॥२५॥

(તેઓ) ક્ષય પામે છે. કોણ તે? રાગાદિ–અર્થાત્ રાગ જેની આદિમાં છે તેવા દ્વેષાદિ (દોષો). શું કરતાં તે ક્ષીણ થાય છે? તત્ત્વતઃ (પરમાર્થપણે) મને દેખતાં (અનુભવતાં). કેવા મને? બોધાત્મા એટલે જ્ઞાનસ્વરૂપ (એવા મને). યથાવત્ આત્માનો અનુભવ કરતાં રાગાદિ ક્ષીણ થાય છે; તે કારણથી ન કોઈ મારો શત્રુ છે અને કોઈ મારો પ્રિય એટલે મિત્ર છે.

**ભાવાર્થ** : જ્ઞાનસ્વરૂપ આત્માને યથાર્થસ્વરૂપે અવલોકતાં–અનુભવતાં રાગ–દ્વેષાદિ દોષોનો (ભૂમિકાનુસાર) અહીં જ અભાવ થાય છે; તેથી જ્ઞાની કહે છે કે, "આ જગતમાં મને કોઈ શત્રુ–મિત્રરૂપે ભાસતો નથી–અર્થાત્ વાસ્તવમાં કોઈ કોઈનો શત્રુ–મિત્ર થઈ શકતો નથી."

જ્યારે આત્મા પ્રબુદ્ધ થઈ યથાર્થ વસ્તુસ્થિતિનો અનુભવ કરે છે, ત્યારે તેની રાગ–દ્વેષરૂપ ઈષ્ટ–અનિષ્ટની કલ્પના મટી જાય છે અને બાહ્ય સામગ્રીના બાધક–સાધક મનાતા જીવો પ્રત્યે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે; તેથી તે ન કોઈને શત્રુ સમજે છે કે ન તો કોઈને મિત્ર માને છે. એ રીતે આત્મસ્વરૂપની ભાવનાના બળે તેના રાગ–દ્વેષાદિનો નાશ થતાં તેને કોઈ પ્રત્યે શત્રુ-મિત્રપણું રહેતું નથી.

## વિશેષ

જ્ઞાનભાવનારૂપે પરિણમેલો જ્ઞાની વિચારે છે કે :—

"નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાન–દર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં–તે ચૈતન્ય–અનુભવમાં લીન થતો હું આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું."[1]

સારાંશ એ છે કે જ્યારે જ્ઞાની પોતાના આત્મસ્વરૂપને યથાર્થપણે જાણી તેમાં લીન થાય છે, ત્યારે તેના આસ્રવ–ભાવો રાગદ્વેષાદિ વિકારો સ્વયં ઉત્પન્ન થતા નથી. આવી સ્થિતિમાં તેને કોઈ શત્રુ–મિત્ર ભાસતો નથી; તેને સર્વ પ્રત્યે સમભાવ પ્રગટે છે. ૨૫.

---

૧. હું એક શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.
(શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ, ગાથા–૭૩)

यदि त्वमन्यस्य कस्यचिन्न शत्रुर्मित्रं वा तथापि तवान्यः कश्चिद्भविष्यतीत्याशंक्याह–

**मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः।**
**मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः॥२६॥**

**टीका**—आत्मस्वरूपे प्रतिपन्नेवाऽयंलोको मयि शत्रुमित्रभावं प्रतिपद्यते ? न तावद् प्रतिपन्ने। यतः मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः। अप्रतिपन्ने हि वस्तुस्वरूपे रागाद्युत्पत्तावतिप्रसङ्गः। नापि प्रतिपन्ने यतः मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः। आत्मस्वरूपप्रतीतौ रागादिकप्रक्षयात् कथं क्व चिदपि शत्रुमित्रभावः स्यात्॥२६॥

ભલે તું બીજા કોઈનો શત્રુ–મિત્ર ન હો, તો પણ બીજો કોઈ તો તારો શત્રુ–મિત્ર હશે ને? એવી આશંકા કરી તેનું સમાધાન કરે છે :—

### શ્લોક ૨૬

**અન્વયાર્થ :** (मां) મને–મારા આત્મસ્વરૂપને (अपश्यन्) નહિ દેખતો (अयं लोकः) આ લોક–અજ્ઞાની પ્રાણિગણ (न मे शत्रुः) મારો શત્રુ નથી (न च प्रियः) અને મિત્ર નથી, તથા (मां) મને–મારા આત્મસ્વરૂપને (प्रपश्यन्) યથાર્થપણે દેખતો (अयं लोकः) આ લોક–જ્ઞાની જીવગણ (न मे शत्रुः) ન મારો શત્રુ છે (न च प्रियः) અને ન મિત્ર છે.

**ટીકા :** આત્મસ્વરૂપ સમજાય કે ન સમજાય તો પણ આ લોક મારા પ્રત્યે શત્રુ–મિત્રભાવ કેમ કરે? પ્રથમ તો (આત્મસ્વરૂપ) ન સમજાય તો પણ તે ન કરે, કારણ કે આ લોક મને દેખતો નથી તેથી તે મારો શત્રુ નથી ને મારો મિત્ર નથી; જ્યાં વસ્તુસ્વરૂપ ન સમજાય ત્યાં પણ રાગાદિની ઉત્પત્તિ થાય તો અતિપ્રસંગ આવે.

(વસ્તુસ્વરૂપ) સમજવામાં આવતાં પણ ન (કોઈ મારો શત્રુ–મિત્ર છે), કારણ કે આ (જ્ઞાની) લોક મને દેખતો (જાણતો) હોવાથી, તે નથી મારો શત્રુ ને નથી મારો મિત્ર.

આત્મસ્વરૂપની પ્રતીતિ થતાં રાગાદિનો ક્ષય (અભાવ) થવાથી ક્વચિત્ પણ શત્રુ–મિત્રભાવ કેવી રીતે હોઈ શકે?

**ભાવાર્થ :** અંતરાત્મા સમાધાન કરે છે કે, ‘અજ્ઞાની જનો તો મારા આત્માને દેખતા–

---

દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર;
દેખે જો મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર. ૨૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अन्तरात्मनो बहिरात्मत्वत्यागे परमात्मत्वप्राप्तौ चोपायत्वं दर्शयन्नाह—

त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः।
भावयेत्परमात्मानं सर्वसंकल्पवर्जितम्॥२७॥

**टीका**—एवमुक्तप्रकारेणान्तरात्मव्यवस्थितः सन् बहिरात्मानं त्यक्त्वा परमात्मानं भावयेत्। कथंभूतं? सर्वसंकल्पवर्जितं विकल्पजालरहितं अथवा सर्वसंकल्पवर्जितः सन् भावयेत्॥२७॥

---

જાણતા નથી. મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય હોવાથી તેમની ઇન્દ્રિયોને અગોચર છે, તેથી તેઓ મારા વિષયમાં શત્રુ–મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે? તેઓ મારા જડ શરીરને જ દેખે છે, શરીરથી અત્યંત ભિન્ન એવો મારો આત્મા તો દેખાતો નથી, તો ભલે તેઓ મારા શરીરને શત્રુ–મિત્ર માને; મને (મારા આત્માને) તેથી શું?

જ્ઞાની જનો મારા શુદ્ધાત્મસ્વરૂપને યથાવત્ જાણતા હોવાથી તેમનામાં રાગ–દ્વેષાદિનો અભાવ છે, તેથી મારા પ્રત્યે તેમનામાં શત્રુ–મિત્રભાવ કેવી રીતે હોઈ શકે?

આ રીતે જ્ઞાની કે અજ્ઞાની–કોઈ જીવ મારો શત્રુ નથી કે મિત્ર નથી. ૨૬.

અન્તરાત્માને બહિરાત્મપણાના ત્યાગનો અને પરમાત્મપણાની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતાં કહે છે :—

**શ્લોક ૨૭**

**અન્વયાર્થ** : (एवं) આવી રીતે (बहिरात्मानं) બહિરાત્માને (त्यक्त्वा) તજી (अंतरात्मव्यवस्थितः) અંતરાત્મામાં વ્યવસ્થિત થઈ તથા (सर्वसंकल्पवर्जितं) સર્વ સંકલ્પોથી રહિત થઈને (परमात्मानं) પરમાત્માને (भावयेत्) ભાવવો.

**ટીકા** : એવી રીતે એટલે ઉક્ત પ્રકારે અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને અને બહિરાત્માનો ત્યાગ કરીને પરમાત્માની ભાવના કરવી, કેવા થઈને? સર્વ સંકલ્પોથી રહિત થઈને–વિકલ્પજાલરહિત થઈને અર્થાત્ સર્વ સંકલ્પોથી મુક્ત થઈને (પરમાત્માની ભાવના કરવી). (૨૭).

**ભાવાર્થ** : પ્રથમ જીવ બહિરાત્મપણાને છોડી આત્મસ્વરૂપની સન્મુખ થતાં અંતરાત્મા

---

એમ તજી બહિરાત્મને, થઈ મધ્યાત્મસ્વરૂપ;
સૌ સંકલ્પવિમુક્ત થઈ, ભાવો પરમસ્વરૂપ. ૨૭.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तद्भावनायाः फलं दर्शयन्नाह—

**सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः।**
**तत्रैव दृढ़संस्काराल्लभते ह्यात्मनि स्थितिम्॥२८॥**

**टीका**—योऽनन्तज्ञानाद्यात्मकः प्रसिद्धः परमात्मा सोऽहमित्येवमात्तसंस्कारः आत्तो गृहीतः संस्कारो वासना येन। कया कस्मिन्? भावनया तस्मिन् परमात्मनि भावनया सोऽहमित्यभेदाभ्यासेन। पुनरित्यन्तर्गर्भितवीप्सार्थः। पुनः पुनस्तस्मिन् भावनया। तत्रैव परमात्मन्यैव दृढ़संस्कारात् अविचभावनावशात्। लभते प्राप्नोति ध्याता। हि स्फुटम्। आत्मनि स्थितिं

---

થાય છે. ત્યારબાદ ક્રમે ક્રમે પુરુષાર્થ વધારી સર્વ વિકલ્પોથી રહિત થઈ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માની આરાધના કરે છે, અર્થાત્ તેમાં લીન થઈ તદ્રૂપ બનવાની ભાવના ભાવે છે. એ પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે. ૨૭.

તે ભાવનાનું ફળ દર્શાવતાં કહે છે :—

### શ્લોક ૨૮

**અન્વયાર્થ** : (तस्मिन्) તેમાં–પરમાત્મપદમાં (भावनया) ભાવના કરતા રહેવાથી (सः अहं) તે–અનન્તજ્ઞાનસ્વરૂપ પરમાત્મા–‘હું છું’ (इति) એવા (आत्तसंस्कारः) સંસ્કાર પામેલો તે–જ્ઞાની પુરુષ–(पुनः) વારંવાર (तत्र एव) તેમાં જ–આત્મસ્વરૂપમાં જ (दृढ संस्कारात्) દૃઢ સંસ્કારને લીધે (हि) નિશ્ચયથી (आत्मनि) આત્મામાં (स्थितिं लभते) સ્થિરતા પ્રાપ્ત કરે છે.

**ટીકા** : જે અનંતજ્ઞાનાદિસ્વરૂપ પ્રસિદ્ધ પરમાત્મા છે તે ‘હું છું’ એવો સંસ્કાર પામી અર્થાત્ એવો સંસ્કાર એટલે વાસના ગ્રહીને, શા વડે? શામાં? તેની ભાવના વડે અર્થાત્ પરમાત્માની ભાવના વડે તે ‘હું છું’ એવા અભેદ અભ્યાસ વડે, તેની વારંવાર ભાવનાથી તેના જ એટલે પરમાત્માના જ–દૃઢ સંસ્કારને લીધે અવિચલ ભાવનાને લીધે–ધ્યાતા ખરેખર આત્મામાં સ્થિતિ પામે છે–પ્રાપ્ત કરે છે–અર્થાત્ આત્મામાં અચલતા વા અનંતજ્ઞાનાદિચતુષ્ટયરૂપતા પ્રાપ્ત કરે છે.

---

તે ભાવ્યે ‘સોહમ્’ તણા જામે છે સંસ્કાર;
તદ્ગત દૃઢ સંસ્કારથી આત્મનિમગ્ન થવાય. ૨૮.

आत्मन्यचलतां अनन्तज्ञानादिचतुष्टयरूपतां वा॥२८॥

नन्वात्मभावनाविषये कष्टपरम्परासद्भावेन भयोत्पत्तेः कथं कस्यचित्तत्र प्रवृत्तिरित्याशङ्कां निराकुर्वन्नाह—

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदम्।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः॥२९॥**

**ભાવાર્થ :** અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મા તે જ 'હું છું' એવી વારંવાર અભેદ ભાવના ભાવવાથી તેના સંસ્કાર દૃઢ થાય છે અને તેવા સંસ્કારને લીધે આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જીવ અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે.

## વિશેષ

જ્યારે અંતરાત્મા સ્વસન્મુખ થઈ પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સુખ–ધામ અને અનંતચતુષ્ટયાદિરૂપ ધ્યાવે છે–વારંવાર ભાવે છે, ત્યારે અભેદ અવિચલ ભાવનાના બળે તે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈ જાય છે. તે વખતે તેને અનિર્વચનીય આનંદનો અનુભવ થાય છે. પરમાત્મસ્વરૂપમાં લીન થતાં તે સ્વયં પરમાત્મા થઈ જાય છે. આ પરમાત્મસ્વરૂપની દૃઢ ભાવનાનું ફલ છે.

"જે પરમાત્મા છે તે જ હું છું–એવી વારંવાર ભાવના ભાવતાં શુદ્ધસ્વાત્મામાં જે લીનતા થાય છે, તે કોઈ વચન–અગોચર યોગ છે–સમાધિરૂપ ધ્યાન છે."[1]

આવી રીતે પરમાત્મભાવનાના દૃઢ સંસ્કારથી આત્મા પરમાત્મા થઈ જાય છે. ૨૮.

આત્મ–ભાવનાના વિષયમાં કષ્ટપરંપરાના સદ્‌ભાવને લીધે ભયની ઉત્પત્તિની સંભાવના રહે છે, તો તેમાં કોઈની કેવી રીતે પ્રવૃત્તિ થાય? એવી આશંકાનું નિરાકરણ કરતાં કહે છે :—

## શ્લોક ૨૯

**અન્વયાર્થ :** (मूढात्मा) અજ્ઞાની બહિરાત્મા (यत्र) જેમાં–શરીર–પુત્ર–મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં (विश्वस्तः) વિશ્વાસ કરે છે (ततः) તેનાથી–શરીરાદિ બાહ્ય પદાર્થોથી (अन्यत्) બીજું કો (भयास्पदं न) ભયનું સ્થાન નથી અને (यतः) જેનાથી–પરમાત્મસ્વરૂપના અનુભવથી

૧. જુઓ : 'અધ્યાત્મરહસ્ય'–શ્લોક ૫૭.

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું કોઈ ન નિર્ભય ધામ. ૨૯.

**टीका**—मूढात्मा बहिरात्मा। यत्र शरीरपुत्रकलत्रादिषु। विश्वस्तोऽवंचकाभिप्रायेण विश्वासं प्रपिपन्नः –मदीया एते अहमेतेषामितिअभेदबुद्धिं गत इत्यर्थः। ततो नान्यद्भयास्पदं ततः शरीरादेर्नान्यद्भयास्पदं संसारदुःखात्रसस्यास्पदं स्थानम्। यतो भीतः यतः परमात्मस्वरूपसंवेदनाद्भीतः त्रस्त। ततो नान्यदभयस्थानं ततः स्वसंवेदनात् नान्यत् अभयस्य संसारदुःखत्रासाभावस्य स्थानमास्पदम्। सुखास्पदं ततो नान्यदित्यर्थः॥२९॥

(भीतः) તે ડરે છે (ततः अन्यत्) તેનાથી બીજું કાંઈ (आत्मनः) આત્માને (अभयस्थानं न) નિર્ભયતાનું સ્થાન નથી.

**ટીકા :** મૂઢાત્મા એટલે બહિરાત્મા જ્યાં એટલે શરીર–પુત્ર–ભાર્યાદિમાં વિશ્વાસ કરે છે–અવંચક અભિપ્રાયથી (તેઓ મને ઠગશે નહિ એવા અભિપ્રાયથી) વિશ્વાસ પામે છે–'તે મારાં છે અને હું તેમનો છું' એવી અભેદબુદ્ધિ કરે છે–એવો અર્થ છે. તેનાથી બીજું કોઈ ભયનું સ્થાન નથી–તેનાથી એટલે શરીરાદિથી બીજું ભયનું સ્થાન–અર્થાત્ સંસારદુઃખના ત્રાસનું સ્થાન નથી.

જેનાથી ભય પામે છે–જેનાથી એટલે પરમાત્મસ્વરૂપના સંવેદનથી ભય પામે છે–ત્રાસે છે, તેનાથી બીજું કોઈ અભયસ્થાન નથી–તેનાથી એટલે સ્વસંવેદનથી બીજું અભયનું–સંસારદુઃખના ત્રાસના અભાવનું સ્થાન નથી. તેનાથી બીજું સુખનું સ્થાન નથી–એવો અર્થ છે.

**ભાવાર્થ :** શરીર–પુત્રાદિ જે ભયનું સ્થાન છે–દુઃખનું કારણ છે તેમાં બહિરાત્મા આત્મબુદ્ધિ કરી વિશ્વાસ કરે છે અને પરમાત્મસ્વરૂપ જે નિર્ભય સ્થાન છે, પરમશરણરૂપ છે અને સુખનું કારણ છે, તેના સંવેદનને કષ્ટરૂપ માની ડરે છે.

અજ્ઞાની બાહ્ય શરીરાદિમાં સુખ માની તેમાં નિઃશંકપણે પ્રવર્તે છે, પણ વાસ્તવમાં તેઓ મૃગજળ સમાન છે. તેમાં કાંઈ સુખ નથી; તે કોઈનું શરણ નથી કે કોઈનું વિશ્વાસનું–અભયનું સ્થાન નથી. એક શુદ્ધાત્મસ્વરૂપ જ અભયરૂપ છે, તે જ શરણનું સ્થાન છે અને તે જ જગતના જીવોને ભવ–ભયમાંથી રક્ષા કરનાર પરમ તત્ત્વ છે.

## વિશેષ

જેમ પિત્ત–જ્વરવાળા રોગીને મીઠું દૂધ પણ કડવું લાગે છે, તેમ બહિરાત્માને પરમ સુખદાયી પરમાત્મસ્વરૂપની ભાવના પણ કષ્ટદાયી લાગે છે; તેથી તે આત્મસ્વરૂપની ભાવનાને ભાવતો નથી પણ વિષય–કષાયની જ ભાવના ભાવે છે.

વળી, "રાગાદિ પ્રગટ એ દુઃખ દૈન, તિનહીકો સેવત ગિનત ચૈન;
.... ...... ..... .... ....... (૨/૫)

तस्यात्मनः कीदृशः तत् प्रतिपत्त्युपाय इत्याह—

सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना।
यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः॥३०॥

---

આત્મહિત–હેતુ વિરાગ જ્ઞાન, તે લખૈ આપકું કષ્ટદાન.'' (૨/૬)[૧]

રાગાદિ વિષય–કષાયો આત્માને અહિતરૂપ છે–દુઃખદાયક છે, છતાં અજ્ઞાની તેમાં હિત માની–સુખ માની–પ્રવર્તે છે અને જ્ઞાન–વૈરાગ્ય જે આત્માને હિતકર છે તેને અહિતકર–કષ્ટરૂપ માને છે.

વળી અજ્ઞાની જીવને ઉદ્દેશીને શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે–''અરે જીવ!

''અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાય–નેત્રને, નિહાળ રે! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું.''

''અહા! જે અનંતસુખનું ધામ છે એવા ચૈતન્ય–સ્વભાવમાં તો તને મિત્રતા ન રહી–તેમાં ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો અને અનંત દુઃખનું ધામ એવા જે બાહ્ય વિષયો–તેમાં તને સુખબુદ્ધિ થઈ–પ્રેમ આવ્યો–ઉત્સાહ આવ્યો, એ કેવી વિચિત્રતા છે! અરે જીવ! હવે તારાં જ્ઞાન–ચક્ષુને ઉઘાડીને જો, રે જો, કે, 'તારો સ્વભાવ દુઃખરૂપ નથી, પણ બાહ્ય વિષયો તરફનું તારું વલણ એકાંત દુઃખરૂપ છે. તેમાં સ્વપ્નેય સુખ નથી.' આમ વિવેકથી વિચારી તારા અંતર સ્વભાવ તરફ વળ અને બાહ્ય વિષયોમાં સુખ–બુદ્ધિ છોડીને તેમનાથી નિવૃત્ત થા, નિત્ય નિર્ભય સ્થાન અને સુખનું ધામ તો તારો આત્મા જ છે.''

તેથી શુદ્ધાત્મસ્વરૂપના સ્વસંવેદન સિવાય અન્ય કોઈ અભય સ્થાન નથી. સંસાર–દુઃખના ત્રાસના અભાવનું તે એક જ સ્થાન છે, અર્થાત્ સુખનું એ એક જ સ્થાન છે, શરીર–પુત્રાદિ બાહ્ય પદાર્થો–કોઈ સુખનું સ્થાન નથી. ૨૯.

તે આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય કેવો છે તે કહે છે :—

૧. જુઓ : શ્રી દૌલતરામજીકૃત 'છહઢાલા' ૨/૫; ૨/૬

ઈન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ,
ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ૩૦.

**टीका**—संयम्य स्वविषये गच्छन्ति निरुध्य। कानि? सर्वेन्द्रियाणि पञ्चापीन्द्रियाणि। तदनन्तरं स्तिमिते स्थिरीभूतेन। अन्तरात्मना मनसा। यत्स्वरूपं भाति। किं कुर्वतः? क्षणं पश्यतः क्षणमात्रमनुभवतः बहुतरकालं मनसा स्थिरीकर्तुमशक्यत्वात् स्तोककालं मनोनिरोधं कृत्वा पश्यतो यच्चिदानन्दस्वरूपं प्रतिभाति तत्तत्त्वं तद्रूपं तत्त्वं स्वरूपं परमात्मनः॥३०॥

कस्मिन्नाराधिते तत्स्वरूप–प्राप्तिर्भविष्यतीत्याशङ्क्याह—

## શ્લોક ૩૦

**અન્વયાર્થ :** (सर्वेन्द्रियाणि) સર્વ ઇન્દ્રિયોને (संयम्य) રોકીને (स्तिमितेन) સ્થિર થયેલા (अन्तरात्माना) અન્તરાત્મા દ્વારા (क्षणं प्रपश्यतः) ક્ષણ માત્ર જોનારને–અનુભવ કરનાર જીવને (यत्) જે–ચિદાનંદસ્વરૂપ (भाति) પ્રતિભાસે છે (तत्) તે (परमात्मनः तत्त्वम्) પરમાત્માનું સ્વરૂપ છે.

**ટીકા :** પોતપોતાના વિષયોમાં જતી–પ્રવર્તતી–કોણ (પ્રવર્તતી)? સર્વ ઇન્દ્રિયો, એટલે પાંચે ઇન્દ્રિયો, તેને રોકીને–નિરોધીને, ત્યારબાદ સ્થિર થએલા અન્તરાત્મા વડે એટલે મન વડે જે સ્વરૂપ ભાસે છે, શું કરતાં? ક્ષણ વાર જોતાં–ક્ષણમાત્ર અનુભવતાં–અર્થાત્ બહુ કાલ સુધી મનને સ્થિર કરવું અશક્ય હોવાથી થોડા કલાક સુધી મનનો નિરોધ કરીને દેખતાં–જે ચિદાનંદસ્વરૂપ પ્રતિભાસે છે, તે પરમાત્માનું તત્ત્વ–તદ્રૂપ તત્ત્વ–સ્વરૂપ છે.

**ભાવાર્થ :** સર્વ ઇન્દ્રિયોના વિષયોમાં ભમતી–પ્રવર્તતી ચિત્તવૃત્તિને રોકીને અર્થાત્ અન્તર્જલ્પાદિ સંકલ્પ–વિકલ્પોથી રહિત થઈને, ઉપયોગને પોતાના ચિદાનંદ સ્વરૂપમાં સ્થિર કરવો. તે આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરમાત્મસ્વરૂપનો પ્રતિભાસ થાય છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ છોડી અને મનના સંકલ્પ–વિકલ્પો તોડી જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું–સ્થિર થવું તે પરમાત્મ–પ્રાપ્તિનો ઉપાય છે.

### વિશેષ

આત્મા અતીન્દ્રિય સુખનો ભંડાર છે એવી દૃષ્ટિ થતાં રાગની–વિકારની રુચિ તથા ઇન્દ્રિયોના વિષયો તરફની પ્રવૃત્તિ અટકી જાય છે. પર તરફની વૃત્તિ રોકાઈ જતાં, ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે, અને આત્માના આનંદકંદનો અનુભવ થાય છે. આ સમ્યગ્દર્શન છે ને તે જ સમાધિ છે. તે વડે જ પરમાત્મપદ પમાય છે. ૩૦.

કોની આરાધના કરવાથી તે સ્વરૂપની પ્રાપ્તિ થાય? એવી આશંકા કરી કહે છે :—

**यः परमात्मा स एवाऽहं योऽहं स परमस्ततः।**
**अहमेव मयोपास्यो नान्यः कश्चिदितिस्थितिः॥३१॥**

**टीका**—यः प्रसिद्धः पर उत्कृष्ट आत्मा स एवाहं। योऽहं यः स्वसंवेदनेन प्रसिद्धोऽलमन्तरात्मा स परमः परमात्मा। ततो यतो मया सह परमात्मनोऽभेदस्ततोऽहमेव मया उपास्य आराध्यः। नान्यः कश्चिन्मयोपास्य इति स्थितिः। एवं स्वरूप एवाराध्याराधकभाव-व्यवस्था॥३१॥

### શ્લોક ૩૧

**અન્વયાર્થ** :—(यः) જે (परमात्मा) પરમાત્મા છે (सः एव) તે જ (अहं) હું છું, તથા (यः) જે (अहं) હું છું (सः) તે (परमः) પરમાત્મા છે; (ततः) તેથી (अहं एव) હું જ (मया) મારા વડે (उपास्यः) ઉપાસવા યોગ્ય છું, (कः चित् अन्यः न) બીજો કોઈ (ઉપાસ્ય) નથી, (इति स्थितिः) એવી વસ્તુસ્થિતિ છે.

**ટીકા** : જે પ્રસિદ્ધ પર એટલે ઉત્કૃષ્ટ આત્મા છે તે જ હું છું. જે હું–અર્થાત્ જે સ્વસંવેદનથી પ્રસિદ્ધ હું અંતરાત્મા–તે પરમ એટલે પરમાત્મા છે. મારી સાથે પરમાત્માનો અભેદ છે, તેથી હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય–આરાધવા યોગ્ય છું, બીજો કોઈ મારા વડે ઉપાસવા યોગ્ય નથી. એવી સ્થિતિ છે–અર્થાત્ એવું સ્વરૂપ જ છે–એવી આરાધ્ય–આરાધકની વ્યવસ્થા છે.

**ભાવાર્થ** : અંતરાત્મા વિચારે છે કે, ''મારો અંતરાત્મા સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. વાસ્તવમાં તે અરિહંત અને સિદ્ધ સમાન છે અર્થાત્ પરમાત્મા છે. તેની અભેદપણે ઉપાસના કરવાથી હું પોતે જ પરમાત્મા થઈ શકું તેમ છું. માટે હું જ (મારો શુદ્ધાત્મા જ) મારે પોતાને ઉપાસ્ય છું; બીજો કોઈ ઉપાસના કરવા યોગ્ય નથી. હું પોતે જ ઉપાસ્ય અને ઉપાસક છું.'

### વિશેષ

''ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે, કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી.''[1]

૧. જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (૮૦) (જુઓ : ટીકા–શ્રી પ્રવ.સાર, ગુ. આવૃત્તિ-ગા.૮૦)

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
હું જ સેવ્ય મારા વડે, અન્ય સેવ્ય નહિ જાણ. ૩૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



एतदेव दर्शयन्नाह—

प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम्।
बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम्॥३२॥

**टीका**—मामात्मानमहं प्रपन्नोऽस्मि भवामि किं कृत्वा? प्रच्याव्य व्यावृत्य केभ्यः? विषयेभ्यः। केन कृत्वा? मयैवात्मस्वरूपेणैव करणात्मना। क्व स्थितं माम् प्रपन्नोऽहं? मयि स्थितं

---

જ્યારે અંતરાત્મા પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ અને જ્ઞાતા–દ્રષ્ટારૂપ અનુભવે છે અને અભેદ ભાવનાના બળે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈ જાય છે ત્યારે તે સર્વ કર્મ–બંધનથી મુક્ત થઈ પરમાત્મા બની જાય છે તેટલા માટે પોતે ઉપાસક અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે, એમ સમજી અને નિર્ણય કરી અંતર્મુખ થઈને પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે નિજ શુદ્ધાત્માની ઉપાસના કરવી તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો'—સિદ્ધના જેવું જ પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે. પરમાત્મપદ બહારમાં નથી. તે તો મારામાં જ છે, એવી નિરંતર ભાવનાના બળથી આત્મા પરમાત્મા બની શકે છે. તેવી તેની શક્તિ છે. જે આ શક્તિનું શ્રદ્ધા–જ્ઞાન કરે છે તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

આ જ આરાધ્ય–આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે. ૩૧.

તે જ બતાવીને કહે છે :—

### શ્લોક ૩૨

**અન્વયાર્થ :** (मां) મને–મારા આત્માને (विषयेभ्यः) પંચેન્દ્રિયના વિષયોથી (प्रच्याव्य) હઠાવીને (मया एव) મારા જ વડે–પોતાના જ આત્મા વડે (अहं) હું (मयि स्थितं) મારામાં સ્થિત (परमानंतनिर्वृत्तम्) પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા) (बोधात्मानं) જ્ઞાનસ્વરૂપ આત્માને (प्रपन्नोऽस्मि) પ્રાપ્ત થયો છું.

**ટીકા :** હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને? (મારા આત્માને) છોડાવીને–પાછો વાળીને, શાનાથી? વિષયોથી. શા વડે કરીને? મારા જ વડે એટલે કરણ

---

વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજસ્થિત,
મુજને હું અવલંબું છું પરમાનંદરચિત. ૩૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

आत्मस्वरूप एव स्थितम्। कथम्भूतं मां? बोधात्मानं ज्ञानस्वरूपम्। पुनरपि कथम्भूतम्? परमानन्दनिर्वृतं परमश्चासावानन्दश्च सुखं तेन निर्वृतं सुखीभूतम् अथवा परमानन्दनिर्वृतोऽहम्॥३२॥

एवमात्मानं शरीराद्भिन्नं यो न जानाति तं प्रत्याह–

(સાધન)રૂપ આત્મસ્વરૂપ વડે જ; ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું? મારામાં રહેલાને અર્થાત્ આત્મસ્વરૂમાં જ રહેલાને. કેવા મને? બોધાત્માને એટલે જ્ઞાનસ્વરૂપને. વળી કેવા મને? પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા)ને–પરમ આનંદ એટલે સુખ, તેનાથી નિર્વૃત્ત (રચાયેલા)–સુખ થયેલાને (એવા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું); અથવા, હું પરમ આનંદથી નિર્વૃત્ત (પરિપૂર્ણ) છું.

**ભાવાર્થ :** બાહ્ય ઇન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને, હું મારા જ પુરુષાર્થથી પામ્યો છું.

## વિશેષ

આ શ્લોકમાં 'मया एव' અને 'मयि स्थितं'–એ શબ્દો બહુ અર્થસૂચક છે તે બતાવે છે કે પરમાત્મપદ મારામાં–આત્મામાં છે, બીજે બહાર કોઈ ઠેકાણે નથી અને તે પદ હું આત્મ સન્મુખ થઈને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય, બીજા કોઈ બાહ્ય સાધનથી કે કોઈની કૃપાથી તે પ્રાપ્ત થાય નહિ. પરમાત્મપદની પ્રાપ્તિ માટે તે સ્વાવલંબનનું ગ્રહણ અને પરાવલંબનનો ત્યાગ સૂચવે છે.

વળી આચાર્યે દર્શાવ્યું છે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે. એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે કે, 'તમે પણ સ્વતઃ એટલે પોતાના આત્મસામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો.'

આત્મા અને પરપદાર્થોને (ઇન્દ્રિયોના વિષયોને) ભિન્ન કરવામાં અને આત્માને ગ્રહણ કરવામાં કરણ (સાધન) જુદાં નથી; પ્રજ્ઞા એક જ કરણ છે, તે વડે જ આત્માને ભિન્ન કરાય છે અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે.[1]

અહીં સાધ્ય સાધન એક જ છે 'ભિન્ન ભિન્ન નથી'—એમ બતાવ્યું છે. ૩૨.

એવી રીતે આત્માને શરીરથી ભિન્ન જે જાણતો નથી તેના પ્રતિ કહે છે :—

૧. જુઓ : શ્રી સમયસાર ગુ. આવૃત્તિ–ગાથા ૨૯૪, ૨૯૬–
'પ્રજ્ઞા છીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે.' (૨૯૪)
.... ...... ......
'પ્રજ્ઞાથી જેમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે.' (૨૯૬)

यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम्।
लभते स न निर्वाणं तप्त्वाऽपि परमं तपः ॥३३॥

**टीका**—यः प्रतिपन्नाद्देहात्परं भिन्नमात्मानमेवमुक्तप्रकारेण न वेत्ति। किं विशिष्टम्? अव्ययं अपरित्यक्तानन्तचतुष्टयस्वरूपम्। स प्रतिपन्नान निर्वाणं लभते। किं कृत्वा? तप्त्वाऽपि। किं तत्? परमं तपः।॥३३॥

### શ્લોક ૩૩

**અન્વયાર્થ :** (एवं) ઉક્ત પ્રકારે (यः) જે (अव्ययं) અવિનાશી (आत्मानं) આત્માને (देहात्) શરીરથી (परं न वेत्ति) ભિન્ન જાણતા નથી (सः) તે (परमं तपः तप्त्वापि) ઘોર તપશ્ચરણ કરવા છતાં (निर्वाणं) મોક્ષ (न लभते) પ્રાપ્ત કરતો નથી.

**ટીકા :** જે પ્રાપ્ત થયેલા દેહથી આત્માને, એ રીતે–ઉક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી, કેવા આત્માને? અવ્યય અર્થાત્ જેણે અનંતચતુષ્ટય સ્વરૂપનો ત્યાગ કર્યો નથી તેવા (આત્માને), તે પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી. શું કરીને? તપ્યા છતાં, શું તપીને? પરમ તપને.

**ભાવાર્થ :** જે જીવ અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી–અનુભવતો નથી, તે ઘોર તપ કરે તો પણ સમ્યક્ત્વ કે નિર્વાણને પામતો નથી.

આત્મા અવિનાશી ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદમય છે અને શરીર ઇન્દ્રિયાદિ અચેતન–જડ છે. બન્નેનાં લક્ષણ ભિન્ન ભિન્ન છે, તેથી તેઓ એકબીજાથી ભિન્ન છે. આમ જે જીવ જાણતો નથી તે અજ્ઞાની છે, સ્વ–પરના ભેદ–વિજ્ઞાનથી રહિત છે. શરીરાદિની જડ ક્રિયાને જીવ કરી શકે છે એમ માની તે રાગ–દ્વેષ કરે છે અને તેથી ઘોર તપ કરવા છતાં તે ધર્મ પામતો નથી.

### વિશેષ

જ્ઞાનસ્વરૂપ આત્માના ભાન વિના જીવ ભલે વ્રત–તપ–નિયમ–શીલાદિ આચરે તો પણ તે કર્મબંધનથી છૂટશે નહિ–નિર્વાણ પામશે નહિ.[1]

૧. પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. (૧૫૨)
વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય, તે નિર્વાણપ્રાપ્તિ નહિ કરે. (૧૫૩) (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ)

એમ ન જાણે દેહથી ભિન્ન જીવ અવિનાશ;
તે તપતાં તપ ઘોર પણ, પામે નહિ શિવવાસ. ૩૩.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ननु परमतपोऽनुष्ठायिनां महादुःखोत्पत्तितो मनः खेदसद्भावात्कथं निर्वाणप्राप्तिरिति वदन्तं प्रत्याह–

आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः।
तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते॥३४॥

**टीका**—आत्मा च देहश्च तयोरन्तरज्ञानं भेदज्ञानं तेन जनितश्चासावाह्लादश्च परमप्रसत्तिस्तेन निर्वृतः सुखीभूतः सन्। तपसा द्वादशविधेन कृत्वा। दुष्कृतं घोरं भुञ्जानोऽपि दुष्कर्मणो रौद्रस्य विपाकमनुभवन्नपि। न खिद्यते न खेदं गच्छति॥३४॥

---

આત્મભાન વિના અજ્ઞાની જે તપાદિ કરે છે તે બધો કાય–ક્લેશ છે. તેનાથી ચૈતન્યની શાંતિનું વેદન નથી. તે ખરેખર તપ નથી પણ 'તાપ' છે–ક્લેશ છે. તેનાથી મુક્તિની પ્રાપ્તિ કદી થતી નથી, પરંતુ જેનાથી ચૈતન્યનું પ્રતપન હોય, ચૈતન્યના આનંદનો અનુભવ હોય તે જ ખરું તપ છે. તેનાથી જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

માટે પ્રથમ ભેદ–જ્ઞાન દ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી તેમાં જ લીનતા કરવી તે જ એક નિર્વાણ–પ્રાપ્તિનો ઉપાય છે. બીજા બધા ઉપાય જૂઠા છે, દુઃખદાયક છે અને સંસારનું કારણ છે. ૩૩.

પરમ તપ કરનારાઓને મહાદુઃખની ઉત્પત્તિ થવાથી તથા મનમાં ખેદ થવાથી નિર્વાણની પ્રાપ્તિ કેમ સંભવે? એવી શંકા કરનાર પ્રતિ કહે છે :—

**શ્લોક ૩૪**

**અન્વયાર્થ** : (आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृत्तः) આત્મા અને દેહના ભેદ–વિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્લાદથી જે આનંદિત છે તે (तपसा) તપદ્વારા (घोरं दुष्कृतं) ભયાનક દુષ્કર્મો (भुंजानः अपि) ભોગવતો હોવા છતાં (न खिद्यते) ખેદ પામતો નથી.

**ટીકા** : આત્મા અને દેહ–તે બંનેના અંતરજ્ઞાન–ભેદજ્ઞાનથી જે આહ્લાદ અર્થાત્ પરમ પ્રસન્નતા (પ્રશાન્તિ) ઉત્પન્ન થાય છે તેનાથી આનંદિત એટલે સુખી થઈને, બાર પ્રકારના તપે કરી ઘોર દુષ્કર્મને ભોગવતો છતાં અર્થાત્ ભયાનક દુષ્કર્મના વિપાકને (ફલને) અનુભવતો હોવા છતાં, તે ખિન્ન થતો નથી–ખેદ પામતો નથી.

---

આતમ-દેહવિભાગથી ઊપજ્યો જ્યાં આહ્લાદ,
તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિ તાપ. ૩૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ભાવાર્થ :** જેને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન વર્તે છે, તે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોવાથી તેને સહેજે ઉપવાસાદિ બાર પ્રકારનાં તપ હોય છે. તેનાથી તેને મનમાં ખેદ થતો નથી અને તપશ્ચરણના કાળે ઘોર દુષ્કર્મના ફલસ્વરૂપ બાહ્ય રોગાદિ કે ઉપસર્ગાદિનાં કારણો ઉપસ્થિત હોવા છતાં, તેના આનંદમાં બાધા આવતી નથી, અર્થાત્ તે ખેદખિન્ન થતો નથી.

## વિશેષ

જેમ સુવર્ણ, અગ્નિથી તપ્ત હોવા છતાં, તેના સુવર્ણપણાને છોડતું નથી, તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત હોવા છતાં પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી.[1]

સાધકની નીચલી દશામાં સમ્યગ્દૃષ્ટિને રોગ, ઉપસર્ગાદિ આવી પડે તો અસ્થિરતાના કારણે તેને થોડી આકુલતા થાય છે અને તેના પ્રતિકારની પણ તે ઇચ્છા કરે છે, પરંતુ શ્રદ્ધા–જ્ઞાનમાં શરીર પ્રત્યેના મમત્વભાવનો અભાવ હોઈ તેને તેનું સ્વામીત્વ હોતું નથી. તે તો ફક્ત તેનો જ્ઞાતા–દૃષ્ટા રહે છે; તેથી સ્વભાવદૃષ્ટિના બળે તે જેમ જેમ આત્મસ્વરૂપમાં સ્થિરતા પામે છે, તેમ તેમ તેને વીતરાગતા વધતી જાય છે અને રાગ–દ્વેષાદિનો અભાવ થતો જાય છે; એટલે જેટલે અંશે વીતરાગતા પ્રગટે છે તેટલે અંશે આકુલતાનો અભાવ થાય છે એમ સમજવું.

સ્વરૂપમાં ઠરવું અને ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું અર્થાત્ આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન તે તપ છે.[2] આવી સમજણ અને સ્વરૂપાચરણના કારણે જ્ઞાની ઉદયમાં આવેલા પ્રતિકૂળ સંયોગોથી ખેદખિન્ન થતો નથી.

મુનિ મન–વચન–કાયની નિશ્ચલ ગુપ્તિદ્વારા આત્મ–ધ્યાનમાં એટલા લીન થઈ જાય છે કે તેમની સ્થિર મુદ્રા દેખી, પશુઓ તેમના શરીરને પથ્થર સમજી ખૂજલી ખંજવાળે છે, છતાં તેઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે.[3]

માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપશ્ચર્યાદિનું કષ્ટ લાગતું નથી. ૩૪.

---

૧. જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. (શ્રી સમયસાર, ગુ. આ.–ગાથા ૧૮૪)

૨. 'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચલ સ્થિતિરૂપ સહજ નિશ્ચય ચારિત્ર આ તપથી હોય છે.' (શ્રી નિયમસાર, ગાથા–૫૧–૫૫ની ટીકા)

૩. 'સમ્યક્પ્રકાર નિરોધ મન–વચ–કાય–આતમ ધ્યાવતે,
તિન સુથિર મુદ્રા દેખિ, મૃગગણ ઉપલ ખાજ ખુજાવતે' (છહઢાલા–૬/૪)

खेदं गच्छतामात्मस्वरूपोपलम्भाभावं दर्शयन्नाह—

रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम्।
स पश्यत्यात्मनस्तत्त्वं स तत्त्वं नेतरो जनः॥३५॥

**टीका**—रागद्वेषादय एव कल्लोलास्तैरलोलमचञ्चलमकलुषं वा। यन्मनोजलं मन एव जलं मनोजलं यस्य मनोजलम् यन्मनोजलम्। स आत्मा। पश्यति। आत्मनस्तत्त्वमात्मनः स्वरूपम्। स तत्त्वम्। स आत्मदर्शी तत्त्वं परमात्मस्वरूपम्। नेतरो जनः (रागादिपरिणतः जनः) तत्त्वं न भवति॥३५॥

ખેદ પામનારાઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો અભાવ દર્શાવતાં કહે છે કે :—

**શ્લોક ૩૫**

**અન્વયાર્થ** : (यन्मनोजलम्) જેનું મનરૂપી જલ (रागद्वेषादिकल्लोलैः) રાગ–દ્વેષાદિ તરંગોથી (अलोलं) ચંચલ થતું નથી, (सः) તે (आत्मनः तत्त्वं) આત્માના યથાર્થ સ્વરૂપને (पश्यति) દેખે છે–અનુભવે છે. (तत् तत्त्वं) તે આત્મ–તત્ત્વને (इतरः जनः) બીજો માણસ–રાગ–દ્વેષાદિથી આકુલિત ચિત્તવાળો માણસ (न पश्यति) દેખી શકતો નથી.

**ટીકા** : રાગદ્વેષાદિ જે કલ્લોલો (તરંગો) છે, તેનાથી અલોલ–અચંચલ–અકલુષ જેનું મનરૂપી જલ છે [–મન એ જ જલ તે મનોજલ, –જેનું મનોજલ છે–] તે આત્મા, આત્માના તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને દેખે છે (અનુભવે છે,) અર્થાત્ [તે તત્ત્વને] તે એટલે આત્મદર્શી તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને (અનુભવે છે,) બીજો કોઈ જન અર્થાત્ રાગાદિપરિણત અન્ય [અનાત્મદર્શી જન તત્ત્વને અનુભવી શકતો નથી.

**ભાવાર્થ** : જેનું મન રાગદ્વેષાદિ વિકલ્પોથી આકુલિત–ચલિત થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને–પરમાત્મસ્વરૂપને અનુભવે છે; બીજો કોઈ રાગદ્વેષાદિથી આકુલિત–અનાત્મદર્શી જન તેને અનુભવી શકતો નથી.

જેમ તરંગોથી ઊછળતા પાણીમાં અંદર રહેલી વસ્તુ દેખાતી નથી, તેમ રાગ–દ્વેષાદિરૂપ તરંગોથી–વિકલ્પોથી ચંચલ બનેલા મનરૂપી જલમાં અર્થાત્ જ્ઞાનજલમાં આત્મ–તત્ત્વ દેખાતું નથી. નિર્વિકલ્પ દશામાં જ આત્મ–દર્શન થાય છે; સવિકલ્પ દશામાં આત્માનુભવ થતો નથી.

---

રાગાદિક-કલ્લોલથી મન-જળ લોલ ન થાય,
તે દેખે ચિદ્‌તત્ત્વને, અન્ય જને ન જણાય. ૩૫.

किं पुनस्तत्त्वशब्देनोच्यत इत्याह–

अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः।
धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः॥३६॥

**टीका**—अविक्षिप्तं रागाद्यपरिणतं देहादिनाऽऽत्मनोऽभेदाध्यवसायपरिहारेण स्वस्वरूप एव निश्चिलतां गतम्। इत्थं भूतं मनः तत्त्वं वास्तवं रूपमात्मनः। विक्षिप्तं उक्तविपरीतं

## વિશેષ

વસ્તુસ્વરૂપ સમજી અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખ થતાં રાગદ્વેષાદિ વિકલ્પો સ્વયં શાન્ત થઈ જાય છે. તેને શમાવવા માટે આત્મ-સન્મુખતા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ઉપયોગ અંતર્મુખ થતાં રાગદ્વેષાદિનો અભાવ થાય છે, નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે અને પરમાત્મતત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે. તે વખતે બહારની ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય તો પણ ચિત્ત મલિન થતું નથી. આવો જીવ સ્વરૂપમાં લીન થઈ અકથ્ય આનંદ-શાન્તિ અનુભવે છે, પરંતુ બાહ્ય પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી જેનું ચિત્ત રાગ-દ્વેષાદિ કષાયોથી આકુલિત થાય છે તેને શુદ્ધાત્માનો આનંદ આવતો નથી; અર્થાત્ તેને શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૩૫.

વળી તત્ત્વ શબ્દથી શું કહેવા માગે છે તે કહે છે :—

### શ્લોક ૩૬

**અન્વયાર્થ** : (अविक्षिप्तं) અવિક્ષિપ્ત (मनः) મન છે તે (आत्मनः तत्त्वं) આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે અને (विक्षिप्तं) વિક્ષિપ્ત મન છે તે (आत्मनः भ्रान्तिः) આત્મ-વિભ્રમ છે (ततः) તેથી (तम् अविक्षिप्तं) તે અવિક્ષિપ્ત મનને (धारयेत्) ધારણ કરવું અને (विक्षिप्तं) વિક્ષિપ્ત મનનો (न आश्रयेत्) આશ્રય કરવો નહિ.

**ટીકા** : અવિક્ષિપ્ત એટલે રાગાદિથી અપરિણત-દેહાદિ સાથે આત્માના અભેદ (એકરૂપ)ના અધ્યવસાય (મિથ્યા અભિપ્રાય)નો પરિહાર કરીને સ્વ-સ્વરૂપમાં જ નિશ્ચલ (સ્થિર) થઈ ગએલું એવું મન તે આત્મ-તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.

વિક્ષિપ્ત એટલે ઉપર કહ્યું તેનાથી વિપરીત (અર્થાત્ રાગાદિથી પરિણત તથા દેહ અને

અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત;
અવિક્ષિપ્ત મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત. ૩૬.

**मनोभ्रान्तिरात्मस्वरूपं न भवति। यत एवं तस्मात् धारयेत्। किं तत्? मनः कथम्भूतम्? अविक्षिप्तम्। विक्षिप्तं पुनस्तत् नाश्रयेन्न धारयेत्।।३६।।**

આત્માના ભેદજ્ઞાનથી રહિત) મન તે (આત્મ) ભ્રાન્તિ છે, તે આત્માનું સ્વરૂપ નથી; માટે (તેને–અવિક્ષિપ્ત મનને) ધારણ કરવું. તેને એટલે કોને? મનને; કેવા (મનને)? અવિક્ષિપ્ત (મનને); પરંતુ તે વિક્ષિપ્ત (મનને) ધારણ કરવું નહિ–તેનો આશ્રય કરવો નહિ.

**ભાવાર્થ :** જે મન રાગદ્વેષથી વિક્ષિપ્ત થતું નથી–આકુલિત થતું નથી, દેહાદિમાં આત્મબુદ્ધિ કરતું નથી અને આત્મ–સ્વરૂપમાં નિશ્ચલ રહે છે તે આત્મ–તત્ત્વ છે–આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. જે મન રાગદ્વેષાદિકરૂપે પરિણમે છે–તેનાથી વિક્ષિપ્ત થાય છે; દેહ અને આત્માના ભેદ–જ્ઞાનથી રહિત છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતું નથી તે આત્મ–ભ્રાન્તિ છે, આત્માનું નિજરૂપ નથી. માટે અવિક્ષિપ્ત મન આત્મ–તત્ત્વ હોવાથી પ્રગટ કરવા યોગ્ય છે અને વિક્ષિપ્ત મન આત્મ–આત્મતત્ત્વ નહિ હોવાથી હેય છે–ત્યાગવા યોગ્ય છે.

જ્યારે જ્ઞાનસ્વરૂપ ભાવ મન રાગાદિ વિભાવ ભાવોથી છૂટી આત્માને, શરીરાદિ બાહ્ય પદાર્થોથી ભિન્ન, ચૈતન્યમય, એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવરૂપ અનુભવ કરવા લાગે છે તથા તેમાં તન્મય થઈ જાય છે ત્યારે તે અવિક્ષિપ્ત અર્થાત્ નિર્વિકલ્પ ભાવ મનને 'આત્મ–તત્ત્વ' કહે છે, પરંતુ જ્યારે તેમાં વિકલ્પો ઊઠવા લાગે ત્યારે તે વિક્ષિપ્ત અર્થાત્ સવિકલ્પ મનને આત્માનું તત્ત્વ કહેતા નથી. તે આસ્રવ છે. માટે આત્માર્થીએ સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ મનને જ–અવિક્ષિપ્ત મનને જ ધારણ કરવું જોઈએ. તેનાથી જ આત્મ–લાભ છે.

## વિશેષ

પ્રથમ સ્વ–પરનું ભેદજ્ઞાન કરી પર પદાર્થોમાં ઈષ્ટ–અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો, રાગ–દ્વેષાદિનાં કારણો તરફ ઉપેક્ષા–બુદ્ધિ કરવી અને ભાવશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરવું. આથી પર પદાર્થો સંબંધીના સંકલ્પ–વિકલ્પો બધા શમી જશે, મન અવિક્ષિપ્ત બનશે અને આત્મસ્વરૂપમાં સ્થિર થશે. આવા અવિક્ષિપ્ત ભાવ મનને જ પ્રગટ કરવા આચાર્યે ઉપદેશ આપ્યો છે, કારણ કે તે આત્મ–તત્ત્વ છે અને તે મોક્ષનું કારણ છે.

જે જ્ઞાનનો ઉપયોગ રાગાદિ વિકારોમાં તથા પર પદાર્થોમાં રોકાય છે તે જ્ઞાન નથી, પણ જે જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત થાય છે તે જ વાસ્તવિક જ્ઞાન છે–આત્મતત્ત્વ છે; માટે તે ઉપાદેય છે.

જે ઉપયોગ પરમાં જ અટકેલો રહેવાથી આત્મ–સન્મુખ વળતો નથી, તે પરના વલણવાળું તત્ત્વ છે, આત્માના વલણવાળું તત્ત્વ નથી, તેનાથી સંસાર છે, માટે તે હેય છે. ૩૬.

कुतः पुनर्मनसो विक्षेपो भवति कुतश्चाविक्षेप इत्याह—

अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते॥३७॥

**टीका**—शरीरादौ शुचिस्थिरात्मीयादिज्ञानान्यविद्यास्तासामभ्यासः पुनः पुनः प्रवृत्तिस्तेन जनिताः संस्कारा वासनास्तैः कृत्वा। अवशं विषयेन्द्रियाधीनमनात्मायत्तमित्यर्थः। क्षिप्यते विक्षिप्तं भवति मनः। तदेव मनः ज्ञानसंस्कारैरात्मनः शरीरादिभ्यो भेदज्ञानाभ्यासैः। स्वतः स्वयमेव। तत्त्वे आत्मस्वरूपे अवतिष्ठते॥३७॥

વળી કયા કારણથી મનનો વિક્ષેપ થાય છે અને કયા કારણે તેનો અવિક્ષેપ થાય છે તે કહે છે :—

### શ્લોક ૩૭

**અન્વયાર્થ :** (अविद्याभ्याससंस्कारैः) અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારો (मनः) મન (अवशं) અવશપણે–સ્વાધીન નહિ રહેવાથી (क्षिप्यते) વિક્ષિપ્ત થાય છે. (तत् एव) તે જ મન (ज्ञानसंस्कारैः) ભેદજ્ઞાનના સંસ્કારો દ્વારા (स्वतः) સ્વતઃ (तत्त्वे) આત્મસ્વરૂપમાં (अवतिष्ठते) સ્થિર થાય છે.

**ટીકા :** શરીર વગેરેને પવિત્ર, સ્થિર અને આત્મીય (પોતાનું) આદિ માનવારૂપ જે અવિદ્યા (અજ્ઞાન) તેનો અભ્યાસ અર્થાત્ તેની વારંવાર પ્રવૃત્તિ તેનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારો એટલે વાસનાઓ–તે વડે કરીને અવશ–અર્થાત્ વિષયો અને ઇન્દ્રિયોને આધીન એટલે આત્માને આધીન તે મન વિક્ષેપ પામે છે; એટલે વિક્ષિપ્ત થાય છે. તે જ મન, જ્ઞાનસંસ્કારો વડે અર્થાત્ આત્માને શરીરાદિથી ભિન્ન જાણવારૂપ અભ્યાસ વડે, સ્વતઃ એટલે સ્વયં જ તત્ત્વમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

**ભાવાર્થ :** શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે અજ્ઞાન છે–અવિદ્યા છે. તેના પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી મન પરવશ થઈને–પરાધીન થઈને રાગી–દ્વેષી બની જાય છે–વિક્ષિપ્ત થાય છે. આ જ મન ભેદ–જ્ઞાનના સંસ્કારોથી સ્વતઃ એટલે પોતાની મેળે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

---

અજ્ઞાનજ સંસ્કારથી મન વિક્ષેપિત થાય;
જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય. ૩૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શરીર જડ છે, અપવિત્ર છે, અસ્થિર છે ને પર છે. તેમાં આત્માની કલ્પના કરી તેને પવિત્ર, સ્થિર ને પોતાનું માનવું તથા જ્ઞાન અને રાગને એક માનવા અર્થાત્ શુભ ભાવથી લાભ માનવો તે અવિદ્યા છે–અજ્ઞાન છે. આ અજ્ઞાનતાને–ઊંધી માન્યતા અને ઊંધા જ્ઞાનને વારંવાર અંદર ઘૂંટવાથી અને તદનુસાર આચરણ કરવાથી વાસનારૂપ સંસ્કારો ઉત્પન્ન થાય છે. આ સંસ્કારોથી મન પોતાને વશ–સ્વાધીન વર્તતું નથી, પરંતુ પરવશ બને છે–અર્થાત્ વિષયો અને ઇન્દ્રિયોને આધીન થઈ ક્ષુબ્ધ થાય છે–વિક્ષિપ્ત થાય છે. આવું–રાગ–દ્વેષ આકુલિત મન બાહ્ય વિષયોમાં જ પ્રવર્તે છે, જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થતું નથી.

હું શરીરાદિથી અને રાગ–દ્વેષાદિ વિકારોથી ભિન્ન, પવિત્ર, સ્થિર અને જ્ઞાયક–સ્વરૂપ છું–એવા સ્વપરના ભેદવિજ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાન–સંસ્કારોથી તે જ મન સ્વયં–સ્વાધીનપણે–પોતાની જ મેળે રાગ–દ્વેષાદિથી રહિત થાય છે–અવિક્ષિપ્ત થાય છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

## વિશેષ

શુદ્ધાત્માની વારંવાર ભાવનાથી જ્ઞાનના સંસ્કારો ઉત્પન્ન થાય છે. તેનાથ મન રાગ–દ્વેષ રહિત થઈ સમાધિમાં ઠરે છે.

'હું શુદ્ધજ્ઞાનસ્વરૂપ પરમાત્મા છું; શરીર–મન–વાણીરૂપ હું નથી. હું તેનાથી ભિન્ન છું'–એવી વારંવાર ભાવના ભાવવાથી તેના સંસ્કારો દૃઢ થાય છે અને તેવા સંસ્કારોથી ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.[૧]

માટે જ્ઞાન–સંસ્કાર સમાધિનું કારણ છે અને અવિદ્યાના સંસ્કાર અસમાધિનું કારણ છે.

જ્ઞાન–સંસ્કારો દ્વારા જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા વધતી જાય છે, તેમ તેમ રાગ–દ્વેષાદિ ભાવો છૂટતા જાય છે અને વીતરાગતા વધતી જાય છે. માટે જ્યાં સુધી મન (જ્ઞાનનો ઉપયોગ) બાહ્ય વિષયોથી છૂટી આત્મસ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી આત્મ–તત્ત્વની ભાવના કર્યા જ કરવી.

શ્રી સમયસાર કલશ–૧૩૦માં કહ્યું છે કે :—

भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।
तावद्यावत् पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।

૧. જુઓ–સમાધિતંત્ર શ્લોક ૨૮૨

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



चित्तस्य विक्षेपेऽविक्षेपे च फलं दर्शयन्नाह—

**अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः।**
**नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः॥३८॥**

**टीका**—अपमानो महत्त्वखंडनं अवज्ञा च स आदिर्येषां मदेर्ष्यामात्सर्यादिनां ते अपमानादयो भवन्ति। यस्य चेतसो विक्षेपो रागादिपरिणतिर्भवति। यस्य पुनश्चेतसो न क्षेपो विक्षेपो

"આ ભેદવિજ્ઞાન અછિન્ન-ધારાથી-અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે-ત્યાં સુધી ભાવવું, કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય."

અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો, મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે, ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય અને ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું."[1]

આ શ્લોકમાં 'स्वतः' શબ્દ એ સૂચવે છે કે જીવ સ્વયં પોતાના સમ્યક્ પુરુષાર્થથી પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે, બીજા કોઈ કારણે નહિ. ૩૭.

મનના વિક્ષેપનું અને અવિક્ષેપનું ફલ બતાવી કહે છે :—

### શ્લોક ૩૮

**અન્વયાર્થ :** (यस्य चेतसः) જેના મનમાં (विक्षेपः) વિક્ષેપ-રાગાદિ પરિણામ થાય છે, (तस्य) તેને (अपमानादयः) અપમાનાદિક હોય છે, પણ (यस्य चेतसः) જેના મનમાં (क्षेपः न) ક્ષેપ-રાગાદિરૂપ પરિણામ થતાં નથી (तस्य) તેને (अपमानादयः न) અપમાન-તિરસ્કારાદિ હોતાં નથી.

**ટીકા :** જેનું મન વિક્ષેપ પામે છે અર્થાત્ રાગાદિરૂપે પરિણમે છે, તેને અપમાનાદિ-અર્થાત્ અપમાન એટલે પોતાના મહત્ત્વનું ખંડન-અવજ્ઞા, મદ, ઈર્ષ્યા, માત્સર્ય, વગેરે થાય

૧. જુઓ : શ્રી સમયસાર કલશ-૧૩૦. ગુ. આવૃત્તિમાં ભાવાર્થ

**અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;**
**અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ. ૩૮.**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

नास्ति। तस्य नापमानादयो भवन्ति॥३८॥

अपमानादिनां चापगम उपायमाह—

છે, પરંતુ જેના મનમાં વિક્ષેપ થતો નથી, તેને અપમાનાદિ થતાં નથી.

**ભાવાર્થ :** જેનું મન રાગ-દ્વેષાદિ વિકારોથી વિક્ષિપ્ત થાય છે, તેને જ માન-અપમાનાદિની લાગણી થાય છે, પરંતુ જેનું મન રાગદ્વેષરૂપે પરિણમતું નથી તેને અપમાનાદિની લાગણી ઉદ્‌ભવતી નથી. તે માન-અપમાનમાં સમભાવે વર્તે છે.

મોહ-રાગ-દ્વેષાદિ વિભાવોમાં વર્તતો જીવ જ માન-અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે, પરંતુ જેનું ચિત્ત રાગ-દ્વેષ-મોહાદિ વિભાવોથી રહિત થઈ પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે તેને માન-અપમાનની કલ્પનાઓ ઉત્પન્ન થતી નથી, કારણ કે જ્ઞાનાનંદમાં લીન થતાં કોણ બહુમાન કરે છે કોણ અપમાન કરે છે-એવો વિકલ્પ જ ઊઠતો નથી. તે જ્ઞાતા-દ્રષ્ટાપણે રહે છે.

## વિશેષ

જ્ઞાનીને શત્રુ-મિત્ર પ્રત્યે, માન-અપમાનના પ્રસંગે, જીવન કે મરણના વિષયમાં અને સંસાર કે મોક્ષમાં સમભાવ-સમદર્શિતા વર્તે છે.[1]

"જ્ઞાનભાવના છોડીને અજ્ઞાનથી જે જીવ પર સંયોગમાં માન-અપમાનની બુદ્ધિ કરે છે તે અજ્ઞાની છે. જેને જ્ઞાનસ્વભાવની ભાવના નથી એવા અજ્ઞાનીને જ બાહ્યદ્રષ્ટિથી એકાંત માનઅપમાનરૂપ પરિણમન થાય છે. જ્ઞાનસ્વભાવની ભાવનામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે, માન-અપમાનરૂપ પરિણમન થતું નથી; જરાક રાગ-દ્વેષની વૃત્તિ થાય, ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે ને જ્ઞાનસ્વભાવની જ ભાવના વડે જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે."[2] ૩૮.

અપમાનાદિને દૂર કરવાનો ઉપાય :—

૧. "શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો......અપૂર્વ૦"......૧૦
(શ્રીમદ્ રાજચંદ્ર-'અપૂર્વ અવસર')

૨. જુઓ-'આત્મધર્મ'.

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात्॥३९॥**

**टीका**—मोहान्मोहनीयकर्मोदयात्। यदा प्रजायेते उत्पद्येते। कौ? रागद्वेषौ। कस्य? तपस्विनः। तदैव रागद्वेषोदयकाल एव। आत्मानं स्वस्थं बाह्यविषयाद्व्यावृत्तस्वरूपस्थं भावयेत्। शाम्यत उपशमं गच्छतः। रागद्वेषौ। क्षणात् क्षणमात्रेण॥३९॥

## શ્લોક ૩૯

**અન્વયાર્થ :** (यदा) જે સમયે (तपस्विनः) તપસ્વી અન્તરાત્માને (मोहात्) મોહવશાત્ (रागद्वेषौ) રાગ અને દ્વેષ (प्रजायेते) ઉત્પન્ન થાય (तदा एव) તે જ સમયે તે તપસ્વીએ (स्वस्थं आत्मानं) શુદ્ધસ્વરૂપની (भावयेत्) ભાવના કરવી. એમ કરવાથી રાગ–દ્વેષાદિ (क्षणात्) ક્ષણવારમાં (शाम्यतः) શાન્ત થઈ જાય છે.

**ટીકા :** મોહથી એટલે મોહનીય કર્મના ઉદય નિમિત્તે, જ્યારે પેદા થાય–ઉત્પન્ન થાય, કોણ (બે)? રાગ અને દ્વેષ. કોને (ઉત્પન્ન થાય)? તપસ્વીને, ત્યારે જ અર્થાત્ રાગ–દ્વેષના ઉદયકાલે જ સ્વસ્થ આત્માની–અર્થાત્ બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઈ (પાછો હઠી) સ્વરૂપમાં સ્થિત થયેલા આત્માની–ભાવના કરવી. તેમ કરવાથી રાગ–દ્વેષ ક્ષણમાં–ક્ષણમાત્રમાં ઉપશમે છે એટલે શાંત થઈ જાય છે.

**ભાવાર્થ :** અસ્થિરતાના કારણે મોહવશ જ્યારે અંતરાત્માને રાગ–દ્વેષાદિ ઉત્પન્ન થાય ત્યારે ચિત્તને પર પદાર્થોથી હઠાવી સ્વસન્મુખ વાળી શુદ્ધાત્માને ભાવવો. તેમ કરવાથી ક્ષણવારમાં રાગ–દ્વેષાદિ શાન્ત થઈ જાય છે.

ભેદવિજ્ઞાન દ્વારા આત્મા અને શરીરાદિને ભિન્ન ભિન્ન જાણીને શુદ્ધાત્માની ભાવના કરવી તે જ રાગ–દ્વેષાદિ વિકારોને નાશ કરવાનો ઉપાય છે.

### વિશેષ

સમ્યગ્દૃષ્ટિ જીવને ભૂમિકાનુસાર રાગ–દ્વેષ થાય છે. પણ તેને તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે. તે બાહ્ય નિમિત્તો અને વિકારને પોતાના આત્મસ્વરૂપથી ભિન્ન માને છે. તે માટે તેને આદર નથી. અવશપણે–અસ્થિરતાને લીધે જે રાગ–દ્વેષ થાય છે તેને તે

યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;
સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય. ૩૯.

तत्र रागद्वेषयोर्विषयं विपक्षं च दर्शयन्नाह—

यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम्।
बुद्धया तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति॥४०॥

**टीका**—यत्रात्मीये परकीये वा काये। शरीरे इन्द्रियविषयसङ्घाते। मुनेः प्रेम स्नेहः। ततः कायात्प्रच्याव्य व्यावर्त्य। देहिनं आत्मानम्। कया? बुद्धया विवेकज्ञानेन। पश्चात्तदुत्तमे काये तस्माद् प्रागुक्तकायादुत्तमे चिदानन्दमये। काये आत्मस्वरूपे। योजयेत्। कया कृत्वा? बुद्धया

પોતાનું સ્વરૂપ માનતો નથી. તેને તો પોતાના સ્વરૂપ તરફ જ દૃષ્ટિ છે. તે અસ્થિરતાના રાગ-દ્વેષને ટાળવા માટે ચૈતન્યસ્વભાવની જ ભાવના ભાવે છે.

માટે આચાર્ય સમ્યગ્દૃષ્ટિઓને ઉદ્દેશી કહે છે કે-જ્યારે ચારિત્રની નબળાઈથી રાગ-દ્વેષાદિ વિકારી વૃત્તિઓનું ઉત્થાન થાય, ત્યારે આત્મસ્વરૂપની ભાવના કરવી. તેનાથી વૃત્તિઓ શાન્ત થઈ જશે. રાગ-દ્વેષાદિના શમન માટે શુદ્ધાત્માની ભાવના-એ એક રામબાણ ઉપાય છે. ૩૯.

હવે રાગ-દ્વેષના વિષયને તથા વિપક્ષને દર્શાવતાં કહે છે :—

## શ્લોક ૪૦

**અન્વયાર્થ** : (यत्र काये) શરીરમાં (मुनेः) મુનિને-અન્તરાત્માને (प्रेम) પ્રેમ હોય (ततः) તેનાથી એટલે શરીરાદિથી (बुद्धया) ભેદ-વિજ્ઞાન દ્વારા (देहिनम्) આત્માને (प्रच्याव्य) વ્યાવૃત્ત કરીને-પાછો હઠાવીને (तदुत्तमे काये) તેનાથી ઉત્તમ ચિદાનંદ કાયમાં-આત્મસ્વરૂપમાં (योजयेत्) લગાવવો. એમ કરવાથી (प्रेम नश्यति) બાહ્ય શરીર અને ઇન્દ્રિય-વિષયો તરફનો પ્રેમ (રાગનો વિકલ્પ) નાશ પામે છે.

**ટીકા** : જ્યાં પોતાની વા પારકી કાયમાં એટલે શરીરમાં-અર્થાત્ ઇન્દ્રિય-વિષયના સમૂહમાં મુનિનો પ્રેમ-સ્નેહ હોય, ત્યાંથી એટલે શરીરથી દેહીને એટલે આત્માને વ્યાવૃત્ત કરીને-પાછો વાળીને, -શા વડે? બુદ્ધિ વડે-વિવેકજ્ઞાન વડે, પછી ઉત્તમ કાયમાં-અર્થાત્ અગાઉ કહેલી કાય કરતાં ઉત્તમ કાયમાં-ચિદાનન્દમય કાયમાં એટલે આત્મ-સ્વરૂપમાં તેને (પ્રેમને) જોડવો. શા વડે કરીને? બુદ્ધિ વડે-અન્તર્દૃષ્ટિવડે. પછી શું થાય છે? પ્રેમ નાશ પામે છે એટલે શરીર પ્રત્યેનો પ્રેમ રહેતો નથી.

તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત,
શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત. ૪૦.

अन्तर्दृष्ट्या। ततः किं भवति? प्रेम नश्यति कायस्नेहो न भवति॥४०॥

तस्मिन्नष्टे किं भवतीत्याह—

**ભાવાર્થ :** અન્તરાત્માને ચારિત્ર મોહવશ બાહ્ય શરીરાદિ તથા ઈન્દ્રિયોના વિષયોમાં રાગ થાય તો ભેદવિજ્ઞાન દ્વારા ઉપયોગને ત્યાંથી હઠાવી શુદ્ધાત્મસ્વરૂપમાં જોડવો. તેમ કરવાથી શરીરાદિ પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે.

જેનો ઉપયોગ ચૈતન્યના આનંદમાં લાગે છે તેને જગતના બધાય પદાર્થો નીરસ લાગે છે, શરીરાદિ બાહ્ય પદાર્થો પ્રત્યેનો ઉત્સાહ ઉડી જાય છે અને તે તરફ તે ઉદાસીન રહે છે.

## વિશેષ

''ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગને જોડવો તે જ રાગ–દ્વેષને ટાળવાનો ઉપાય છે. આ સિવાય બાહ્ય પદાર્થો તરફ વલણ રાખીને રાગ–દ્વેષ ટાળવા માગે તો તે કદી ટળી શકે નહિ. પહેલાં તો દેહાદિથી ભિન્ન ને રાગાદિથી પણ પરમાર્થે ભિન્ન–એવા ચિદાનંદસ્વરૂપનું ભાન કર્યું હોય તેને જ તેમાં ઉપયોગની લીનતા થાય, પરંતુ જે જીવ દેહાદિની ક્રિયાને પોતાની માનતો હોય કે રાગથી લાભ માનતો હોય, તેનો ઉપયોગ તે દેહથી ને રાગથી પાછો ખસીને ચૈતન્યમાં વળે જ ક્યાંથી? જ્યાં લાભ માને ત્યાંથી પોતાના ઉપયોગને કેમ ખસેડે? ન જ ખસેડે.

માટે ઉપયોગને પોતાના ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર કરવા ઈચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી ને રાગાદિથી અત્યંત ભિન્ન જાણવું જોઈએ. જગતના કોઈ પણ બાહ્ય વિષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાન્તિ નથી, અનંતકાલ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત્ સુખ ન મળ્યું. જગતમાં ક્યાંય મારું સુખ હોય તો તે મારા નિજ સ્વરૂપમાં જ છે, બીજે ક્યાંય નથી. માટે હવે હું બહારનો ઉપયોગ છોડીને મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું. આવા દૃઢ નિર્ણયપૂર્વક, ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને અંતર સ્વરૂપમાં જોડે છે.

''ચૈતન્ય–સ્વભાવની મહત્તા અને બાહ્ય ઈન્દ્રિય–વિષયોની તુચ્છતા જાણીને પોતાના ઉપયોગને વારંવાર ચૈતન્ય–ભાવનામાં જોડવાથી પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે ને વીતરાગી આનંદનો અનુભવ થાય છે........''[૧] ૪૦.

તે (પ્રેમ) નાશ પામતાં શું થાય છે તે કહે છે :—

૧. આત્મધર્મ.

**आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात्प्रशाम्यति।**
**नायतास्तत्र निर्वान्ति कृत्वापि परमं तपः॥४१॥**

**टीका**—आत्मविभ्रमजं आत्मनो विभ्रमोऽनात्मशरीरादावात्मेति ज्ञानं। तस्माज्ञातं यत् दुःखं तत्प्रशाम्यति। कस्मात्? आत्मज्ञानात् शरीरादिभ्यो भेदेनात्मस्वरूपवेदनात्। ननु दुर्धरतपोऽनुष्ठानान्मुक्तिसिद्धेरतस्तद्दुःखोपशमो न भविष्यतीति वदन्तं प्रत्याह–नेत्यादि। तत्र आत्मस्वरूपे अयताः अयत्नपराः। न निर्वान्ति न निर्वाणं गच्छंति सुखिनो वा न भवन्ति। किं कृत्वापि तप्त्वाऽपि। किं तत्। परमं तपः दुर्द्धरानुष्ठानम्॥४१॥

### શ્લોક ૪૧

**અન્વયાર્થ :** (आत्मविभ्रमजं) આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલું (दुःख) દુઃખ (आत्मज्ञानात्) આત્મજ્ઞાનથી (प्रशाम्यति) શાન્ત થાય છે. (तत्र) તેમાં એટલે ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં (अयताः) જે પ્રયત્ન કરતા નથી તે (परमं) ઉત્કૃષ્ટ દુર્દ્ધર (तपः) તપ (कृत्वा अपि) કરવા છતાં (न निर्वान्ति) નિર્વાણને પ્રાપ્ત કરતા નથી.

**ટીકા :** આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું–અર્થાત્ અનાત્મરૂપ શરીર વગેરેમાં આત્મબુદ્ધિ તે આત્મવિભ્રમ, તેનાથી ઉત્પન્ન થયેલું જે દુઃખ તે શાન્ત થાય છે. શાનાથી? આત્મજ્ઞાનથી–એટલે શરીરાદિથી ભેદ કરીને આત્મસ્વરૂપનું વેદન કરવાથી.

દુર્દ્ધર તપના અનુષ્ઠાન (આચરણ)થી તો મુક્તિની સિદ્ધિ થવાથી તે દુઃખનો ઉપશમ થશે નહિ–એવી આશંકા કરનારને કહે છે–ન ઇત્યાદિ.....તેમાં એટલે આત્મસ્વરૂપને વિષે યત્ન નહિ કરનારા નિર્વાણ પામતા નથી અર્થાત્ સુખી થતા નથી. શું કરીને પણ?–તપીને પણ. શું તપીને? પરમ તપ એટલે દુર્દ્ધર અનુષ્ઠાન. (અર્થાત્ દુર્દ્ધર તપ તપીને પણ તેઓ મોક્ષ પામતા નથી.)

**ભાવાર્થ :** આત્મભ્રાન્તિથી એટલે શરીરાદિમાં આત્મબુદ્ધિ કરવાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે ભેદજ્ઞાનથી નાશ પામે છે. ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરતા નથી, તે ઘોર તપ કરવા છતાં મોક્ષમાર્ગની કે નિર્વાણની પ્રાપ્તિ કરી શકતા નથી.

### વિશેષ

શરીરાદિ અને રાગાદિમાં આત્મબુદ્ધિ કરવી તે વિભ્રમ છે–આત્મભ્રાન્તિ છે. તે દુઃખનું

---

આત્મભ્રમોદ્‌ભવ દુઃખ તો આત્મજ્ઞાનથી જાય;
તત્ર યત્ન વિણ, ઘોર તપ તપતાં પણ ન મુકાય. ૪૧.

तच्च कुर्वाणो बहिरात्मा अन्तरात्मा च किं करोतीत्याह—

કારણ છે. શરીરાદિથી ભિન્ન આત્મસ્વરૂપનો અનુભવ કરવાથી–સ્વપરનું ભેદજ્ઞાન કરવાથી અર્થાત્ દેહાદિથી અને શુભભાવથી પણ ભિન્ન જ્ઞાન–દર્શન સ્વરૂપ જ હું છું, બીજું કાંઈ મારું નથી–એવા આત્મજ્ઞાનથી આ દુઃખરૂપ ભ્રાન્તિ દૂર થાય છે. આવા ભેદવિજ્ઞાનના પ્રયત્ન વગર ઘોર તપ કરે તો પણ જીવ સાચો ધર્મ પામતો નથી.

મુક્તિ–પ્રાપ્તિ માટે આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છાનિરોધરૂપ તપ જ કાર્યકારી છે. આત્મજ્ઞાનથી શૂન્ય તપ તે તપ નથી. તે તો સંસાર–પરિભ્રમણનું જ કારણ છે. તેનાથી આત્મા કદી પણ સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી અને કર્મબંધનથી છૂટી શકતો નથી. તેની દુઃખ–પરંપરા ચાલુ જ રહે છે.

પં. શ્રી ટોડરમલ્લજીએ કહ્યું છે કે :—

“જિનમતમાં એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે; માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન વડે સમ્યગ્દૃષ્ટિ થાય અને ત્યારપછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય.......”[૧]

મિથ્યાદૃષ્ટિ જીવ આત્મજ્ઞાન વિના કરોડો જન્મ સુધી તપ કરીને જેટલાં કર્મોનો અભાવ કરે તેટલાં કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન–વચન–કાયનો નિરોધ કરી ક્ષણવારમાં સહજ કરી દે છે. આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રત પાળીને–મુનિ થઈને તે નવમી ગ્રૈવેયક સુધી દેવલોકમાં અનંત વાર ગયો પણ જરાય સુખ ન પામ્યો.[૨]

અજ્ઞાની જીવની ક્રિયા સંસારને માટે સફળ છે ને મોક્ષને માટે નિષ્ફળ છે અને જ્ઞાનીની જે ધર્મક્રિયા છે તે સંસારને માટે નિષ્ફળ છે અને મોક્ષને માટે સફળ છે.[૩] ૪૧.

તે (તપશ્ચર્યા) કરનાર બહિરાત્મા અને અન્તરાત્મા શું કરે છે તે કહે છે :—

૧. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૨૯૭, ૨૯૮.

૨. પં. શ્રી દૌલતરામજી કૃત ‘છહઢાલા’–૪/૫
કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,
જ્ઞાનીકે છિનમેં, ત્રિગુપ્તિતૈં સહજ ટરૈં તે;
મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.......(૪/૫)

૩. જુઓ. શ્રી પ્રવચનસાર–ગાથા ૧૧૬ની ટીકા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति।
उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्॥४२॥

**टीका**—देहे उत्पन्नात्ममतिर्बहिरात्मा। अभिवांछति अभिलषति। किं तत्? शुभं शरीरं। दिव्यांश्च उत्तमान् स्वर्गसम्बंधिनो वा विषयान्। अन्तरात्मा किं करोतीत्याह–तत्त्वज्ञानी ततश्च्युतिम्। तत्त्वज्ञानी विवेकी अन्तरात्मा। ततः शरीरादेः। च्युतिं व्यावृत्तिं मुक्तिरूपां अभिवांछति॥४२॥

### શ્લોક ૪૨

**અન્વયાર્થ** : (देहे उत्पन्नात्ममतिः) દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે એવો બહિરાત્મા (તપ દ્વારા) (शुभ शरीरं) સુન્દર શરીર (दिव्यान् विषयान् च) અને સ્વર્ગના વિષયભોગોની (अभिवांछति) વાંછા કરે છે અને (तत्त्वज्ञानी) જ્ઞાની અંતરાત્મા (ततः) તેનાથી એટલે શરીરાદિ અને વિષય-ભોગોથી (च्युतिम्) છૂટવાની ભાવના કરે છે.

**ટીકા** : દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઈ છે તે બહિરાત્મા વાંછા કરે છે–અભિલાષા કરે છે. કોની (વાંછા કરે છે)? શુભ (સુંદર) શરીર અને દિવ્ય એટલે ઉત્તમ સ્વર્ગસંબંધી વિષયોની (દિવ્ય વિષય-ભોગોની) અભિલાષા કરે છે.

અંતરાત્મા શું કરે છે તે કહે છે–તત્ત્વજ્ઞાની તેનાથી ચ્યુતિ વાંછે છે–અર્થાત્ તત્ત્વજ્ઞાની એટલે વિવેકી અન્તરાત્મા, તેનાથી એટલે શરીરાદિથી મુક્તિરૂપ (છૂટકારારૂપ) ચ્યુતિની એટલે વ્યાવૃત્તિની વાંછા કરે છે.

**ભાવાર્થ** : શરીરાદિમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા તપાદિ દ્વારા સુંદર શરીર અને સ્વર્ગીય વિષય-ભોગોની વાંછા કરે છે અને ભેદજ્ઞાની અંતરાત્મા તો બાહ્ય શરીર-વિષયાદિની વાંછાથી ચ્યુત થઈ, એટલે તેનાથી વ્યાવૃત્ત થઈ, આત્મસ્વરૂપમાં ઠરવા માગે છે.

### વિશેષ

જે અજ્ઞાની ઇન્દ્રિયોના વિષયોની અને સ્વર્ગનાં સુખની ઇચ્છાથી વ્રત-તપાદિ આચરે છે, તે તો મિથ્યાદૃષ્ટિ જ છે, કારણ કે તેના અભિપ્રાયમાં શુભ રાગના ફલસ્વરૂપ વિષયોની જ વાંછના છે. તેનાં વ્રત-તપાદિ ભોગહેતુએ જ છે.

"તે ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે, તેની જ પ્રતીત કરે છે, તેની જ રુચિ કરે છે અને તેને જ સ્પર્શે છે, પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ.

દેહાતમધી અભિલષે દિવ્ય વિષય, શુભ કાય;
તત્ત્વજ્ઞાની તે સર્વથી ઇચ્છે મુક્તિ સદાય. ૪૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तत्त्वज्ञानीतरयोर्बन्धकत्वाबन्धकत्वे दर्शयन्नाह—

**परत्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम्।**
**स्वस्मिन्नहम्मतिच्च्युत्वा परस्मान्मुच्यते बुधः ।।४३।।**

......."તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મમાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગ–માત્રને પામે છે, પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી......."[1]

જ્ઞાની તો શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે. તે વિષય–સુખોની સ્વપ્ને પણ ભાવના કરતો નથી. તેને વ્રત–તપાદિનો શુભ રાગ ભૂમિકાનુસાર આવે, પણ તેને તેની વાંછના નથી, અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે. જેને રાગની ભાવના જ ન હોય તેને રાગના ફલરૂપ વિષયોની પણ ઇચ્છા કેમ હોય? ન જ હોય.

"જેમ કોઈને ઘણો દંડ થતો હતો તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને છે; તેમ સમ્યગ્દૃષ્ટિને પાપરૂપ ઘણો કષાય થતો હતો, તે હવે પુણ્યરૂપ થોડો કષાય કરવાનો ઉપાય રાખે છે તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેય જ માને છે. વળી જેમ કોઈ કમાણીનું કારણ જાણી વ્યાપારાદિકનો ઉપાય રાખે છે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે, તેમ દ્રવ્યલિંગી મોક્ષનું કારણ જાણી પ્રશસ્ત રાગનો ઉપાય રાખે છે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે. એ પ્રમાણે પ્રશસ્ત રાગના ઉપાયમાં વા તેના હર્ષમાં સમાનતા હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિને તો દંડ સમાન તથા મિથ્યાદૃષ્ટિને વ્યાપાર સમાન શ્રદ્ધાન હોય છે. માટે એ બંનેના અભિપ્રાયમાં ભેદ થયો."[2] ૪૨.

તત્ત્વજ્ઞાની (અન્તરાત્મા) અને ઇતર (બહિરાત્મા)માં (અનુક્રમે) કર્મનું અબંધપણું અને કર્મનું બંધપણું દર્શાવી કહે છે :—

---

૧. તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને.......(૨૭૫)(શ્રી સમયસાર ગુજ. ગા. ૨૭૫ અને ટીકા)

૨. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ–પૃ. ૨૫૨

**પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત થઈ બંધાય;**
**નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય. ૪૩.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**टीका**–परत्र शरीरादौ अहम्मतिरात्मबुद्धिर्बहिरात्मा। स्वस्मादात्मस्वरूपात्। च्युतो भ्रष्टः सन्। बध्नाति कर्मबन्धनबद्धं करोत्यात्मानं। असंशयं यथा भवति तथा नियमेन बध्नातीत्यर्थः। स्वस्मिन्नात्मस्वरूपे अहम्मतिः बुद्धोऽन्तरात्मा। परस्माच्छरीरादेः। च्युत्वा पृथग्भूत्वा। मुच्यते सकलकर्मबन्धरहितो भवति॥४३॥

## શ્લોક ૪૩

**અન્વયાર્થ :** (परत्र अहम्मतिः) શરીરાદિ પર પદાર્થોમાં જેને આત્મબુદ્ધિ છે તે બહિરાત્મા (स्वस्मात्) પોતાના આત્મસ્વરૂપથી (च्युतः) ભ્રષ્ટ થઈ (असंशयम्) નિઃસંદેહ (बध्नाति) કર્મ બાંધે છે અને (स्वस्मिन् अहम्मतिः) જેને પોતાના આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિ છે તે (बुधः) અન્તરાત્મા (परस्मात्) શરીરાદિ પરના સંબંધથી (च्युत्वा) ચ્યુત થઈ (मुच्यते) કર્મબંધનથી મુક્ત થાય છે.

**ટીકા :** પરમાં એટલે શરીરાદિમાં અહંબુદ્ધિ આત્મબુદ્ધિ કરના બહિરાત્મા, સ્વથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) થઈને બાંધે છે–આત્માને કર્મબંધનથી બાંધે છે, નિઃસંશયપણે અર્થાત્ નિયમથી બાંધે છે–એવો અર્થ છે.

પોતાનામાં એટલે આત્મસ્વરૂપમાં અહંબુદ્ધિવાળો બુધ એટલે અંતરાત્મા, પરથી એટલે શરીરાદિથી ચ્યુત થઈને અર્થાત્ પૃથક્ થઈને મુક્ત થાય છે અર્થાત્ સર્વકર્મબંધનથી રહિત થાય છે.

**ભાવાર્થ :** બહિરાત્મા પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ભૂલીને શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરે છે, તેથી તેને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે અને અંતરાત્મા શરીરાદિ પર પદાર્થો સાથેનો સંબંધ તોડી પોતાના ચિદાનંદસ્વરૂપ સાથે આત્મબુદ્ધિપૂર્વક સંબંધ જોડે છે, તેથી તે કર્મબંધનથી છૂટી જાય છે.

## વિશેષ

અજ્ઞાનતાવશ જીવ શરીરાદિ પર પદાર્થોમાં અહંબુદ્ધિ, મમકાર બુદ્ધિ, કર્તા–ભોકતાબુદ્ધિ આદિ કરી, રાગ–દ્વેષ કરે છે અને રાગ–દ્વેષના નિમિત્તે તેને કર્મનો બંધ થાય છે, બાહ્ય પદાર્થો બંધનું કારણ છે જ નહિ. તેમાં મિથ્યા–ભ્રાન્તિજનિત મમત્વભાવ એ જ સંસાર–બંધનું કારણ છે. અજ્ઞાનીને પોતાના ચૈતન્યસ્વરૂપની અસાવધાની છે, તેથી તેને પર પદાર્થોમાં આત્મ–ભ્રાન્તિ ચાલુ રહે છે અને તેના ફલરૂપે કર્મબંધ પણ થયા જ કરે છે.

જ્ઞાનીને રાગ–દ્વેષાદિ અને આત્મસ્વભાવનું ભેદ–વિજ્ઞાન છે, તેથી તે ઉપયોગમાં રાગ સાથે એકતા નહિ હોવાથી તે અબંધ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

अत्राहम्मतिर्बहिरात्मनो जाता तत्तेन कथमध्यवसीयते ? यत्र चान्तरात्मनस्तत्तेन कथमित्याशंक्याह—

**दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुध्यते।**
**इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम् ॥४४॥**

**टीका**—दृश्यमानं शरीरादिकं। किं विशिष्टं ? त्रिलिंङ्गं त्रीणि स्त्रीपुंनपुंसकलक्षणानि लिङ्गानि यस्य तत् दृश्यमानं त्रिलिंङ्गं सत्। मूढो बहिरात्मा। इदमात्मतत्त्वं त्रिलिङ्गं मन्यते

"બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે તે કર્મોથી મુકાય છે."[૧]

જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે એટલે સ્વસમય છે અને પર પદાર્થો પ્રત્યેના રાગાદિ ભાવોથી મુક્ત છે. તેથી તેને કર્મ-બંધ નથી. અજ્ઞાની આત્મસ્વરૂપથી ચ્યુત છે અર્થાત્ પર પદાર્થોમાં આત્મબુદ્ધિએ સ્થિત છે એટલે પર સમય છે અને રાગાદિ ભાવોથી યુક્ત છે, તેથી તે કર્મોથી બદ્ધ છે. ૪૩.

જ્યાં (જે પદાર્થોમાં) બહિરાત્માને આત્મબુદ્ધિ થઈ તેને તે કેવા માને છે? અને અંતરાત્મા તેને (પદાર્થને) કેવા માને છે? તેવી આશંકા કરી કહે છે :—

**શ્લોક ૪૪**

**અન્વયાર્થ :** (मूढः) અજ્ઞાની બહિરાત્મા, (दृश्यमानं) દેખવામાં આવતા (त्रिलिङ्गं) સ્ત્રી-પુરુષ-નપુંસકના ભેદથી ત્રિલિંગરૂપ શરીરને (इदं अवबुध्यते) આત્મ તત્ત્વ (અર્થાત્ મારાં) માને છે કે, જ્યારે (अवबुद्धः) અન્તરાત્મા, (इदं) 'આ આત્મ તત્ત્વ છે તે ત્રિલિંગરૂપ નથી, (तु) પણ તે (निष्पन्नं) અનાદિ સંસિદ્ધ તથા (शब्दवर्जितं इति) નામાદિ વિકલ્પોથી રહિત છે,' એમ સમજે છે.

**ટીકા :** દૃશ્યમાન (દેખવામાં આવતા) શરીરાદિકને-કેવા (શરીરાદિકને)? ત્રિલિંગરૂપ-અર્થાત્ સ્ત્રી-પુરુષ-નપુંસક એ ત્રણ લિંગ જેને છે તેવા ત્રિલિંગરૂપ દેખાતા શરીરાદિકને, મૂઢ એટલે બહિરાત્મા દૃશ્યમાન (શરીરાદિક) સાથે અભેદરૂપ (એકરૂપ)ની

૧. બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! (૨૯૩) (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગા. ૨૯૩)

નિજ આત્મા ત્રણ લિંગમય માને જીવ વિમૂઢ;
સ્વાત્મા વચનાતીત ને સ્વસિદ્ધ માને બુધ. ૪૪.

दृश्यमानादभेदाध्यवसायेन। यः पुनरवबुद्धोऽन्तरात्मा स इदमात्मतत्त्वमित्येवं मन्यते। न पुनस्त्रिलिङ्गतया। तस्याः शरीरधर्मतया आत्मस्वरूपत्वाभावात्। कथम्भूतमिदमात्मस्वरूपं निष्पन्नमनादिसंसिद्धम् तथा शब्दवर्जितं विकल्पाभिधानाऽगोचरम्॥४४॥

ननु यद्यन्तरात्मैवात्मानं प्रतिपद्यते तदा कथं पुमानहं गौरोऽहमित्यादिरूपा तस्य कदाचिदभेदभ्रांतिः स्यात् इति वदन्तं प्रत्याह—

**जानन्नप्यात्मनस्तत्त्वं विविक्तं भावयन्नपि।**
**पूर्वविभ्रमसंस्काराद् भ्रान्तिं भूयोपि गच्छति॥४५॥**

---

માન્યતાને લીધે આ આત્મ–તત્ત્વને ત્રિલિંગરૂપ માને છે;

પણ જે જ્ઞાની અન્તરાત્મા છે, તે ‘આ આત્મ–તત્ત્વ છે, તે ત્રિલિંગરૂપે નથી’ એવું માને છે, કારણ કે શરીરધર્મપણાના કારણે તેનો (ત્રિલિંગપણાનો) આત્મસ્વરૂપપણામાં અભાવ છે. આ આત્મસ્વરૂપ કેવું છે? તે નિષ્પન્ન અર્થાત્ અનાદિ સંસિદ્ધ છે તથા શબ્દવર્જિત એટલે નામાદિ વિકલ્પોથી અગોચર છે.

**ભાવાર્થ :** બહિરાત્માને શરીરાદિ સાથે એકતાબુદ્ધિ–અભેદબુદ્ધિ હોવાથી, સ્ત્રી–પુરુષ–નપુંસક એ ત્રિલિંગરૂપ શરીર જે દૃષ્ટિગોચર છે તેને આત્મા માને છે; પરંતુ અન્તરાત્મા માને છે કે, “આ આત્મા તો અનાદિ સંસિદ્ધ તથા નામાદિ વિકલ્પોથી રહિત છે. સ્ત્રી–પુરુષાદિ ત્રિલિંગ એ શરીરના ધર્મ છે, અર્થાત્ પૌદ્‌ગલિક છે. તે આત્મસ્વરૂપમાં નથી.”

અજ્ઞાની જીવને શરીરથી ભિન્ન આત્મ–તત્ત્વની પ્રતીતિ નથી; તે સ્ત્રી–પુરુષ–નપુંસકરૂપ ત્રિલિંગાત્મક દૃશ્યમાન શરીરને જ આત્મા માને છે.

સમ્યગ્દૃષ્ટિને વસ્તુસ્વરૂપનું જ્ઞાન છે અને શરીરથી ભિન્ન ચૈતન્યરૂપ આત્મ–તત્ત્વની પ્રતીત છે, તેથી તે પોતાના આત્માને તદ્રૂપ જ અનુભવે છે, પણ તેને ત્રિલિંગરૂપ અનુભવતો નથી, તેને તો તે અનાદિ સિદ્ધ તથા નિર્વિકલ્પ સમજે છે.

એ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની શરીર સંબંધી માન્યતા એકબીજાથી વિપરીત છે. ૪૪.

જો અન્તરાત્મા જ આત્માને અનુભવે છે, તો પછી ‘હું પુરુષ, હું ગોરો’ ઈત્યાદિ અભેદરૂપ ભ્રાન્તિ તેને કદાચિત્ કેમ થાય છે? એવું બોલનાર પ્રતિ કહે છે :—

---

યદ્યપિ આત્મ જણાય ને ભિન્નપણે વેદાય,
પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય. ૪૫.

૧૩

**टीका**—आत्मनस्तत्त्वं स्वरूपं जानन्नपि। तथा विविक्तं शरीरादिभ्योभिन्नं भावयन्नपि उभयत्राऽपिशब्दः परस्परसमुच्चये। भूयोऽपि पुनरपि। भ्रान्तिं गच्छति। कस्मात्? पूर्वविभ्रमसंस्कारात् पूर्वविभ्रमो बहिरात्मावस्थाभावी शरीरादौ स्वात्मविपर्यासस्तेन जनितः संस्कारो वासना तस्मात्॥४५॥

## શ્લોક ૪૫

**અન્વયાર્થ** : અન્તરાત્મા (आत्मनः तत्त्वं) પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (जानन् अपि) જાણતો હોવા છતાં, (विविक्तं भावयन् अपि) અને તેને શરીરાદિથી ભિન્ન ભાવવા છતાં (पूर्वविभ्रमसंस्कारात्) પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં ઉત્પન્ન થયેલા ભ્રાન્તિના સંસ્કારોને લીધે (भूयः अपि) ફરીથી તે (भ्रान्तिं गच्छति) ભ્રાન્તિ પામે છે.

**ટીકા** : આત્માનું તત્ત્વ એટલે સ્વરૂપ જાણવા છતાં તથા તેને વિવિક્ત એટલે શરીરાદિથી ભિન્ન ભાવતો હોવા છતાં [બંને ઠેકાણે **अपि** શબ્દ પરસ્પર સમુચ્ચયના અર્થમાં છે] ફરીથી પણ–પુનઃ અપિ તે (અન્તરાત્મા) ભ્રાન્તિ પામે છે. શાથી (ભ્રાન્તિ પામે છે?) પૂર્વવિભ્રમના સંસ્કારથી–અર્થાત્ પૂર્વવિભ્રમ એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને વિષે પોતાનો આત્મા માનવારૂપ વિપર્યાસ (વિભ્રમ), તેનાથી થયેલો સંસ્કાર–વાસના, તેને લીધે (તે ફરીથી ભ્રાન્તિ પામે છે.)

**ભાવાર્થ** : અન્તરાત્મા આત્મ–તત્ત્વને દેહથી ભિન્ન જાણે છે તથા તેની તેવી ભાવના પણ કરે છે, તેમ છતાં પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને આત્મા માનવારૂપ ભ્રાન્તિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને લીધે, તેને સમ્યક્ શ્રદ્ધા રહેવા છતાં, ચારિત્રદોષરૂપ ભ્રાન્તિ થાય છે. તે ચારિત્રદોષ કેમ ટાળવો તે હવે પછીના શ્લોકમાં બતાવશે.

આત્મજ્ઞાની પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે છે અને તેને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન પણ અનુભવે છે, છતાં પૂર્વના લાંબા વખતના સંસ્કારોનો સર્વથા અભાવ નહિ હોવાથી તેને કોઈ કોઈ વખતે બાહ્ય પદાર્થોમાં અસ્થિરતાના કારણે ભ્રમ થઈ જાય છે.

## વિશેષ

ધર્મીને અસ્થિરતાને લીધે રાગ–દ્વેષ થઈ જાય, પણ શ્રદ્ધા–જ્ઞાનમાં તેને તેનું સ્વામીપણું નથી એકત્વબુદ્ધિ નથી. શ્રદ્ધા જ્ઞાનના બળથી અને ભેદ–જ્ઞાનની ભાવનાથી પૂર્વના સંસ્કારોને નષ્ટ કરવા તે સદા પ્રયત્નશીલ હોય છે. જો તે રાગ–દ્વેષને શ્રદ્ધા જ્ઞાનમાં ભલા માને તો તે ફરીથી બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

અવિરત સમ્યગ્દૃષ્ટિને અંદર જ્ઞાનચેતનાનું પરિણમન છે, છતાં અસ્થિરતાને લીધે

भूयो भ्रान्तिं गतोऽसौ कथं तां त्यजेदित्याह–

**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः।**
**क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यतः॥४६॥**

**टीका**—इदं शरीरादिकं दृश्यमिन्द्रियैः प्रतीयमानं। अचेतनं जडं रोषतोषादिकं कृतं न जानातीत्यर्थः। यच्चेतनमात्मस्वरूपं तददृश्यमिन्द्रियग्राह्यं न भवति। ततः यतो रोषतोषविषयं दृश्यं शरीरादिकमचेतनं चेतनं स्वात्मस्वरूपमदृश्यत्वात्तद्विषयमेव न भवति ततः क्व रुष्यामि क्व

---

રાગ–દ્વેષ થઈ જાય છે, તેથી તેને જ્ઞાનચેતના સાથે કદાચિત્ કર્મચેતના અને કર્મફલ–ચેતનાનો પણ સદ્‌ભાવ માનવામાં આવ્યો છે, પણ તે કર્મચેતના અને કર્મફળચેતનાનો જ્ઞાતા–દ્રષ્ટા રહે છે. વાસ્તવમાં તે બંને ચેતનાઓ જ્ઞાનચેતના જ છે.[1]

અંતરાત્માને પૂર્વના સંસ્કારોને લીધે નીચેની ભૂમિકામાં જે ભ્રાન્તિ થાય છે તે મિથ્યાત્વજનિત નથી, પરંતુ અસ્થિરતાજનિત છે; તેથી તેને રાગ–દ્વેષ થવા છતાં તેના સમ્યક્ત્વમાં કાંઈ દોષ આવતો નથી. ૪૫.

ફરીથી ભ્રાન્તિ પામેલો તે (અન્તરાત્મા) તેને (ભ્રાન્તિને) કેવી રીતે છોડે તે કહે છે :—

## શ્લોક ૪૬

**અન્વયાર્થ :** (इदं दृश्यं) આ શરીરાદિ દૃશ્ય પદાર્થ (अचेतनं) ચેતનારહિત–જડ છે અને જે (चेतनं) ચૈતન્યસ્વરૂપ આત્મા છે તે (अदृश्यं) ઇન્દ્રિયોદ્વારા દેખાય તેવો નથી; (ततः) તેથી (क्व रुष्यामि) હું કોના ઉપર રોષ કરું? અને (क्व तुष्यामि) કોના ઉપર રાજી થાઉં? (अतः अहं मध्यस्थः भवामि) એટલા માટે હું મધ્યસ્થ થાઉં છું–એમ અન્તરાત્મા વિચારે છે.

**ટીકા :** આ એટલે શરીરાદિક, જે દૃશ્ય એટલે ઇન્દ્રિયોદ્વારા દેખાવા યોગ્ય છે– પ્રતીતિમાં આવવા યોગ્ય છે, તે અચેતન–જડ છે; તે કરેલા રોષ–તોષાદિકને જાણતું નથી– એવો અર્થ છે. જે ચેતન–સ્વાત્મસ્વરૂપ છે, તે અદૃશ્ય છે એટલે ઇન્દ્રિયોદ્વારા ગ્રાહ્ય નથી; તેથી હું કોના ઉપર રોષ કરું? અને કોના ઉપર તોષ કરું? કારણ કે દૃશ્ય શરીરાદિક અચેતન

---

૧. જુઓ–શ્રી પંચાધ્યાયી–ઉત્તરાર્દ્ધ ગુ. આવૃત્તિ–ગાથા ૨૦૫, ૨૭૬, ૪૧૯

**દૃશ્યમાન આ જડ બધાં, ચેતન છે નહિ દૃષ્ટ;**
**રોષ કરું ક્યાં? તોષ ક્યાં? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तुष्याम्यहं। अतः यतो रोषतोषयोः कश्चिदपि विषयो न घटते अतः मध्यस्थ उदासीनोऽहं भवामि॥४६॥

इदानीं मूढत्मनोऽन्तरात्मनश्च त्यागोपादानविषयं प्रदर्शयन्नाह—

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित्।**
**नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः॥४७॥**

છે અને ચેતન–આત્મસ્વરૂપ અદૃશ્ય છે, માટે હું મધ્યસ્થ–ઉદાસીન થાઉં છું, કારણ કે રોષ–તોષનો વિષય કોઈપણ ઘટતો નથી.

**ભાવાર્થ :** પૂર્વના ચારિત્ર સંબંધી ભ્રાન્તિરૂપ સંસ્કારો જાગૃત થાય છે ત્યારે અંતરાત્મા સમાધાનરૂપે વિચારે છે કે, "શરીરાદિક પદાર્થો જે દૃષ્ટિગોચર છે તે અચેતન છે–જડ છે; તેના ઉપર હું રાગ–દ્વેષ કરું તો તે વ્યર્થ છે. આત્મા જે ચેતન છે, રાગ–દ્વેષભાવને જાણી શકે છે, તે તો અદૃશ્ય છે–દૃષ્ટિગોચર નથી, તેથી તે પણ મારા રાગ–દ્વેષનો વિષય બની શકતો નથી; માટે કોઈના ઉપર રાગ–દ્વેષ નહિ કરતાં, સર્વ બાહ્ય પદાર્થોથી ઉદાસીન થઈ મધ્યસ્થ (વીતરાગી) ભાવ ધારણ કરવો યોગ્ય છે, અર્થાત્ પર પ્રત્યે ઉદાસીનતા સેવી, તેના કેવળ જ્ઞાતા–દૃષ્ટા રહી, આત્મતત્ત્વને જ જ્ઞાનનો વિષય બનાવવો અને તેમાં જ સ્થિર થવું તે ઉચિત છે."

જ્ઞાનીને અલ્પ રાગ–દ્વેષ થાય પણ ભેદ–જ્ઞાનના બળે તે ઉપર પ્રમાણે અંદર સમાધાન કરી પોતાના જ્ઞાનના વિષયને તુરત પલટી નાખે છે અને જ્ઞાનાનંદસ્વરૂપને જ જ્ઞાનનો વિષય બનાવે છે. તેની વારંવાર ભાવના ભાવતાં રાગ–દ્વેષની વૃત્તિ સ્વયં ક્રમે ક્રમે ટળી જાય છે. ૪૬.

હવે બહિરાત્મા અને અન્તરાત્માના ત્યાગગ્રહણના વિષયને સ્પષ્ટ કરતાં કહે છે :—

**શ્લોક ૪૭**

**અન્વયાર્થ :** (मूढः) મૂર્ખ બહિરાત્મા (बहिः) બાહ્ય પદાર્થોનો (त्यागादाने करोति) ત્યાગ અને ગ્રહણ કરે છે, (आत्मवित्) આત્માના સ્વરૂપને જાણનાર અન્તરાત્મા (अध्यात्मं

મૂઢ બહિર ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;
નિષ્ઠિતાત્મને ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય. ૪૭.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**टीका**—मूढो बहिरात्मा त्यागोपादाने करोति। क्व? बहिर्बाह्ये हि वस्तुनि द्वेषोदयादभिलाषाभावान्मूढात्मा त्यागं करोति रागोदयात्तत्राभिलाषोत्पत्तेरुपादामिति। आत्मवित् अन्तरात्मा पुनरध्यात्मनि स्वात्मरूप एव त्यागोपादाने करोति। तत्र हि त्यागोरागद्वेषादेरन्तर्जल्पविकल्पादेर्वा। स्वीकारश्चिदानन्दादेः। यस्तु निष्ठितात्मा कृतकृत्यात्मा तस्य अन्तर्बहिर्वा नोपादानं तथा न त्यागोऽन्तर्बहिर्वा॥४७॥

---

त्यागादाने करोति) અંતરંગ રાગ–દ્વેષનો ત્યાગ અને સમ્યક્રત્નત્રયરૂપ આત્મસ્વરૂપનું ગ્રહણ કરે છે, પરંતુ (निष्ठितात्मनः) શુદ્ધસ્વરૂપમાં સ્થિત આત્માને (अन्तः बहिः) અંતરંગ અને બહિરંગ કોઈપણ પદાર્થનો (न त्यागः) ન તો ત્યાગ હોય છે અને (न उपादानं) ન તો ગ્રહણ હોય છે.

**ટીકા :** મૂઢ બહિરાત્મા ત્યાગ–ગ્રહણ કરે છે, શામાં (કરે છે)? બહારમાં એટલે બાહ્ય વસ્તુમાં; દ્વેષના ઉદયને લીધે અભિલાષાના અભાવના કારણે મૂઢાત્મા (બહિરાત્મા) તેનો (બાહ્ય વસ્તુનો) ત્યાગ કરે છે અને રાગનો ઉદય થતાં તેની અભિલાષાની ઉત્પત્તિના કારણે તેનું (બાહ્ય વસ્તુનું) ગ્રહણ કરે છે; પરંતુ આત્મવિદ્ એટલે અન્તરાત્મા આત્મામાં જ અર્થાત્ આત્મસ્વરૂપ વિશે જ ત્યાગ ગ્રહણ કરે છે. ત્યાં ત્યાગ તો રાગ–દ્વેષાદિનો કે અન્તર્જલ્પરૂપ વિકલ્પાદિનો અને સ્વીકાર (ગ્રહણ) ચિદાનંદાદિનો હોય છે.

જે નિષ્ઠિતાત્મા અર્થાત્ કૃતકૃત્ય આત્મા છે તેને અન્તરાત્મા કે બાહ્યમાં (કાંઈ) ગ્રહણ નથી તથા અંતરમાં કે બાહ્યમાં (કાંઈ) ત્યાગ નથી.

**ભાવાર્થ :** બહિરાત્મા, જે પદાર્થ ઇષ્ટ લાગે છે તેને ગ્રહણ કરવા ઇચ્છે છે અને જે પદાર્થ અનિષ્ટ લાગે છે તેનો ત્યાગ કરવા ઇચ્છે છે. વાસ્તવમાં[૧] કોઈ જ્ઞાની કે અજ્ઞાની બાહ્ય પદાર્થોના ગ્રહણ–ત્યાગ કરી શકતો જ નથી, છતાં બહિરાત્મા તેના ગ્રહણ–ત્યાગ કરવાનું માને છે, એ તેની મૂઢતા છે.

અંતરાત્મા આત્મસ્વરૂપમાં જ ગ્રહણ–ત્યાગ કરે છે, અર્થાત્ તે બાહ્ય પદાર્થોથી ચિત્તવૃત્તિ હઠાવી સ્વસન્મુખ થઈ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ગ્રહણ કરે છે; તેમ કરતાં રાગ–દ્વેષાદિનો કે વિકલ્પાદિનો સ્વયં ત્યાગ થઈ જાય છે. રાગાદિની અનુત્પત્તિ તે જ ત્યાગ છે.

શુદ્ધસ્વરૂપમાં સ્થિત આત્મા (નિષ્ઠિતાત્મા) કૃતકૃત્ય હોવાથી તેને બાહ્ય યા અંતરંગ કોઈ પણ વિષયમાં ગ્રહણ–ત્યાગની પ્રવૃત્તિ હોતી નથી. તે તો પોતાના ચિદાનંદસ્વરૂપમાં સદા સ્થિર રહે છે.

---

૧. જુઓ–શ્રી સમયસાર, ગુ. આવૃત્તિ ગાથા ૪૦૬ અને 'સમાધિતંત્ર' શ્લોક ૨૦નો 'વિશેષ' પૃ. ૩૮

अन्तरस्त्यागोपादाने वा कुर्वाणोऽन्तरात्मा कथं कुर्यादित्याह–

युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत्।
मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम्॥४८॥

**टीका**—आत्मानं युञ्जीत सम्बद्धं कुर्यात्। केन सह? मनसा मानसज्ञानेन

## વિશેષ

બહિરાત્માને અંદરના ચૈતન્ય–તત્ત્વનું જ્ઞાન નથી. તેને સ્વ–પરનું ભેદજ્ઞાન નથી; જે બાહ્ય પદાર્થો દેખે છે તેની સાથે એકતાબુદ્ધિ કરે છે. તેમાં ઈષ્ટ–અનિષ્ટની કલ્પના કરી રાગ–દ્વેષભાવથી તેનાં ગ્રહણ–ત્યાગ કરવા ઝંખે છે, પરંતુ બાહ્ય પદાર્થોનાં ગ્રહણ–ત્યાગ તેને આધીન નથી. તે પદાર્થો તો પોતાના કારણે આવે છે અને જાય છે. ઊંધી માન્યતાને લીધે તેનાં બાહ્ય ગ્રહણ–ત્યાગ રાગ–દ્વેષગર્ભિત છે. તેના અભિપ્રાયમાં આત્મસ્વભાવનો ત્યાગ અને વિભાવ તથા પરભાવોનું ગ્રહણ છે.

અંતરાત્માને અભિપ્રાયમાં–માન્યતામાં પર પદાર્થોનાં ગ્રહણ–ત્યાગ જ નથી. અસ્થિરતાને લીધે થોડી રાગ–દ્વેષની વૃત્તિ ઊઠે, પણ તેને તેની સાથે એકતા નથી–સ્વામીપણું નથી. આ વૃત્તિ પણ, આત્મસ્વરૂપનું ગ્રહણ થતાં–તેમાં સ્થિર થતાં, સ્વયં શમી જાય છે–નષ્ટ થાય છે. ૪૭.

અંતરમાં ત્યાગ–ગ્રહણ કરનાર અન્તરાત્મા કેવી રીતે કરે તે કહે છે :—

### શ્લોક ૪૮

**અન્વયાર્થ :** અંતરાત્મા (आत्मानं) આત્માને (मनसा) ભાવમન સાથે (युञ्जीत) યોજે (જોડે) અને (वाक्‌कायाभ्याम्) વચન અને કાયાથી (वियोजयेत्) અલગ કરે (तु) અને (वाक्‌काययोजितम्) વાણી અને કાયાથી યોજાયેલા (व्यवहार) વ્યવહારને (मनसा) ભાવમનથી (त्यजेत्) તજે અર્થાત્ તેમાં મન લગાવે નહિ.

**ટીકા :** (તે અન્તરાત્મા) આત્માને યોજે એટલે સંબંધ કરે, કોની સાથે? મન સાથે એટલે માનસજ્ઞાન (ભાવમન) સાથે, –'મન તે આત્મા છે' એવો અભેદરૂપ અધ્યવસાય (માન્યતા) કરે,

---

જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,
વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ. ૪૮.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**चित्तमात्मेत्यभेदेनाध्यवसेदित्यर्थः। वाक्कायाभ्यां तु पुनर्वियोजयेत् पृथक्कुर्यात् वाक्काययोरात्माभेदाध्यवसायं न कुर्यादित्यर्थः। एतच्च कुर्वाणो व्यवहारं तु प्रतिपाद्यप्रतिपादकभावलक्षणं प्रवृत्तिनिवृत्तिरूपं वा। वाक्काययोजितं वाक्कायाभ्यां योजितं सम्पादितं। केन सह? मनसा सह मनस्यारोपितं व्यवहारं मनसा त्यजेत् चित्तेन न चिन्तयेत्॥४८॥**

એવો અર્થ છે–અને વાણી તથા કાયથી તેને (આત્માને) વિયુક્ત કરે–પૃથક્ કરે, અર્થાત્ વાણી અને કાયામાં આત્માનો અભેદરૂપ અધ્યવસાય કરે નહિ–એવો અર્થ છે; અને તેમ કરનાર, વાક્–કાયયોજિત અર્થાત્ વાણી–કાયદ્વારા યોજિત અર્થાત્ સમ્પાદિત 'પ્રતિપાદ્ય' પ્રતિપાદકભાવરૂપ (શિષ્ટ–ગુરુ સંબંધરૂપ) પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ વ્યવહારને, કોની સાથે (યોજિત)? મન સાથે અર્થાત્ મનમાં આરોપિત વ્યવહારને, મનથી તજે અર્થાત્ મનમાં ચિંતવે નહિ.

**ભાવાર્થ :** અંતરાત્મા ભાવમનને વાણી અને દેહની ક્રિયા તરફથી (પ્રવૃત્તિથી) વિયુક્ત કરીને–અલગ કરીને આત્મસ્વરૂપમાં લગાડે અર્થાત્ તેની સાથે અભેદ કરે–તલ્લીન કરે અને વાણી તથા કાય–દ્વારા યોજિત પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ વ્યવહારને મનમાંથી તજે અર્થાત્ તેનો વિચાર છોડી દે.

## વિશેષ

વાણી–કાયની પ્રવૃત્તિ તે જડની ક્રિયા છે, આત્મા તે કરી શકતો નથી. અન્તરાત્માને ભેદજ્ઞાન છે, તેથી તે પોતાના ઉપયોગને વાણી–કાયની ક્રિયા તરફથી હઠાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે.

જ્યાં સુધી જીવ વચન–કાયથી ક્રિયા સાથે એકતાબુદ્ધિ કરે–તેને આત્માની ક્રિયા સમજે, ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છૂટી સ્વસન્મુખ વળે નહિ અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહિ.

ઉપયોગદ્વારા સ્વનું ગ્રહણ કરવામાં જ સમસ્ત પરદ્રવ્યોનો અને પરભાવોનો સ્વયં ત્યાગ થઈ જાય છે.

નીચલી ભૂમિકામાં જ્ઞાનીનો ઉપયોગ કદાચિત્ અસ્થિરતાને લીધે વાણી કાયની ક્રિયાદ્વારા પર સાથેના વ્યવહારમાં જોડાય છે, પણ તેમાં તેને કર્તૃત્વબુદ્ધિનો અભાવ છે–અભિપ્રાયમાં તેનો નિષેધ છે. જેમ રોગીને કડવી દવા પ્રત્યે અરુચિ હોય છે, તેમ તેને તે પ્રત્યે ઉદાસીનતા હોય છે; તેથી જ્ઞાનીનો ઉપયોગ શરીરાદિની ક્રિયામાં જોડાયેલો દેખાય, છતાં તે નહિ જોડાયેલા સમાન છે.

શરીર–વાણીની ક્રિયા વિષે એકતા બુદ્ધિનો–આત્મબુદ્ધિનો ત્યાગ અને શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ તે અંતરાત્માનાં અંતરંગ ત્યાગ ગ્રહણ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ननु पुत्रकलत्रादिना सह वाक्कयव्यवहारे तु सुखोत्पत्तिः प्रतीयते कथं तत्त्यागो युक्त इत्याह—

जगद्देहात्मदृष्टिना विश्वास्यं रम्यमेव च।
स्वात्मन्येवात्मदृष्टिनां क्व विश्वासः क्व वा रतिः।।४९।।

**टीका**—देहात्मदृष्टिनां बहिरात्मनां जगत् पुत्रकलत्रादिप्राणिगणो विश्वास्यमवञ्चकं। रम्यमेव च रमणीयमेव प्रतिभाति। स्वात्मन्येव स्वस्वरूपे एवात्मदृष्टिनां अन्तरात्मनां क्व विश्वासः क्व वा रतिः ? न क्वापि पुत्रकलत्रादौ तेषां विश्वासो रतिर्वा प्रतिभातीत्यर्थः।।४९।।

---

અહીં વ્યવહારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે. તે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી. ૪૮.

પુત્ર–સ્ત્રી આદિ સાથેના વાણી–કાયના વ્યવહારમાં તો સુખની ઉત્પત્તિની પ્રાપ્તિ થાય છે, તો તેનો (વ્યવહારનો) ત્યાગ કેવી રીતે યોગ્ય છે? તે કહે છે :—

**શ્લોક ૪૯**

**અન્વયાર્થ** : (देहात्मदृष्टिनां) દેહમાં આત્મબુદ્ધિ રાખનાર મિથ્યાદ્રષ્ટિ બહિરાત્માઓને (जगत्) સ્ત્રી–પુત્ર–મિત્રાદિના સમૂહરૂપ જગત્ (विश्वास्यं) વિશ્વાસ કરવા યોગ્ય (च) અને (रम्यं एव) રમણીય જ ભાસે છે. પરંતુ (स्वात्मनि एवात्मदृष्टिनां) પોતાના આત્મામાં જ આત્મદ્રષ્ટિ રાખનાર સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્માને (क्व विश्वासः) સ્ત્રી–પુત્રાદિરૂપ જગત્‌માં કેમ વિશ્વાસ હોઈ શકે? (वा) અથવા (क्व रतिः) કેમ રતિ હોઈ શકે? કદી પણ નહિ.

**ટીકા** : દેહમાં આત્મદ્રષ્ટિવાળા બહિરાત્માઓને પુત્ર–ભાર્યાદિ પ્રાણીસમૂહરૂપ જગત્ વિશ્વાસ કરવા યોગ્ય અર્થાત્ અવંચક (નહિ ઠગનારું) તથા રમ્ય જ એટલે રમણીય જ પ્રતિભાસે છે.

સ્વાત્મામાં જ એટલે સ્વસ્વરૂપમાં જ આત્મદ્રષ્ટિવાળા અન્તરાત્માઓને વિશ્વાસ ક્યાં કે રતિ ક્યાં? તેમને પુત્ર–સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ કે રતિ પ્રતિભાસતી નથી–એવો અર્થ છે.

---

દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;
નિજમાં આતમદ્રષ્ટિને ક્યમ રતિ? ક્યમ વિશ્વાસ? ૪૯.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



नन्वेवमाहारादावप्यन्तरात्मनः कथं प्रवृत्तिः स्यादित्याह—

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः ॥५०॥**

**ભાવાર્થ** : જેને દેહમાં આત્મબુદ્ધિ છે તેને સ્ત્રી–પુત્ર–મિત્રાદિરૂપ જગત્ જ વિશ્વાસયોગ્ય અને રમ્ય–સુખદાયક લાગે છે અને તેથી તે તેમની સાથે વાણી કાયનો વ્યવહાર કરવાનો વિકલ્પ કરે છે.

જ્ઞાનીને સ્ત્રી–પુત્રાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ નથી, તેમાં તેને વાસ્તવિક સુખ ભાસતું નથી અને તે વિશ્વાસયોગ્ય તથા રમણીય લાગતા નથી, તેથી તેને તેમની સાથે વચન–વ્યવહાર અને શરીર–વ્યવહારનો, અભિપ્રાયમાં, ત્યાગ વર્તે છે. આત્મા જ તેને વિશ્વાસ કરવા યોગ્ય અને રમ્ય જણાય છે અને તેમાં જ વાસ્તવિક સુખ ભાસે છે. તેથી તે જગતના પદાર્થોમાં સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે? ન જ કરે.

**વિશેષ**

અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે, પણ તે સંયોગો પલટતાં યા તેનો વિયોગ થતાં તેના કલ્પેલા સુખનો અંત આવે છે. એ રીતે બાહ્ય સંયોગોના વિશ્વાસે તે છેતરાય–ઠગાય છે. વાસ્તવમાં અનુકૂળ કે પ્રતિકૂળ લાગતા સંયોગોમાં ક્યાંય સુખ નથી, છતાં તેમાં સુખ માની ઠગાઈ જાય છે.

ચિદાનંદ.

જ્ઞાનીને પોતાનો આત્મા જ ઈષ્ટ છે–વહાલો છે. તેને જગત–જગતના પદાર્થો વહાલા–સુખરૂપ લાગતા નથી. સમકિતી ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય અને હજારો રાણીઓ વગેરેનો સંયોગ હોય છે, પણ તેમાં તેને સુખ માટે સ્વપ્નેય વિશ્વાસ નથી. તેને તો પોતાના ચૈતન્યાત્માનો જ વિશ્વાસ છે અને તેમાં જ સુખ ભાસે છે. તેને 'જગત ઈષ્ટ નહિ આત્મથી.' ૪૯.

એવી રીતે હોય તો આહારાદિમાં પણ અન્તરાત્માની પ્રવૃત્તિ કેમ થાય? તે કહે છે :—

**શ્લોક ૫૦**

**અન્વયાર્થ** : અન્તરાત્મા (आत्मज्ञानात् परं) આત્મજ્ઞાનથી ભિન્ન (कार्यं) કોઈ કાર્યને

---

આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;
કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ તત્પર નો'ય. ૫૦.

૧૪

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**टीका**—चिरं बहुतरं कालं बुद्धौ न धारयेत्। किं तत्? कार्य। कथम्भूतम्? परमन्यत्। कस्मात्? आत्मज्ञानात्। आत्मज्ञानलक्षणमेव कार्यं बुद्धौ चिरं धारयेदित्यर्थः। परमपिकिञ्चिद् भोजनव्याख्यानादिकं वाक्कायाभ्यां कुर्यात्। कस्मात्? अर्थवशात् स्वपरोपकारलक्षणप्रयोजनवशात्। किं विशिष्टः? अतत्परस्तदनासक्तः ॥५०॥

(चिरं) લાંબા સમય સુધી (बुद्धौ) પોતાની બુદ્ધિમાં (न धारयेत्) ધારણ કરે નહિ. જો (अर्थवशात्) પ્રયોજનવશાત્ (वाक्कायाभ्याम्) વચન-કાયથી (किंचित् कुर्यात्) કંઈપણ કરવાનો વિકલ્પ કરે તો તે (अतत्परः) અનાસક્ત થઈ કરે.

**ટીકા :** ચિરકાળ સુધી એટલે બહુ લાંબાકાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે. શું તે? કાર્ય. કેવું (કાર્ય)? પર એટલે અન્ય. કોનાથી (અન્ય)? આત્મજ્ઞાનથી (અન્ય). આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે એવો અર્થ છે, પરંતુ બીજું કિંચિત્ અર્થાત્ ભોજન-વ્યાખ્યાનાદિકરૂપ કાર્યને વચન-કાયદ્વારા કરે. શાથી? પ્રયોજનવશ અર્થાત્ સ્વ-પરના ઉપકારરૂપ પ્રયોજનવશ (કરે). કેવા થઈને (તે કરે)? અતત્પર થઈને અર્થાત્ તેમાં અનાસક્ત થઈને કરે.

**ભાવાર્થ :** જ્ઞાની પોતાના ભાવમનને (ઉપયોગને) આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે; આત્મજ્ઞાનથી કોઈ અન્ય વ્યવહારિક કાર્યમાં લાંબા વખત સુધી રોકતો નથી. કદાચ પ્રયોજનવશાત્ અર્થાત્ સ્વ-પરના ઉપકારાર્થે અસ્થિરતાને લીધે વચન-કાય દ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે, તો તેમાં તેને અતન્મયભાવ વર્તે છે.

## વિશેષ

ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે. કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે અને પ્રયોજનવશાત્ આહાર-ઉપદેશાદિનો વિકલ્પ આવે, તો તે કાર્ય અનાસક્તિ ભાવે (અતન્મય ભાવે) થાય છે. તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી-ભાવના નથી. કાર્યને અંગે શરીર-વાણીની જે ક્રિયા થાય છે તેમાં તેને એકતા-બુદ્ધિ કે કર્તા-બુદ્ધિ તો નથી જ, પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઈ હું શુદ્ધાત્માને ક્યારે અનુભવું, એવી તેને નિરંતર ભાવના હોય છે, આ ભાવનાના બળથી તેનો ઉપયોગ બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી, ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.

જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે અને વચન-કાયની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે, પણ પોતાના જ્ઞાન-સ્વભાવને ભૂલે તેવી તેનામાં આસક્તિ હોતી નથી.

સહજ ચિદાનંદ

कुतः पुनरात्मज्ञानमेव बुद्धौ धारयेन्नशरीरादिकमित्याह—

यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः।
अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम्॥५१॥

**टीका**—यच्छरीरादिकमिन्द्रियैः पश्यामि तन्मे नास्ति मदीयं रूपं तन्न भवति तर्हि किं तव रुपम्? तदस्तु ज्योतिरुत्तमं ज्योतिर्ज्ञानमुत्तममतीन्द्रियम्। तथा सानन्दं

---

જ્ઞાનીને બાહ્ય વચન-કાયની પ્રવૃત્તિ હોવા છતાં, તેને અંતરંગમાં દૃઢ માન્યતા છે કે :—

"હું દેહ-મન-વાણી નથી, હું તેમનો કર્તા નથી, તેમનો કરાવનાર નથી કે અનુમોદનાર નથી......હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે; માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું."[૧]

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને જ્ઞાનચેતનાનું નિરંતર પરિણમન હોય છે, તેથી તે ખાવા-પીવામાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં, વ્યાપારમાં લડાઈ વગેરે સંસારના કાર્યોમાં, બાહ્યદૃષ્ટિએ રોકાયેલા લાગે, છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાં તે જલ-કમલવત્ ન્યાયે રહે છે. ૫૦.

અનાસક્ત (અંતરાત્મા) આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહિ, એમ કેમ બને? તે કહે છે :—

### શ્લોક ૫૧

**અન્વયાર્થ :** (यत्) જે એટલે શરીરાદિ બાહ્ય પદાર્થ (इन्द्रियैः) ઇન્દ્રિયોદ્વારા (पश्यामि) હું દેખું છું (तत्) તે (मे न अस्ति) મારા નથી-મારું સ્વરૂપ નથી, પણ (नियतेन्द्रियः) ભાવ ઇન્દ્રિયોને બાહ્ય વિષયોથી રોકી (यत्) જે (उत्तमं) ઉત્કૃષ્ટ અતીન્દ્રિય (सानन्दं ज्योति) આનંદમય જ્ઞાન-જ્યોતિને (अन्तः) અંતરંગમાં (पश्यामि) હું દેખું છું-તેનો અનુભવ કરું છું, (तत् मे) તે મારું વાસ્તવિક સ્વરૂપ (अस्तु) હો!

**ટીકા :** જે એટલે શરીરાદિને હું ઇન્દ્રિયોથી જોઉં છું, તે મારું નથી અર્થાત્ તે મારું સ્વરૂપ નથી. તો તારું રૂપ શું? તે ઉત્તમ જ્યોતિ હો-જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે

૧. જુઓ—શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૬૦ અને ટીકા.

ઇન્દ્રિદૃશ્ય તે મુજ નહીં, ઇન્દ્રિય કરી નિરુદ્ધ,
અંતર જોતાં સૌખ્યમય શ્રેષ્ઠ જ્યોતિ મુજ રૂપ. ૫૧.

परमप्रसत्तिसमुद्भूतसुखसमन्वितम्। एवं विधिं ज्योतिरन्तः पश्यामि स्वसंवेदनेनानुभवामि यत्तन्मे स्वरूपमस्तु भवतु। किं विशिष्टः पश्यामि? नियतेन्द्रियो नियन्त्रितेन्द्रियः॥५१॥

ननु सानन्दं ज्योतिर्यद्यात्मनोरूपं स्यात्तदेन्द्रियनिरोधं कृत्वा तदनुभवतः कथं दुःखं स्यादित्याह—

અતીન્દ્રિય તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતા (પ્રશાંતિ)થી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત (છે) એવા પ્રકારની જે જ્યોતિને (જ્ઞાન-પ્રકાશને) અંતરંગમાં હું જોઉં છું-સ્વસંવેદનથી હું અનુભવું છું, તે મારું સ્વરૂપ અસ્તુ-હો. હું કેવો થઈને જોઉં છું? ઇન્દ્રિયોને સંયમિત કરીને (બાહ્ય વિષયોથી ઇન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઈને અર્થાત્ ઇન્દ્રિયોને કાબુમાં રાખીને (હું જોઉં છું).

**ભાવાર્થ :** અન્તરાત્મા વિચારે છે કે :—

'ઇન્દ્રિયો દ્વારા જે શરીરાદિ બાહ્ય પદાર્થો દેખાય છે તે હું નથી. તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાન-જ્યોતિ છે. જ્યારે હું ભાવ-ઇન્દ્રિયોને નિયન્ત્રિત કરીને અર્થાત્ બાહ્ય વિષયોથી હઠાવીને અંતર્મુખ થાઉં છું, ત્યારે હું જ્ઞાનસ્વરૂપ આત્માને જોઈ શકું છું-સ્વસંવેદનથી અનુભવી શકું છું.'

**વિશેષ**

જે ઇન્દ્રિયો દ્વારા દેખાય છે તે આત્માનું સ્વરૂપ નથી. તે તો જડનું-પુદ્ગલનું સ્વરૂપ છે. તે આત્મા નથી, અનાત્મા છે. આત્મા અનાત્માના ભેદ-વિજ્ઞાન દ્વારા જ્ઞાની, શરીરાદિક પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષા કરી, ઉપયોગને ત્યાંથી હઠાવી સ્વસન્મુખ કરે છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.

જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન હોવાથી તે આત્મ-વિષયમાં જ રમવાની ભાવના કરે છે; બાહ્ય વિષયોમાં વિચરવાનું પસંદ કરતો નથી.

માટે અંતરાત્માને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં અનાસક્તિ હોય છે. તે જ્ઞાનસ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે. ૫૧.

જો આનંદમય જ્યોતિ (જ્ઞાન) તે આત્માનું સ્વરૂપ હોય, તો ઇન્દ્રિયોનો નિરોધ કરીને તેનો અનુભવ કરનારને દુઃખ કેવી રીતે હોઈ શકે? તે કહે છે :—

सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि।
बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः ॥५२॥

**टीका**—बहिर्बाह्यविषये सुखं भवति। कस्य ? आरब्धयोगस्य प्रथममात्मस्वरूपभावनोद्यतस्य। अथ आह। आत्मनि आत्मस्वरूपे दुःखं तस्य भवति। भावितात्मनो यथावद्विदितात्मस्वरूपे कृताभ्यासस्य। बहिरेव बाह्यविषयेष्वेवाऽसुखं भवति। अथ आह। सौख्यं अध्यात्मं तस्याध्यात्मस्वरूप एव भवति॥५२॥

### શ્લોક ૫૨

**અન્વયાર્થ** :—(आरब्धयोगस्य) યોગનો અભ્યાસ શરૂ કરનારને (बहिः) બાહ્ય વિષયોમાં (सुखं) સુખ લાગે છે, (अथ) અને (आत्मनि) આત્મસ્વરૂપને વિષે (दुःखं) દુઃખ પ્રતીત થાય (भावितात्मनः) આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને–સારા અભ્યાસીને (बहिः एव) બાહ્ય પદાર્થોમાં જ (असुखं) દુઃખ થાય છે અને (अध्यात्मं) આત્મસ્વરૂપમાં (सौख्यम्) સુખનો અનુભવ થાય છે.

**ટીકા** :—બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે. કોને? યોગનો આરંભ કરનારને અર્થાત્ પ્રથમ વાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે–આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં (તેની ભાવનામાં) દુઃખ (મુશ્કેલી) લાગે છે, પણ ભાવિતાત્મને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપના (–તેની ભાવનાના) અભ્યાસીને, બાહ્યમાં જ એટલે બાહ્ય વિષયોમાં જ અસુખ (દુઃખ) ભાસે છે; અને કહે છે–આત્મામાં એટલે તેના અધ્યાત્મસ્વરૂપમાં જ (–તેની ભાવનામાં જ) સુખ લાગે છે.

**ભાવાર્થ** :—યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમ વાર અનુભવ કરવાનો આરંભ કરનારને બાહ્ય વિષયોમાં સુખ જેવું લાગે છે અને આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસમાં દુઃખ જેવું જણાય છે, પરંતુ જ્યારે તેની પરિપક્વ અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષયો અસુખરૂપ પ્રતીત થાય છે અને આત્મસ્વરૂપમાં જ સુખ પ્રતિભાસે છે.

યોગનો અભ્યાસ શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી અને તેથી તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.

પ્રારંભે સુખ બાહ્યમાં, દુખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને દુખ બહિરૂ, સુખ નિજઆતમમાંય. ૫૨.

तद्भावना चेत्थं कुर्यादित्याह—

तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत्।
येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत्।।५३।।

**टीका**—तत् आत्मस्वरूपं ब्रूयात् परं प्रति प्रतिपादयेत्। तदात्मस्वरूपं परान् विदितात्मस्वरूपान् पृच्छेत्। तथा तदात्मस्वरूपं इच्छेत् परमार्थतः सन् मन्येत्। तत्परो भवेत्

આત્મ-ભાવનાનો અભ્યાસ જ્યારે તેને પરિપક્વ થાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. હવે તેને બાહ્ય વિષયો બધા નીરસ લાગે છે; તેને તે ઉપરથી રુચિ ઊઠી જાય છે અને આત્મસ્વરૂપમાં જ વિહરવું ગમે છે.

માટે શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :—

"હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થા અને શરીરાદિક મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ, તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર; તારા આત્માના ચૈતન્ય-વિલાસને દેખતાં જ આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલો દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ છૂટી જશે."[1] ૫૨.

તે ભાવના આ રીતે કરવી-તે કહે છે :—

### શ્લોક ૫૩

**અન્વયાર્થ** :—(तत् ब्रूयात्) તે એટલે આત્મસ્વરૂપની વાત કરવી, (तत् परान् पृच्छेत्) તે સંબંધી આત્માનુભવી પુરુષોને પૂછવું, (तत् इच्छेत्) તેની ઇચ્છા કરવી-તેની પ્રાપ્તિને પોતાનું ઇષ્ટ બનાવવું અને (तत्परः भवेत्) તેમાં એટલે આત્મસ્વરૂપની ભાવનામાં તત્પર-સાવધાન રહેવું, (येन) જેથી (अविद्यामयं रूपं) અજ્ઞાનમય બહિરાત્મરૂપનો (त्यक्त्वा) ત્યાગ કરીને (विद्यामयं व्रजेत्) જ્ઞાનમયરૂપની એટલે પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાય.

**ટીકા** :—તે આત્મસ્વરૂપ કહેવું એટલે બીજાને સમજાવવું; બીજાઓને એટલે જેમણે આત્મસ્વરૂપ જાણ્યું હોય તેમને તે આત્મસ્વરૂપ પૂછવું તથા તે આત્મસ્વરૂપની ઇચ્છા કરવી અર્થાત્ પરમાર્થસ્વરૂપે તેને માનવું, તેમાં તત્પર રહેવું અર્થાત્ આત્મસ્વરૂપની ભાવનાનો આદર

૧. જુઓ : શ્રી સમયસાર-કલશ ૨૩

તત્પર થઈ તે ઇચ્છવું, કથન-પૃચ્છના એ જ;
જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ. ૫૩.

आत्मस्वरूपभावनादरपरो भवेत्। येनात्मस्वरूपेणेत्थं भावितेन। अविद्यामयं स्वरूपं बहिरात्मस्वरूपम् त्यक्त्वा विद्यामयं रूपं व्रजेत्॥५३॥

કરવો; જેથી, એટલે આવી રીતે આત્મસ્વરૂપની ભાવના કરવાથી, અવિદ્યામય સ્વરૂપનો એટલે બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરીને વિદ્યામય રૂપ એટલે કે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરાય.

**ભાવાર્થ** :—આત્મસ્વરૂપની ભાવના કેવી રીતે કરવી? તે પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય આત્માર્થીને ઉદ્દેશીને કહે છે કે :—

આત્મસ્વરૂપ બીજાઓને સમજાવવું, જેમણે આત્મસ્વરૂપ જાણ્યું છે તેમને તેના જ વિષે પૂછી તે જાણવું, તેની જ ઇચ્છા રાખવી અર્થાત્ તેને એકને જ પરમાર્થ સત્ય માનવું અને આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર લાગ્યા રહેવું. આમ કરવાથી બહિરાત્મસ્વરૂપનો–અવિદ્યામય સ્વરૂપનો નાશ થશે. પરમાત્મ–સ્વરૂપની એટલે જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થશે.

## વિશેષ

(૧) આત્મા સંબંધી જ વાત કર, સંસાર સંબંધી કાંઈ પણ વાત ન કર. તેમ કરવાથી બહારમાં ભમતો તારો ઉપયોગ તત્ત્વ–નિર્ણય તરફ વળશે.

(૨) આત્મા સંબંધી વધુ જ્ઞાન માટે વિશેષ જ્ઞાનીઓને પૂછ; તેથી આત્મા સંબંધી તારી શ્રદ્ધા સ્પષ્ટ થઈને દ્રઢ થશે અને જ્ઞાન નિર્મળ થશે.

(૩) આત્મ–પ્રાપ્તિની જ ભાવના કર, બીજા કોઈ પર પદાર્થની કે ઇન્દ્રિય–વિષયના સુખની ઇચ્છા ન કર; એમ કરવાથી બાહ્ય ઇન્દ્રિય–સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે.

(૪) આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર અભિરત બન.

આવી રીતે જ્ઞાનમાં, શ્રદ્ધામાં અને આચારમાં એક આત્માને જ વિષય બનાવ; બીજા કોઈ બાહ્ય પદાર્થને તારા જ્ઞાનનો વિષય ન બનાવ. શ્રીમદ્ રાજચન્દ્રે કહ્યું છે કે :—

**‘કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.’[1]**

આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. તેની પ્રાપ્તિ જ કરવા યોગ્ય છે. તે સિવાય અન્ય પદાર્થોનો વિચાર મનના રોગ સમાન છે.

એવી રીતે સમજીને ધગશ અને ઉત્સાહપૂર્વક જો તું આત્મ–ભાવના કરીશ, તો અવિદ્યાનો–અજ્ઞાનતાનો નાશ થશે અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે.

૧. જુઓ–શ્રીમદ્ રાજચંદ્રકૃત ‘આત્મસિદ્ધિ’.

ननु वाक्यायव्यतिरिक्तस्यात्मनोऽसम्भवात् तद्ब्रूयादित्याद्ययुक्तमिति वदन्तं प्रत्याह—

शरीरे वाचि चात्मानं सन्धत्ते वाक्शरीरयोः।
भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषांनिबुध्यते।।५४।।

"તે જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ અવિદ્યાનો–અજ્ઞાનનો નાશ કરનાર છે તથા મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે; માટે મુમુક્ષુઓએ તેના વિષયમાં જ પૂછવું, તેની પ્રાપ્તિની અભિલાષા કરવી તથા તેનો અનુભવ કરવો."[૧]

વળી શ્રી અમિતગતિ આચાર્યકૃત 'યોગસાર'માં કહ્યું છે કે :—

"જે પુરુષ વિદ્વાન છે તેને તે આત્મ–પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યયન કરવું યોગ્ય છે; તે ધ્યાન કરવા યોગ્ય, આરાધના કરવા યોગ્ય, પૂછવા યોગ્ય, સાંભળવા યોગ્ય, અભ્યાસ યોગ્ય, ઉપાર્જન કરવા યોગ્ય, જાણવા યોગ્ય, કહેવા યોગ્ય, પ્રાર્થના યોગ્ય, શિક્ષાયોગ્ય, દેખવા યોગ્ય અને સ્પર્શવા યોગ્ય છે, કારણ કે તેમ કરવાથી આત્મા સદા સ્થિરપણાને પામે છે."[૨] ૫૩

વાણી–શરીરથી ભિન્ન આત્માનો અસંભવ હોવાથી તેને વિષે બોલવું (પૃચ્છા કરવી) ઈત્યાદિ યોગ્ય નથી–એમ બોલનાર પ્રતિ કહે છે :—

### શ્લોક ૫૪

**અન્વયાર્થ :**—(वाक्शरीरयोः भ्रान्तः) વચન અને શરીરમાં જેને આત્મભ્રાન્તિ છે તેવો બહિરાત્મા, (वाचि शरीरे च) વચન અને શરીરમાં (आत्मानं संधत्ते) આત્માનું આરોપણ કરે છે અર્થાત્ વચન અને શરીરને આત્મા માને છે; (पुनः) પરંતુ (अभ्रान्तः) વચન અને

૧. જુઓ–ઈષ્ટોપદેશ–શ્લોક ૪૯

अविद्याभिदूरं ज्योतिः परं ज्ञानमयं महत्।
तत्प्रष्टव्यं तदेष्टव्यं तद् दृष्टव्यं मुमुक्षुभिः।।४९।।

૨. अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीयं
पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यमावर्जनीयम्।
वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयं,
दृश्यं स्पृश्यं प्रभवति यतः सर्वदात्मस्थिरत्वम्।।४९।। [શ્રી અમિતગતિ આચાર્યકૃત યોગસાર–શ્લોક ૪૯]

વચ-કાયે જીવ માનતો, વચ-તનમાં જે ભ્રાન્ત;
તત્ત્વ પૃથક્ છે તેમનું—જાણે જીવ નિર્ભ્રાન્ત. ૫૪.

**टीका**—सन्धत्ते आरोपयति। कं आत्मानम्। क्व? शरीरे वाचि च। कोऽसौ मूढः? वाक्शरीरयोर्भ्रान्तो वागात्मा शरीरमात्मेत्येव विपर्यस्तो बहिरात्मा। तयोरभ्रान्तो यथावत्स्वरूपरिच्छेदकोऽन्तरात्मा पुनः एतेषां वाक्शरीरमात्मानं तत्त्वं स्वरूपं पृथक् परस्परभिन्नं निबुद्धयते निश्चिनोति॥५४॥

કાયમાં આત્મભ્રાન્તિ નહિ કરનાર અન્તરાત્મા (एषां तत्त्वं) તેમના (આત્મા અને વાણી–કાયના) સ્વરૂપને (पृथक्) એકબીજાથી ભિન્ન (निबुध्यते) જાણે છે.

**ટીકા** :—સંધાન કરે છે એટલે આરોપે છે. કોને? આત્માને. શામાં? શરીર અને વાણીમાં. તે મૂઢ કોણ છે? વાણી અને શરીરમાં ભ્રાન્તિવાળો અર્થાત્ વાણી તે આત્મા, શરીર તે આત્મા એવી વિપરીત માન્યતાવાળો બહિરાત્મા છે; પરંતુ તે બન્નેમાં જેને ભ્રાન્તિ નથી અર્થાત્ (તે બંનેના) સ્વરૂપને યથાર્થપણે જાણે છે તે અન્તરાત્મા, તેમના એટલે વાણી, શરીર અને આત્માના તત્ત્વને એટલે સ્વરૂપને પૃથક્ એટલે એકબીજાથી ભિન્ન જાણે છે નક્કી કરે છે.

**ભાવાર્થ** :—વાસ્તવમાં શરીર અને વાણી એ પુદ્ગલની રચના છે, તે મૂર્તિક–જડ છે અને આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળાં છે, છતાં અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મ–બુદ્ધિ કરે છે, તેને આત્મા માને છે. એ એનો ભ્રમ છે. આ ભ્રાન્તિને લીધે તે શરીરાદિકની જ ભાવના કરે છે, આત્માની ભાવના કરતો નથી.

જ્ઞાની અંતરાત્માને જડ શરીરાદિક અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદજ્ઞાન છે. તે આત્માને શરીરાદિકથી ભિન્ન જાણે છે. તેને શરીરાદિકમાં આત્મપણાની ભ્રાન્તિ નથી. તે શરીરને શરીર અને આત્માને આત્મા જ સમજે છે, એકનો બીજામાં મેલાપ કરતો નથી. તેને આત્માના અલગ અસ્તિત્વનું ભાન છે; તેથી તે નિરંતર આત્માની જ ભાવના કરે છે.

## વિશેષ

‘દેહાદિ પર પદાર્થ છે તે પર જ છે. તેને પોતાના માનવાથી દુઃખ થાય છે, કિન્તુ આત્મા આત્મા જ છે અર્થાત્ આત્મા પદાર્થ પોતાનો છે, તે કદાચિત્ પણ દેહાદિરૂપ થઈ શકશે નહિ. તેના આશ્રયે જ સુખની પ્રાપ્તિ થાય છે. માટે મહાપુરુષો તેને માટે જ ઉદ્યમશીલ હોય છે.’[૧]

‘હું એક છું, શુદ્ધ છું, અરૂપી જ્ઞાન–દર્શનમય છું, બીજું કંઈ–એક પરમાણુમાત્ર પણ મારું નથી,[૨] એમ જ્ઞાની વિચારે છે.’

૧. જુઓ–ઈષ્ટોપદેશ–૪૫.

૨. “હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.” (૩૮) જુઓ–શ્રી સમયસાર ગુ. આવૃત્તિ

एवमवबुद्धयमानो मूढात्मा येषु विषयेष्वासक्तचित्तो न तेषु मध्ये किञ्चित्तस्योपकारकमस्तीत्याह—

**न तदस्तीन्द्रियार्थेषु यत्क्षेमङ्करमात्मनः।**
**तथापि रमते बालस्तत्रैवाज्ञानभावनात्॥५५॥**

**टीका**—इन्द्रियार्थेषु पंचेन्द्रियविषयेषु मध्ये न तत्किञ्चिदस्ति यत् क्षेमङ्करमुपकारम्। कस्य? आत्मनः। तथापि यद्यपि क्षेमङ्करं किञ्चिन्नास्ति। रमते रतिं करोति कोऽसौ? बालो बहिरात्मा तत्रैव इन्द्रियार्थेष्वेव। कस्मात्? अज्ञानभावनात् मिथ्यात्वसंस्कारवशात्। अज्ञानं भाव्यते जन्यते येनासावज्ञानभावनो मिथ्यात्वसंस्कारस्तस्मात्॥५५॥

---

આવી રીતે જ્ઞાની ભેદજ્ઞાન કરી પર પદાર્થોથી ઉદાસીન થાય છે અને આત્માને તેનાથી પૃથક્ સમજી આત્મસ્વરૂપની ભાવના ભાવે છે. ૫૪.

આવી રીતે (આત્મસ્વરૂપ) નહિ જાણનાર બહિરાત્મા, જે વિષયોમાં તેનું ચિત્ત આસક્ત હોય છે, તેમાં (તે વિષયોમાં) કોઈપણ (વિષય) તેને ઉપકારક નથી. તે કહે છે :—

### શ્લોક ૫૫

**અન્વયાર્થ** :—(इन्द्रियार्थेषु) પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં (तत्) એવો કોઈ પદાર્થ (न अस्ति) નથી (यत्) જે (आत्मनः) આત્માને (क्षेमंकर) હિતકારી–લાભકારી હોય; (तथापि) તેમ છતાં (बालः) અજ્ઞાની બહિરાત્મા (अज्ञानभावनात्) મિથ્યાત્વના સંસ્કારને લીધે (तत्र एव) તેમાં જ એટલે તે ઇન્દ્રિયોના વિષયોમાં જ (रमते) રમે છે–આસક્ત થાય છે.

**ટીકા** :—ઇન્દ્રિયોના પદાર્થોમાં એટલે પાંચે ઇન્દ્રિયોના વિષયો મધ્યે એવું કાંઈ પણ નથી એ ક્ષેમંકર (સુખકર) અર્થાત્ ઉપકારક હોય. કોને? આત્માને; તેમ છતાં અર્થાત્ જો કે કંઈ સુખકર નથી છતાં (તેમાં) રમે છે–રતિ કરે છે. કોણ તે? બાલ (અજ્ઞાની) અર્થાત્ બહિરાત્મા તેમાં જ એટલે ઇન્દ્રિયોના વિષયોમાં જ (રમે છે), શાથી? (રમે છે)? અજ્ઞાન–ભાવનાથી અર્થાત્ મિથ્યાત્વના સંસ્કારવશ (રમે છે), જેનાથી અજ્ઞાન જન્મે–પેદા થાય તે અજ્ઞાનભાવને એટલે મિથ્યાત્વના સંસ્કાર–તેનાથી (ઇન્દ્રિયોના વિષયોમાં રમે છે).

---

ઇન્દ્રિયવિષયે જીવને કાંઈ ન ક્ષેમસ્વરૂપ;
છતાં અવિદ્યાભાવથી રમણ કરે ત્યાં મૂઢ. ૫૫.

**ભાવાર્થ** :—ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઈ પણ વિષય નથી કે જે આત્માને હિતકારી હોય, તેમ છતાં અજ્ઞાની બહિરાત્મા, અનાદિકાળના અવિદ્યાના સંસ્કારને લીધે, તેમાં રતિ કરે છે–આસક્ત રહે છે.

ઇન્દ્રિય–વિષયોનું સુખ તે સુખ નથી. વાસ્તવમાં તે દુઃખ છે, કારણ કે તે પરાધીન છે, આકુળતાવાળું છે, અસ્થિર છે, ક્ષણભંગુર છે, વિચ્છિન્ન છે, પરિણામે દુઃસહ છે અને બંધનું કારણ છે;[1] તેમ છતાં અનાદિ મિથ્યાત્વના સંસ્કારવશ અજ્ઞાની તેની રુચિ કરે છે અને તેની પ્રાપ્તિ માટે ચિંતા કરી રાતદિન તેની પાછળ લાગ્યો રહે છે.

## વિશેષ

વિષયો હિતકારી કે સુખદાયી નથી. તેઓ 'અકિંચિત્કર' છે.

"સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે; તેમાં વિષયો 'અકિંચિત્કર' છે અર્થાત્ કાંઈ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે."[2]

"જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય."[3]

"અજ્ઞાની બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે, તેના ગ્રહણની નિરંતર ઇચ્છાથી સદા આકુલવ્યાકુલ રહે છે. આ આકુળતાનું દુઃખ તેને કેટલીક વખત એટલું અસહ્ય લાગે છે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે તો પણ તેની દરકાર કરતો નથી. એ બતાવે છે કે મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે છે."[4]

એ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં વાસ્તવિક સુખ નહિ હોવા છતાં, અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે અજ્ઞાની તેમાં રત રહે છે. ૫૫.

---

૧. જુઓ–શ્રી પ્રવચનસાર ગાથા–૭૬ અને ટીકા–ભાવાર્થ (ગુ. આવૃત્તિ)

પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. (૭૬)

૨. શ્રી પ્રવચનસાર–ગા. ૬નો ભાવાર્થ.

૩. વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ વ્યાપાર તો નહિ વિષયો વિષે. (૬૪)
(શ્રી પ્રવચનસાર ગુ. આવૃત્તિ–ગાથા ૬૪)

૪. જુઓ : મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૫૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तथा अनादिमिथ्यात्वसंस्कारे सत्येवम्भूता बहिरात्मनो भवन्तीत्याह—

**चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु।**
**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति।।५६।।**

**टीका**—चिरमनादिकालं मूढात्मानो बहिरात्मानः सुषुप्ता अतीव जडतां गताः। केषु? कुयोनिषु नित्यनिगोदादिचतुरशीतिलक्षयोनिष्वधिकरणभूतेषु। कस्मिन् सति ते सुषुप्ताः? तमसि अनादिमिथ्यात्वसंस्कारे सति। एवम्भूतास्ते यदि संज्ञिषूत्पद्य कदाचिद्दैववशाद् बुध्यन्ते तदा ममाहमिति जाग्रति? केषु? अनात्मीयात्मभूतेषु–अनात्मीयेषु परमार्थतोऽनात्मीयभूतेषु पुत्रकलत्रादिषु ममैते इति

---

અનાદિ મિથ્યાત્વના સંસ્કારને લીધે આવા (પ્રકારના) બહિરાત્માઓ થાય છે–તે કહે છે :—

### શ્લોક ૫૬

**અન્વયાર્થ** :—(मूढात्मनः) મૂર્ખ અજ્ઞાની જીવો (तमसि) મિથ્યાત્વરૂપી અંધકારવશ (चिरं) અનાદિ કાળથી (कुयोनिषु) નિત્ય નિગોદાદિ કુયોનિઓમાં (सुषुप्ताः) સુષુપ્ત અવસ્થામાં એટલે મૂર્છિત અવસ્થામાં પડી રહ્યા છે. જો કદાચિત્ તેઓ પંચેન્દ્રિય સંજ્ઞી થાય તો (अनात्मीयात्मभूतेषु) 'અનાત્મીયભૂત'માં એટલે વાસ્તવમાં જે પોતાનાં નથી તેવાં સ્ત્રી–પુત્ર વગેરેમાં (मम) 'એ મારાં છે', અને 'અનાત્મભૂત'માં એટલે શરીરાદિમાં (अहं) હું છું-હું એ રૂપ છું' (इति जाग्रति) એવો અધ્યવસાય કરે છે.

**ટીકા** :—ચિરકાલથી–અનાદિ કાળથી મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઈ રહ્યા છે અર્થાત્ અતિ જડતાને પ્રાપ્ત થયા છે. ક્યાં (સૂઈ રહ્યા છે)? કુયોનિઓમાં અર્થાત્ નિત્ય નિગોદાદિ ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં શું થતાં તે તેમાં સૂતા છે? અંધકાર અર્થાત્ અનાદિ મિથ્યાત્વના સંસ્કાર (–ને વશ) થતાં (સૂતા છે). એવા થયેલા (સૂતેલા) તે (બહિરાત્માઓ) જો સંજ્ઞી (જીવોમાં) ઉત્પન્ન થઈ કદાચિત્ એટલે દૈવવશાત્ જાગૃત થાય, તો તેઓ 'મારું–હું' એવો અધ્યવસાય કરે છે. શામાં? અનાત્મીયભૂતમાં અને અનાત્મભૂતમાં–અર્થાત્ અનાત્મીયમાં એટલે વાસ્તવમાં અનાત્મીયભૂત અર્થાત્ પોતાનાં નથી તેવા પુત્ર–સ્ત્રી આદિમાં 'એ મારાં છે' એવું માને છે એટલે એવો અધ્યવસાય કરે છે, અને અનાત્મભૂત જે શરીરાદિ

---

મૂઢ કુયોનિમહીં સૂતા તમોગ્રસ્ત ચિરકાળ;
જાગી તન-ભાર્યાદિમાં કરે 'હું-મુજ' અધ્યાસ. ૫૬.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

जाग्रति अध्यवस्यन्ति। अनात्मभूतेषु शरीरादिषु अहमेवैते इति जाग्रति अध्यवस्यन्ति॥५६॥

ततो बहिरात्मसवरूपं परित्यज्य स्वपरशरीरमित्थं पश्येदित्याह—

તેમાં 'તે હું જ છું' એવો અધ્યવસાય કરે છે–એવી ઊંધી માન્યતા કરે છે.

**ભાવાર્થ** :—અનાદિકાળથી આ અજ્ઞાની જીવ, મિથ્યાત્વના સંસ્કારવશ નિત્ય નિગોદાદિ નિંદ્ય પર્યાયોમાં–ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં–જ્ઞાનની અત્યંત હીનદશામાં અર્થાત્ જડવત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો છે. કદાચિત્ જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાય પ્રાપ્ત કરે અને થોડી જ્ઞાનશક્તિ જાગૃત થાય, તો તે અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે, સ્ત્રી–પુત્ર–મિત્રાદિ જે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે અર્થાત્ 'અનાત્મીય' છે તેમાં 'આ મારાં' એવી મમકારબુદ્ધિ કરે છે અને શરીરાદિ જે પોતાનું સ્વરૂપ નથી, જે 'અનાત્મ' અર્થાત્ જડ છે, તેમાં 'આ હું છું' એવી આત્મબુદ્ધિ કરે છે.

## વિશેષ

શરીર, શુભાશુભ રાગાદિ ભાવકર્મ અને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો આત્મા સાથે સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તે બધાં આત્માથી ભિન્ન છે–આત્મસ્વરૂપ નથી; માટે તેઓ 'અનાત્મભૂત' છે; છતાં અજ્ઞાની તેને પોતાનાં માને છે.

સ્ત્રી–પુત્ર–મિત્રાદિનો આત્મા સાથે પ્રત્યક્ષ ભિન્ન સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તેઓ જીવનાં પોતાનાં નથી; તેથી તેઓ 'અનાત્મીયભૂત' છે.

અજ્ઞાની, આ અનાત્મભૂત અને અનાત્મીયભૂત પદાર્થોમાં મમકારબુદ્ધિ અને આત્મબુદ્ધિ કરી પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલી અનાદિકાળથી ભવ–ભ્રમણ કરી રહ્યો છે. ભવ–ભ્રમણનું મૂલ કારણ જીવનો મિથ્યાત્વભાવ જ છે.

"જે આત્મા એ રીતે જીવ અને પુદ્ગલના (પોતપોતાના) નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વ સ્વભાવ વડે સ્વ–પરનો વિભાગ દેખતો નથી. તે જ આત્મા 'આ હું છું આ મારું છે' એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવસાન કરે છે; બીજો નહિ....."[1] ૫૬.

તેથી બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરી સ્વ–પરના શરીરને આવી રીતે જોવું–તે કહે છે :—

૧. પરને સ્વને નહિ જાણતો, એ રીત પામી સ્વભાવને,
તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે.....(૧૮૩)
(શ્રી પ્રવચનસાર–ગુ. આવૃત્તિ, ગાથા ૧૮૩ની ટીકા જુઓ)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः।
अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ॥५७॥

**टीका**—आत्मनो देहमात्मसम्बन्धिशरीरं अनात्मचेतसा इदं ममात्मा न भवतीति बुद्ध्या अन्तरात्मा पश्येत्। निरन्तरं सर्वदा। तथा अन्येषां देहं परेषामात्मा न भवतीति बुद्ध्या पश्येत्। किं विशिष्टः ? आत्मतत्त्वे व्यवस्थितः आत्मस्वरूपनिष्ठः ॥५७॥

---

**શ્લોક ૫૭**

**અન્વયાર્થ** :—જ્ઞાનીએ (आत्मतत्त्वे) આત્મસ્વરૂપમાં (व्यवस्थितः) સ્થિત થઈ (आत्मनः देहं) પોતાના શરીરને (अनात्मचेतसा) 'આ મારો આત્મા નથી' એવી બુદ્ધિથી (निरंतरं पश्येत्) નિરંતર જોવું-અનુભવવું અને (अन्येषां) બીજા જીવોના શરીરને પણ (अपरात्मधिया) 'આ બીજાનો આત્મા નથી' એવી બુદ્ધિથી (पश्येत्) સદા અવલોકવું.

**ટીકા** :—પોતાના શરીરને એટલે આત્મા સાથે સંબંધ રાખનાર શરીરને, અનાત્મબુદ્ધિએ અર્થાત્ 'આ મારો આત્મા નથી' એવી બુદ્ધિએ અન્તરાત્માએ નિરંતર-સર્વદા દેખવું (અનુભવવું) તથા બીજાઓના દેહને, 'એ પરનો આત્મા નથી' એવી બુદ્ધિએ જોવું. કેવા થઈને (તેમ કરવું)? આત્મતત્ત્વમાં, વ્યવસ્થિત થઈને એટલે આત્મસ્વરૂપમાં સ્થિત થઈને (તેમ કરવું).

**ભાવાર્થ** :—જ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્મબુદ્ધિએ નિરંતર જોવું-અનુભવવું અર્થાત્ 'આ શરીર તે મારો આત્મા નથી' એવી ભેદબુદ્ધિથી સદા જાણવું. બીજાના શરીરને પણ તેવી ભેદબુદ્ધિથી દેખવું-અર્થાત્ બીજાનું શરીર તે તેનો આત્મા નથી એમ ભેદબુદ્ધિએ સદા દેખવું.

**વિશેષ**

આચાર્ય ઉપદેશરૂપે કહે છે :—

'હે જીવ, તું અનાદિથી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ કરી સંસારમાં રખડી દુઃખી થયો, પણ હવે સુખી થવું હોય તો દેહમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં સ્થિર થા, અર્થાત્ બહિરાત્મપણું છોડી દઈ હવે અન્તરાત્મા બન. તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તારું શરીર તો અચેતન છે. એ તારું સ્વરૂપ નથી, છતાં તું તેને તારો આત્મા માને છે અને

---

આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ,
મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

नन्वेवमात्मतत्त्वं स्वयमनुभूय मूढात्मनां किमिति न प्रतिपाद्यते येन तेऽपि तज्ज्ञानन्त्विति वदन्तं प्रत्याह—

अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा।
मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः ॥५८॥

**टीका**—मूढात्मानो मां आत्मस्वरूपमज्ञापितमप्रतिपादितं यथा न जानन्ति मूढात्मत्वात्।

---

તેની ક્રિયા તું કરી શકે છે એમ માને છે–એ તારો ભ્રમ છે. એ ભ્રમ હવે છોડી દે અને તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો, એટલે કે તે પર છે એમ જો; તે તું છે એવી આત્મબુદ્ધિથી ન જો. તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કરે, બંનેની એકતાબુદ્ધિ છોડી દે. તું તારા શરીરના સંબંધમાં જેવી ભૂલ કરે છે તેવી જ ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે. તું તેમના શરીરને પણ તેમનો આત્મા માને છે. માટે તેમના આત્માને પણ તેમના શરીરથી ભિન્ન જાણ. શરીરને શરીર જાણ અને આત્માને આત્મા જાણ.

'સ્વ–સ્વરૂપમાં સ્થિર થઈ જ્યાં સુધી તું સ્વ–પરનું ભેદજ્ઞાન કરીશ નહિ ત્યાં સુધી શરીરાદિ પર પદાર્થો સાથે તારી આત્મબુદ્ધિ–એકતાબુદ્ધિ–મમત્વબુદ્ધિ–કર્તાબુદ્ધિ થયા વગર રહેશે નહિ અને તારા દુઃખનો અંત આવશે નહિ. માટે બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થા. એ જ સુખનો ઉપાય છે.' ૫૭.

એવી રીતે આત્મતત્ત્વને સ્વયં અનુભવીને મૂઢ આત્માઓને કેમ સમજાવતા નથી, જેથી તેઓ પણ તે જાણે? એવું બોલનાર પ્રતિ કહે છે :—

### શ્લોક ૫૮

**અન્વયાર્થ** :—જ્ઞાનીઓ વિચારે છે કે–(यथा) જેમ (मूढात्मानः) મૂર્ખ અજ્ઞાની જીવો (अज्ञापितं) જાણ કરાવ્યા વિના (मां) મને એટલે મારા આત્મસ્વરૂપને (न जानन्ति) જાણતા નથી, (तथा) તેમ (ज्ञापितं) જાણ કરાવ્યા છતાં પણ (न जानन्ति) જાણતા નથી (ततः) તેથી (तेषां) તેમને–એ મૂઢ જીવોને(मे ज्ञापनश्रमः) બોધ કરવાનો મારો પરિશ્રમ (वृथा) વ્યર્થ છે–નિષ્ફળ છે.

**ટીકા** :—જેમ મૂઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને, વગર કહ્યે (વગર

---

મૂઢાત્મા જાણે નહીં વણબોધ્યે જયમ તત્ત્વ,
બોધ્યે પણ જાણે નહીં, ફોગટ બોધન-કષ્ટ. ૫૮.

**तथा ज्ञापितमपि मां ते मूढात्मत्वादेव न जानन्ति। ततः तेषां सर्वथा परिज्ञानाभावात्। तेषां मूढात्मनां सम्बंधित्वेन वृथा मे ज्ञापनश्रमो विफलो मे प्रतिपादनप्रयासः॥५८॥**

સમજાવ્યે) મૂઢાત્મપણાને લીધે જાણતા નથી, તેમ કહ્યાં છતાં પણ તેઓ મને (આત્મસ્વરૂપને) મૂઢાત્મપણાને લીધે જ જાણતા નથી; તેથી તેમને સર્વથા પરિજ્ઞાનનો અભાવ હોવાથી તે મૂઢાત્માઓના સંબંધમાં બોધ કરવાનો (તેમને કહેવાનો) મારો શ્રમ વૃથા (વ્યર્થ) છે, અર્થાત્ તેમને તે સ્વરૂપ સમજાવવાનો મારો પ્રયાસ વિફલ (ફોગટ) છે.

**ભાવાર્થ** :—આત્માનુભવી જ્ઞાની જીવ વિચારે છે કે–જેમ મૂઢ જીવો અજ્ઞાનતાને લીધે વગર સમજાવ્યે આત્મસ્વરૂપ જાણતા નથી, તેમ તેમને આત્મસ્વરૂપ સમજાવવામાં આવે, તોપણ તેઓ મૂઢપણાને લીધે સમજવાના નથી; તેથી તેમને આત્મસ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે; કારણ કે તેમની બાબતમાં સમજાવો કે ન સમજાવો–બેઉ સરખું છે.

## વિશેષ

જ્ઞાનીઓ મૂર્ખ જીવોને આત્મસ્વરૂપ સમજાવવામાં ઉદાસીન હોય છે, કારણ કે :—

(૧) મૂર્ખ જીવો બહિર્મુખ હોય છે. તેમની દૃષ્ટિ બાહ્ય વિષયો તરફ જ હોય છે. તેમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જિજ્ઞાસા કે રુચિ હોતી નથી. તેઓ સદા વિષયોમાં જ રત હોય છે.

(૨) 'હું બીજાઓને સમજાવી દઉં' એવી બુદ્ધિ જ્ઞાનીઓને હોતી નથી, કારણ કે તેઓ જાણે છે કે કોઈ કોઈને સમજાવી શકે નહિ. તેમને બરાબર ખ્યાલમાં છે કે દરેક પદાર્થ પોતપોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી. તેમ કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી.[1] એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી એવો વિશ્વનો અફર નિયમ છે. તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તા–બુદ્ધિ નથી.

(૩) અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઊઠે, પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે, કારણ કે ભાષા–વર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે–સ્વતંત્ર છે. વિકલ્પના કારણે ઉપદેશ વાણી નીકળે છે એમ તેઓ કદી માનતા નથી.

(૪) મારું સ્વરૂપ તો જાણવું–દેખવું તે જ છે. એ સિવાય હું બીજું કાંઈ ન કરી શકું. જો કાંઈ કરવાનો વિકલ્પ ઊઠે તો રાગ ઉત્પન્ન થાય. વાણીનો તો હું કદી કર્તા છું જ નહિ અને વાસ્તવમાં વિકલ્પનો પણ કર્તા નથી.

૧. જુઓ–મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૯૨; ૩૦૮

શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ–ગા. ૧૦૩; ૩૭૨.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



किंच—

**यद्‍बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः।**
**ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यस्य बोधये।।५९।।**

(૫) ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે; વાણી કે વિકલ્પ દ્વારા તે બીજાને સમજાવી શકાય તેવું નથી.

માટે જ્ઞાની મુખ્યતયા બીજાઓને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી. તેઓ તો સદા પોતાનું આત્મહિત સાધવામાં જ તત્પર રહે છે. કદાચ ઉપદેશાદિની વૃત્તિ ઊઠે તો તેની મુખ્યતા નથી; તે વખતે પણ તેમને ચૈતન્યસ્વરૂપની જ ભાવના હોય છે.

પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ–એ શુભ રાગ છે. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે. માટે આ રાગના વ્યામોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી.

“જગતમાં જીવો, તેમના કર્મ, તેમની લબ્ધિઓ, વગેરે અનેક પ્રકારનાં છે. તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.”[૧] ૫૮.

વળી :—

સહજ ચિદાનંદ.

### શ્લોક ૫૯

**અન્વયાર્થ** :—(यत्) જેને વિકલ્પાધિરૂઢ આત્મસ્વરૂપને અથવા દેહાદિકને–(बोधियितुं) સમજાવવાને (इच्छामि) હું ઇચ્છું છું (तत्) તે (न अहं) હું નથી અર્થાત્ આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી. (पुनः) વળી (यत्) જે એટલે જ્ઞાનાનંદમય સ્વયં અનુભવગમ્ય આત્મસ્વરૂપ (अहं) હું છું (तदपि), તે પણ (अन्यस्य) બીજાને (ग्राह्यं न) ગ્રાહ્ય નથી; (तत्) તેથી (अन्यस्य) બીજાને (किं बोधये) હું શો બોધ કરું?

૧. છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ, અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે......(૧૫૬) (શ્રી નિયમસાર–ગુજ. ગા. ૧૫૬)

જે ઇચ્છું છું બોધવા, તે તો નહિ ‘હું’તત્ત્વ;
‘હું’ છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ? ૫૯.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**टीका**—यद् विकल्पाधिरूढमात्मस्वरूपं देहादिकं वा बोधयितुं ज्ञापयितुमिच्छामि। तन्नाहं तत्स्वरूपं नाहमात्मस्वरूपं परमार्थतो भवामि। यदहं पुनः यत्पुनरहं चिदानन्दात्मकं स्वसंवेद्यमात्मस्वरूपं। तदपि ग्राह्यं नान्यस्य स्वसंवेदनेन तदनुभूयते इत्यर्थः। यत्किमन्यस्य बोधये तत्तस्मात्किं किमर्थं अन्यस्यात्मस्वरूपं बोधयेहम्॥५९॥

---

**ટીકા** :—જેનો, અર્થાત્ વિકલ્પાધિરૂઢ આત્મસ્વરૂપનો અથવા દેહાદિકનો હું બોધ કરાવવા ઇચ્છું છું–જેને સમજાવવા ઇચ્છું છું, તે (તો) હું નથી, અર્થાત્ તે (વિકલ્પાધિરૂઢ સ્વરૂપ) હું નથી–પરમાર્થે આત્મસ્વરૂપ નથી. વળી જે હું અર્થાત્ વળી જે હું ચિદાનન્દમય સ્વસંવેદ્ય આત્મસ્વરૂપ છું; તે પણ બીજાને સ્વયંગ્રાહ્ય (સમજાય તેવું) નથી (કેમ કે) તે સ્વસંવેદનથી અનુભવાય છે–એવો અર્થ છે. તો બીજાને હું શો બોધ કરું? અર્થાત્ તેથી બીજાને હું શા માટે આત્મસ્વરૂપનો બોધ કરું?

**ભાવાર્થ** :—મૂઢાત્માને આત્મસ્વરૂપનો બોધ આપવો વ્યર્થ છે; કારણ આપતા જ્ઞાની કહે છે કે :—

હું બીજાઓને શબ્દો દ્વારા આત્મસ્વરૂપ સમજાવવા ઇચ્છું, તો વિકલ્પ–રાગ ઉત્પન્ન થાય છે અને રાગ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી; અર્થાત્ શબ્દો દ્વારા આત્માનું સ્વરૂપ સમજાવી શકાય નહિ.

વળી જે આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે તે બીજાને શબ્દો દ્વારા સમજાય તેવું નથી. તે તો કેવળ સ્વસંવેદનથી જ અનુભવમાં આવે તેવું છે. તેથી બીજાને તેનો બોધ કરવો વ્યર્થ છે.

આત્મસ્વરૂપ સ્વસંવેદનગોચર[1] છે. તે શબ્દો દ્વારા કે વિકલ્પ દ્વારા બીજાને સમજાવી શકાય તેવું નથી અને બીજાઓ શબ્દાદિ બાહ્ય સાધનથી તે કદી સમજી શકે પણ નહિ. જેમ મેં સ્વસંવેદનથી આત્માને અનુભવ્યો તેમ બીજાઓ પણ તે સ્વસંવેદનથી જ અનુભવી શકે. માટે બીજાઓને આત્મસ્વરૂપનો બોધ આપવાનો વિકલ્પ છોડી સ્વરૂપમાં સાવધાન રહેવું તે જ યોગ્ય છે. ૫૯.

---

૧. જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
(શ્રીમદ્ રાજચંદ્રકૃત ‘અપૂર્વ અવસર’–૨૦)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

बोधितेऽपि चान्तस्तत्त्वे बहिरात्मनो न तत्रानुरागः सम्भवति। मोहोदयात्तस्य बहिरर्थ एवानुरागादिति दर्शयन्नाह—

बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे।
तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः ॥६०॥

**टीका**—बहिः शरीराद्यर्थे तुष्यति प्रीतिं करोति। कोऽसौ ? मूढात्मा कथम्भूतः ? पिहितज्योतिर्मोहाभिभूतज्ञानः। क्व ? अन्तरे अन्तस्तत्त्वविषये। प्रबुद्धात्मा मोहानभिभूतज्ञानः अन्तस्तुष्यति स्वस्वरूपे प्रीतिं करोति। किं विशिष्टः सन् ? बहिर्व्यावृत्तकौतुकः शरीरादौ निवृत्तानुरागः ॥६०॥

---

આત્મસ્વરૂપનો બોધ આપવા છતાં બહિરાત્માને તેમાં અનુરાગ સંભવતો નથી; મોહના ઉદયથી તેને બાહ્ય પદાર્થમાં જ અનુરાગ હોય છે–એમ દર્શાવતાં કહે છે :—

### શ્લોક ૬૦

**અન્વયાર્થ** :—(अन्तरे पिहितज्योतिः) અંતરંગમાં જેની જ્ઞાનજ્યોતિ મોહથી આચ્છાદિત થઈ ગઈ તેવો (मूढात्मा) બહિરાત્મા (बहिः) બાહ્યમાં એટલે શરીરાદિ પર પદાર્થોમાં (तुष्यति) સંતુષ્ટ રહે છે–અનુરાગ કરે છે; પરંતુ (प्रबुद्धात्मा) જેને સ્વરૂપ–વિવેક જાગૃત થયો છે તેવો અન્તરાત્મા (बहिर्व्यावृत्तकौतुकः) બાહ્ય શરીરાદિ પદાર્થોમાં કૌતુક (અનુરાગ) રહિત થઈ (अन्तः) અંતરંગ આત્મસ્વરૂપમાં (तुष्यति) સંતોષ કરે છે.

**ટીકા** :—બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે સંતોષ કરે છે–પ્રીતિ કરે છે. કોણ તે? મૂઢાત્મા (બહિરાત્મા). તે કેવો છે? જેની જ્યોતિ ઢંકાઈ ગઈ છે, અર્થાત્ મોહથી જેનું જ્ઞાન પરાભવ પામ્યું છે. ક્યાં? અંતરંગમાં એટલે અન્તર્–તત્ત્વના વિષયમાં. પ્રબુદ્ધાત્મા એટલે જેનું જ્ઞાન મોહથી અભિભૂત થયું નથી (પરાભવ પામ્યું નથી) તેવો (આત્મસ્વરૂપમાં જાગૃત) આત્મા, અંતરંગમાં સંતોષ કરે છે–સ્વ–સ્વરૂપમાં પ્રીતિ કરે છે, કેવો થઈને? બાહ્યમાં કૌતુકરહિત થઈને–શરીરાદિમાં અનુરાગરહિત થઈને (આત્મસ્વરૂપમાં પ્રીતિ કરે છે).

**ભાવાર્થ** :—જ્ઞાનીને પ્રશ્ન પૂછેલો કે, 'તમે બહિરાત્માને આત્મસ્વરૂપનો બોધ કેમ કરતા નથી? તેના પ્રત્યુત્તરમાં એમ કહ્યું કે :—

અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;
કૌતુક જસ નહિ બાહ્યમાં, બુધ અંતઃસંતુષ્ટ. ૬૦.

कुतोऽसौ शरीरादिविषये निवृत्तभूषणमण्डनादिकौतुक इत्याह—

**न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः।**
**निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते ॥६१॥**

(૧) બહિરાત્માઓ વસ્તુસ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. તેઓ એટલા મૂઢ છે કે તેમને બોધ કરો કે ન કરો, તેમને માટે બધું સરખું છે. (જુઓ : શ્લોક ૫૮)

(૨) આત્મસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે. તે શબ્દો દ્વારા બીજાને સમજાવી શકાય નહિ અને તે સમજે પણ નહિ, એટલે તેમને બોધ કરવો વ્યર્થ છે. (જુઓ : શ્લોક ૫૯)

(૩) આ શ્લોક ૬૦માં કહ્યું છે :—

અનાદિ મિથ્યાત્વને લીધે બહિરાત્માને સ્વ–પરનું ભેદ–વિજ્ઞાન નથી, તેને આત્મસ્વરૂપનું ભાન નથી; તેથી તે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં જ આનંદ માને છે, તેમાં જ અનુરાગ કરે છે, પણ આત્મસ્વરૂપનો મહિમા લાવી તેમાં પ્રીતિ કરતો નથી. તેનું કારણ–અવિદ્યાના ગાઢ સંસ્કારથી તેનું જ્ઞાન મૂર્ચ્છાઈ ગયું છે, આચ્છાદિત થઈ ગયું છે; તે છે.

અન્તરાત્માને વિવેક–જ્યોતિ પ્રગટ થઈ છે, તેથી તેને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં પ્રીતિ નથી. તેમાં તેને ક્યાંય સુખ ભાસતું નથી. તે તરફ તે બહુ ઉદાસીન રહે છે. તે ત્યાંથી હઠી સ્વસન્મુખ થઈ આત્મસ્વરૂપમાં સ્થિત થવા માટે સદા પ્રયત્નશીલ છે. જ્યાં એને આવી જ્ઞાનદશા વર્તતી હોય, ત્યાં બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે? ન જ ગમે. ૬૦.

કયા કારણે તે (અન્તરાત્મા) શરીરાદિ વિષયમાં ભૂષણ–મંડનાદિમાં અનુરાગરહિત (ઉદાસીન) હોય છે? તે કહે છે :—

### શ્લોક ૬૧

**અન્વયાર્થ** :—અન્તરાત્મા વિચારે છે કે—(शरीराणि) શરીરો (सुख–दुःखानि न जानन्ति) સુખ તથા દુઃખને જાણતાં નથી. (तथापि) તેમ છતાં (अबुद्धयः) મૂઢ જીવો (अत्र एव) એમાં જ એટલે એ શરીરોમાં જ (निग्रहानुग्रहधियं) નિગ્રહ અને અનુગ્રહની બુદ્ધિ (कुर्वते) કરે છે.

---

તન સુખ-દુખ જાણે નહીં, તથાપિ એ તનમાંય,
નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય. ૬૧.

**टीका**—सुखदुःखानि न जानन्ति। कानि? शरीराणि जडत्वात्। अबुद्धयो बहिरात्मनः तथापि यद्यपि न जानन्ति तथापि अत्रैव शरीरादावेव कुर्वते। कां? निग्रहानुग्रहधियं द्वेषवशादुपवासादिना शरीरादेः कदर्थनाभिप्रायो निग्रहबुद्धिं रागवशात्कटकटिसूत्रादिना भूषणाभिप्रायोऽनुग्रहबुद्धिम्॥६१॥

**ટીકા** :—સુખ દુઃખ જાણતાં નથી. કોણ (જાણતાં નથી)? શરીરો જડપણાને લીધે (જાણતાં નથી); બુદ્ધિ વિનાના બહિરાત્માઓ, તેમ છતાં અર્થાત્ (શરીરો) જાણતાં નથી તેમ છતાં, એમાં જ એટલે શરીરાદિમાં જ કરે છે. શું (કરે છે)? નિગ્રહ–અનુગ્રહની બુદ્ધિ (કરે છે)–અર્થાત્ દ્વેષને આધીન થઈ ઉપવાસાદિ દ્વારા શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય તે નિગ્રહ–બુદ્ધિ અને રાગને આધીન થઈ કંકણ, કટિસૂત્રાદિ વડે (શરીરાદિને) ભૂષિત કરવાનો (શણગારવાનો) અભિપ્રાય તે અનુગ્રહ–બુદ્ધિ (કરે છે).

**ભાવાર્થ** :—શરીરો અચેતન–જડ છે. તેમને સુખદુઃખ નથી, તેમ જ તેમને જ્ઞાન નથી; તેમ છતાં બુદ્ધિ વિનાના બહિરાત્માઓ દ્વેષવશ ઉપવાસાદિ દ્વારા તેમને (શરીરોને) નિગ્રહ કરવાની અર્થાત્ કૃશ કરવાની બુદ્ધિ કરે છે અને રાગવશ તેમને કંકણ, કટિસૂત્ર (કંદોરો) આદિ વડે વિભૂષિત કરી અનુગ્રહ (કૃપા) કરવાની બુદ્ધિ કરે છે.

બહિરાત્માને દેહાધ્યાસ છે એટલે દેહમાં તેને આત્મબુદ્ધિ છે; તેથી તેને શરીરાદિ વિષે નિગ્રહઅનુગ્રહ બુદ્ધિ રહે છે, પરંતુ અન્તરાત્માને ભેદજ્ઞાન વર્તે છે. તે આત્માને શરીરાદિથી અત્યંત ભિન્ન માને છે. તેને તેની સાથે એકતાબુદ્ધિ નથી, તેથી તેને શરીરાદિ વિષે રાગદ્વેષ કે અનુગ્રહનિગ્રહબુદ્ધિનો શ્રદ્ધામાં અભાવ હોય છે. અસ્થિરતાને લીધે શરીરાદિ શણગારવાનો રાગ આવે, પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી, તેને તે દોષ માને છે, એટલે તે શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉદાસીન હોય છે.

## વિશેષ

અજ્ઞાનીઓ માને છે કે શરીરાશ્રિત ઉપવાસ, વ્રત, નિયમાદિથી શરીરને કૃશ કરતાં ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે, વિષયોમાં તેમની પ્રવૃત્તિ અટકી જાય છે અને તેથી રાગ–દ્વેષાદિ થતાં નથી; પણ આ માન્યતા ભૂલ ભરેલી છે, કારણ કે શરીરાશ્રિત[1] ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, તાટક કરવું, અનેક યોગ–આસનો કરવાં વગેરે પૌદ્‌ગલિક જડ

૧. જુઓ : 'શરીરાશ્રિત ઉપવાસાદિ માટે 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગુ. આવૃત્તિ પૃ. ૨૩૫ અને ૨૪૫. ("....જો દેહાશ્રિત વ્રત–સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્તા માને) તો તે મિથ્યાદૃષ્ટિ છે......") પૃ. ૩૪૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



यावच्च शरीरादावात्मबुद्ध्या प्रवृत्तिस्तावत्संसारः तदभावान्मुक्तिरिति दर्शयन्नाह—

**स्वबुद्ध्या यावद्गृह्णीयात् कायवाक्चेतसां त्रयम्।**
**संसारस्तावदेतेषां भेदाभ्यासे तु निर्वृत्तिः।।६२।।**

**टीका**—स्वबुद्ध्या आत्मबुद्ध्या यावद् गृहणीयात्। किं? त्रयम्। केषाम्? कायवाक्चेतसां सम्बन्धमिति पाठः। तत्र कायवाक्चेतसां त्रयं कर्तृ। आत्मनि यावत्सम्बन्धं गृह्णीयत्स्वीकुर्यादित्यर्थः। तावत्संसारः। एतेषां कायवाक्चेतसां भेदाभ्यासे तु आत्मनः सकाशात्

---

ક્રિયાઓ છે. તેનો સંબંધ શરીર સાથે છે, આત્મા સાથે નથી. શરીર જડ છે. તેને સુખ–દુઃખ હોતું નથી. અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ છે, તેથી તે શરીરની જે અવસ્થાઓ થાય છે તે પોતાની (આત્માની) થઈ માને છે, એ તેનો ભ્રમ છે.

વળી અજ્ઞાની મોહવશાત્ વસ્ત્ર–આભૂષણાદિ દ્વારા શરીર ઉપર અનુગ્રહ (ઉપકાર) કરવાની બુદ્ધિ કરે છે, કારણ કે તેને દેહાધ્યાસ છે–શરીરમાં તેને આત્મબુદ્ધિ છે, એટલે તેના પ્રત્યે રાગના કારણે તેવો અનુગ્રહ કરવા ઇચ્છે છે, પરંતુ આ પણ તેનો ભ્રમ છે.

માટે શરીર વિષે નિગ્રહ–અનુગ્રહબુદ્ધિ કરવી તે અજ્ઞાનતા છે. ૬૧.

જ્યાં સુધી શરીરાદિમાં આત્મબુદ્ધિથી પ્રવૃત્તિ છે, ત્યાં સુધી સંસાર છે. તેના અભાવે મુક્તિ છે. તે દર્શાવતાં કહે છે :—

### શ્લોક ૬૨

**અન્વયાર્થ** :—(यावत्) જ્યાં સુધી (कायवाक्चेतसां त्रयं) શરીર, વચન અને મન–એ ત્રણને જીવ (स्वबुद्ध्या) આત્મબુદ્ધિથી (गृह्णीयात्) ગ્રહણ કરે, (तावत्) ત્યાં સુધી (संसारः) સંસાર છે, (तु) પરંતુ (एतेषां) એ મન–વચન–કાયનો (भेदाभ्यासे) આત્માથી ભિન્નરૂપ અભ્યાસ થતાં (निर्वृत्तिः) મુક્તિ થાય છે.

**ટીકા** :—સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી જ્યાં સુધી ગ્રહણ કરે, શું (ગ્રહણ કરે)? ત્રયને (ત્રણને). કોના (ત્રયને)? કાય, વાણી અને મનના ત્રયને–અર્થાત્ જ્યાં સુધી આત્મા વિષે કાય–વાણી–મનનો સંબંધ ગ્રહણ કરે–સ્વીકાર કરે, એવો અર્થ છે–ત્યાં સુધી સંસાર છે,

---

જ્યાં લગી મન-વચ-કાયને આતમરૂપ મનાય,
ત્યાં લગી છે સંસાર ને ભેદ થકી શિવ થાય. ૬૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

कायवाक्चेतांसि भिन्नानीति भेदाभ्यासे भेदभावनायां तु पुनर्निर्वृत्तिः मुक्तिः।।६२।।

પણ એ કાય-વાણી-મનના ભેદનો અભ્યાસ થતાં અર્થાત્ આત્માથી કાય-વાણી-મન ભિન્ન છે. એવો ભેદનો અભ્યાસ થતાં એટલે ભેદભાવના થતાં નિર્વૃત્તિ એટલે મુક્તિ થાય છે.

**ભાવાર્થ :—**જ્યાં સુધી જીવને મન-વચન-કાયમાં આત્મબુદ્ધિ રહે છે, તેને આત્માના અંગ સમજે છે એટલે કે તેની સાથે અભેદબુદ્ધિ-એકતાબુદ્ધિ કરે છે, ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે, પરંતુ જ્યારે તેને મન-વચન-કાયમાં આત્મબુદ્ધિનો ભ્રમ ટળી જાય છે, અર્થાત્ તે ત્રણે 'આત્માથી ભિન્ન છે' એવો નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય છે, ત્યારે તે સંસારના બંધનથી મુક્તિ પામે છે.

## વિશેષ

જ્યાં શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ છે ત્યાં એકતાબુદ્ધિ છે. જ્યાં એકતાબુદ્ધિ હોય છે, ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ અવશ્ય હોય છે અને જ્યાં કર્તા-બુદ્ધિ છે, ત્યાં સંસારના કારણભૂત રાગાદિ ભાવ અનિવાર્યપણે હોય છે. એ રીતે શરીરાદિ પર પદાર્થોમાં આત્મ-બુદ્ધિ તે જ સંસારનું કારણ છે અને આત્મા તથા શરીરાદિનો ભેદ-વિજ્ઞાનપૂર્વક દૃઢ અભ્યાસ તે મુક્તિનું કારણ છે.

મન-વચન-કાયની પ્રવૃત્તિ એ સંસારનું કારણ નથી, કારણ કે તે જડની ક્રિયા છે, પરંતુ તેમાં આત્મબુદ્ધિ-એકતાબુદ્ધિ કરવી તે સંસારનું કારણ છે. પ્રસ્તુત શ્લોકમાં 'स्वबुद्ध्या' શબ્દથી આ વાત સૂચિત થાય છે.

"કર્મબંધ કરનારું કારણ નથી, બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, નથી ચલન સ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), નથી અનેક પ્રકારનાં કારણો કે નથી ચેતન-અચેતનનો ઘાત. 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે."[1]

માટે શરીરાદિની ક્રિયામાં આત્મબુદ્ધિ અર્થાત્ તે ક્રિયાઓ હું કરું છું એવી માન્યતા તે સંસારનું કારણ છે અને તે ક્રિયાઓમાં આત્મબુદ્ધિ અર્થાત્ કર્તાબુદ્ધિનો અભાવ તે મોક્ષનું કારણ છે. ૬૨.

---

૧. જુઓ-શ્રી સમયસાર કલશ ૧૬૪ અને ગા. ૨૩૭ થી ૨૪૧.

शरीरदावात्मनो भेदाभ्यासे च शरीरदृढतादौ नात्मनो दृढतादिकं मन्यते इति दर्शयन् धनेत्यादि श्लोकचतुष्टयमाह—

घने वस्त्रे यथाऽऽत्मानं न घनं मन्यते तथा।
घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधः।।६३।।

---

"શરીરાદિમાં આત્માનો ભેદાભ્યાસ થતાં, તે (અન્તરાત્મા) શરીરની દ્રઢતાદિ થતાં આત્માની દ્રઢતાદિક માનતો નથી," એમ બતાવી 'ઘન' ઇત્યાદિ ચાર શ્લોક કહે છે :—

### શ્લોક ૬૩

**અન્વયાર્થ** :—(यथा) જેવી રીતે (घने वस्त्रे) જાડું વસ્ત્ર પહેરવાથી (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (घनं) જાડો–પુષ્ટ (न मन्यते) માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि घने) પોતાનું શરીર જાડું–પુષ્ટ થવા છતાં, (बुधः) અન્તરાત્મા (आत्मानं) આત્માને (घनं न मन्यते) જાડો–પુષ્ટ માનતો નથી.

**ટીકા** :—ઘન એટલે ગાઢું (જાડું) વસ્ત્ર પહેરવાથી, જેમ બુધ (ડાહ્યો પુરુષ) પોતાને (શરીરને) જાડો–પુષ્ટ માનતો નથી, તેમ પોતાનું શરીર જાડું–પુષ્ટ થવા છતાં બુધ (અન્તરાત્મા) આત્માને જાડો–પુષ્ટ માનતો નથી.

**ભાવાર્થ** :—જેમ જાડું વસ્ત્ર પહેરવાથી, ડાહ્યો માણસ, પોતાને જાડો થયેલો માનતો નથી, તેમ શરીર જાડું થતાં, આત્મા જાડો થયો, એમ અન્તરાત્મા કદી માનતો નથી.

જેમ શરીર અને વસ્ત્ર ભિન્ન ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. આમ છતાં દેહમાં આત્મબુદ્ધિને લીધે અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે; આ ભ્રાન્તિથી તે સારા ખોરાકાદિથી શરીરને પુષ્ટ કરવાની બુદ્ધિ કરે છે; પરંતુ જ્ઞાની તે બાબતમાં ઉદાસીન રહે છે, કારણ કે તે શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ કદી માનતો નથી. તેને શરીર અને આત્મા–બંનેનું ભેદજ્ઞાન વર્તે છે; તેથી તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી જ પોતાના આત્માની પુષ્ટિ માને છે. ૬૩.

---

સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થૂલ ગણે ન શરીર,
પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ. ૬૩.

**टीका**—घने निविडावयवे वस्त्रे प्रावृते सति आत्मानं घन दृढावयवं यथा बुधो न मन्यते। तथा स्वदेहेऽपि घने दृढे आत्मानं घनं दृढं बुधो न मन्यते॥६३॥

* जीर्णे वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा।
जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः॥६४॥

**टीका**—जीर्णे पुराणे वस्त्रे प्रावृते यथाऽऽत्मानं बुधो जीर्णे न मन्यते तथा जीर्णे वृद्धे स्वदेहेऽपि स्थितमात्मानं न जीर्णं वृद्धमात्मानं मन्यते बुधः॥६४॥

### શ્લોક ૬૪

**અન્વયાર્થ** :—(यथा) જેવી રીતે (वस्त्रे जीर्णे) પહેરેલું વસ્ત્ર જીર્ણ થતાં (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (जीर्णं न मन्यते) જીર્ણ માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि जीर्णे) પોતાનું શરીર જીર્ણ થતાં પણ (बुधः) અન્તરાત્મા (आत्मानं) (जीर्णं न मन्यते) જીર્ણ માનતો નથી.

**ટીકા** :—જીર્ણ અર્થાત્ પુરાણું વસ્ત્ર પહેરવા છતાં, જેમ બુધ (ડાહ્યો માણસ) પોતાને (પોતાના શરીરને) જીર્ણ માનતો નથી, તેમ પોતાનો દેહ જીર્ણ–વૃદ્ધ થવા છતાં, તે અન્તરાત્મા (શરીરમાં) રહેલા આત્માને જીર્ણ–વૃદ્ધ માનતો નથી.

**ભાવાર્થ** :—જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી, તેમ અન્તરાત્મા શરીર જીર્ણ થતાં, પોતાના આત્માને જીર્ણ માનતો નથી.

જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી, તેમ શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન હોઈ શરીરના જીર્ણરૂપ પરિણમનથી આત્માનું જીર્ણરૂપ પરિણમન થતું નથી.

### વિશેષ

શરીર જીર્ણ હોય; રોગગ્રસ્ત હોય, છતાં જીવ આત્મહિત કરી શકે છે એમ જ્ઞાની

* जिण्णिं वत्थिं जेम बुहु देहु ण मण्णइ जिण्णु।
देहिं जिण्णिं णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु॥(२-१७९)
—परमात्मप्रकाश, योगीन्दुदेवः।

જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,
જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ. ૬૪.

૧૭

* नष्टे वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा।
नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः।।६५।।

**टीका**—प्रावृत्ते वस्त्रे नष्टे सति आत्मानं यथा नष्टं बुधो न मन्यते तथा स्वदेहेऽपि विनष्टे कुतश्चित्कारणाद्विनाशं गते आत्मानं न नष्टं मन्यते बुधः।।६५।।

---

જાણે છે અને માને છે; તેથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મ-પ્રવૃત્તિ ચાલુ જ હોય છે.

અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી શરીરની પ્રતિકૂળતામાં તે આત્મહિત માટે પોતાને અસમર્થ સમજે છે. તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય-નીરોગી હોય તો જ ધર્મ થાય, જીર્ણ કે રોગગ્રસ્ત શરીરે ધર્મ ન થાય. એ એનો ભ્રમ છે. ૬૪.

### શ્લોક ૬૫

**અન્વયાર્થ** :—(यथा) જેવી રીતે (वस्त्रे नष्टे) વસ્ત્રનો નાશ થતાં (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (नष्टं न मन्यते) નાશ થયેલું માનતો નથી, (तथा) તેવી રીતે (बुधः) અન્તરાત્મા (स्वदेहे अपि नष्टे) પોતાના દેહનો નાશ થવા છતાં (आत्मानं) (नष्टं न मन्यते) નાશ થયેલો માનતો નથી.

**ટીકા** :—જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામવા છતાં, ડાહ્યો પુરુષ પોતાનો (પોતાના શરીરનો) નાશ માનતો નથી, તેમ પોતાનો દેહ નાશ પામતાં અર્થાત્ કોઈ કારણે તેનો વિનાશ થતાં, અન્તરાત્મા આત્માને નાશ થયેલો માનતો નથી.

**ભાવાર્થ** :—જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને નાશ થયેલું માનતો નથી, તેમ શરીર નાશ પામતાં અંતરાત્મા પોતાના આત્માને નાશ પામેલો માનતો નથી.

જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.

---

* वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु।
णट्ठु देहे णाणि तहँ अप्पु ण मण्णइ णट्ठु।।२-१८०।। —परमात्मप्रकाशे. योगीन्दुदेवः

વસ્ત્રનાશથી જે રીતે નષ્ટ ગણે ન શરીર,
દેહનાશથી જ્ઞાનીજન નષ્ટ ન માને જીવ. ૬૫.

* रक्ते वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा।
रक्ते स्वदेहेप्यात्मानं न रक्तं मन्यते बुधः।।६६।।

શરીર અને આત્માનો સંયોગ સંબંધ છે, છતાં અજ્ઞાનીને તે બંનેની એકતાબુદ્ધિ હોવાથી તે શરીરના વિયોગથી (નાશથી) પોતાના આત્માનો નાશ માને છે અને તેના સંયોગથી પોતાના આત્માની ઉત્પત્તિ માને છે. કહ્યું છે કે :—

**'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ જાન.'**

મિથ્યાદૃષ્ટિ શરીરની ઉત્પત્તિને આત્માનો જન્મ માને છે અને શરીરના નાશને આત્માનો નાશ માને છે.[1]

## વિશેષ

શરીરમાં આત્મબુદ્ધિ હોવાથી તેને આવી ઊંધી માન્યતા હોય છે. પરના શરીર સંબંધી પણ તેને આવો જ ભ્રમ હોય છે. સ્ત્રી કે પુત્રના શરીરનો નાશ થતાં, તેના આત્માનો નાશ માની તે દુઃખી થાય છે.

"......જેમ કોઈ નવીન વસ્ત્ર પહેરે, કેટલોક કાળ તે રહે, તે પછી તેને છોડી કોઈ અન્ય નવીન વસ્ત્ર પહેરે, તેમ જીવ પણ નવીન શરીર ધારણ કરે, તે કેટલોક કાળ ધારણ કરી રહે પછી તેને પણ છોડી અન્ય નવીન શરીર ધારણ કરે છે. માટે શરીર સંબંધની અપેક્ષાએ, જન્માદિક છે. જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે, તો પણ મોહી જીવને ભૂત–ભવિષ્યનો વિચાર ન હોવાથી પર્યાયમાત્ર જ પોતાનું અસ્તિત્વ માની પર્યાય સંબંધી કાર્યોમાં જ તત્પર રહ્યા કરે છે....."[2]

જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે, તેથી શરીરના નાશ વખતે વ્યાકુલ થતો નથી. કદાચિત્ અસ્થિરતાને લીધે અલ્પ વ્યાકુલતા થાય, પણ શ્રદ્ધા અને જ્ઞાનમાં તે એવો દૃઢ છે કે શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી અને આકુલતાનો સ્વામી થતો નથી. ૬૫.

* रत्तें वत्थें जेम बुहु देहु ण मण्णइरत्तु।
देहिं रत्तिं णाणि तहँ अप्पुण मण्णइ रत्तु।। (२-१७८) —परमात्मप्रकाश योगीन्दुदेवः।

૧. જુઓ–શ્રી દૌલતરામજી કૃત 'છહઢાલા'–૨/૫. ૨. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૪૭.

રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,
રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ. ૬૬.

**टीका**—रक्ते वस्त्रे प्रावृते सति आत्मानं यथा बुधो न रक्तं मन्यते तथा स्वदेहेऽपि कुंकुमादिना रक्ते आत्मानं रक्तं न मन्यते बुधः॥६६॥

एवं शरीरादिभिन्नमात्मानं भावयतोऽन्तरात्मनः शरीरादेः काष्ठादिना तुल्यताप्रतिभासे मुक्तियोग्यता भवतीति दर्शयन्नाह—

## શ્લોક ૬૬

**અન્વયાર્થ** :—(यथा) જેવી રીતે (वस्त्रे रक्ते) પહેરેલું વસ્ત્ર લાલ હોવા છતાં (बुधः) ડાહ્યો માણસ (आत्मानं) પોતાને–પોતાના શરીરને (रक्तं न मन्यते) લાલ માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि रक्ते) પોતાનું શરીર લાલ હોવા છતાં (बुधः) અન્તરાત્મા (आत्मानं) આત્માને (रक्तं न मन्यते) લાલ માનતો નથી.

**ટીકા** :—જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં, ડાહ્યો પુરુષ પોતાને (પોતાના શરીરને) લાલ માનતો નથી, તેમ પોતાનો દેહ કુંકુમાદિથી લાલ થવા છતાં અન્તરાત્મા આત્માને લાલ માનતો નથી.

**ભાવાર્થ** :—જેમ પહેરેલા લાલ વસ્ત્રથી શરીર લાલ થતું નથી, તેમ પોતાનું શરીર કુંકુમાદિથી લાલ થતાં, આત્મા કાંઈ લાલ વર્ણનો થતો નથી.

જેમ લાલ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ લાલ વર્ણવાળું શરીર અને આત્મા પણ ભિન્ન ભિન્ન છે.

આત્મા રસ, વર્ણ[1], ગંધ અને સ્પર્શ રહિત છે, છતાં શરીર સાથે એકતાબુદ્ધિ હોવાને લીધે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા વર્ણનો આત્માને (પોતાને) પણ માની રાગ–દ્વેષ કરે છે.

જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે, તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ–દ્વેષ થતો નથી–અર્થાત્ પોતાનું કે પરનું સુંદર વર્ણવાળું શરીર જોઈને તે ખુશ થતો નથી કે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી, તે જાણે છે કે રૂપ, રસ, ગંધાદિ પુદ્‌ગલના ધર્મ છે, આત્માના ધર્મ નથી. આત્મા તો નિરંજન, નિરાકાર, અરૂપી, અતીન્દ્રિય અને સ્વસંવેદન–ગમ્ય છે. ૬૬.

એ રીતે શરીરાદિથી ભિન્ન આત્માની ભાવના કરનાર અંતરાત્માને, શરીરાદિ કાષ્ઠાદિ સમાન પ્રતિભાસતાં, મુક્તિની યોગ્યતા થાય છે–એમ બતાવીને કહે છે :—

---

૧. નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, ન સંસ્થાન સંહનને નહીં. (૫૦)
શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ–ગા. ૫૦

यस्य सस्पन्दमाभाति निःस्पन्देन समं जगत्।
अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः॥६७॥

**टीका**—यस्मात्मनः सस्पन्दं परिस्पन्दसमन्वितं शरीरादिरूपं जगत् आभाति प्रतिभासते। कथम्भूतं? निःस्पन्देन समं निःसपन्देन काष्ठपाषाणादिना समं तुल्यं। कुत स्तेन तत्समं? अप्रज्ञं जडमचेतनं यतः। तथा अक्रियाभोगं क्रियापदार्थपरिस्थितिः भोगः सुखाद्यनुभवः तौ न विद्येते यत्र। यस्यैवं तत्प्रतिभासते स किं करोति? स शमं याति शमं परमवीतरागतां संसारभोगदेहोपरि वा वैराग्यं गच्छति। कथम्भूतं शमं? अक्रिया–भोगमित्येतदत्रापि सम्बंधनीयम्। क्रिया वाक्कायमनोव्यापारः। भोग इन्द्रियप्रणालिकया विषयानुभवनं विषयोत्सवः। तौ न विद्येते यत्र

**શ્લોક ૬૭**

**અન્વયાર્થ** :—(यस्य) જેને એટલે જે જ્ઞાની પુરુષને (सस्पन्दं जगत्) ક્રિયાઓ–ચેષ્ટાઓ કરતું (શરીરાદિરૂપ) જગત (निःस्पन्देन समं) નિઃશ્ચેષ્ટ કાષ્ઠ–પાષાણાદિ સમાન (अप्रज्ञं) ચેતનારહિત જડ અને (अक्रियाभोगं) ક્રિયા અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત (आभाति) માલૂમ પડે છે, (सः) તે (अक्रियाभोगं शमं याति) મન–વચન–કાયાની ક્રિયાની તથા ઇન્દ્રિય–વિષયભોગથી રહિત એવા પરમ વીતરાગતારૂપ શાન્તિ–સુખને પામે છે; (इतरः न) બીજો કોઈ અર્થાત્ તેનાથી વિલક્ષણ બહિરાત્મા જીવ ઉપરોક્ત શાન્તિ–સુખને પામતો નથી.

**ટીકા** :—જે આત્માને (જ્ઞાની આત્માને) સસ્પંદ એટલે પરિસ્પન્દયુક્ત (અનેક ક્રિયાઓ કરતું) શરીરાદિરૂપ જગત્ લાગે છે–પ્રતિભાસે છે, કેવું (જગત)? નિઃસ્પન્દ (નિશ્ચેષ્ટ) સમાન, અર્થાત્ કાષ્ઠ–પાષાણાદિ સમાન એટલે તુલ્ય નિઃસ્પન્દ (નિશ્ચેષ્ટ). શાથી તે સમાન (ભાસે છે)? કારણ કે તે ચેતનારહિત જડ–અચેતન છે તથા અક્રિયાભોગ અર્થાત્ ક્રિયા એટલે પદાર્થોની પરિણતિ અને ભોગ એટલે સુખાદિ અનુભવ–એ બંનેનો જેમાં અભાવ છે, એવું તે (જગત્) જેને પ્રતિભાસે છે તે શું કરે છે? તે શાંતિ પામે છે, અર્થાત્ શમ એટલે પરમ વીતરાગતા અથવા સંસાર, ભોગ અને દેહ ઉપર વૈરાગ્ય–તેને પામે છે. કેવી શાન્તિ? અહીં પણ તેની (શમની) સાથે અક્રિયાભોગનો સંબંધ લેવો. ક્રિયા એટલે વાણી, કાય અને મનનો વ્યાપાર અને ભોગ એટલે ઇન્દ્રિયોની પ્રણાલિકાથી (ઇન્દ્રિયોદ્વારા) વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ–તે બંને જેમાં વિદ્યમાન ન હોય એવી શાન્તિને પામે છે. બીજો કોઈ નહિ, અર્થાત્

સક્રિય જગ જેને દીસે જડ અક્રિય અણભોગ,
તે જ લહે છે પ્રશમને, અન્યે નહિ તદ્‌યોગ. ૬૭.

तमित्थंभूतं शमं स याति। नेतरः तद्विलक्षणो बहिरात्मा।।६७।।

सोप्येवं शरीरादिभिन्नमात्मानं किमिति न प्रतिपद्यत इत्याह—

शरीरकंचुकेनात्मा संवृतज्ञानविग्रहः।
नात्मानं बुध्यते तस्माद्भ्रमत्यतिचिरं भवे।।६८।।

**टीका**—शरीरमेव कंचुकं तेन संवृतः सम्यक् प्रच्छादितो ज्ञानमेव विग्रहः स्वरूपं यस्य।

---

તેનાથી વિપરીત લક્ષણવાળો બહિરાત્મા (તેવી શાન્તિ પામી શકતો નથી.)

**ભાવાર્થ** :—જેને શરીરાદિરૂપ જગત્ કાષ્ટ–પાષાણાદિ તુલ્ય અચેતન–જડ અને નિશ્ચેષ્ટ ભાસે છે, અર્થાત્ પરિણમનરૂપ ક્રિયાથી અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત પ્રતિભાસે છે, તે એવી પરમ વીતરાગતારૂપ શાન્તિને પામે છે, કે જેમાં મન–વચન–કાયની પ્રવૃત્તિનો તથા ઇન્દ્રિયોના વિષયભોગનો અભાવ હોય છે. અજ્ઞાની બહિરાત્મા આવી શાન્તિ પામતો નથી.

જે સમયે અન્તરાત્મા આત્મસ્વરૂપની ભાવના કરતાં કરતાં સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે, તે સમયે તેને આ જડક્રિયાત્મક–પ્રવૃત્તિમય જગત્ તરફનું લક્ષ છૂટી જાય છે અને તે પરમ વીતરાગતાને પ્રાપ્ત થઈ નિર્વિકલ્પ નિરાકુલ આનંદ અનુભવે છે. ૬૭.

તે (બહિરાત્મા) પણ એવી રીતે શરીરાદિથી ભિન્ન આત્માને કેમ પ્રાપ્ત કરતો (જાણતો) નથી? તે કહે છે :—

**શ્લોક ૬૮**

**અન્વયાર્થ** :—(शरीरकंचुकेन) શરીરરૂપી કાંચળીથી (संवृतज्ञानविग्रहः आत्मा) જેનું જ્ઞાનરૂપી શરીર ઢંકાયેલું છે તે બહિરાત્મા (आत्मानं) આત્માના યથાર્થ સ્વરૂપને (न बुध्यते) જાણતો નથી; (तस्मात्) તેથી (अतिचिरं) બહુ લાંબા કાળ સુધી (भवे) સંસારમાં તે (भ्रमति) ભમે છે.

**ટીકા** :—શરીર તે જ કંચુક (કાંચળી)–તેનાથી ઢંકાયેલું એટલે સારી રીતે આચ્છાદિત થયેલું જ્ઞાનરૂપી શરીર અર્થાત્ સ્વરૂપ જેનું, [અહીં શરીર સામાન્યનું ગ્રહણ કરવા છતાં કાર્મણ

---

તનકંચુકથી જેહનું સંવૃત જ્ઞાનશરીર,
તે જાણે નહિ આત્મને, ભવમાં ભમે સુચિર. ૬૮.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



शरीरसामान्योपादानेऽप्यत्र कार्मणशरीरमेव गृह्यते। तस्यैव मुख्यवृत्त्या तदावरकत्वोपपत्तेः। इत्थंभूतो बहिरात्मा नात्मानं बुध्यते। तस्मादात्मस्वरूपानवबोधाम् अतिचिरं बहुतरकालं भवे संसारे भ्रमति॥६८॥

શરીરનું જ ગ્રહણ સમજવું, કારણ કે તેની જ મુખ્ય વૃત્તિએ તેના આવશ્યકપણાની ઉપપત્તિ છે અર્થાત્ તે આવરણરૂપ છે.] એવો બહિરાત્મા આત્માને જાણતો નથી; તેથી આત્મસ્વરૂપ નહિ જાણવાના કારણે તે અતિ ચિરકાળ–બહુ બહુ કાળ સુધી ભવમાં એટલે સંસારમાં ભમે છે.

**ભાવાર્થ :—**વાસ્તવમાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન જ તેનું શરીર છે, પરંતુ અનાદિ કાળથી સંસારી આત્માને કાર્મણ શરીર સાથે એકપણાના અધ્યાસથી તેનું સ્વરૂપ વિકૃત થઈ ગયું છે. તેવા બહિરાત્માને આત્માના યથાર્થસ્વરૂપનું જ્ઞાન નથી, તેથી તે સંસારમાં ચિરકાળ સુધી ભમ્યા કરે છે.

અહીં કાંચળીનું દૃષ્ટાંત સ્થૂલતાની અપેક્ષાએ છે, કારણ કે જેવી રીતે કાંચળી સર્પના ઉપરના ભાગમાં રહે છે, તેવી રીતે કાર્મણ શરીરનો સંબંધ આત્મા સાથે નથી, પરંતુ પાણીમાં નિમક જેમ મળી જાય છે, તેમ બંનેનો એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ છે.[૧]

## વિશેષ

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ કાળથી છે, પણ તે પ્રવાહરૂપે છે. જ્યારે અજ્ઞાનવશ જીવ કર્મના ઉદયમાં જોડાય છે તે જ સમયે ઉદયમાં આવેલાં કર્મ ખરે છે અને નવાં કર્મ સ્વયં બંધાય છે. એમ કર્મ–સંતતિ પ્રવાહરૂપે ચાલુ રહે છે. જો જીવ કર્મના ઉદયમાં ન જોડાય તો નવાં કર્મ બંધાતાં નથી અને જૂનાં કર્મ ખરી જાય છે.

જ્યાં સુધી જીવ પોતાની વિપરીત માન્યતા ટાળતો નથી, ત્યાં સુધી દર્શનમોહનીય કર્મનો પ્રવાહ ચાલુ રહે છે અને જીવ તેના ઉદયમાં જોડાતો રહે છે, અને તેથી સંસારમાં રખડ્યા જ કરે છે.

"દ્રવ્ય પ્રત્યયોનો ઉદય થતાં, શુદ્ધાત્મસ્વરૂપની ભાવનાનો ત્યાગ કરીને (જીવ) જ્યારે રાગાદિભાવે પરિણમે છે ત્યારે બંધ થાય છે, ઉદયમાત્રથી નહિ જ. જો ઉદયમાત્રથી બંધ થાય તો સર્વદા સંસાર જ રહે. કેવી રીતે? સંસારીઓને સર્વદા જ કર્મોદયનું વિદ્યમાનપણું હોય છે માટે. તો શું કર્મોદય બંધનું કારણ નથી થતું? ના, નિર્વિકલ્પ સમાધિથી ભ્રષ્ટ

૧. સર્પની કાંચળી તેના શરીરથી જુદી થવા યોગ્ય ન હોય ત્યાં સુધી તે સર્પના શરીર સાથે સંલગ્ન (ચોંટેલી) રહે છે, તેમ અજ્ઞાની જ્યાં સુધી કાર્મણ શરીર સાથે એકતા કરે છે ત્યાં સુધી કર્મો સાથે બંધ ચાલુ રહે છે; જેમ સર્પની કાંચળી તેના શરીર સાથે ચાલુ રહે છે તેમ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

यद्यात्मनः स्वरूपमात्मत्वेन बहिरात्मानो न बुद्ध्यन्ते तदा किमात्मत्वेन ते बुद्ध्यन्ते इत्याह—

प्रविशद्गलतां व्यूहे देहेऽणूनां समाकृतौ।
स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः॥६९॥

**टीका**—तं देहमात्मानं प्रपद्यन्ते। के ते? अबुद्धयो बहिरात्मानः। कया कृत्वा? स्थितिभ्रान्त्या। क्व? देहे? कथम्भूते देहे? व्यूहे समूहे। केषां? अणूनां परमाणूनां। किं विशिष्टानां? प्रविशद्गलतां अनुप्रविशतां निर्गच्छतां च। पुनरपि कथम्भूते? समाकृतौ समानाकारे सदृशपरापरोत्पादेन। आत्मना सहैकक्षेत्रे समानावगाहेन वा। इत्थम्भूते देहे या स्थितिभ्रान्तिः स्थित्या

થએલાઓને મોહસહિત કર્મોદય વ્યવહારથી નિમિત્ત થાય છે, પણ નિશ્ચયથી તો પોતાનો રાગાદિ અજ્ઞાન ભાવ જ અશુદ્ધ ઉપાદાન કારણ છે.''[1] ૬૮.

જો બહિરાત્માઓ આત્મસ્વરૂપને આત્મપણે ન જાણતા હોય, તો તેઓ કોને આત્મપણે જાણે છે? તે કહે છે :—

### શ્લોક ૬૯

**અન્વયાર્થ** :—(अबुद्धयः) અજ્ઞાની બહિરાત્મા જીવો, (प्रविशद् गलतां अणूनां व्यूहे देहे) પ્રવેશ કરતા અને બહાર નીકળતા–એવા પરમાણુઓના સમૂહરૂપ દેહમાં, (समाकृतौ) આત્મા અને શરીરની આકૃતિના સમાનરૂપમાં (स्थितिभ्रान्त्या) આત્મા સ્થિત હોવાથી–અર્થાત્ શરીર અને આત્મા એક ક્ષેત્રમાં સ્થિત હોવાથી–બંનેને એકરૂપ સમજવાની ભ્રાન્તિથી (तम्) તેને એટલે શરીરને (आत्मानं) આત્મા (प्रतिपद्यते) સમજી લે છે.

**ટીકા** :—તેઓ દેહને આત્મા સમજે છે. કોણ તેઓ? બુદ્ધિ વિનાના બહિરાત્માઓ. શાથી (એમ સમજે છે)? સ્થિતિની ભ્રાન્તિથી. શામાં? દેહમાં. કેવા દેહમાં? વ્યૂહરૂપ એટલે સમૂહરૂપ (દેહમાં). કોના (સમૂહરૂપ)? અણુઓના–પરમાણુઓના (સમૂહરૂપ). કેવા પ્રકારના (પરમાણુઓના)? પ્રવેશતા–ગલતા અર્થાત્ પ્રવેશ કરતા અને નીકળતા (પરમાણુઓના). વળી કેવા (દેહમાં)? સમાકૃત–એકબીજાના સદ્દશ ઉત્પાદથી સમાન આકારવાળા (દેહમાં)–અર્થાત્

[1] જુઓ–શ્રી સમયસાર ગા. ૧૬૪–૧૬૫ની શ્રી જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકા.

અસ્થિર અણુનો વ્યૂહ છે સમ-આકાર શરીર,
સ્થિતિભ્રમથી મૂરખ જનો તે જ ગણે છે જીવ. ૬૯.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



कालान्तरावस्थायित्वेन एकक्षेत्रावस्थानेन वा भ्रान्तिर्देहात्मनोरभेदाध्यवसायस्तया॥६९॥

ततो यथावदात्मस्वरूपप्रतिपत्तिमिच्छन्नात्मानं देहाद्भिन्नं भावयेदित्याह—

આત્માની સાથે સમાન અવગાહથી એક ક્ષેત્રવાળા (દેહમાં). આવા દેહમાં જે સ્થિતિ ભ્રાન્તિસ્થિતિથી એટલે કાલાન્તર–અવસ્થાયિપણાને લીધે યા એક ક્ષેત્રમાં રહેવાના કારણે–જે ભ્રાન્તિ અર્થાત્ દેહ અને આત્માના અભેદરૂપ અધ્યવસાય–તેના કારણે (દેહને આત્મા માને છે).

**ભાવાર્થ** :—નિરંતર પ્રવેશ કરતા અને બહાર નીકળતા પુદ્‌ગલ–પરમાણુઓના સમૂહરૂપ દેહમાં સમાન આકૃતિએ–એક ક્ષેત્રે આત્મા સ્થિત હોવાથી, દેહ અને આત્માની એકપણાની ભ્રાન્તિને લીધે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે.

આ શરીર પુદ્‌ગલ પરમાણુઓનું બનેલું છે, આ પરમાણુઓ તેના તે કાયમ રહેતા નથી. સમયે સમયે અગણિત પરમાણુઓ શરીરની બહાર નીકળે છે અને નવા નવા પરમાણુઓ શરીરની અંદર દાખલ થાય છે. પરમાણુઓના નીકળી જવાથી તથા બીજાનો પ્રવેશ થવાથી શરીરની બાહ્ય આકૃતિમાં સ્થૂલ દૃષ્ટિએ કાંઈ ફેર લાગતો નથી. વળી આત્મા અને શરીરને એકક્ષેત્રાવગાહ સંયોગ સંબંધ છે, તેથી બંનેની સમાન આકૃતિ હોવાથી અજ્ઞાની જીવને ભ્રમ થાય છે કે 'આ શરીર જ હું છું.' તેને અભ્યંતર રહેલા આત્મતત્ત્વનું જ્ઞાન જ નથી.

શરીર અને આત્માને દૂધ–પાણીની જેમ એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે. શરીર ઇન્દ્રિયગમ્ય છે અને આત્મા અતીન્દ્રિયગમ્ય છે. અજ્ઞાનીને ઇન્દ્રિયજ્ઞાન હોવાથી તે શરીરને જ દેખે છે, આત્માને દેખતો નથી; તેથી તે શરીરને જ આત્મા માની એકતાબુદ્ધિ કરે છે અને શરીર સંબંધી રાગદ્વેષ કરે છે.

## વિશેષ

"જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીરાદિ નોકર્મમાં 'આ હું છું' અને હુંમાં (આત્મામાં) 'આ કર્મ–નોકર્મ છે'–એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ (અજ્ઞાની) છે."[૧]

શ્લોકમાં કર્મના કારણે જીવ ભ્રમમાં પડે છે એમ કહ્યું નથી, પણ પોતાના અપરાધથી જ તે તેવા ભ્રમમાં પડે છે. ૬૯.

તેથી યથાર્થરૂપે આત્મસ્વરૂપને સમજવાની ઇચ્છા કરનારે આત્માને દેહથી ભિન્ન ભાવવો. તે કહે છે :—

૧. નોકર્મ–કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ' ને નોકર્મ છે,'
–એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. (૧૯)
(શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ–ગા. ૧૯.)



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

* गौरः स्थूलः कृशो वाऽहमित्यङ्गे नाविशेषयन्।
आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम्॥७०॥

**टीका**—गौरोऽहं स्थूलोऽहं कृशोवाऽहमित्यनेन प्रकारेणाङ्गेन विशेषणेन अविशेषयन् विशिष्टं अकुर्वन्नात्मानं धारयेत् चित्तेऽविचलं भावयेत् नित्यं सर्वदा। कथम्भूतं? केवलज्ञप्तिविग्रहं केवलज्ञानस्वरूपं। अथवा केवला रूपादिरहिता ज्ञप्तिरेवोपयोग एव विग्रहः स्वरूपं यस्य॥७०॥

यश्चैवं विधमात्मानमेकाग्रमनसा भावयेत्तस्यैव मुक्तिर्नान्यस्येत्याह—

**શ્લોક ૭૦**

**અન્વયાર્થ** :—(अहं) હું (गौरः) ગોરો છું, (स्थूलः) જાડો છું, (वा कृशः) અથવા પાતળો (इति) એવી રીતે (अंगेन) શરીર સાથે (आत्मानं) આત્માને (अविशेषयन्) એકરૂપ નહિ કરતાં (नित्यं) સદા (आत्मानं) પોતાના આત્માને (केवलज्ञप्तिविग्रहम्) કેવલ જ્ઞાનરૂપ શરીરવાળો (धारयेत्) ધારવો–માનવો.

**ટીકા** :—હું ગોરો છું, હું સ્થૂલ (જાડો) છું કે હું કૃશ (પાતળો) છું–એવા પ્રકારે શરીર વડે આત્માને, વિશેષરૂપે એટલે વિશિષ્ટરૂપે નહિ માની (તેને) ધારવો અર્થાત્ ચિત્તમાં તેને નિત્ય–સર્વદા અવિચલપણે ભાવવો. કેવા (આત્માને)? કેવલ જ્ઞાનવિગ્રહરૂપ એટલે કેવલ જ્ઞાન–સ્વરૂપ અર્થાત્ કેવલ રૂપાદિરહિત જ્ઞપ્તિ જ–ઉપયોગ જ જેનું વિગ્રહ એટલે સ્વરૂપ છે તેવા આત્માને (ચિત્તમાં ધારવો).

**ભાવાર્થ** :—ગોરાપણું, સ્થૂલપણું, કૃશપણું વગેરે અવસ્થાઓ શરીરની છે–પુદ્ગલની છે, આત્માની નથી. આ શરીરની અવસ્થાઓ સાથે આત્માને એકરૂપ નહિ માનવો અર્થાત્ તે અવસ્થાઓને આત્માનું સ્વરૂપ નહિ માનવું. તેને શરીરથી ભિન્ન, રૂપાદિરહિત અને કેવલ જ્ઞાનસ્વરૂપ જ સમજવો અને તે સ્વરૂપે જ તેનું નિરંતર ચિત્તમાં ધ્યાન કરવું. ૭૦.

જે એવા પ્રકારના આત્માની એકાગ્ર મનથી ભાવના કરે તેને જ મુક્તિ હોય છે. બીજા કોઈને નહિ–તે કહે છે :—

* हउँ गोरउ हउँ सांभलउ हउँ जि वभिण्णउ वण्णु।
हउँ तणु अंगउँ थूलु हउँ एहउँ मुढउ मण्णु॥८०॥ (श्री परमात्मप्रकाशे–योगीन्द्रदेवः)

હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,
—એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦.

**मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ॥७१॥**

**टीका**—एकान्तिकी अवश्यम्भाविनी तस्यान्तरात्मनो मुक्तिः। यस्य चित्ते अविचला धृतिः आत्मस्वरूपधारणं स्वरूपविषया प्रसतिर्वा। यस्य तु चित्ते नास्त्यचला धृतिस्तस्य नैकान्तिकी मुक्तिः ॥७१॥

चित्तेऽचलाधृतिं च लोकसंसर्गं परित्यज्यात्मस्वरूपस्य संवेदनानुभवे सति स्यान्नान्यथेति दर्शयन्नाह—

### શ્લોક ૭૧

**અન્વયાર્થ** :—(यस्य) જેના (चित्ते) ચિત્તમાં (अचला) આત્મસ્વરૂપની નિશ્ચલ (धृतिः) ધારણા છે (तस्य) તેની (ऐकान्तिकी मुक्तिः) એકાન્તે એટલે નિયમથી મુક્તિ થાય છે. (यस्य) જેને (अचला धृतिः न अस्ति) આત્મસ્વરૂપમાં નિશ્ચલ ધારણા નથી (तस्य) તેની (एकान्तिकी मुक्तिः न) અવશ્યપણે મુક્તિ થતી નથી.

**ટીકા** :—એકાન્તિક એટલે અવશ્ય થવાવાળી મુક્તિ તે અન્તરાત્માને થાય છે કે જેના ચિત્તમાં અવિચલ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની ધારણા હોય કે સ્વરૂપમાં પ્રસત્તિ (લીનતા) હોય; પરંતુ જેના ચિત્તમાં અચલ ધૃતિ (ધારણા) હોતી નથી, તેને અવશ્યંભાવી મુક્તિ થતી નથી.

**ભાવાર્થ** :—જેનો ઉપયોગ બીજે નહિ ભમતાં આત્મસ્વરૂપમાં જ સ્થિર થાય છે, તેની નિયમથી મુક્તિ થાય છે, પરંતુ જેનો ઉપયોગ એકથી બીજે ભમે છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતો નથી, તેની કદી મુક્તિ થતી નથી. જ્યાં મોહભાવ સહિત ઉપયોગ પર પદાર્થોમાં અટકે છે ત્યાં સવિકલ્પ દશા વર્તે છે. આ સવિકલ્પ દશામાં ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી. નિર્વિકલ્પ દશામાં જ ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકે છે. જેનો ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તેને જ મુક્તિ થાય છે, બીજા કોઈને નહિ. ૭૧.

ચિત્તમાં અચલ ધૃતિ, લોકના સંસર્ગનો પરિત્યાગ કરીને આત્મસ્વરૂપના સંવેદનનો અનુભવ થતાં થાય છે. બીજી રીતે નહિ. તે દર્શાવી કહે છે :—

જો નિશ્ચળ ધૃતિ ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;
ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નો'ય. ૭૧.

जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः।
भवन्ति तस्मात्संसर्गा जनैर्योगी ततस्त्यजेत्।।७२।।

**टीका**—जनेभ्यो वाक् वचनप्रवृत्तिर्भवति। प्रवृत्तेः स्पन्दो मनसः व्यग्रता मानसे भवति। तस्याऽऽत्मनः स्पन्दाच्चित्तविभ्रमाः नानाविकल्पपवृत्तयो भवन्ति। यत एवं, तत्तस्मात् योगी त्यजेत्। कं ? संसर्ग सम्बन्धम्। कैः सह ? जनैः।

### શ્લોક ૭૨

**અન્વયાર્થ** :—(जनेभ्यः) લોકોના સંસર્ગથી (वाक्) વચનની પ્રવૃત્તિ થાય છે; (ततः) તેનાથી એટલે વચનપ્રવૃત્તિથી (मनसः स्पन्दः) મનની વ્યગ્રતા થાય છે–ચિત્ત ચલાયમાન થાય છે, (तस्मात्) તેનાથી એટલે ચિત્તની ચંચલતાથી (चित्त–विभ्रमाः भवन्ति) ચિત્તમાં વિવિધ પ્રકારના વિકલ્પો ઊઠવા લાગે છે અર્થાત્ મન વિક્ષિપ્ત થઈ જાય છે; (ततः) તેથી (योगी) યોગીએ–યોગમાં સંલગ્ન થવાવાળા અન્તરાત્માએ–(जनैः संसर्गं त्यजेत्) લૌકિક જનોના સંસર્ગનો ત્યાગ કરવો.

**ટીકા** :—લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે, પ્રવૃત્તિથી મનનું સ્પંદન–મનમાં વ્યગ્રતા–થાય છે, તે આત્માના (ભાવમનના) સ્પંદનથી ચિત્તવિભ્રમો અર્થાત્ વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે; તેટલા માટે યોગીએ તજવો. શું (તજવો)? સંસર્ગ–સંબંધ કોની સાથેનો? લોકો સાથેનો.

**ભાવાર્થ** :—લૌકિક જનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે,–ચિત્ત ચલાયમાન થાય છે અને વિવિધ પ્રકારના સંકલ્પ–વિકલ્પો ઊઠે છે. તેનાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા રહેતી નથી. માટે આત્મસ્વરૂપના અભ્યાસીએ લૌકિક જનોના સંસર્ગથી દૂર રહેવું યોગ્ય છે.

### વિશેષ

સાધકને જેમ જેમ ભેદ–વિજ્ઞાનનું બળ વધતું જાય છે તેમ તેમ તેને પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ થાય છે અને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતાના પ્રમાણમાં તે આત્મસ્થિરતા પ્રાપ્ત કરે છે. સ્વરૂપ–સ્થિરતાના કાળે લૌકિક જનો સાથેનો સંસર્ગ સ્વયં છૂટી જાય છે. ૭૨.

---

જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ,
તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ. ૭૨.

तर्हितैः संसर्गं परित्यज्याटव्यां निवासः कर्तव्य इत्याशंकां निराकुर्वन्नाह—

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम्।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ॥७३॥**

**टीका**—ग्रामोऽरण्यमित्येवं द्वेधा निवासः स्थानं अनात्मदर्शिनामलब्धात्मस्वरूपोपलम्भानां दृष्टात्मनामुपलब्धात्मस्वरूपाणां निवासस्तु विविक्तात्मैव रागादिरहितो विशुद्धात्मैव निश्चलः चित्तव्याकुलतारहितः ॥७३॥

---

તો શું તેમનો (લોકોનો) સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો? એવી આશંકાનું નિરાકરણ કરતાં કહે છે :—

### શ્લોક ૭૩

**અન્વયાર્થ** :—(अनात्मदर्शिनां) જેમને આત્માનો અનુભવ થયો નથી તેવા લોકોને (ग्रामः अरण्यम्) ગ્રામ કે અરણ્ય (इति द्वेधा निवासः) એવાં બે પ્રકારના નિવાસસ્થાન છે; (तु) કિન્તુ (दृष्टात्मनां) જેમને આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તેવા જ્ઞાની પુરુષોને, (निश्चल) ચિત્તની વ્યાકુલતા રહિત (विविक्तात्मा एव) રાગાદિરહિત શુદ્ધ આત્મા જ (निवासः) નિવાસસ્થાન છે.

**ટીકા** :—ગ્રામ અને અરણ્ય એ બે પ્રકારનાં નિવાસસ્થાન, અનાત્મદર્શીઓ માટે અર્થાત્ જેમને આત્માનો અનુભવ થયો નથી, જેમને આત્માની ઉપલબ્ધિ થઈ નથી તેવાં લોકો માટે છે, પરંતુ જેમને આત્માનો અનુભવ થયો છે, જેમને આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઈ છે, તેવા (જ્ઞાની) લોકોને માટે તો નિવાસસ્થાન વિવિક્ત એટલે વિમુક્ત આત્મા જ અર્થાત્ રાગાદિરહિત શુદ્ધ આત્મા જ છે જે નિશ્ચલ, એટલે ચિત્તની આકુલતારહિત છે.

**ભાવાર્થ** :—જેને આત્માનો અનુભવ નથી, ભેદ-જ્ઞાન નથી તે પુરુષને જ ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે.

જે આત્મદર્શી છે-જેમને આત્માનો અનુભવ છે-તેમનું નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે. તે રાગ-દ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી, તેમને ગ્રામનિવાસ માટે કે

---

અનાત્મદર્શી ગામ વા વનમાં કરે નિવાસ;
નિશ્ચળ શુદ્ધાત્મામહીં આત્મદર્શીનો વાસ. ૭૩.

अनात्मदर्शिनो दृष्टात्मनश्च फलं दर्शयन्नाह—

देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना।
बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना ।।७४।।

टीका–देहान्तरे भवान्तरे गतिर्गमनं तस्य बीजं कारणं किं? आत्मभावना। क्व?

---

વનનિવાસ માટે પ્રેમ હોતો નથી અને તેમનું ચિત્ત સંકલ્પો–વિકલ્પોથી આકુલિત હોતું નથી. તેઓ ગ્રામ કે વનને પોતાના આત્મસ્વરૂપથી બહિર્ભૂત સમજે છે; તેથી કોઈમાં પણ આસક્તિ રાખવી કે તેને પોતાનું નિવાસસ્થાન માનવું એ તેમને ઈષ્ટ નથી. તેઓ તો શુદ્ધાત્મસ્વરૂપને જ પોતાની વિહાર–ભૂમિ બનાવે છે અને તેમાં જ સદા રમ્યા કરે છે.

"ચટાઈ, પત્થર, ઘાસ, જમીન, લાકડાનું પાટિયું વગેરે ધ્યાન માટે નિસ્સાર છે, કારણ કે જેણે રાગ–દ્વેષ અને વિષય–કષાયરૂપી શત્રુઓને દૂર કર્યા છે તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે–એવું જ્ઞાનીજનોએ માન્યું છે"[૧]

આત્મસ્વરૂપના અનુભવ માટે ગ્રામ–અરણ્યની જેમ અન્ય પર પદાર્થો પણ નિસ્સાર છે; ત્રિકાલી શુદ્ધાત્માનું અવલંબન જ સારભૂત છે. ૭૩.

અનાત્મદર્શી અને આત્મદર્શીના ફલને દર્શાવી કહે છે :—

### શ્લોક ૭૪

**અન્વયાર્થ :** (अस्मिन् देहे) આ શરીરમાં (आत्मभावना) આત્માની ભાવના અર્થાત્ શરીરને જ આત્મા માનવો તે (देहान्तरगतेः) અન્ય શરીરગ્રહણરૂપ ભવાન્તરપ્રાપ્તિનું (बीजं) બીજ એટલે કારણ છે અને (आत्मनि एव) આત્મામાં જ (आत्मभावना) આત્માની ભાવના અર્થાત્ આત્માને જ આત્મા માનવો તે (विदेहनिष्पत्तेः) શરીરના સર્વથા ત્યાગરૂપ મુક્તિનું(बीजं) બીજ છે.

**ટીકા :** અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં ગતિ એટલે ગમન–તેનું બીજ એટલે

---

૧. न संस्तरोऽश्मा न तृणं न मेदिनी, विधानतो नो फलको विनिर्मितः।
यतो निरस्ताक्षकषायविद्विषः, सुधीभिरात्मैव सुनिर्मलो मतः ।।२२।।
(શ્રી અમિતગતિ આચાર્યકૃત 'સમાયિક પાઠ')

દેહે આતમ-ભાવના દેહાન્તરગતિ-બીજ;
આત્મામાં નિજ-ભાવના દેહમુક્તિનું બીજ. ૭૪.

देहेऽस्मिन् अस्मिन्कर्मवशाद्गृहीते देहे। विदेहनिष्पत्तेः विदेहस्य सर्वथा देहत्यागस्य निष्पत्तेर्मुक्तिप्राप्तेः पुनर्बीजं स्वात्मन्येवात्मभावना।।७४।।

तर्हि मुक्तिप्राप्तिहेतुः कश्चिद्गुरुर्भविष्यतीति वदन्तं प्रत्याह–

કારણ. ક્યું? આત્મભાવના. શામાં? આ દેહમાં એટલે કર્મવશ ગ્રહેલા આ દેહમાં. વિદેહનિષ્પત્તિનું–વિદેહની અર્થાત્ સર્વથા દેહત્યાગની નિષ્પત્તિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું બીજ પોતાના આત્મમાં જ આત્મભાવના (કરવી તે) છે.

**ભાવાર્થ :** શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે અને પોતાના આત્મામાં જ–નિજ સ્વરૂપમાં જ આત્મબુદ્ધિ કરવાથી અર્થાત્ આત્માને જ આત્મા માનવાથી મુક્તિ થાય છે–દેહનો સંબંધ સર્વથા છૂટી જાય છે.

માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય—પુનર્ભવ કરવો ન પડે તે માટે જ્ઞાનીએ શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આત્મ-ભાવના કરવી એ જ યોગ્ય છે.

## વિશેષ

"જ્યાં સુધી દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે."[1]

"જે ઇન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)"[2]

"જે અજ્ઞાની જીવ (શરીરાદિક) પુદ્ગલ દ્રવ્યને અભિનંદે છે—અર્થાત્ તેને પોતાનું માને છે–તેમાં આત્મીય ભાવ કરે છે, તે જીવની સાથે સંયોગ-સંબંધ ચારે ગતિઓમાં તે પુદ્ગલ દ્રવ્ય છોડતું નથી."[3] ૭૪

તો મુક્તિ-પ્રાપ્તિનો હેતુ કોઈ ગુરુ હશે—એવું બોલનાર પ્રતિ કહે છે.

૧. કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. (૧૫૦)
(શ્રી પ્રવચનસાર–ગુજ. આવૃત્તિ ગાથા ૧૫૦)

૨. કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને-ઉપયોગને,
તે કર્મથી રંજિત નહિ, ક્યમ પ્રાણ તેને અનુસરે? (૧૫૧)
(શ્રી પ્રવચનસાર–ગુજ. આવૃત્તિ–ગાથા ૧૫૧)

૩. 'ઇષ્ટોપદેશ'–શ્લોક ૪૬

**नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव च।**
**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ॥७५॥**

टीका—जन्म संसारं नयति प्रापयति। कं? आत्मानं। कोऽसौ? आत्मैव देहादौ दृढात्मभावनावशात्। निर्वाणमेव च आत्मानमात्मैव नयति स्वात्मन्येवात्मबुद्धिप्रकर्षसद्भावात्। यत एवं तस्मात् परमार्थतो गुरुरात्मात्मनः। नान्यो गुरुरस्ति परमार्थतः। व्यवहारेण तु यदि भवति तदा भवतु ॥७५॥

### શ્લોક ૭૫

**અન્વયાર્થ :** (आत्मा एव) આત્મા જ (आत्मानं) આત્માને (जन्म निर्वाणम् एव च नयति) જન્મ અને નિર્વાણ પ્રતિ દોરે છે–અર્થાત્ પ્રાપ્ત કરાવે છે; (तस्मात्) માટે (परमार्थतः) નિશ્ચયથી (आत्मनः गुरुः) આત્માનો ગુરુ (आत्मा एव) આત્મા જ છે; (अन्यः न अस्ति) બીજો કોઈ નહિ.

**ટીકા :**—જન્મ એટલે સંસાર પ્રતિ દોરે છે–પ્રાપ્ત કરાવે છે. કોને? આત્માને. કોણ તે? દેહાદિમાં દૃઢ આત્મભાવનાવશ આત્મા જ (જન્મ પ્રાપ્ત કરાવે છે); અને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્‌ભાવથી આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ લઈ જાય છે, કારણ કે વાસ્તવમાં આત્મા આત્માનો ગુરુ છે; પરમાર્થે બીજો કોઈ ગુરુ નથી. વ્યવહારે તે હોય તો ભલે હો.

**ભાવાર્થ :**—જે આત્મા દેહાદિમાં દૃઢ આત્મબુદ્ધિ કરે છે તે જન્મ–મરણરૂપ સંસારમાં ભ્રમણ કરે છે–અર્થાત્ આત્મા જ પોતાના આત્માને સ્વ–અપરાધથી સંસારમાં રખડાવે છે, અને તે જ આત્મા જો પોતાના આત્મામાં જ દૃઢ આત્મબુદ્ધિ કરે, તો તે સંસારભ્રમણથી મુક્ત થાય છે–નિર્વાણ પામે છે–અર્થાત્ આત્મા જ પોતાના આત્માને નિર્વાણ પમાડે છે; તેથી પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઈ ગુરુ નથી.

### વિશેષ

અહીં આચાર્યે સ્પષ્ટ કર્યું છે કે જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી જ પોતાના આત્માનું હિત–અહિત કરે છે. તેમાં કર્મ કે પર પદાર્થો અહેતુવત્ છે અકિંચિત્કર છે.

---

જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ. ૭૫.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



देहे स्वबुद्धिर्मरणोपनिपाते किं करोतीत्याह—

**दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः।**
**मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद्भृशम्॥७६॥**

જ્યાં સુધી જીવ પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી અંતરંગ રાગાદિ શત્રુઓ અર્થાત્ કષાયપરિણતિ પર વિજય પ્રાપ્ત કરી સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરતો નથી, ત્યાં સુધી તે સંસારરૂપી કીચડમાં ફસ્યો રહે છે અને જન્મમરણનાં અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે, પરંતુ જ્યારે તે આત્મસ્વરૂપનું બરાબર જ્ઞાન કરી સ્વભાવ–સન્મુખ વિશેષ ઉગ્ર પુરુષાર્થ આદરે છે, ત્યારે ક્રમે ક્રમે રાગ–દ્વેષાદિ કષાય–ભાવોનો યા વિભાવ પરિણતિનો સ્વયં ત્યાગ થઈ જાય છે અને રાગાદિ ભાવથી સર્વથા મુક્ત થતાં અર્થાત્ પરમ વીતરાગતા પ્રાપ્ત થતાં તે મોક્ષ પામે છે.

'આત્મા, પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે, અભીષ્ટ મોક્ષસુખનું જ્ઞાન કરાવે છે અને સ્વયં કલ્યાણકારી આત્મ–સુખની પ્રાપ્તિમાં પોતાને યોજે છે, તેથી આત્મા જ આત્માનો ગુરુ છે.[1]

માટે આત્મા પરનું–નિમિત્તનું અવલંબન છોડી પોતે પોતાનો ગુરુ બને અર્થાત્ ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રયી બને, તો તે જન્મ–મરણનાં દુઃખોથી મુક્ત થઈ નિર્વાણ પામે. ૭૫.

દેહમાં આત્મબુદ્ધિ કરનાર (બહિરાત્મા) મરણ નજીક આવતાં શું કરે છે? તે કહે છે :—

### શ્લોક ૭૬

**અન્વયાર્થ** :—(देहादौ दृढात्मबुद्धिः)દેહાદિમાં દૃઢ આત્મબુદ્ધિવાળો બહિરાત્મા (आत्मनः नाशं) પોતાના એટલે પોતાના શરીરના નાશને (च) અને (मित्रादिभिः वियोगं) મિત્રાદિથી થતા વિયોગને (उत्पश्यन्) દેખીને (मरणात्) મરણથી (भृशम्) અત્યંત (बिभेति) ડરે છે.

---

૧. स्वस्मिन्सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः।
स्वयं हित[तं]प्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः॥३४॥ (ઈષ્ટોપદેશ-શ્લોક ૩૪)

દેખી લય પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,
દૃઢ દેહાતમબુદ્ધિને મરણભીતિ બહુ હોય. ૭૬.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

टीका—देहादौ दृढात्मबुद्धिरविचलात्मदृष्टिर्बहिरात्मा। उत्पश्यन्नवलोकयन्। आत्मनो नाशं मरणं मित्रादिभिर्वियोगं च मम भवति इति बुद्ध्यमानो मरणाद्बिभेति भृशमत्यर्थम्॥७६॥

यस्तु स्वात्मन्येवात्मबुद्धिः स मरणोपनिपाते किं करोतीत्याह—

आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः।
मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम्॥७७॥

---

**ટીકા** :—દેહાદિના દૃઢ આત્મબુદ્ધિવાળો એટલે અવિચલ આત્મદૃષ્ટિવાળો બહિરાત્મા, પોતાનો નાશ એટલે મરણ જોઈને–અવલોકીને તથા 'મિત્રાદિથી મારો વિયોગ થશે' એમ સમજીને મરણથી અત્યંત ભય પામે છે; એવો અર્થ છે.

**ભાવાર્થ** :—અજ્ઞાની જીવ શરીરને જ દૃઢપણે આત્મા માને છે, તેથી શરીર છૂટવાના સમયે અર્થાત્ મરણ સમયે પોતાના આત્માનો નાશ અને તેથી કરીને સ્ત્રી–પુત્ર–મિત્રાદિથી વિયોગ–એ બે વાત જાણી મરણથી ઘણો જ ભય પામે છે.

'संसारासक्तचित्तानां मृत्युर्भीत्यै भवेन्नृणाम्।'

જે પુરુષોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેમને માટે મૃત્યુ ભયનું કારણ છે. કારણ કે તે માને છે કે 'મારા શરીરનો નાશ થતાં, સ્ત્રી–પુત્રાદિથી વિયોગ થશે. હવે મને તેમના સંયોગનું સુખ મલશે નહિ.' આવા વિયોગના દુઃખથી તે મરણથી બહુ બીવે છે. ૭૬.

પરંતુ જેને પોતાના આત્મમાં જ આત્મબુદ્ધિ છે તે મરણ નજીક આવતાં શું કરે છે? તે કહે છે :—

**શ્લોક ૭૭**

**અન્વયાર્થ** :—(आत्मनि एव आत्मधीः) આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિવાળો (शरीरगतिं) શરીરની ગતિને–શરીરના વિનાશને (आत्मनः अन्यां) આત્માથી ભિન્ન (मन्यते) માને છે અને (वस्त्रं त्यक्त्वा वस्त्रान्तरग्रहम् इव) મરણના અવસરને એક વસ્ત્રને છોડી બીજા વસ્ત્રનું ગ્રહણ કરવાની જેમ સમજી (निर्भयं मन्यते) પોતાને નિર્ભય માને છે.

---

નિજમાં નિજધી આત્મથી માને તન-ગતિ ભિન્ન,
અભય રહે, જયમ વસ્ત્રને છોડી ગ્રહે નવીન. ૭૭.

टीका—आत्मन्येवात्मस्वरूप एव आत्मधीः अन्तरात्मा शरीरगतिं शरीरविनाशं शरीरपरिणतिं वा बालाद्यवस्थारूपां आत्मनो अन्यां भिन्ना निर्भयं यथा भवत्येवं मन्यते। शरीरोत्पादविनाशौ आत्मनो विनाशोत्पादौ (उत्पादविनाशौ इति साधुः) न मन्यत इत्यर्थः। वस्त्रं त्यक्त्वा वस्त्रान्तरग्रहणमिव ।।७७।।

**ટીકા** :—આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો–અંતરાત્મા, શરીરની ગતિને એટલે શરીરના વિનાશને અથવા બાલાદિ અવસ્થારૂપ શરીરની પરિણતિને નિર્ભયપણે (નિઃશંકપણે) આત્માથી અન્ય–ભિન્ન માને છે, શરીરના ઉત્પાદ–વિનાશને આત્માનો ઉત્પાદ–વિનાશ એ માનતો નથી–એવો અર્થ છે, જેમ વસ્ત્રનો ત્યાગ કરીને અન્ય વસ્ત્રનું ગ્રહણ કરવું તેમ.

**ભાવાર્થ** :—અંતરાત્મા આત્માને શરીરથી ભિન્ન સમજે છે, બંનેને એકરૂપ માનતો નથી, તેથી તે શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માનતો નથી, અર્થાત્ શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ અને શરીરના નાશથી આત્માનો નાશ માનતો નથી. જેમ એક વસ્ત્ર તજી બીજું વસ્ત્ર ગ્રહણ કરતાં શરીરને કાંઈ થતું નથી, તેમ એક દેહ તજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઈ થતું નથી–એમ સમજી તે મરણ–સમયે નિર્ભય રહે છે, મરણથી ડરતો નથી.

## વિશેષ

જ્ઞાની સમજે છે કે જેમ મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો કદી નાશ થતો નથી. આવી સમજણને લીધે તેને કોઈ પણ પ્રકારની આકુલતા રહેતી નથી. તે મરણ–પ્રસંગે નિર્ભયતા સેવે છે અને આત્મસ્વરૂપમાં મગ્ન રહે છે.

જ્ઞાની મરણ સમયે વધુ દૃઢતા માટે પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે કે :—

‘હે આત્મન્, તું તો જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી છે, માટે સેંકડો કીડોના સમૂહથી ભરેલા આ જીર્ણ–શીર્ણ શરીરરૂપી પીંજરાના નાશ સમયે તને ભય કરવો ઉચિત નથી.’

‘હે આત્મન્, આ મૃત્યુરૂપ મહોત્સવ પ્રાપ્ત થવાથી તું કેમ ડરે છે? કારણ કે આ મૃત્યુ દ્વારા તો તું જ્ઞાનાદિક સ્વરૂપમાં સ્થિત રહીને અન્ય શરીરરૂપ નવા નગર તરફ ગમન કરે છે.’

‘ગર્ભથી લઈ આજ સુધી, દેહ પીંજરામાં તું અનેક પ્રકારનાં દુઃખ ભોગવતો પડ્યો રહ્યો છે. મૃત્યુરૂપી બલવાન રાજા સિવાય બીજો કોણ તને આ દેહ–પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે?’

एवं च स एव बुध्यते यो व्यवहारेऽनादरपरः यस्तु तत्रादरपरः स न बुध्यत इत्याह—

*व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।
जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे॥७८॥

टीका—व्यवहारे विकल्पाभिधानलक्षणेप्रवृत्तिनिवृत्यादिस्वरूपे वा सुषुप्तोऽप्रयत्नपरो यः स जागर्त्यात्मगोचरे आत्मविषये संवेदनोद्यतो भवति। यस्तु व्यवहारेऽस्मिन्नुक्तप्रकारे जागर्ति स सुषुप्तः आत्मगोचरे॥७८॥

---

'જે પુરુષે, મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં, પોતાના આત્માનું હિત સાધ્યું નહિ, તે સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ જઈ પોતાનું શું કલ્યાણ કરશે?'[1]

આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી, પણ મરણને તે મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે, અને તેથી તે નિરાકુલતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈ સમાધિ-મરણ સાધે છે. ૭૭.

આવું જ્ઞાન તેને જ થાય કે જે વ્યવહાર વિશે અનાદર રાખે છે, પરંતુ જેને ત્યાં (વ્યવહારમાં) આદર છે તેને આવું જ્ઞાન થતું નથી. તે કહે છે :—

### શ્લોક ૭૮

**અન્વયાર્થ** :—(यः) જે (व्यवहारे) વ્યવહારમાં (सुषुप्तः) સૂતેલો છે, (सः) તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (जागर्ति) જાગે છે (च) અને જે (अस्मिन् व्यवहारे) આ વ્યવહારમાં (जागर्ति) જાગે છે તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (सुषुप्तः) સૂતેલો છે.

**ટીકા** :—વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં ('વિકલ્પના સ્થાનરૂપ') અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ (વ્યવહારમાં) જે સૂતો છે-પ્રયત્નપરાયણ નથી, તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે અર્થાત્ સંવેદનમાં (આત્માનુભવમાં) તત્પર હોય છે, પણ જે આ ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે તે આત્મ-વિષયમાં સૂતો છે. (અર્થાત્ આત્મદર્શન પામતો નથી.)

---

* जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे॥३१॥ (मोक्षप्रामृते, कुन्दकुन्दाचार्यः)

१. 'મૃત્યુમહોત્સવ'-શ્લોક ૯, ૧૦, ૧૨, ૧૪.

સૂતો જે વ્યવહારમાં તે જાગે નિજમાંય;
જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮.

यश्चात्मगोचरे जागर्ति स मुक्तिं प्राप्नोतीत्याह—

**ભાવાર્થ** :—જ્ઞાની, પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ સાંસારિક કાર્યોમાં અનાસક્ત તેમ જ અપ્રયત્નશીલ હોય છે અને આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે–તત્પર રહે છે, જ્યારે અજ્ઞાની પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ સંસારનાં કાર્યોમાં પ્રયત્નશીલ રહે છે–જાગૃત રહે છે અને આત્માનુભવના કાર્યમાં અતત્પર રહે છે.

## વિશેષ

અહીં આચાર્યે એ બતાવ્યું છે કે પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ વ્યવહારમાં–અર્થાત્, અહિંસા, ભક્તિ, વ્રત, નિયમાદિ શુભ પ્રવૃત્તિરૂપ વ્યવહારમાં અને હિંસા, જૂઠ, ચોરી, આદિ અશુભ કાર્યથી નિવૃત્તિરૂપ વ્યવહારમાં–એમ બન્ને વ્યવહારોમાં જે અતત્પર હોય છે તે જ આત્માનુભવ કરી શકે છે. પરંતુ ભક્તિ આદિ શુભ કાર્યોમાં પ્રવૃત્તિથી અને અશુભ કાર્યમાં નિવૃત્તિથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ છે–રાગયુક્ત છે. રાગ ભલે શુભ હોય તો પણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી.

જ્ઞાની તો આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે, તેથી તેને વ્યવહાર ધર્મથી સ્વયં નિવૃત્તિ થઈ જાય છે. તેની તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ નથી, પણ નિર્વિકલ્પ છે અને તેનાથી ધર્મ થાય છે.

જ્ઞાનીને અસ્થિરતાને લીધે કદાચિત્ પૂજા–ભક્તિ આદિનો શુભ રાગ આવે, પણ તે તેને ભલો માનતો નથી, તેને તેનું સ્વામીત્વ કે કર્તાબુદ્ધિ નથી. તેને તે રાગ હેયબુદ્ધિએ વર્તે છે; તેથી તેમાં તેની પ્રવૃત્તિ દેખાવા છતાં તે વાસ્તવમાં નિવૃત્તિમય જ છે.

અજ્ઞાની શુભરાગમય પ્રવૃત્તિને ધર્મ માની તેનાથી સંતુષ્ટ થાય છે અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર હોય છે.

“વળી કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી તેમાં અતિ અનુરાગી થઈ પ્રવર્તે છે, પણ તે તો જેમ અન્યમતી ભક્તિથી મુક્તિ માને છે તેવું આનું પણ શ્રદ્ધાન થયું; ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે, માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતાં જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય, એટલા માટે અશુભ રાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે. વા મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્તમાત્ર પણ જાણે છે, પરંતુ ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે.....”[૧]

૧. મોક્ષમાર્ગપ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૨૨૭.

आत्मानमन्तरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः।
तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ॥७९॥

टीका—आत्मानमन्तरेऽभ्यन्तरे दृष्ट्वा देहादिकं बहिर्दृष्ट्वा तयोरात्मदेहयोरन्तरविज्ञानात् भेदविज्ञानात् अच्युतो मुक्तो भवेत्। ततोऽच्युतो भवन्नप्यभ्यासाद्भेदज्ञानभावनातो भवति न पुनर्भेदविज्ञानमात्रात् ॥७९॥

---

"........આ ભક્તિ, કેવળ ભક્તિ જ છે પ્રધાન જેને એવા અજ્ઞાની જીવોને જ હોય છે તથા તીવ્ર રાગજ્વર મટાડવા અર્થે વા અસ્થાનનો રાગ નિષેધવા અર્થે કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે."[1] એટલે કે જ્ઞાની જ્યારે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી ત્યારે તેને આવી ભક્તિ હેયબુદ્ધિએ હોય છે. ૭૮.

જે આત્મસ્વરૂપમાં જાગે છે, તે મુક્તિ પામે છે, તે કહે છે :—

### શ્લોક ૭૯

**અન્વયાર્થ** :—(अन्तरे) અંતરંગમાં (आत्मानं) આત્માના વાસ્તવિક સ્વરૂપને (दृष्ट्वा) જોઈને અને (बहिः) બાહ્યમાં (देहादिकं) શરીરાદિ પર ભાવોને (दृष्ट्वा) જોઈને (तयोः) બન્નેના–આત્મા અને શરીરાદિકના–(अन्तरविज्ञानात्) ભેદવિજ્ઞાનથી તથા (अभ्यासात्) તેના અભ્યાસથી (अच्युतः भवेत्) અચ્યુત એટલે મુક્ત થવાય.

**ટીકા** :—આત્માને અંતરમાં–અભ્યંતરમાં જોઈને અને દેહાદિકને બાહ્ય જોઈને, તે બન્નેના અર્થાત્ આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી એટલે ભેદવિજ્ઞાનથી (જીવ) અચ્યુત એટલે મુક્ત થાય. તેથી એકલા ભેદજ્ઞાનથી જ અચ્યુત થાય એમ નહિ, પણ તેના (ભેદજ્ઞાનના) અભ્યાસથી–ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય.

**ભાવાર્થ** :—આત્મા અને દેહના ભેદજ્ઞાનથી અને તેના નિરંતર અભ્યાસથી અર્થાત્ ભેદજ્ઞાનની નિરંતર ભાવનાથી–એ બંનેથી જ સંસારથી મુક્ત થવાય, કારણ કે અભ્યાસથી ભેદજ્ઞાનમાં દ્રઢતા આવે છે અને દ્રઢતાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા પામી મુક્ત થવાય છે.

---

૧. શ્રી પંચાસ્તિકાય–ગાથા ૧૩૬ની ટીકા.

અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,
ભેદજ્ઞાન-અભ્યાસથી શિવપદ-પ્રાપ્તિ થાય. ૭૯.

यस्य च देहात्मनोर्भेददर्शनं तस्य प्रारब्धयोगावस्थायां निष्पन्नयोगावस्थायां च कीदृशं जगत्प्रतिभासत इत्याह—

पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत् ।
स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरूपवत् ॥८०॥

## વિશેષ

જ્યારે જીવ અંદરના આત્માને અને બાહ્ય શરીરાદિક પર પદાર્થોને તેમનાં લક્ષણો દ્વારા એકબીજાથી ભિન્ન ભિન્ન સમજે છે–બંનેનું ભેદવિજ્ઞાન કરે છે. ત્યારે તેની પરિણતિમાં પલટો આવે છે. તે બાહ્ય વિષયોથી હઠી અંતર્મુખ થાય છે અને પોતાના ઉપયોગને ઇન્દ્રિયોના વિષયોમાં નહિ ભમાવતાં તેને હવે સ્વસન્મુખ વાળી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા અભ્યાસ કરે છે. આત્મસાધનાનો અભ્યાસ વધારતાં વધારતાં એને આત્મસ્વરૂપમાં એટલી દ્રઢતા–સ્થિરતા પ્રાપ્ત થાય છે કે તે ફરીથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી, અને આત્મિક ગુણોનો પૂર્ણ વિકાસ થતાં તે મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

ભેદ–વિજ્ઞાન એ મુક્તિનું પ્રથમ પગથિયું છે. તેના વિના મુક્તિ કદી પ્રાપ્ત થાય નહિ. માટે ભેદ–વિજ્ઞાન કરી તેનો અભ્યાસ ત્યાં સુધી જારી રાખવો કે જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ પર પદાર્થોથી હઠી આત્મસ્વરૂપમાં સ્થિર થાય.''[1]

''જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદ–વિજ્ઞાનથી સિદ્ધ થાય છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદ–વિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.''[2]

ભેદજ્ઞાન–જ્યોતિને કેવલજ્ઞાન ઉત્પન્ન કરનારી કહી છે.[3]

અવિચળ આત્માનુભૂતિનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. ૭૯.

જેને દેહ અને આત્માનું ભેદ–દર્શન છે, તેને પ્રાથમિક યોગાવસ્થામાં અને પૂર્ણ (સિદ્ધિ) યોગાવસ્થામાં જગત્ કેવું પ્રતિભાસે છે? તે કહે છે :—

### શ્લોક ૮૦

**અન્વયાર્થ** :—(પૂર્વં) પ્રથમ અર્થાત્ યોગાભ્યાસની પ્રાથમિક અવસ્થામાં,

૧. –૨. શ્રી સમયસાર કલશ ૧૩૦, ૧૩૧. ૩. જુઓ–શ્રી સમયસાર ગાથા. ૨ ની ટીકા

સ્વાત્મદર્શીને પ્રથમ તો જગ ઉન્મત્ત જણાય;
દ્રઢ અભ્યાસ પછી જગત્ કાષ્ટ-દ્રષદવત્ થાય. ૮૦.

टीका—पूर्वं प्रथमं दृष्टात्मतत्त्वस्य देहाद्भेदेन प्रतिपन्नात्मस्वरूपस्य प्रारब्धयोगिनः विभात्युन्मत्तवज्जगत् स्वरूपचिंतनविकलत्वाच्छुभेतरचेष्टायुक्तमिदं जगत् नाना–बाह्यविकल्पैरूपेतमुन्मत्तमिव प्रतिभासते। पश्चान्निष्पन्नयोगावस्थायां सत्यां स्वभ्यस्तात्मधियः सुष्टुभावितमात्मस्वरूपं येन तस्य निश्चलात्मस्वरूपमनुभवतो जगद्विषयचिन्ताभावात् काष्ठपाषाणवत्प्रतिभाति। तत्र परमौदासीन्यावलम्बात्॥८०॥

(दृष्टात्मतत्त्वस्य) જેને આત્મદર્શન થયું છે એવા અંતરાત્માને (जगत्) જગત્ (उन्मत्तवत्) ઉન્મત્ત જેવું–પાગલ જેવું (विभाति) જણાય છે, અને (पश्चात्) પછીથી અર્થાત્ યોગની પરિપક્વ અવસ્થામાં, (स्वभ्यस्तात्मधियः) આત્મસ્વરૂપના અભ્યાસમાં પરિપક્વબુદ્ધિવાળા અંતરાત્માને આ (काष्ठपाषाणरूपवत्) કાષ્ઠ–પાષાણ જેવું (નિશ્ચેષ્ટ) ભાસે છે.

**ટીકા** :—પ્રથમ, જેણે આત્મ–તત્ત્વ જાણ્યું છે અર્થાત્ દેહથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવું જેને પ્રથમ જ્ઞાન થયું છે તેવા યોગનો આરંભ કરનાર યોગીને જગત્ ઉન્મત્ત જેવું (પાગલ જેવું) લાગે છે–અર્થાત્ સ્વરૂપ–ચિંતનના વિકલપણાને લીધે શુભ–અશુભ ચેષ્ટાયુક્ત આ જગત્ વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત, ઉન્મત્ત જેવું લાગે છે. પછીથી જ્યારે યોગની પરિપક્વ અવસ્થા થાય, ત્યારે જેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, તેવા નિશ્ચલ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને, જગત્ સંબંધી ચિંતાના અભાવને લીધે અર્થાત્ પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે તે (જગત્) કાષ્ઠ–પાષાણવત્) પ્રતિભાસે છે.

**ભાવાર્થ** :—જેને સ્વ–પરનું ભેદજ્ઞાન થયું છે તેવા અન્તરાત્માને, આત્માનુભવની પ્રથમ ભૂમિકામાં અર્થાત્ યોગના આરંભકાલમાં આ સચેષ્ટ અને વિકલ્પારૂઢ જગત્ ઉન્મત્ત જેવું–પાગલ જેવું લાગે છે, પરંતુ બાદમાં જ્યારે તે યોગના પરિપક્વ અભ્યાસદ્વારા આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે, ત્યારે તેને આ જગત્ સંબંધી બુદ્ધિપૂર્વક કાંઈ વિકલ્પ ઊઠતો નથી, કારણ કે તેને તે સમયે નિર્વિકલ્પ દશા વર્તે છે.

## વિશેષ

પ્રથમ ભૂમિકામાં અર્થાત્ સવિકલ્પ દશામાં જ્ઞાનીનો ઉપયોગ બાહ્ય પદાર્થો તરફ જાય છે અને તેથી વિવિધ વિકલપો થાય છે, પરંતુ જેમ જેમ તે સ્વરૂપ–સ્થિરતાનો અભ્યાસ વધારતો જાય છે, તેમ તેમ ઉપયોગનું પર તરફનું વલણ છૂટતું જાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થતો જાય છે. અભ્યાસના બળે છેવટે આત્મસ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા એટલી જામે છે કે તેને તે સમયે બાહ્ય જગત્નો બિલકુલ વિચાર પણ આવતો નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ननु स्वभ्यस्तात्मधियः इति व्यर्थम्। शरीराद्भेदेनात्मनस्तत्स्वरूपविद्भ्यः श्रवणात्स्वयं वाऽन्येषां तत्स्वरूपप्रतिपादनान्मुक्तिर्भविष्यतीत्याशङ्क्याह—

श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवरात्।
नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक्॥८१॥

टीका—अन्यत उपाध्यायपदेः कामं अत्यर्थं श्रृण्वन्नपि कलेवराद्भिन्नमात्मानमाकर्णयन्नपि ततो भिन्नं तं स्वयमन्यान् प्रति वदन्नपि यावत्कलेवराद्भिन्नमात्मानं न भावयेत्। तावन्न मोक्षभाक् मोक्षभाजनं तावन्न भवेत्॥८१॥

---

"વળી જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું. કેમ કે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે, તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે; હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપ-ધ્યાનીને તેની કાંઈ ખબર નથી......" ૮૦.[1]

'स्वभ्यस्तात्मधियः' એ પદ વ્યર્થ છે, કારણ કે 'શરીરથી આત્મા ભિન્ન છે' તેવું તેના સ્વરૂપના જાણનારાઓ પાસેથી સાંભળવાથી અથવા સ્વયં બીજાઓને તેનું સ્વરૂપ સમજાવવાથી મુક્તિ થઈ શકે છે-એવી આશંકા કરી કહે છે :—

### શ્લોક ૮૧

**અન્વયાર્થ** :—આત્માનું સ્વરૂપ (अन्यतः) બીજા પાસેથી (कामम्) બહુ જ (शृण्वन् अपि) સાંભળવા છતાં તથા (कलेवरात्) મુખથી (वदन् अपि) બીજાઓને કહેવા છતાં પણ (यावत्) જ્યાં સુધી (आत्मानं) આત્માને (भिन्नं) શરીરાદિથી ભિન્ન (न भावयेत्) ભાવે નહિ, (तावत्) ત્યાં સુધી (मोक्षभाक् न) જીવ મોક્ષને પાત્ર થતો નથી.

**ટીકા** :—બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ પાસેથી બહુ જ સાંભળવા છતાં અર્થાત્ શરીરથી આત્મા ભિન્ન છે એવું શ્રવણ કરવા છતાં, તેનાથી (શરીરથી) તે (આત્મા) ભિન્ન છે એવું સ્વયં બીજાઓ પ્રતિ કહેવા છતાં, જ્યાં સુધી શરીરથી આત્મા ભિન્ન છે એવી ભાવના

---

૧. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક-શ્રી ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી-પૃ ૩૪૯ (ગુ. આવૃત્તિ)

બહુ સુણે ભાખે ભલે દેહભિન્નની વાત;
પણ તેને નહિ અનુભવે ત્યાં લગી નહિ શિવલાભ. ૮૧.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ન કરે, ત્યાં સુધી જીવ મોક્ષભાજન–મોક્ષપાત્ર થઈ શકે નહિ.

**ભાવાર્થ** :—'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણી વાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દૃઢપણે ભિન્ન અનુભવે નહિ અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતાપૂર્વક તેનું તેને ભાવ–ભાસન થાય નહિ, ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિ.

## વિશેષ

ભેદ–વિજ્ઞાન દ્વારા સ્વસન્મુખતાપૂર્વક જીવ–અજીવાદિ તત્ત્વોનું ભાવ–ભાસન થવું–સાચી પ્રતીતિ થવી–તે જ નિશ્ચય સમ્યક્ત્વ છે, તે વિન જીવ મોક્ષને પાત્ર થાય નહિ.

"વળી શાસ્ત્રમાં 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' (મોક્ષશાસ્ત્ર અ. ૧ સૂત્ર ૨) એવું વચન કહ્યું છે, તેથી શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે છે, ત્યાં જ ઉપયોગ લગાવે છે તથા અન્યને ઉપદેશ આપે છે, પરંતુ પોતાને તેનો 'ભાવ ભાસતો' નથી; અને ત્યાં તો તે વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે, એટલે ભાવ ભાસ્યા વિના તત્ત્વાર્થશ્રદ્ધાન ક્યાંથી હોય?"

"વળી કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે, પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી; તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા પણ કહે, તો પણ તે શાણો નથી; તેમ આને પણ સમ્યગ્દૃષ્ટિ કહેતા નથી."

'વળી જેમ કોઈ બીજાની જ વાતો કરતો હોય તેમ આત્માનું કથન કરે છે, પરંતુ 'એ આત્મા હું જ છું' એવો ભાવ ભાસતો નથી. વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે, પરંતુ 'હું એ શરીરાદિથી ભિન્ન છું' એવો ભાવ ભાસતો નથી......"[1]

માટે 'આત્મા શરીરથી ભિન્ન છે' એવું જાણવા છતાં, જો તેનું ભાવ–ભાસન ન થાય અર્થાત્ અનુભવમાં ન આવે તો તે જાણવું કાર્યકારી નથી. ૮૧.

તે ભાવનામાં પ્રવૃત્ત થઈ તેણે (અંતરાત્માએ) શું કરવું? તે કહે છે :—

૧. જુઓ–મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૨૩૦.

शरीराद्भिन्नमात्मानं शृण्वन्नपि वदन्नपि ।
तावन्न मुच्यते यावन्न भेदाभ्यासनिष्ठितः ॥ (જ્ઞાનાર્ણવ)

'શરીરથી આત્મા ભિન્ન છે' એમ સાંભળવા તથા બોલવા છતાં, જ્યાં સુધી તે (બંનેના) ભેદાભ્યાસમાં નિષ્ઠિત (પરિપક્વ) થતો નથી ત્યાં સુધી તે મુક્તિ પામતો નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तद्भावनायां च प्रवृत्तोऽसौ किं कुर्यादित्याह—

**तथैव भावयेद्देहाद्व्यावृत्यात्मानमात्मनि।**
**यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत्॥८२॥**

टीका—देहाद्व्यावृत्य शरीरात्पृथक्कृत्वा आत्मानं स्वस्वरूपं आत्मनि स्थितं तथैव भावयेत् शरीराद्भेदन दृढतरभेदभावनाप्रकारेण भावयेत्। यथा पुनः स्वप्ने स्वप्नावस्थायां देहे उपलब्धेऽपि तत्र आत्मानं न योजयेत् देहमात्मतया नाध्यवस्येत्॥८२॥

### શ્લોક ૮૨

**અન્વયાર્થ** :—અંતરાત્માએ (देहात्) દેહથી (आत्मानं) આત્માને (व्यावृत्य) પાછો વાળી અર્થાત્ ભિન્ન અનુભવીને (आत्मनि) આત્મા વિષે (तथा एव) એવી રીતે (भावयेत्) તેની (આત્માની) ભાવના કરવી (यथा पुनः) કે જેથી ફરીથી (स्वप्नेऽपि) સ્વપ્નમાં પણ (देहे) દેહમાં (आत्मानं) આત્માને તે (न योजयेत्) યોજે નહિ, અર્થાત્ શરીરમાં આત્મ-બુદ્ધિ કરે નહિ.

**ટીકા** :—દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને (ભિન્ન અનુભવીને)-શરીરથી પૃથક્ કરીને (અનુભવીને) આત્મા વિષે સ્થિત સ્વસ્વરૂપને એવી રીતે ભાવવું (અનુભવવું)-અર્થાત્ શરીરથી ભેદ કરીને (ભિન્ન કરીને) દૃઢતર ભેદભાવનાના પ્રકારે (એવી રીતે) ભાવવું કે ફરીથી સ્વપ્નમાં-સ્વપ્નાવસ્થામાં-દેહની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થાય તો પણ તેમાં (દેહમાં) આત્માનું જોડાણ થાય નહિ અર્થાત્ દેહને આત્મસ્વરૂપે માનવામાં આવે નહિ.

**ભાવાર્થ** :—શરીરથી આત્માને ભિન્ન જાણી અર્થાત્ આત્માને આત્મારૂપે જ જાણી, શરીરરૂપે નહિ જાણી, તેની એવી દૃઢ ભાવના કરવી કે સ્વપ્નમાં પણ ફરીથી દેહને આત્મા માનવાનો અધ્યવસાય થાય નહિ.

### વિશેષ

સ્વ-પરને ભિન્ન જાણવાનું ચિન્હ તો જ્ઞાન-વૈરાગ્યશક્તિ છે. ભેદ-વિજ્ઞાનની ભાવનાથી એ વૈરાગ્યભાવ એટલે રાગથી વિરુદ્ધ ભાવ-પર પદાર્થોમાં ઉપેક્ષા ભાવ જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય તો તે ભાવના કાર્યકારી નથી.

'સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યશક્તિ હોય છે; કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ

---

નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;
જેથી તે સ્વપ્નેય પણ તનમાં નહિ જોડાય. ૮૨.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



यथा परमौदासीन्यावस्थायां स्वपरविकल्पस्त्याज्यस्तथा व्रतविकल्पोऽपि। यतः—

**अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः।**
**अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत्॥८३॥**

टीका—अपुण्यमधर्मः अव्रतैर्हिंसादिविकल्पैः परिणतस्य भवति। पुण्यं धर्मो व्रतैः हिंसादिविरतिविकल्पैः परिणतस्य भवति। मोक्षः पुनस्तयोः पुण्यापुण्ययोर्व्ययो विनाशो मोक्षः। यथैव

જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (ટકે છે) અને પરથી રાગના યોગથી-સર્વ પ્રકારે વિરમે છે."[૧]

ભેદ-વિજ્ઞાનની દૃઢ ભાવનાથી અન્તરાત્મા શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ સેવે છે. ૮૨.

જેમ પરમ ઉદાસીન અવસ્થામાં સ્વ-પરનો વિકલ્પ ત્યાગવા યોગ્ય છે, તેમ વ્રતનો વિકલ્પ પણ (ત્યાગવા યોગ્ય છે) કારણ કે :—

### શ્લોક ૮૩

**અન્વયાર્થ** :—(अव्रतैः) હિંસાદિ પાંચ અવ્રતોથી (अपुण्यम्) અપુણ્ય થાય છે અને (व्रतैः) અહિંસાદિ વ્રતોથી (पुण्यम्) પુણ્ય થાય છે. (तयोः) બંનેનો-પુણ્ય અને પાપનો-(व्ययः) નાશ તે (मोक्षः) મોક્ષ છે; (ततः) તેથી (मोक्षार्थी) મોક્ષના અભિલાષી પુરુષે (अव्रतानि इव) અવ્રતોની માફક (व्रतानि अपि) વ્રતોનો પણ (त्यजेत्) ત્યાગ કરવો.

**ટીકા** :—અવ્રતોથી એટલે હિંસાદિ વિકલ્પોથી પરિણત (જીવ)ને અપુણ્ય-અધર્મ થાય છે અને વ્રતોથી અર્થાત્ અહિંસાદિ વિકલ્પોથી પરિણત (જીવ)ને પુણ્ય-ધર્મ થાય છે. મોક્ષ તો, તે બંનેનો એટલે પુણ્ય અને અપુણ્યનો વ્યય એટલે વિનાશ તે મોક્ષ છે. જેમ લોઢાની સાંકળ (બેડી) બંધનું કારણ છે (એટલે તેનાથી બંધ થાય છે), તેમ સુવર્ણની સાંકળ (બેડી) પણ (બંધનું કારણ છે); માટે જેમ બેઉ સાંકળના અભાવે, વ્યવહારમાં મુક્તિ (છૂટકારો) છે,

૧. શ્રી સમયસાર-કલશ ૧૩૬.

પુણ્ય વ્રતે, અઘ અવ્રતે, મોક્ષ ઉભયનો નાશ;
અવ્રત જેમ વ્રતો તણો કરે શિવાર્થી ત્યાગ. ૮૩.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

हि लोहश्रृङ्खला बंधहेतुस्तथा। सुवर्णश्रृङ्खलाऽपि। अतो यथोभयश्रृंङ्खलाभावाद्व्यवहारे मुक्तिस्तथा परमार्थेऽपीति। ततस्तस्मात्मोक्षार्थी अव्रतानीव। इव शब्दो यथाऽर्थः यथाऽव्रतानि त्यजेत्तथा व्रतान्यपि॥८३॥

कथं तानि त्यजेदिति तेषां त्यागक्रमं दर्शयन्नाह—

**अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः।**
**त्याज्रेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः॥८४॥**

टीका—अव्रतानि हिंसादिनि प्रथमतः परित्यज्य व्रतेषु परिनिष्ठितो भवेत्। पश्चात्तान्यपि त्यजेत्। किं कृत्वा? समप्राप्य। किं तत्? परमं पदं परमवीतरागतालक्षणं क्षीणकषायगुणस्थानं।

---

તેમ પરમાર્થમાં પણ (પુણ્ય-પાપના અભાવે મોક્ષ છે). તેથી મોક્ષના અર્થીએ અવ્રતોની જેમ [इव શબ્દ यथाના અર્થમાં છે] વ્રતોને પણ છોડવાં.

**ભાવાર્થ** :—મોક્ષમાર્ગમાં હિંસાદિ પાંચ અવ્રતભાવોની જેમ પાંચ અહિંસાદિ વ્રતભાવો પણ બાધક છે, કારણ કે અવ્રતભાવ તે અશુભ ભાવ છે, તે પાપબંધનું કારણ છે અને વ્રતભાવ તે શુભ ભાવ છે, તે પુણ્યબંધનું કારણ છે; બંને બંધના કારણ છે. પુણ્ય અને પાપ એ બંનેનો નાશ થાય ત્યારે જ મુક્તિ થાય છે. માટે મોક્ષાર્થીએ લોઢા અને સોનાની બેડીની જેમ અવ્રતભાવોનો તેમ જ વ્રતભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ.[1]

પુણ્ય અને પાપ-બંને વિભાવ પરિણતિથી ઉપજ્યા હોવાથી બંને બંધરૂપ જ છે; બંને સંસારનું કારણ હોઈ એકરૂપ જ છે. માટે મોક્ષાર્થીએ તો એ બંનેનો ત્યાગ કરી શુદ્ધોપયોગની નિરંતર ભાવના ભાવી આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. ૮૩.

તે કેવી રીતે તજવાં તેનો ત્યાગ-ક્રમ દર્શાવી કહે છે :—

### શ્લોક ૮૪

**અન્વયાર્થ** :—(अव्रतानि) હિંસાદિક પાંચ અવ્રતોને (परित्यज्य) છોડીને (व्रतेषु) અહિંસાદિક વ્રતોમાં (परिनिष्ठितः) નિષ્ઠાવાન રહેવું-અર્થાત્ તેનું દ્રઢતાથી પાલન કરવું; પછી (आत्मनः) આત્માના (परमं पदं) પરમ વીતરાગ પદને (प्राप्य) પ્રાપ્ત કરને (तानि अपि)

---

૧. જુઓ-શ્રી સમયસાર-ગાથા ૧૪૫ થી ૧૫૦.

**અવ્રતને પરિત્યાગીને વ્રતમાં રહે સુનિષ્ઠ,**
**વ્રતને પણ પછી પરિહરે લહી પરમ પદ નિજ. ૮૪.**

कस्य तत्पदं ? आत्मनः ॥८४॥

कुतोऽव्रत-व्रतविकल्पपरित्यागे परमपदप्राप्तिरित्याह—

**यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।**
**मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम् ॥८५॥**

---

તે વ્રતોને (त्यजेत्) ત્યજવાં.

**ટીકા** :—પ્રથમ હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરીને અવ્રતોમાં પરિનિષ્ઠિત થવું. પછી તેનો પણ ત્યાગ કરવો. શું કરીને? પ્રાપ્ત કરીને. શું (પ્રાપ્ત કરીને)? પરમ પદને અર્થાત્ પરમ વીતરાગતારૂપ ક્ષીણકષાયગુણસ્થાન (પ્રાપ્ત કરીને). કોના તે પદને? આત્માના.

**ભાવાર્થ** :—અવ્રત અશુભ ભાવ છે તથા વ્રત શુભ ભાવ છે, બંને આસ્રવો છે. તે બંને છોડવા યોગ્ય છે તેવી શ્રદ્ધા તો અન્તરાત્માને છે, પણ તે બંને એકી સાથે છોડી શકાતાં નહિ હોવાથી તે પ્રથમ અશુભભાવરૂપ અવ્રતોને છોડી શુભભાવરૂપ વ્રતોમાં અતન્મય ભાવે વર્તે છે. પછી પુરુષાર્થ વધારી વીતરાગ પદની પ્રાપ્તિ માટે આ શુભભાવરૂપ વ્રતોનો પણ ત્યાગ કરે છે.

## વિશેષ

જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગરૂપ ન પરિણમે, ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ, શીલાદિના શુભ ભાવ આવે છે, પરંતુ તેમાં તેને હેયબુદ્ધિ વર્તે છે. તેને તે ધર્મ માનતો નથી.

સમ્યક્ત્વ વિના વ્રતાદિના શુભ વિકલ્પોને વ્યવહારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી, અર્થાત્ મિથ્યાદૃષ્ટિના શુભ વિકલ્પોને તો વ્યવહારથી પણ ચારિત્ર કહેતા નથી, તે બાલ વ્રત, તપાદિ કહેવાય છે. તેવા શુભ વિકલ્પો સંસારનું કારણ છે. મોક્ષનું કારણ નથી, છતાં કોઈ તેને મોક્ષનું પરંપરા પણ કારણ માને તો તે તેની મૂલમાં ભૂલ છે. ૮૪.

અવ્રત-વ્રતના વિકલ્પનો પરિત્યાગ કરતાં પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય? તે કહે છે :—

---

અંતર્જલ્પે યુક્ત જે વિકલ્પ કેરી જાળ,
તે દુખમૂળ, તસ નાશથી ઈષ્ટ-પરમ-પદ લાભ. ૮૫.

टीका—यदुत्प्रेक्षाजालं चिंताजालं कथम्भूतं? अन्तर्जल्पसंपृक्तं अन्तर्वचनव्यापारोपेतं। आत्मनो दुःखस्य मूलं कारणं। तन्नाशे तस्योत्प्रेक्षाजालस्य विनाशे। इष्टमभिलषितं यत्पदं तच्छिष्टं प्रतिपादितम्॥८५॥

---

## શ્લોક ૮૫

**અન્વયાર્થ** :—(अन्तर्जल्पसंपृक्तं) અંતરંગ જલ્પયુક્ત (यत् उत्प्रेक्षाजालं) જે વિકલ્પજાલ છે તે (आत्मनः) આત્માના (दुःखस्य) દુઃખનું (मूलं) મૂલ-કારણ છે. (तन्नाशे) તેનો એટલે વિકલ્પજાલનો નાશ થતાં (इष्ट) હિતકારી (परमं पदं शिष्टम्) પરમ પદની પ્રાપ્તિ થાય છે-એમ પ્રતિપાદન કર્યું છે.

**ટીકા** :—જે ઉત્પ્રેક્ષાજાલ એટલે વિકલ્પજાલ છે, તે કેવી છે? અન્તર્જલ્પથી યુક્ત અર્થાત્ અંતરંગ વચન-વ્યાપારથી યુક્ત છે, તે આત્માના દુઃખનું મૂલ એટલે કારણ છે. તેનો નાશ થતાં અર્થાત્ તે ઉત્પ્રેક્ષાજાલનો (વિકલ્પજાલનો) નાશ થતાં, એ પદ ઈષ્ટ એટલે અભિલષિત છે (જે પદની અભિલાષા કરવામાં આવી છે) તે શિષ્ટ છે અર્થાત્ તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**ભાવાર્થ** :—અંતરંગ જલ્પ (સૂક્ષ્મ-વચન-પ્રવૃત્તિ) યુક્ત જે અનેક પ્રકારના વિકલ્પરૂપ કલ્પનાજાલ છે તે સંસારી આત્માને દુઃખનું મૂલ છે. તેનો નાશ થાય તો જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય.

આ જીવ પોતાના ચિદાનન્દમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ સ્વરૂપને ભૂલી, જ્યાં સુધી બાહ્ય વિષયોના લક્ષે દુઃખોના મૂલ કારણભૂત અન્તર્જલ્પરૂપ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી તેને સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થતી નથી. તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અન્તર્જલ્પરૂપ વિકલ્પોની જાલનો સર્વથા ત્યાગ કરી પોતાના ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન આત્મામાં લીન થઈ જાય.

## વિશેષ

હિંસાદિ અવ્રતરૂપ અશુભ વિકલ્પો અને અહિંસાદિ વ્રતરૂપ શુભ વિકલ્પો-બંને પ્રકારના વિકલ્પો રાગ-દ્વેષાદિરૂપ હોવાથી આત્મસ્વરૂપના ઘાતક છે. ભગવાનની પૂજા-ભક્તિ, અણુવ્રત મહાવ્રતાદિ તથા તપાદિ કરવાના ભાવ પણ શુભ વિકલ્પ છે. આ સમસ્ત શુભ-અશુભ વિકલ્પોથી હઠી ઉપયોગ જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય છે.

तस्य चोत्प्रेक्षाजालस्य नाशं कुर्वाणोऽनेन क्रमेण कुर्यादित्याह—

अव्रती व्रतमादाब व्रती ज्ञानपरायणः।
परात्मज्ञानसम्पन्नः स्वयमेव परो भवेत् ॥८६॥

"આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને દર્શન-જ્ઞાનમાં સ્થિત થઈ અને અન્ય વસ્તુની ઇચ્છાથી વિરમી (અટકી) જે આત્મા (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થઈ પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે-કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, પોતે ચેતયિતા (દેખનાર-જાણનાર) હોવાથી એકત્વને જ ચિંતવે છે-ચેતે છે-અનુભવે છે, તે આત્મા આત્માને ધ્યાતો, દર્શન-જ્ઞાનમય અને અનન્યમય થઈ અલ્પકાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે."[1]

".....વસ્તુસ્વરૂપને જેમ છે તેમ જાણીને જ્યાં જ્ઞાન તેમાં એકાગ્ર થાય ત્યાં રાગ કે વિકલ્પની ઉત્પત્તિ જ થતી નથી; એનું નામ જ ચિત્તનો નિરોધ. આ સિવાય 'હું ચિત્તને રોકું, હું વિકલ્પને રોકું' એવી નાસ્તિના લક્ષે કાંઈ વિકલ્પ તૂટતો નથી, પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'હું ચૈતન્યમાત્ર સ્વભાવ છું' એમ અસ્તિત્વભાવ તરફ જ્ઞાનનું જોર આપતાં ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે, સ્વભાવની એકાગ્રતાના જોરે રાગના-વિકલ્પનો અભાવ થઈ જાય છે; માટે પહેલાં વસ્તુના સ્વભાવને બધાં પડખાથી જેમ છે તેમ જાણવો જોઈએ.

જ્યાં શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને અંદર સ્વભાવમાં એકાગ્ર કર્યું ત્યાં સર્વ વિકલ્પો સ્વયં વિલય થાય છે અને અનંત ધર્મોનો ચૈતન્ય-પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે." ૮૫.

તે ઉત્પ્રેક્ષાજાલનો નાશ કરનારે આ ક્રમથી કરવું-તે કહે છે :—

### શ્લોક ૮૬

**અન્વયાર્થ** :—(अव्रती) હિંસાદિક પાંચ અવ્રતોમાં અનુરક્ત માણસે (व्रतं आदाय)અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરીને અવ્રતાવસ્થામાં થતાં વિકલ્પોનો નાશ કરવો તથા (व्रती) અહિંસાદિક વ્રતોના ધારકે (ज्ञानपरायणः) જ્ઞાનસ્વભાવમાં લીન થઈ વ્રતાવસ્થામાં થતા વિકલ્પોનો નાશ કરવો અને પછી અરહંત-અવસ્થામાં (परात्मज्ञानसम्पन्नः) કેવળજ્ઞાનથી યુક્ત

૧. શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૮૭, ૧૮૮, ૧૮૯. ૨. નયપ્રજ્ઞાપન-પૃ. ૮, ૨૩.

અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;
પરમ-જ્ઞાનને પામીને સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



टीका—अव्रतित्वावस्थाभावि विकल्पजालं व्रतमादाय विनाशयेत्। व्रतित्वावस्थाभावि पुनर्विकल्पजालं ज्ञानपरायणो ज्ञानभावनानिष्ठो भूत्वा परमवीतरागतावस्थायां विनाशयेत्। संयोगिजिनावस्थायां परात्मज्ञानसम्पन्नः परं सकलज्ञानेभ्यः उत्कृष्टं तच्चा तदात्मज्ञानं च केवलज्ञानं तेन सम्पन्नो युक्तः स्वयमेव गुर्वाद्युपदेशानपेक्षः परः सिद्धस्वरूपः परमात्मा भवेत्॥८६॥

થઈ (स्वयम् एव) સ્વયં જ (परः भवेत्) પરમાત્મા થવું–સિદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવું.

**ટીકા** :—અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાલનો, વ્રત ગ્રહણ કરીને, વિનાશ કરવો, તથા વ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાલનો, જ્ઞાનપરાયણ થઈને, અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈને પરમ વીતરાગતાની અવસ્થામાં (તેનો) વિનાશ કરવો. સયોગીજિન અવસ્થામાં પરાત્મજ્ઞાનસંપન્ન અર્થાત્ પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન–જે કેવળજ્ઞાન–તેનાથી સંપન્ન એટલે યુક્ત થઈને સ્વયં જ અર્થાત્ ગુરુ આદિના ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના (નિરપેક્ષ થઈને) પર એટલે સિદ્ધસ્વરૂપ પરમાત્મા થવું.

**ભાવાર્થ** :—વિકલ્પ–જાલનો નાશ કરી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનો નીચે પ્રમાણે આચાર્યે ક્રમ બતાવ્યો છે :—

૧. અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો થાય તેનો અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો.

૨. વ્રત અવસ્થામાં અહિંસાદિ શુભભાવરૂપ જે વિકલ્પો થાય તેનો જ્ઞાનપરાયણ થઈ અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈ વિનાશ કરવો.

૩. જ્ઞાનભાવનામાં લીન થતાં પરમ વીતરાગ તથા કેવળજ્ઞાનયુક્ત જિન દશા (અરહંતઅવસ્થા) પ્રગટે છે;

૪. અને સ્વયં જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

## વિશેષ

"વ્રત–અવ્રત એ બંને વિકલ્પરહિત જ્યાં પરદ્રવ્યના ગ્રહણ–ત્યાગનું કાંઈ પ્રયોજન નથી એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે જ મોક્ષમાર્ગ છે.......

......પહેલાં અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય, એવી ક્રમપરિપાટી છે."[1]

૧. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૨૬૨



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ધર્મની શરૂઆત ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી થાય છે. તે પહેલાં જીવની મિથ્યાત્વ અવસ્થા હોય છે. આ અવસ્થામાં જે વ્રત–તપાદિ કરવાનો વિકલ્પ આવે છે તે બધાં બાલ તપ ગણાય છે.[1]

અવિરત સમ્યગ્દ્રષ્ટિઓને, દેશવિરત શ્રાવકોને અને મુનિઓને ભૂમિકાનુસાર શુભ–અશુભ વિકલ્પો આવે છે, પરંતુ તેમને ભેદ–વિજ્ઞાન હોવાથી તે વિકલ્પોને તેઓ શ્રદ્ધા-જ્ઞાનમાં પોતાનું સ્વરૂપ માનતા નથી, શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં તેમને વિઘ્નરૂપ માને છે અને તે છોડવા માટે પોતાની ભૂમિકાનુસાર પ્રયત્ન કરે છે.

'જેને (સમ્યગ્દ્રષ્ટિ શ્રાવકને) જેટલે અંશે સમ્યગ્દર્શન હોય છે (શુદ્ધિ છે–શુદ્ધભાવ છે, રાગરહિત અંશ છે) તેટલે અંશે તેને બંધ નથી; જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.

તેને જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે તેટલે અંશે બંધ નથી અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે;

તેને જેટલે અંશે સમ્યક્ચારિત્ર છે તેટલે અંશે તેને બંધ નથી અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે."[2]

આથી સ્પષ્ટ છે કે સમ્યગ્દ્રષ્ટિને ભૂમિકાનુસાર જે પૂજા, ભક્તિ, આદિ તથા વ્રત, મહાવ્રત, નિયમાદિનો શુભભાવ આવે છે તે પણ આસ્રવ–બંધનું કારણ છે, પણ તે સંવર–નિર્જરાનું કારણ નથી. સંવર–નિર્જરાનું કારણ તો શુભ અંશો સાથે જે શુદ્ધ અંશ છે તે જ છે. જે શુભ રાગ બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ કદી હોઈ શકે નહિ. માટે વ્રતાદિના શુભ વિકલ્પોને પણ અવ્રતાદિ અશુભ વિકલ્પોની જેમ મોક્ષમાર્ગમાં હેય–છોડવા યોગ્ય ગણવામાં આવ્યા છે.

---

૧. જુઓ–શ્રી સમયસાર ગાથા–૧૫૨, ૧૫૩.

૨. येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति॥२१२॥

येनांशेन ज्ञान तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति॥२१३॥

येनांशेन चारित्रं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति॥२१४॥ (પુરુષાર્થસિદ્ધ્યુપાય-ગા. ૨૧૨ થી ૨૧૪)

यथा च व्रतविकल्पो मुक्तिहेतुर्न भवति तथा लिङ्गविकल्पोऽपीत्याह—

लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः।
न मुच्यते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः ॥८७॥

टीका—लिङ्गं जटाधारणनग्नत्वादिदेहाश्रितं दृष्टं शरीरधर्मतया प्रतिपन्नं। देह एवात्मनो भवः संसारः। यत एवं तस्माद्ये लिंगकृताग्रहाः लिंगमेव मुक्तेर्हेतुरितिकृताभिनिवेशास्ते न मुच्यंते। कस्मात् भवात् ॥८७॥

---

"જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી, ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને બે ધારા રહે છે– શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બંને સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. તે સ્થિતિમાં કર્મ (અશુદ્ધભાવરૂપ કર્મ) પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન (શુદ્ધભાવરૂપ જ્ઞાનકર્મ) પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય–કષાયના વિકલ્પો કે વ્રત–નિયમના વિકલ્પો—શુદ્ધસ્વરૂપનો વિચાર સુદ્ધાં—કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે."[1]

સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી જે નિર્વિકલ્પ દશા થાય છે તે દશામાં આત્મસ્વરૂપમાં સ્થિરતા જામતી જાય છે અને અંતે શુક્લધ્યાન દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. ૮૬.

જેમ વ્રતનો વિકલ્પ મુક્તિનો હેતુ નથી, તેમ લિંગનો વિકલ્પ પણ મુક્તિનો હેતુ નથી, તે કહે છે :—

### શ્લોક ૮૭

**અન્વયાર્થ** :—(लिङ्गं) નગ્નપણું આદિ (देहाश्रित दृष्टं) દેહને આશ્રિત જોવામાં આવે છે. (देहः एव) દેહ જ (आत्मनः भवः) આત્માનો ભવ (સંસાર) છે; (तस्मात्) તેથી (ये लिङ्गकृताग्रहाः) જે લિંગના જ આગ્રહી છે (ते पुरुषाः) તે પુરુષો (भवात्) સંસારથી (न मुच्यन्ते) મુક્ત થતા નથી.

---

૧. શ્રી સમયસાર ગુ. આવૃત્તિ–કલશ ૧૧૦નો ભાવાર્થ.

તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;
તેથી લિંગાગ્રહી તણો છૂટે નહિ સંસાર. ૮૭.

येऽपि 'वर्णानां ब्राह्मणो गुरुरतः स एव परमपदयोग्य' इति वदन्ति तेऽपि न मुक्तियोग्या इत्याह—

**ટીકા** :—લિંગ એટલે જટાધારણ, નગ્નપણું, આદિ—તે દેહાશ્રિત દેખાય છે–અર્થાત્ શરીરના ધર્મરૂપે માનવામાં આવે છે. દેહ જ આત્માનો ભવ એટલે સંસાર છે; તેથી જે લિંગને વિષે આગ્રહ રાખે છે–અર્થાત્ લિંગ એ જ મુક્તિનો હેતુ છે એવા અભિનિવેશવાળા જે છે તે (લોક) મુક્ત થતા નથી. શાનાથી? ભવથી (સંસારથી).

**ભાવાર્થ** :—જે જીવ કેવળ લિંગ અથવા બાહ્ય વેષને જ મોક્ષનું કારણ માને છે તે દેહાત્મદૃષ્ટિ છે અર્થાત્ તે દેહને જ આત્મા માને છે, તેથી તે મુક્તિ પામતો નથી. લિંગ શરીરને આશ્રિત છે અને શરીર સાથેના સંબંધથી જ આત્માનો સંસાર છે. શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી છે અર્થાત્ જે લિંગને જ મુક્તિનું કારણ સમજે છે તે સંસારનો જ આગ્રહી છે; તે કદી સંસારથી છૂટી શકતો નથી.

## વિશેષ

અંતરંગ વીતરાગસ્વરૂપ આત્માના ધર્મ વિના લિંગમાત્રથી–બાહ્ય વેષમાત્રથી ધર્મની સમ્પત્તિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી; માટે રાગદ્વેષરહિત આત્માનો શુદ્ધજ્ઞાન–દર્શનરૂપ સ્વભાવ જે અંતરંગ ભાવધર્મ છે તેને, હે ભવ્ય! તું જાણ. બાહ્ય લિંગ–વેષમાત્રથી તને શું પ્રયોજન છે? કાંઈ પણ નહિ.[1]

શરીરની નગ્ન અવસ્થા, અઠ્ઠાવીસ મૂલ ગુણોનું પાલનાદિ બાહ્યલિંગ એ મુનિ અવસ્થામાં નિયમા હોય છે; તેથી વિરુદ્ધ દશા હોય તો તે ભાવલિંગી મુનિ હોય નહિ, પરંતુ તે બાહ્ય લિંગથી અથવા અઠ્ઠાવીસ મૂલ ગુણોના પાલનથી મોક્ષ થાય એવી જે શ્રદ્ધા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. લિંગ સંબંધીનો વિકલ્પ પણ આત્મ–સાધનામાં બાધક છે. મુનિને બાહ્ય લિંગ હરકોઈ હોય તો ચાલે એમ અહીં કહેવાનો હેતુ નથી. શ્રી કુન્દકુન્દાચાર્યે જે ત્રણ પ્રકારના લિંગ કહ્યા છે તે તે તે ગુણસ્થાને નિયમ હોય છે ખરાં, પણ તેના લક્ષે મોક્ષ થતો નથી, પણ તેના લક્ષે રાગ થાય છે, તેથી તે તરફનો ઝુકાવ અને વિકલ્પ છોડી આત્મામાં લીન થવા માટે આ શ્લોક કહ્યો છે. ૮૭.

'વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે, તેથી તે જ પરમપદને યોગ્ય છે' એવું જે બોલે છે તેઓ પણ મુક્તિ યોગ્ય નથી, તે કહે છે :—

૧. धर्मेण भवति लिंगं न लिंगमात्रेण धर्मसंप्राप्तिः।
जानीहि भावधर्मं किं ते लिंगेन कर्तव्यम्॥२॥ (લિંગ પાહુડ–ગા. ૨)

जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहाः॥८८॥

टीका—जातिर्ब्राह्मणादिर्देहाश्रितेत्यादि सुगमं॥८८॥

तर्हि ब्राह्मणादिजातिविशिष्टो निर्वाणादिदीक्षया दीक्षितो मुक्तिं प्राप्नोतीति वदन्तं प्रत्याह—

जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः॥८९॥

---

### શ્લોક ૮૮

**અન્વયાર્થ** :—(जातिः) જાતિ (देहाश्रिता दृष्टा) શરીરને આશ્રિત જોવામાં આવે છે અને (देहः एव) દેહ જ (દેહમાં આત્મબુદ્ધિ જ) (आत्मनः भवः) આત્માનો ભવ (संसार) છે; (तस्मात्) તેથી (ये) જેમને (जातिकृताग्रहाः) મુક્તિની પ્રાપ્તિ માટે જાતિનો હઠાગ્રહ છે (ते अपि) તેઓ (भवात् न मुच्यन्ते) સંસારથી મુક્ત થતા નથી.

**ટીકા** :—બ્રાહ્મણાદિ દેહાશ્રિત છે, ઈત્યાદિ અર્થ સુગમ છે (અર્થાત્ સમજવો સહેલો છે).

**ભાવાર્થ** :—લિંગની માફક જાતિ પણ દેહાશ્રિત છે અને દેહમાં આત્મબુદ્ધિ તે સંસાર છે, તેથી જેઓ મુક્તિ માટે જાતિનો આગ્રહ રાખે છે અર્થાત્ જાતિને જ મુક્તિનું મૂળ માને છે તેઓ પણ સંસારથી છૂટતા નથી, કારણ કે તેઓ સંસારના આગ્રહી છે.

જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં કહી છે તે પ્રમાણે, નિયમા હોય છે; તેનાથી વિરુદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. તે જાતિથી કે તે તરફના વલણ કે વિકલ્પથી મોક્ષ થતો નથી, કિન્તુ રાગ ઉત્પન્ન થાય છે. માટે તે તરફનું વલણ છોડી આત્મસન્મુખ થઈ તેમાં લીન થવાથી મોક્ષ થાય છે એમ આ શ્લોક ઉપરથી સમજવું. ૮૮.

ત્યારે તો બ્રાહ્મણાદિ જાતિવિશિષ્ટ નિર્વાણાદિની દીક્ષાથી દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી શકે એવું બોલનાર પ્રતિ કહે છે :—

---

તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;
તેથી જાત્યાગ્રહી તણો છૂટે નહિ સંસાર. ૮૮.
જાતિ-લિંગ-વિકલ્પથી આગમ-આગ્રહ હોય,
તેને પણ પદ પરમની સંપ્રાપ્તિ નહિ હોય. ૮૯.

टीका—जातिलिंगरूपः विकल्पो भेदस्तेन येषां शैवादिनां समयाग्रहः आगमानुबंधः उत्तमजातिविशिष्टं हि लिंग मुक्तिहेतुरित्यागमे प्रतिपादितमतस्तावन्मात्रेणैव मुक्तिरित्येवंरूपो येषामागमाभिनिवेशः तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः।।८९।।

## શ્લોક ૮૯

**અન્વયાર્થ** :—(येषां) જેમને (जातिलिंगविकल्पेन) જાતિ અને લિંગના વિકલ્પથી મુક્તિ થાય છે એવો (समयाग्रहः) આગમ સંબંધી આગ્રહ છે (ते अपि) તેઓ પણ (आत्मनः परं पदं) આત્માના પરમ પદને (न प्राप्नुवन्ति एव) પ્રાપ્ત કરી શકતા જ નથી.

**ટીકા** :—જાતિ અને લિંગરૂપ વિકલ્પ એટલે ભેદ તેનાથી જે શૈવાદિને સમયનો આગ્રહ એટલે આગમનો આગ્રહ છે–અર્થાત્ ઉત્તમ જાતિવિશિષ્ટ લિંગ જ મુક્તિનું કારણ છે એવું આગમમાં પ્રતિપાદન કર્યું છે, તેથી તે માત્રથી જ મુક્તિ છે–એવો જેને આગમનો અભિનિવેશ (આગ્રહ) છે, તેઓ પણ આત્માના પરમ પદને પ્રાપ્ત કરી શકતા જ નથી.

**ભાવાર્થ** :—જાતિ અને લિંગ બંને દેહાશ્રિત છે. તેના તરફના વિકલ્પથી રાગ થાય છે, અને રાગ તે સંસાર છે. તેથી જે એવું માને છે કે આગમમાં જાતિ અને લિંગથી મોક્ષ થાય છે એમ પ્રતિપાદન કર્યું છે, તે હઠાગ્રહી છે અને આગમના સ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. વીતરાગી આગમ તો કહે છે કે વીતરાગતાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય, અને વીતરાગતા થતાં બાહ્ય લિંગાદિ હોય ખરાં, પણ તેના આશ્રયે મોક્ષ ન થાય, તેના વિકલ્પથી પણ મોક્ષ ન થાય. જાતિ, લિંગ ને તે સંબંધી વિકલ્પથી મોક્ષ થાય એમ માનનારા સમયાગ્રહી છે–સમયના જાણકાર નથી.

## વિશેષ

લિંગ એ મોક્ષનું સાચું કારણ નથી. તેનું પ્રતિપાદન કરતાં શ્રી કુન્દકુન્દાચાર્યે શ્રી સમયસારમાં કહ્યું છે કે—

"બહુ પ્રકારનાં મુનિ–લિંગોને અથવા ગૃહી–લિંગોને ગ્રહણ કરીને મૂઢ (અજ્ઞાની)જનો એમ કહે છે કે 'આ (બાહ્ય) લિંગ મોક્ષમાર્ગ છે.' પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી, કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ સેવે છે.

જેઓ બહુ પ્રકારનાં મુનિલિંગોમાં અથવા ગૃહસ્થલિંગોમાં મમકાર કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે), તેમણે સમયસારને નથી જાણ્યો.

જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (શ્રાવક) છું' એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ 'અનાદિરૂઢ' (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तत्प्रदप्राप्त्यर्थं जात्यादिविशिष्टे शरीरे निर्ममत्वसिद्ध्यर्थं भोगेभ्यो व्यावृत्त्यापि पुनर्मोहवशाच्छरीर एवानुबन्धं प्रकुर्वन्तीत्याह—

यत्त्यागाय निवर्तन्ते भोगेभ्यो यदवाप्तये।
प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः ॥९०॥

टीका—यस्य शरीरस्य त्यागाय निर्ममत्वाय भोगेभ्यः स्रग्वनितादिभ्यो निवर्तन्ते। तथा यदवाप्तये यस्य परमवीतरागत्वस्यावाप्तये प्राप्तिनिमित्तं भोगेभ्यो निवर्तन्ते। प्रीतिमनुबन्धं तत्रैव शरीरे एव कुर्वन्ति द्वेषं पुनरन्यत्र परमवीतरागत्वे। के ते? मोहिनो मोहवन्तः ॥९०॥

---

મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય (જે પરમાર્થ સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા–અનુભવતા નથી.''[1] ૮૯.

તે પદની પ્રાપ્તિ અર્થે જાતિ આદિ વિશિષ્ટ શરીરમાં નિર્મમત્વની સિદ્ધિ માટે ભોગોથી વ્યાવૃત્ત થઈને (પાછો હઠીને) પણ ફરીથી મોહવશ શરીરમાં જ અનુબંધ (અનુરાગ) કરે છે તે કહે છે :—

### શ્લોક ૯૦

**અન્વયાર્થ** :—(यत्त्यागाय) જેના (શરીરના) ત્યાગ માટે અર્થાત્ જેનાથી મમત્વ હઠાવવા માટે અને (यद् अवाप्तये) જેને (પરમ વીતરાગપદને) પ્રાપ્ત કરવા માટે (भोगेभ्यः) ઇન્દ્રિયોના ભોગોથી (निवर्तन्ते) નિવૃત્તિ પામે છે (तत्र एव) તેમાં જ એટલે શરીર અને ઇન્દ્રિયોના વિષયોમાં જ (मोहिनः) મોહી જીવો (प्रीतिं कुर्वन्ति) પ્રીતિ કરે છે અને (अन्यत्र) બીજે એટલે વીતરાગ પદ ઉપર (द्वेषं कुर्वन्ति) દ્વેષ કરે છે.

**ટીકા** :—શરીરના ત્યાગ માટે અર્થાત્ તેમાં નિર્મમત્વ માટે ભોગોથી એટલે માળા–વનિતાદિથી નિવૃત્ત થાય છે (પાછા હઠે છે) તથા જેની પ્રાપ્તિ માટે અર્થાત્ જે પરમ વીતરાગતા, તેની પ્રાપ્તિ માટે એટલે પ્રાપ્તિ નિમિત્તે ભોગોથી નિવૃત્ત થાય છે; તેમાં જ એટલે આ બદ્ધ શરીરમાં પ્રીતિ એટલે અનુબંધ કરે છે અને બીજે અર્થાત્ પરમ વીતરાગતા ઉપર

---

૧. શ્રી સમયસાર-ગાથા-૪૦૮, ૪૦૯, ૪૧૩ અને ટીકા.

જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;
ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને મોહી ધરે ફરીય. ૯૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तेषां देहे दर्शनव्यापारविपर्यासं दर्शयन्नाह—

**अनन्तरज्ञः संधत्ते दृष्टिं पंगोर्यथाऽन्धके।**
**संयोगात् दृष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः।।९१।।**

टीका—अनन्तरज्ञो भेदाग्राहक पुरुषो यथा पङ्गोर्दष्टिमन्धके सन्धत्ते आरोपयति। कस्मात् संयोगात् पंग्वन्ध्योः सम्बन्धमाश्रित्य। तद्वत् तथा देहात्मनोः संयोगादात्मनो दृष्टिमंगेऽपि सन्धत्ते अंगं (गः) पश्यतीति [मन्यते मोहाभिभूतो बहिरात्मा।।९१।।

---

દ્વેષ કરે છે. કોણ તેઓ? મોહી–મોહાન્ધ જીવો.

**ભાવાર્થ** :—શરીરાદિ પર પદાર્થોથી મમત્વ હઠાવવા માટે પરમ વીતરાગ પદની પ્રાપ્તિ માટે કેટલાક જીવો વિષય–ભોગોનો ત્યાગ કરી સંયમના સાધન અંગીકાર કરે છે, પરંતુ પાછળથી મોહવશ તેઓ તે જ શરીર અને વિષય–ભોગોમાં પ્રીતિ કરે છે અને સંયમનાં સાધનો ઉપર દ્વેષ કરે છે.

મોહની આવી વિચિત્ર લીલા છે; તેથી પુરુષાર્થ દ્રઢ કરી જીવ મોહમાં ન ફસાય તે માટે આચાર્યનો આ શ્લોક દ્વારા ઉપદેશ છે. ૯૦.

તેમનો દેહમાં દર્શન–વ્યાપારનો વિપર્યાસ (વિપરીતતા) બતાવીને કહે છે :—

**શ્લોક ૯૧**

**અન્વયાર્થ** :—(अनन्तरज्ञः) તફાવતને–ભેદને નહિ જાણનાર પુરુષ (यथा) (संयोगात्) સંયોગના કારણે ભ્રમમાં પડી (पंगोः दृष्टिं) લંગડાની દ્રષ્ટિને પુરુષમાં (अन्धके) અંધ (संधत्ते)આરોપે છે, (तद्वत्) તેમ (आत्मनः दृष्टिं) આત્માની દ્રષ્ટિને (अङ्गे अपि) શરીરમાં પણ (संधत्ते) આરોપે છે.

**ટીકા** :—અનન્તરને (ભેદને) નહિ જાણનાર–ભેદને ગ્રહણ નહિ કરનાર પુરુષ, જેમ લંગડાની દ્રષ્ટિને અંધ પુરુષમાં જોડે છે–આરોપે છે, શાથી? સંયોગથી અર્થાત્ લંગડા અને અંધપુરુષના સંબંધનો આશ્રય કરીને, તેમ દેહ અને આત્માના સંયોગને લીધે, આત્માની દ્રષ્ટિને શરીરમાં પણ આરોપે છે, અર્થાત્ મોહાભિભૂત બહિરાત્મા માને છે કે 'શરીર દેખે છે.'

---

**અજ્ઞ પંગુની દ્રષ્ટિને માને અંધામાંય;**
**અભેદજ્ઞ જીવદ્રષ્ટિને માને છે તનમાંય. ૯૧.**

अन्तरात्मा किं करोतीत्याह—

**दृष्टभेदो यथा दृष्टिं पङ्गोरन्धे न योजयेत्।**
**तथा न योजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः॥९२॥**

**ભાવાર્થ :**—શરીર અને આત્માના સંયોગ–સંબંધને લીધે અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની ક્રિયા જીવ કરે છે. આચાર્ય આ વાત દૃષ્ટાંતથી સમજાવે છે. અંધ, લંગડાને ખભા ઉપર બેસાડી રસ્તે જઈ રહ્યો છે. ઠીક રસ્તે જવા માટે લંગડો અંધાને ઈશારો કરે છે. લંગડા–આંધળાનું–બંનેનું સંયોગરૂપ જોડું છે. માર્ગે ચાલવામાં લંગડાની દૃષ્ટિ અને આંધળાના પગ કામ કરે છે. આ બંનેની સંયુક્ત ગતિનો ભેદ નહિ જાણનાર કોઈ મંદ દૃષ્ટિવાળો પુરુષ એમ સમજે છે કે આ અંધો જ સાવધાનીપૂર્વક જોઈને ચાલી રહ્યો છે, પણ તેનો એ ભ્રમ છે; તેવી રીતે આત્મા અને શરીરના સંયોગ સંબંધનો ભેદ નહિ જાણનાર બહિરાત્મા શરીરની ક્રિયાને આત્માની ક્રિયા સમજે છે અર્થાત્ શરીરને જ આત્મા માને છે. એ તેનો તેવો જ ભ્રમ છે.

## વિશેષ

જેમ આંધળાની ગતિમાં લંગડાની દૃષ્ટિ નિમિત્તમાત્ર છે–અર્થાત્ જેમ એ ગતિ અને દૃષ્ટિ વચ્ચે કર્તાકર્મ સંબંધ નથી પણ માત્ર નિમિત્ત–નૈમિતિક સંબંધ છે–તેમ શરીરની ગતિનો આત્મા કર્તા નથી. બંને વચ્ચે કોઈ વખતે માત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોય છે, પરંતુ કર્તાકર્મ સંબંધ હોતો નથી. અજ્ઞાનીને સંયોગ–સંબંધને લીધે બંનેના એકપણાનો ભ્રમ થઈ જાય છે અને તેથી તે શરીર અને આત્માને એક ગણી શરીરની ક્રિયા જીવ કરે છે એમ માને છે.

નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે.[1] ૯૧.

અંતરાત્મા શું કરે છે તે કહે છે :—

### શ્લોક ૯૨

**અન્વયાર્થ :**—(दृष्टभेदः) જે ભેદ જાણે છે તે (यथा) જેમ (पंगोः दृष्टिं) લંગડાની દૃષ્ટિને (अंधे) અંધ પુરુષમાં (न योजयेत्) યોજતો નથી–આરોપતો નથી (तथा) તેમ

૧. वज्झ कारण निरपेक्खो वत्थु परिणामो।
વસ્તુનું પરિણમન બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે. (જુઓ-જયધવલ-પેરા–૨૪૪, પૃ. ૧૧૭; પુસ્તક ૭.)

વિજ્ઞ ન માને પંગુની દૃષ્ટિ અંધામાંય;
[3]નિજજ્ઞ ત્યમ માને નહીં જીવદૃષ્ટિ તનમાંય. ૯૨.

टीका—दृष्टभेदः पंग्बन्धयोः प्रतिपन्नभेदः पुरुषो यथा पंगोर्दष्टिमन्धे न योजयेत्। तथा आत्मनो दृष्टिं देहे न योजयेत्। कोऽसौ? दृष्टात्मा देहाद्भेदेन प्रतिपन्नात्मा॥९२॥

बहिरन्तरात्मनोः काऽवस्था भ्रान्तिः का वाऽभ्रान्तिरित्याह—

(दृष्टात्मा) આત્માને શરીરાદિથી ભિન્ન અનુભવનાર અન્તરાત્મા (आत्मनः दृष्टिं) આત્માની દૃષ્ટિને–તેના જ્ઞાન–દર્શન–સ્વભાવને–(देहे) દેહમાં (न योजयेत्) આરોપતો નથી–અર્થાત્ દેહ સાથે એકરૂપ કરતો નથી.

**ટીકા** :—ભેદ જાણનાર અર્થાત્ લંગડા અને અંધનો ભેદ (તફાવત) જાણનાર પુરુષ, જેમ લંગડાની દૃષ્ટિને અંધમાં યોજતો (આરોપતો) નથી, તેમ તે આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી. કોણ તે? દૃષ્ટાત્મા–અર્થાત્ જેણે દેહથી ભેદ કરીને આત્મા જાણ્યો છે તે (અંતરાત્મા).

**ભાવાર્થ** :—જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે, તે બંનેના સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી–અર્થાત્ આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે; તેવી રીતે ભેદજ્ઞાની અન્તરાત્મા, આત્મા અને શરીરના સંયોગસંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી, અર્થાત્ તે શરીરને ચેતનારહિત જડ અને આત્માને જ્ઞાન–દર્શનસ્વરૂપ જ સમજે છે.

## વિશેષ

આત્મા અને શરીરનો એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં ઉપયોગરૂપ લક્ષણથી આત્મા પરખાય છે; જેમ સોના–રૂપાનો એકપણારૂપ સંબંધ હોવા છતાં, તેમના વર્ણાદિ દ્વારા તે બંને ભિન્ન ભિન્ન પારખી શકાય છે તેમ.[૧]

અન્તરાત્માને શરીર અને આત્માના લક્ષણોનું બરાબર જ્ઞાન છે, તેથી તે બંનેને એકરૂપ અથવા એકને બીજારૂપ માનતો નથી. ૯૨.

બહિરાત્મા અને અન્તરાત્માની અવસ્થા ભ્રાન્તિરૂપ છે અને કઈ અભ્રાન્તિરૂપ છે તે કહે છે :—

---

૧. સર્વાર્થસિદ્ધિ–અ. ૨/સૂત્ર ૮ની સં. ટીકા.

......तेन बन्धं प्रत्येकत्वे सत्यप्यात्मा लक्ष्यते।
सुवर्णरजतयो बन्धं प्रत्येकत्वे सत्यपि वर्णादिर्भेदवत्॥

सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।
विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ।।९३।।

टीका—सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमः प्रतिभासते। केषाम् ? अनात्मदर्शिनां यथावदात्मस्वरूपपरिज्ञानरहितानां बहिरात्मनाम्। आत्मदर्शिनोऽन्तरात्मनः पुनरक्षीणदोषस्य मोहाक्रान्तस्य बहिरात्मनः सम्बंधिन्यः सर्वावस्थाः सुप्तोन्मत्ताद्यवस्थावत् जाग्रत्प्रबुद्धानुन्मत्ताद्यवस्थाऽपि विभ्रमः प्रतिभासते यथावद्वस्तुप्रतिभासाभावात्। अथवासुप्तोन्मत्ताद्यवस्थैव एवकारोऽपिशब्दार्थे तेन सुप्तोन्मत्ताद्यवस्थाऽपि न विभ्रमः। केषाम् ? आत्मदर्शिनां दृढतराभ्यासात्तदवस्थायामपि आत्मनि

---

શ્લોક ૯૩

**અન્વયાર્થ** :—(अनात्मदर्शिनाम्) જેમને આત્મસ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન નથી તેવા બહિરાત્માઓને, (सुप्तोन्मत्तादि अवस्था एव) સુપ્ત અવસ્થા અને ઉન્મત્તાદિ અવસ્થા જ (विभ्रमः) વિભ્રમરૂપ લાગે છે, પરંતુ (आत्मदर्शिनः) આત્માનુભવી અન્તરાત્માને, (अक्षीणदोषस्य) મિથ્યાત્વાદિ દોષો જેના ક્ષીણ થયા નથી તેવા બહિરાત્માની (सर्वावस्थाः) બધીય અવસ્થાઓ (विभ्रमः) વિભ્રમરૂપ લાગે છે.

**ટીકા** :—સુપ્ત અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. કોને? આત્મસ્વરૂપ નહિ જાણનારાઓને–અર્થાત્ આત્મસ્વરૂપના યથાર્થ પરિજ્ઞાનથી રહિત બહિરાત્માઓને, આત્મદર્શીને એટલે અંતરાત્માને, અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી તેવા મોહથી ઘેરાએલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ–જાગ્રત, પ્રબદ્ધ, અનુન્મત્તાદિ અવસ્થા પણ સુપ્ત, ઉન્મત્તાદિ અવસ્થાની જેમ, વિભ્રમરૂપ પ્રતિભાસે છે; કારણ કે તેને (બહિરાત્માઓને) યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે;

અથવા

સુપ્ત ઉન્મત્તાદિ અવસ્થા પણ (અહીં एव શબ્દ अपिના અર્થમાં છે) વિભ્રમરૂપ (ભાસતી નથી). કોની? આત્મદર્શીઓની, કારણ કે દૃઢતર અભ્યાસને લીધે તે અવસ્થામાં પણ તેમને આત્મા વિષે અવિપર્યાસ (અવિપરીતતા) હોય છે અને સ્વરૂપ–સંવેદનમાં વૈકલ્યનો (ચ્યુતિનો) અભાવ હોય છે.

---

માત્ર મત્ત નિદ્રિત દશા વિભ્રમ જાણે અજ્ઞ;
દોષિતની સર્વે દશા વિભ્રમ ગણે નિજજ્ઞ. ૯૩.

**तेषामविपर्यासात्। स्वरूपसंवित्तिवैकल्यासम्भवाच्च। यदि सुप्ताद्यवस्थायामप्यात्मदर्शनं स्यात्तदा जाग्रदवस्थावत्तत्राप्यात्मनः कथं सुप्तादिव्यपदेश इत्युप्युक्तम्। यतस्तत्रेन्द्रियाणां स्वविषये निद्रया प्रतिबन्धात्तद्व्यपदेशो न पुनरात्मदर्शनप्रतिबन्धादिति। तर्हि कस्याऽसौ विभ्रमो भवति? अक्षीणदोषस्य बहिरात्मनः। कथम्भूतस्य? सर्वावस्थात्मदर्शिनः सर्वावस्थां बालकुमारादिलक्षणां सुप्तोन्मत्तादिरूपां चात्मेति पश्यत्येवं शीलस्य।।९३।।**

જો સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મદર્શન હોય તો જાગૃત અવસ્થાની જેમ, તેમાં પણ આત્માને સુપ્તાદિનો વ્યપદેશ (કથન) કેવી રીતે ઘટે? માટે તે પણ અયોગ્ય છે.

(સમાધાન)—ત્યાં ઇન્દ્રિયોને સ્વવિષયમાં નિદ્રાને લીધે પ્રતિબંધ છે, પરંતુ ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી, માટે તેનો વ્યપદેશ ઘટે છે.

ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે? અક્ષીણ દોષવાળા બહિરાત્માની. કેવા (બહિરાત્માની)? સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની–અર્થાત્ બાલકુમારાદિરૂપ અને સુપ્ત–ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાને જે આત્મા માને છે તેવા સ્વભાવવાળાની (બહિરાત્માની).

**ભાવાર્થ :**—સંસ્કૃત ટીકાકારે પ્રસ્તુત શ્લોકને નીચેના રૂપમાં સમજી બીજો અર્થ પણ કર્યો છે :—

**सुप्तोन्मत्ताद्यवस्थापि विभ्रमो नात्मदर्शिनाम्।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थात्मदर्शनः।।९३।।**

અર્થ :—આત્મદર્શી પુરુષોની નિદ્રાવસ્થા અને ઉન્મત્તાવસ્થા પણ વિભ્રમરૂપ હોતી નથી અને સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની (બહિરાત્માની)–જેના મિથ્યાત્વાદિ દોષો ક્ષીણ થયા નથી તેવાની–તે (નિદ્રાવસ્થા અને જાગ્રતાવસ્થાદિ સર્વ અવસ્થાઓ) વિભ્રમરૂપ છે.

જે આત્મદર્શી અન્તરાત્મા છે તેને સુપ્તાદિ અવસ્થા વિભ્રમ નથી, તો જાગ્રતાદિ અવસ્થાઓ તો વિભ્રમરૂપ કેમ જ હોય? ન જ હોય, કારણ કે આત્મસ્વરૂપના દ્રઢતર અભ્યાસના કારણે તેનું જ્ઞાન તે અવસ્થાઓમાં આત્મસ્વરૂપથી ચ્યુત થતું નથી. ઇન્દ્રિયોની શિથિલતા અને રોગાદિવશ કદાચિત્ તેને ઉન્મત્તતા પણ આવી જાય, તો પણ તેના આત્માનુભવ સંસ્કાર છૂટતા નથી–બરાબર કાયમ જ રહે છે; પરંતુ અજ્ઞાની બહિરાત્મને બાલ, કુમારાદિરૂપ તથા સુપ્ત–ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાઓમાં દેહાધ્યાસ–આત્મબુદ્ધિ હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ–મિથ્યા છે.

અંતરાત્માને નિરંતર જ્ઞાનચેતનાનું પરિણમન હોવાથી બધી અવસ્થાઓમાંઓ–સુપ્ત કે જાગ્રત, ઉન્મત્ત કે અનુન્મત્ત અવસ્થામાં–તેની ક્રિયાઓ વિભ્રમરૂપ હોતી નથી, પરંતુ

ननु सर्वावस्थात्मदर्शिनोऽप्यशेषशास्त्रपरिज्ञानान्निद्रारहितस्य मुक्तिर्भविष्यतीति वदन्तं प्रत्याह—

विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते।
देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते।।९४।।

टीका—न मुच्यते न कर्मरहितो भवति। कोऽसौ? देहात्मदृष्टिर्बहिरात्मा। कथम्भूतोऽपि? विदिताशेषशास्त्रोऽपि परिज्ञाताशेषशास्त्रोऽपि देहात्मदृष्टिपर्यतः देहात्मनोर्भेदरुचिरहितो यतः। पुनरपि कथम्भूतोऽपि? जाग्रदपि निद्रयाऽनभिभूतोऽपि। यस्तु ज्ञातात्मा परिज्ञातात्मस्वरूपः स सुप्तोन्मत्तोऽपि

---

બહિરાત્માને સર્વ અવસ્થાઓમાં નિરંતર અજ્ઞાન ચેતનાનું પરિણમન હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ–મિથ્યા હોય છે.

આ રીતે બહિરાત્મા અને અન્તરાત્માની અવસ્થામાં મોટો ફેર છે. અંતરાત્મા આત્મસ્વરૂપમાં સદા જાગૃત રહે છે અને બહિરાત્માની એનાથી વિપરીત દશા હોય છે. ૯૩.

સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની પણ, અશેષ (સંપૂર્ણ) શાસ્ત્રોના પરિજ્ઞાનને લીધે નિદ્રારહિત (જાગ્રત) થયેલાની મુક્તિ થશે? એવું બોલનાર પ્રતિ કહે છે :—

### શ્લોક ૯૪

**અન્વયાર્થ** :—(देहात्मदृष्टिः) શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર બહિરાત્મા (विदिताशेषशास्त्रः अपि) સંપૂર્ણ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં તથા (जाग्रत अपि) જાગતો હોવા છતાં (न मुच्यते) કર્મબંધનથી છૂટતો નથી; કિન્તુ (ज्ञातात्मा) ભેદજ્ઞાની–અન્તરાત્મા (सुप्तोन्मत्तः अपि) નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં (मुच्यते) કર્મબંધનથી મુક્ત થાય છે–વિશિષ્ટ રૂપથી કર્મોની નિર્જરા કરે છે.

**ટીકા** :—મુક્ત થતો નથી–કર્મરહિત થતો નથી. કોણ તે? શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર–બહિરાત્મા કેવો હોવા છતાં? સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં સર્વ શાસ્ત્રોના પરિજ્ઞાનવાળો હોવા છતાં–, કારણ કે તે દેહાત્મદૃષ્ટિ છે અર્થાત્ દેહ અને આત્માના ભેદની રુચિ વિનાનો છે. વળી તે કેવો (હોવા છતાં) છે? જાગૃત હોવા છતાં–નિદ્રાથી અભિભૂત (ઘેરાયેલો) નહિ હોવા છતાં.

---

તનદૃષ્ટિ સર્વાંગમી જાગૃત પણ ન મુકાય;
આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ૯૪.

मुच्यते विशिष्टां कर्मनिर्जरां करोति दृढतराभ्यासात्सुप्ताद्यवस्थायामप्यात्मस्वरूपसंवित्त्यवैकल्यात् ॥९४॥

कुतस्तदा तदवैकल्यमित्याह—

यत्रैवाहितधीः पुंसः श्रद्धा तत्रैव जायते।
यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते॥९५॥

---

જે જ્ઞાતાત્મા છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપ જાણ્યું છે (અનુભવ્યું છે) તે સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં મુક્ત થાય છે–વિશિષ્ટ કર્મ–નિર્જરા કરે છે, કારણ કે તેને દૃઢતર અભ્યાસને લીધે સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મસ્વરૂપના સંવેદનમાં વૈકલ્ય (ચ્યુતિ) હોતું નથી.

**ભાવાર્થ** :—જેને શરીરમાં આત્મબુદ્ધિ છે–જે શરીરને જ આત્મા માને છે એટલે કે શરીરની ક્રિયા આત્મા કરે છે એવું માને છે–તે ભલે સર્વ શાસ્ત્રોનો જાણકાર હોય અને જાગૃતાવસ્થામાં (સભાન અવસ્થામાં) હોય, તો પણ ભેદવિજ્ઞાનના અભાવે તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે અને આત્મસ્વરૂપના અનુભવનો દૃઢતર અભ્યાસ છે તેવો અન્તરાત્મા, નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં વિશિષ્ટ પ્રકારે કર્મોની નિર્જરા કરે છે કારણ કે તેને નિરંતર જ્ઞાન ચેતનાનું પરિણમન છે. આ કર્મનિર્જરા તેની મુક્તિના કારણરૂપ બને છે.

**વિશેષ**

અજ્ઞાની જીવને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય, પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે, પ્રશંસાને પાત્ર બને, પણ જો તે આત્મજ્ઞાનશૂન્ય હોય તો તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી–બાધક છે. ગધેડા ઉપર લાદેલાં શાસ્ત્રોના બોજા સમાન તે જ્ઞાન તેને બોજારૂપ છે. ૯૪.

(સુપ્તાદિ અવસ્થાઓમાં પણ) તે અવૈકલ્ય (અચ્યુતિ) શા કારણે હોય છે? તે કહે છે :—

**શ્લોક ૯૫**

**અન્વયાર્થ** :—(यत्र एव) જ્યાં જ એટલે જે કોઈ વિષયમાં જ (पुंसः) પુરુષની

---

જેમાં મતિની મગ્નતા, તેની જ થાય પ્રતીત;
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



टीका—यत्रैव यस्मिन्नेव विषये आहितधीः दत्तावधाना बुद्धिः। ''यत्रात्महितधीरिति च पाठः यत्रात्मनो हितमुपकारस्तत्राहितधीर्बुद्धिरिति'' स हितमुपकारक इति बुद्धिः। कस्य? पुंसः। श्रद्धा रुचिस्तस्य तत्रैव तस्मिन्नेव विषये जायते। यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते आसक्तं भवति॥९५॥

(आहितधीः) દત્તાવધાનરૂપ બુદ્ધિ હોય છે, (तत्र एव) ત્યાં જ એટલે તે વિષયમાં જ તેને (श्रद्धा जायते) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને (यत्र एव) જ્યાં જ એટલે જે વિષયમાં શ્રદ્ધા (श्रद्धा जायते) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે (तत्र एव) ત્યાં જ એટલે તે વિષયમાં જ (चित्तं लीयते) તેનું ચિત્ત લીન (તન્મય) થઈ જાય છે.

**ટીકા** :—જ્યાં જ એટલે જે વિષયમાં જ બુદ્ધિ લાગે છે અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ (લગ્ન) હોય છે–''यत्रात्महितधीरिति' એવો પણ પાઠ છે, (તેનો અર્થ એ છે કે) જ્યાં આત્મહિતની બુદ્ધિ છે અર્થાત્ જ્યાં આત્માનું હિત–ઉપકાર હોય છે એટલે જ્યાં 'તે હિતકર–ઉપકારક છે' એવી બુદ્ધિ હોય છે ત્યાં ધી એટલે બુદ્ધિ (લાગે છે.) કોની? પુરુષની. તેની શ્રદ્ધા–રુચિ ત્યાં જ એટલે તે વિષયમાં જ ઉત્પન્ન થાય છે. જ્યાં જ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં જ ચિત્ત લીન થાય છે–આસક્ત થાય છે.

**ભાવાર્થ** :—જે વિષયમાં કોઈ પુરુષની બુદ્ધિ સાવધાનીપૂર્વક લાગી રહે છે, અર્થાત્ જે વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે, તેમાં તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને જ્યાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં ચિત્ત લીન થઈ જાય છે. ચિત્તની આ લીનતા જ સુપ્ત–ઉન્મત્ત અવસ્થામાં પણ પુરુષને તે વિષયથી હઠાવી શકતી નથી, અર્થાત્ તે પુરુષ તે વિષયથી ચ્યુત થતો નથી, તેમાં લીન રહે છે.

## વિશેષ

ભેદ–વિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે તેનું બળ કોઈ પણ અવસ્થામાં–જાગૃત, સુપ્ત કે ઉન્મત્ત અવસ્થામાં ચાલુ રહ્યા વિના રહેતું નથી; તેથી આત્માર્થીએ ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપના સંવેદન માટે આત્મરુચિપૂર્વક એવો અવિરત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આત્મશ્રદ્ધામાં બાહ્ય કોઈપણ પરિસ્થિતિ વિઘ્નરૂપ થાય નહિ કે ચ્યુત કરે નહિ. જેમ–જેમ સ્વ-પર પદાર્થોના ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ, સંવેદનમાં વિકસિત થતું જાય છે, તેમ તેમ સહજ પ્રાપ્ત રમણીય પંચેન્દ્રિયના વિષયો પણ રુચતા નથી, અર્થાત્ તેમના પ્રતિ ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થાય છે.[1] ૯૫.

---

१. यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।
तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि॥३७॥ (ઇષ્ટોપદેશ-શ્લોક ૩૭)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

क्व पुनरनासक्तं चित्तं भवतीत्याह—

यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते।
यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः॥९६॥

टीका—यत्र यस्मिन्विषये अनाहितधीरदत्तावधाना बुद्धिः। ''यत्रैवाहितधीरिति च पाठः यत्र च अहितधीरनुपकारकबुद्धिः।'' कस्य? पुंसः। तस्माद्विषयात्सकाशात् श्रद्धा निवर्तते। यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः तस्मिन् विषये लय आसक्तिस्तल्लयः कुतो नैव कुतश्चिदपि॥९६॥

---

વળી ચિત્ત ક્યાં અનાસક્ત હોય છે તે કહે છે :—

**શ્લોક ૯૬**

**અન્વયાર્થ** :—(यत्र) જ્યાં એટલે જે વિષયમાં (पुंसः) પુરુષની (अनाहित धीः) બુદ્ધિ સાવધાનરૂપ હોતી નથી, (तस्मात्) તેનાથી (श्रद्धा) શ્રદ્ધા, (निवर्तते) હઠી જાય છે–ઊઠી જાય છે; અને (यस्मात्) જેનાથી (श्रद्धा) શ્રદ્ધા (निवर्तते) હઠી જાય છે તે વિષયમાં (चित्तस्य) ચિત્તની (तल्लयः कुतः) લીનતા કેવી રીતે હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ.

**ટીકા** :—જ્યાં એટલે જે વિષયમાં બુદ્ધિ સંલગ્ન હોતી નથી અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ હોતી નથી,–'यत्रैवाहितधीरिति' એવો પણ પાઠ છે, તેનો અર્થ એ છે કે–જ્યાં અહિત બુદ્ધિ એટલે અનુપકારક બુદ્ધિ હોય છે–કોની? પુરુષની, તે વિષયથી શ્રદ્ધા પાછી ફરે છે. જેનાથી શ્રદ્ધા પાછી ફરે, તે વિષયમાં ચિત્તની લીનતા કેમ હોઈ શકે? તે વિષયમાં ચિત્તનો લય એટલે આસક્તિ ક્યાંથી થાય? ક્યાંયથી પણ નહિ.

**ભાવાર્થ** :—જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી અને જે વસ્તુમાં રુચિ ન હોય તે વસ્તુમાં તેનું મન કેવી રીતે લાગે? ન જ લાગે.

અજ્ઞાની જીવોને ઇન્દ્રિયોના વિષયો ઇષ્ટ લાગે છે–હિતકારી લાગે છે, તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય છે અને મન તેમાં લાગે છે; જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા નથી, પણ તે પ્રત્યેનો રાગ અનિષ્ટ–અહિતકારી લાગે છે, તેથી તેની રુચિ તે તરફથી હઠે છે અને તેમાં મન લાગતું નથી. તે વિષયો પ્રત્યે ઉદાસીન રહે છે.

---

જ્યાં નહિ મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;
જેની ન હોય પ્રતીત ત્યાં કેમ થાય મન લીન? ૯૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



यत्र च चित्तं विलीयते तद्ध्येयं भिन्नमभिन्नं च भवति, तत्र भिन्नात्मनि, ध्येये फलमुपदर्शयन्नाह—

भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः।
वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी॥९७॥

टीका—भिन्नात्मानमाराधकात् पृथग्भूतमात्मानमर्हत्सिद्धरूपं उपास्याराध्य आत्मा आराधकः पुरुषः परः परमात्मा भवति तादृशोऽर्हत्सिद्धस्वरूपसदृशः। अत्रैवार्थे दृष्टान्तमाह वर्तिरित्यादि। दीपाद्भिन्ना वर्तिर्यथा दीपमुपास्य प्राप्य तादृशी भवति दीपरूपा भवति॥९७॥

## વિશેષ

જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે–ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે–સ્વસંવેદનનો વિષય બનતો જાય છે.[1] ૯૬.

જેમાં ચિત્ત લીન થાય છે, તે ધ્યેય ભિન્ન તથા અભિન્ન (એમ બે પ્રકારે) હોય છે; ત્યાં ભિન્નાત્મરૂપ ધ્યેયનું ફલ દર્શાવી કહે છે :—

### શ્લોક ૯૭

**અન્વયાર્થ :**—(आत्मा) આત્મા (भिन्नात्मानं) પોતાનાથી ભિન્ન આત્માની (उपास्य) ઉપાસના કરીને (तादृशः) તેના સમાન (परः भवति) પરમાત્મા થાય છે. (यथा) જેમ (भिन्नावर्तिः) દીપકથી ભિન્ન બત્તી (વાટ) (दीपं उपास्य) દીપકની ઉપાસના કરીને (તેને પામીને) (तादृशी) તેના જેવી–દીપકસ્વરૂપ (भवति) થઈ જાય છે તેમ.

**ટીકા :**—ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક્ભૂત અર્હત્ સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી–આરાધના કરી, આત્મા એટલે આરાધક પુરુષ, તેવો એટલે અર્હત્–સિદ્ધસ્વરૂપ સમાન, પર એટલે પરમાત્મા થાય છે. અહીં તે જ અર્થનું દૃષ્ટાન્ત કહે છે–વાટ ઇત્યાદિ–

---

१. यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि।
तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्॥३८॥ (ઇષ્ટોપદેશ-શ્લોક ૩૮)

ભિન્ન પરાત્મા સેવીને તત્સમ પરમ થવાય;
ભિન્ન દીપને સેવીને બત્તી દીપક થાય. ૯૭.



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

इदानीमभिन्नात्मनोपासने फलमाह—

જેમ દીપથી ભિન્ન વાટ (દીવેટ) દીપને ઉપાસી એટલે પામી તાદૃશ (તેના જેવી) થાય છે– અર્થાત્ દીપરૂપ થાય છે તેમ.

**ભાવાર્થ** :—જેમ વાટ દીપકની ઉપાસના કરી (દીપકનો ગાઢ નજીક સંબંધ સાધી) તદ્રૂપ (દીપકરૂપ) થઈ જાય છે, તેમ આ આત્મા પોતાનાથી ભિન્ન આત્માની (અર્હન્ત–સિદ્ધરૂપ પરમાત્માની) ઉપાસના કરીને સ્વયં તેમના સમાન પરમાત્મા થઈ જાય છે.

## વિશેષ

અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના દ્વારા અર્થાત્ તેમના દ્રવ્ય–ગુણ–પર્યાયના સત્ય જ્ઞાન દ્વારા જો જીવ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને સમ્યક્પણે જાણે અને તેની પ્રતીતિ કરે તથા ત્યારબાદ અર્હંતાદિ પર તરફનું પણ વલણ હઠાવી સ્વસન્મુખ થઈ સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક પોતાના ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા કરે તો તેનો મોહ નાશ પામે છે અને તે પરમાત્મા થાય છે.[1]

આત્મસ્વરૂપમાં સ્થિરતા તે નિશ્ચય ઉપાસના અર્થાત્ અભિન્ન સાધ્યની ઉપાસના છે અને અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના તે વ્યવહાર ઉપાસના છે.

સાધક દશામાં સમ્યગ્દૃષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા–ભક્તિ આદિરૂપ પુણ્યબંધની સંપ્રાપ્તિના હેતુભૂત શુભ રાગ ભૂમિકાનુસાર આવે છે, પણ તે તેને આત્મહિત માટે ભલો માનતો નથી. તે રાગને રોગ સમાન ગણે છે, તેથી તેને તે હેયબુદ્ધિએ વર્તે છે–અર્થાત્ તેને રાગનો રાગ નથી–તેનું તેને સ્વામીત્વ નથી. તેનો આ શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે. જેમ સવારની લાલ સંધ્યાનો અભાવ થતાં તુરત જ સૂર્યના તેજસ્વી પ્રકાશનો આવિર્ભાવ થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિના હેયબુદ્ધિએ વર્તતા શુભ રાગનો અભાવ થતાં–તેનો અતિક્રમ થતાં આત્માના નિર્મળ પ્રચંડ પ્રકાશનો આવિર્ભાવ થાય છે. રાગરૂપ સવિકલ્પ દશાનો (વ્યવહારનો) અભાવ થતાં વીતરાગરૂપ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. આ દશામાં જીવને વચનાતીત અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. એ રીતે સમ્યગ્દૃષ્ટિના ભિન્નાત્માની ઉપાસનારૂપ શુભ રાગનો અભાવ તે મોક્ષનું–પરમાત્મપદનું સાક્ષાત્ કારણ છે. ૯૭.

હવે અભિન્ન આત્માની ઉપાસનાનું ફલ કહે છે :—

૧. જુઓ–શ્રી પ્રવચનસાર ગાથા–૮૦.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा।
मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः॥९८॥

टीका—अथवा आत्मानमेव चित्स्वरूपमेव चिदानन्दमयमुपास्य आत्मा परमः परमात्मा जायते। अमुमेवार्थं दृष्टान्तद्वारेण समर्थयमानः प्राह–मथित्वेत्यादि। यथाऽऽत्मानमेव मथित्वा घर्षयित्वा तरुरात्मां (?) तरुरूषः स्वभावः स्वत एवाग्निर्जायते॥९८॥

---

### શ્લોક ૯૮

**અન્વયાર્થ** :—(अथवा) અથવા (आत्मा) આત્મા (आत्मानं एव) પોતાના આત્માની જ (उपास्य) ઉપાસના કરી (परमः) પરમાત્મા (जायते) થઈ જાય છે; (यथा) જેમ (तरुः) વાંસનું ઝાડ (आत्मानं) પોતાને (आत्मा एव) પોતે જ (मथित्वा) મથીને–રગડીને (अग्निः) અગ્નિરૂપ (जायते) થઈ જાય છે તેમ.

**ટીકા** :—અથવા આત્માની જ એટલે ચિદાનન્દમય ચિત્સ્વરૂપની જ ઉપાસના કરીને આત્મા પરમ એટલે પરમાત્મા થાય છે. આ જ અર્થનું દૃષ્ટાન્ત દ્વારા સમર્થન કરી કહે છે—મથીને ઈત્યાદિ–જેમ પોતે પોતાને જ મથીને (રગડીને)–ઘસીને, વૃક્ષ અર્થાત્ વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ જ અગ્નિરૂપ થાય છે, તેમ (આત્મા આત્માને જ મથીને–ઉપાસીને–પરમાત્મારૂપ થાય છે).

**ભાવાર્થ** :—જેમ વાંસનું વૃક્ષ વાંસ સાથે રગડી (મથી) સ્વયં અગ્નિરૂપ થઈ જાય છે, તેમ આત્મા પણ પોતાના ચિદાનન્દમય ચિત્સ્વરૂપની ઉપાસના કરીને સ્વયં પરમાત્મારૂપ થઈ જાય છે.

જેમ વાંસના વૃક્ષમાં અગ્નિ શક્તિરૂપે વિદ્યમાન છે અને તે ઘર્ષણથી પ્રગટ થાય છે, તેમ આત્મામાં પણ પૂર્ણ જ્ઞાનાદિ ગુણો શક્તિરૂપે વિદ્યમાન છે અને તે આત્માની આત્મા સાથે એકરૂપતા થતાં પ્રગટ થાય છે–અર્થાત્ આત્મા અન્ય બાહ્યાભ્યંતર સંકલ્પ–વિકલ્પરૂપ વ્યાપારોથી પોતાના ઉપયોગને હઠાવી સ્વરૂપમાં એકાગ્ર કરી દે છે ત્યારે તેના તે ગુણ (શુદ્ધ પર્યાયો) પ્રગટ થાય છે. આત્માના આત્મા સાથેના સંઘર્ષથી ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ થાય છે. તેના નિમિત્તે જ્યારે કર્મરૂપી ઈન્ધન સર્વથા બળી જાય છે. ત્યારે તે આત્મા પરમાત્મા થઈ જાય છે.

---

અથવા નિજને સેવીને જીવ પરમ થઈ જાય;
જેમ વૃક્ષ નિજને મથી પોતે પાવક થાય. ૯૮.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

उक्तमर्थमुपसंहृत्य फलमुपदर्शयन्नाह—

इतीदं भावयेन्नित्यमवाचां गोचरं पदम्।
स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः॥९९॥

## વિશેષ

સમ્યગ્દૃષ્ટિ જ્યારે આત્મધ્યાનમાં મગ્ન થઈ જાય છે, ત્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય—એવો ભેદ રહેતો નથી, વચન કે અન્ય વિકલ્પ હોતા નથી. ત્યાં (આત્મધ્યાનમાં) તો આત્મા જ કર્મ, આત્મા જ કર્તા અને આત્માનો ભાવ તે ક્રિયા હોય છે-અર્થાત્ કર્તા, કર્મ અને ક્રિયા-તે ત્રણે તદ્દન અખંડ અભિન્ન થઈ જાય છે; શુદ્ધોપયોગની નિશ્ચલ દશા પ્રગટ થાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ એકસાથે એકરૂપ થઈને પ્રકાશે છે.[1]

આ શ્લોકમાં આચાર્યદેવે એ બતાવ્યું છે કે-પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમજી, અર્હંતાદિની ઉપાસનાના રાગથી પરાઙ્મુખ થઈ, સ્વસન્મુખ થઈ જીવ જો પોતાના શુદ્ધાત્માની-પરમ પારિણામિક કારણ પરમાત્માની-જ ઉપાસના કરે તો તે સ્વયં પરમાત્મા થઈ શકે છે. દરેક જીવમાં દ્રવ્યદૃષ્ટિએ પરમાત્મા થવાની શક્તિ છે. જો તે જિનોપદેશાનુસાર પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરે, તો તે શક્તિને સંપૂર્ણપણે વ્યક્ત કરી પરમાત્મા થઈ શકે. ૯૮.

ઉક્ત અર્થનો ઉપસંહાર કરીને ફલ દર્શાવી કહે છે :—

### શ્લોક ૯૯

**અન્વયાર્થ** :—(इति) ઉક્ત પ્રકારે (इदं) ભેદ-અભેદરૂપ આત્મસ્વરૂપની (नित्यं) નિરન્તર (भावयेत्) ભાવના ભાવવી. એમ કરવાથી (तत्) તે (अवाचां गोचरं पदं) અનિર્વચનીય પરમાત્મપદને (स्वतः एव) સ્વતઃ જ-પોતાની મેળે જ આ જીવ (आप्नोति) પ્રાપ્ત કરે છે. (यतः) જે પદથી (पुनः) ફરીથી તે (न आवर्तते) પાછો આવતો નથી.

૧. જહઁ ધ્યાન-ધ્યાતા-ધ્યેય કો ન વિકલ્પ વચ-ભેદ ન જહાઁ,
ચિદ્ભાવ કર્મ, ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાઁ;
તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગ કી નિશ્ચલ દશા,
પ્રગટી જહાઁ દૃગ-જ્ઞાન-વ્રત યે તીનધા એકૈ લસા.
(પં. શ્રી દૌલતરામજી કૃત છહઢાલા-૬/૯)

એમ નિરંતર ભાવવું પદ આ વચનાતીત;
પમાય જે નિજથી જ ને પુનરાગમન રહિત. ૯૯.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



इति एवमुक्तप्रकारेण इदं भिन्नमभिन्नं चात्मस्वरूपं भावयेत् नित्यं सर्वदा। ततः किं भवति? आप्नोति। किं? तत्पदं मोक्षस्थानं। कथम्भूतं? अवाचां गोचरं वचनैरनिर्देश्यं। कथं तत्प्राप्नोति? स्वतः एव आत्मनैव परमार्थतो न पुनर्गुर्वादिबाह्यनिमित्तात्। यतः प्राप्तात् तत्पदान्नावर्तते संसारे पुनर्न भ्रमति॥९९॥

**ટીકા** :—આ પ્રમાણે એટલે ઉક્ત પ્રકારે આ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની, નિત્ય એટલે સર્વદા, ભાવના કરવી. તેથી શું થાય છે? તે પદ–મોક્ષસ્થાન (પ્રાપ્ત થાય છે). તે (પદ) કેવું છે? વાણીને અગોચર એટલે વચનો દ્વારા કહી શકાય નહિ તેવું (અનિર્વચનીય) છે. તે કેવી રીતે પ્રાપ્ત કરે છે? પરમાર્થે સ્વતઃ જ (પોતાની મેળે જ)–આત્માથી જ (પ્રાપ્ત કરે છે) પણ ગુરુ આદિ બાહ્ય નિમિત્ત વડે નહિ; જ્યાંથી એટલે પ્રાપ્ત થયેલા તે પદથી (મોક્ષસ્થાનેથી) તે પાછો આવતો નથી–અર્થાત્ ફરીથી સંસારમાં ભમતો નથી.

**ભાવાર્થ** :—સાધકને નિર્વિકલ્પ દશામાં પોતાના આત્માનો આશ્રય અને સવિકલ્પ દશામાં અર્હંતાદિની ઉપાસનાદિ હોય છે. ક્રમે ક્રમે આત્માનો આશ્રય વધતો જાય છે અને ભગવાનની ઉપાસનાદિરૂપ વ્યવહાર ઘટતો જાય છે. પોતાના આત્માની ઉપાસના પૂર્ણ થતાં ભગવાનની ઉપાસનારૂપ વિકલ્પનો પણ અભાવ થાય છે. તેનું નામ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની નિત્ય ભાવના કરવી એમ કહેવામાં આવે છે. તે પ્રમાણે વીતરાગતા પૂર્ણ થતાં કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે અને મોક્ષસ્થાન પામ્યા પછી જીવ કદી સંસારમાં પાછો આવતો નથી; કેમ કે તેને રાગનો સર્વથા અભાવ વર્તે છે. રાગ વિના સંસાર અર્થાત્ ભવભ્રમણ–જન્મ–મરણ હોય નહિ.

## વિશેષ

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેમણે આત્માનો પૂર્ણ વિકાસ સાધ્યો છે તેવા અર્હન્ત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણી તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું, અને પછી પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો સદા દૃઢ અભ્યાસ કરવો. એમ કરવાથી વચનાતીત અતીન્દ્રિય પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. તે પદ પ્રાપ્ત કર્યા પછી સંસારમાં ફરીથી જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારના સર્વ પ્રકારનાં દુઃખોથી છૂટકારો થાય છે અને તે સદા જ્ઞાનાનન્દમાં મગ્ન રહે છે.

પ્રસ્તુત શ્લોકમાં 'स्वतः एव' શબ્દો ઘણા અર્થસૂચક છે. તે બતાવે છે કે પરમાત્મપદની પ્રાપ્તિ પોતનામાંથી જ પોતાના પુરુષાર્થથી જ થાય છે. તેમાં તીર્થંકર ભગવાન આદિની ઉપાસના, દિવ્ય–ધ્વનિ, ગુરુના ઉપદેશાદિ બાહ્ય નિમિત્તો હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ननु आत्मनि सिद्धे तस्य तत्पदप्राप्तिः स्यात् न चासौ तत्त्वचतुष्टयात्मकाच्छरीरात्तत्त्वान्तरभूतः सिद्ध इति चार्वाकाः। सदैवात्मा मुक्तः सर्वदा स्वरूपोपलम्भसम्भवादिति सांख्यास्तान् प्रत्याह—

अयत्नसाध्यं निर्वाणं चित्तत्वं भूतजं यदि।
अन्यथा योगतस्तस्मान्न दुःखं योगिना क्वचित्॥१००॥

टीका—चित्तत्त्वं चेतनालक्षणं तत्त्वं यदि भूतजं पृथिव्यप्तेजोवायुलक्षणभूतेभ्यो जातं यद्यभ्युपगम्यते तदाऽयत्नसाध्यं निर्वाणं यत्नेन तात्पर्येण साध्यं निर्वाणं न भवति।

---

પરમપદની પ્રાપ્તિ થાય છે. નિમિત્તથી કદી થતી નથી, કેમ કે જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી.

પરમાત્મા થવાની શક્તિ પોતાનામાં મોજૂદ છે. તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન–જ્ઞાન કરી, આત્મસન્મુખ થઈ તેને પ્રગટ કરવાનો અવિરત પ્રયત્ન કરવામાં આવે તો પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય. ૯૯.

આત્મા છે એવું સિદ્ધ હોય, તો તેને તે પદની પ્રાપ્તિ સંભવે, પણ તે (આત્મા) ચાર તત્ત્વોના સમૂહરૂપ શરીરથી ભિન્ન અન્ય તત્ત્વરૂપ સિદ્ધ થતો નથી એવું ચાર્વાકો માને છે; અને સર્વદા સ્વરૂપની ઉપલબ્ધિનો સંભવ હોવાથી સદાય મુક્ત છે–એવો સાંખ્યમત છે. તેમના પ્રતિ કહે છે :—

### શ્લોક ૧૦૦

**અન્વયાર્થ** :—(चित्तत्वं) ચેતના લક્ષણવાળો આ જીવ (यजि भूतजम्) જો ભૂત–ચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા હોય, તો (निर्वाणं) મોક્ષ (अयत्नसाध्यं) યત્ન સાધવા યોગ્ય રહે નહિ, (अन्यथा) અથવા (योगतः) યોગથી એટલે શારીરિક યોગક્રિયાથી (निर्वाणं) નિર્વાણની પ્રાપ્તિ થાય, તો (तस्मात्) તેનાથી (योगिनां) યોગીઓને (क्वचित्) કોઈ પણ અવસ્થામાં (दुःखं न) દુઃખ હોય નહિ.

**ટીકા** :—ચિત્તત્વ એટલે ચેતનાસ્વરૂપ તત્ત્વ જો ભૂત જ હોય અર્થાત્ પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું માનવામાં આવે, તો નિર્વાણ અયત્નસાધ્ય રહે

---

ચેતન ભૂતજ હોય તો મુક્તિ અયત્ન જ હોય,
નહિ તો મુક્તિ યોગથી, યોગીને દુખ નો'ય. ૧૦૦.

एतच्छरीरपरित्यागेन विशिष्टावस्थाप्राप्तियोग्यस्यात्मन एव तन्मते अभावादित्यात्मनो मरणरूपविनाशादुत्तरकालमभावः। सांख्यमते तु भूतजं सहजं भवनं भूतं शुद्धात्मतत्त्वं तत्र जातं तत्स्वरूपसंवेदकत्वेन लब्धात्मलाभं एवंविधं चित्तत्त्वं यदि तदाऽयत्नसाध्यं निर्वाणं यत्नेन ध्यानानुष्ठानादिना साध्यं न भवति निर्वाणं। सदा शुद्धात्मस्वरूपानुभवे सर्वदैवात्मनो निरुपायमुक्तिप्रसिद्धेः। अथवा निष्पन्नेतरयोग्यपेक्षया अयत्नेत्यादिवचनम्। तत्र निष्पन्नयोग्यपेक्षया चित्तत्त्वं भूतजं स्वभावजं। भूतशब्दोऽत्र स्वभाववाची। मनोवाक्कायेन्द्रियैरविक्षिप्तमात्मस्वरूपं भूतं तस्मिन् जातं तत्स्वरूपसंवेदकत्वेन लब्ध्यात्मलाभं एवंविधं चित्तत्त्वं यदि तदाऽयत्नसाध्यं निर्वाणं तथाविधमात्मस्वरूपमनुभवतः कर्मबंधाभावतो निर्वाणस्याप्रयाससिद्धत्वात् अथवा अन्यथा प्रारब्धयोग्यपेक्षया भूतजं चित्तत्त्वं न भवति। तदा योगतः स्वरूपसंवेदनात्मक-चित्तवृत्तिनिरोधाभ्यासप्रकर्षान्निर्वाणं। यत एवं तस्मात्क्वचिदप्यवस्थाविशेषे दुर्धरानुष्ठाने छेदनभेदनादौ

---

અથવા યત્નથી નિર્વાણ સાધવા યોગ્ય ન રહે. આ શરીરના પરિત્યાગથી વિશિષ્ટ અવસ્થાની પ્રાપ્તિ યોગ્ય આત્માનો તેના મતમાં (ચાર્વાકના મતમાં) અભાવ છે, કેમ કે (તેઓ) મરણરૂપ (શરીરના) વિનાશથી ઉત્તરકાલે આત્માનો અભાવ (માને છે).

'સાંખ્યમત'માં ભૂત જ એટલે સહજ ભવન તે ભૂત અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વ–તેમાં ઉત્પન્ન થયેલું તે. તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય થાય અર્થાત્ યત્નથી એટલે ધ્યાનના અનુષ્ઠાનાદિથી નિર્વાણ સાધવા યોગ્ય રહેતો નથી, કારણ કે નિત્ય શુદ્ધાત્મસ્વરૂપના અનુભવમાં સર્વદા જ આત્માની નિરુપાય (અયત્નસાધ્ય) મુક્તિ પ્રસિદ્ધ છે.

અથવા (આ શ્લોકમાં) અયત્ન ઇત્યાદિ વચન છે તે નિષ્પન્ન ઇતર યોગીની અપેક્ષાએ છે. ત્યાં નિષ્પન્ન યોગીની અપેક્ષાએ ચિત્તત્વ જો ભૂત જ એટલે સ્વભાવ જ હોય, [ભૂત શબ્દને અહીં સ્વભાવના અર્થમાં સમજવો]–અર્થાત્ મન, વાણી, કાયા, ઇન્દ્રિયો, આદિથી અવિક્ષિપ્ત આત્મસ્વરૂપ ભૂત એટલે તેમાં ઉત્પન્ન થયેલું હોય અર્થાત્ તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય છે, કારણ કે તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મબંધનો અભાવ હોવાથી નિર્વાણ વગર પ્રયાસે સિદ્ધ છે.

અથવા–અન્ય પ્રકારે પ્રારબ્ધ યોગીની અપેક્ષાએ ભૂત જ ચિત્તત્વ ન હોય, તો યોગદ્વારા સ્વરૂપસંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના પ્રકર્ષ અભ્યાસથી નિર્વાણ થાય, તેથી ક્વચિત્ પણ અવસ્થાવિશેષમાં અર્થાત્ દુર્ધર અનુષ્ઠાનમાં કે છેદન–ભેદનાદિમાં યોગીઓને દુઃખ ન હોય,

वा योगिनां दुःखं न भवति। आनन्दात्मकस्वरूपसंवित्तौ तेषां तत्प्रभवदुःखसंवेदना-सम्भवात्॥१००॥

કારણ કે આનંદાત્મક સ્વરૂપના સંવેદનમાં તેમને તેનાથી ઉત્પન્ન થતાં દુઃખના વેદનનો અભાવ છે.

**ભાવાર્થ :**—'ચાર્વાકમત' અનુસાર જીવતત્ત્વ ભૂત જ છે–અર્થાત્ પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ–એ ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થાય છે. જો ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા શરીરને જ આત્મા માનવામાં આવે, તો શરીરના નાશને જ મોક્ષ માનવાનો પ્રસંગ આવે અને તેથી મોક્ષ અયત્નસાધ્ય રહે; નિર્વાણ માટે અન્ય કોઈ પુરુષાર્થની જરૂર રહે નહિ. માટે શરીરનો નાશ થતાં આત્માનો અભાવ માનવો અને આત્માના અભાવને મોક્ષ માનવો–એવી ચાર્વાકોની જીવાત્મા સંબંધી કલ્પના ભ્રમમૂલક–મિથ્યા છે.

'સાંખ્યમતાનુસાર' આત્મા ભૂત જ અર્થાત્ સર્વથા સ્વભાવસિદ્ધ શુદ્ધસ્વરૂપ જ છે. તેને સર્વ અવસ્થાઓમાં શુદ્ધ જ માને છે. નિર્વાણ માટે સમ્યક્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેમને આવશ્યકતા નહિ જણાતી હોવાથી, તેમના મતે મોક્ષ અયત્નસાધ્ય છે. માટે સાંખ્યની કલ્પના પણ યુક્તિસંગત નથી.

'જૈનમતાનુસાર' સ્વરૂપ–સંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના દૃઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વાણ 'યત્નસાધ્ય' છે. અને તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મનો અભાવ સ્વયં થવાથી નિર્વાણની સિદ્ધિ કર્મ અપેક્ષાએ પ્રયત્ન વિના અર્થાત્ 'અયત્નસાધ્ય' થાય છે, કેમ કે કર્મ પુદ્ગલ છે. તેની અવસ્થા જીવ કરી શકતો નથી; તેથી તેના અભાવ માટે જીવને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી.

યોગીજનોને, અતિ ઉગ્ર તપ યા ધ્યાનાદિ કરતી વખતે કોઈ પણ પ્રકારનો ખેદ કે દુઃખ થતું નથી, પરંતુ પોતાના લક્ષ્યની સિદ્ધિ થતી જોઈ તપ–ધ્યાનાદિ કરવામાં આનંદ માને છે. તેઓ શરીરને આત્માથી ભિન્ન સમજે છે, તેથી શરીર કૃશ થતાં તેઓ ખેદ ખિન્ન થતા નથી તથા ઉપસર્ગ સમયે પોતાના સામ્યભાવની સ્થિરતાને છોડતા નથી.

"જેમ સુવર્ણ, અગ્નિથી તપાવા છતાં તેના સુવર્ણપણાને છોડતું નથી, તેમ જ્ઞાની કર્મના ઉદયે તપ્ત હોવા છતાં તે પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી."[૧] ૧૦૦.

૧. જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહિ તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. (૧૮૪)

(શ્રી સમયસાર ગુ. ગાથા–૧૮૪)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



नन्वात्मना मरणरूपविनाशादुत्तरकालमभावसिद्धेः कथं सर्वदाऽस्तित्वं सिध्येदिति वदन्तं प्रत्याह—

**स्वप्नेदृष्टे विनष्टेऽपि न नाशोऽस्ति यथात्मनः।**
**तथा जागरदृष्टेऽपि विपर्यासाविशेषतः॥१०१॥**

**टीका**—स्वप्ने स्वप्नावस्थायां दृष्टे विनष्टेऽपि शरीरादौ आत्मनो यथा नाशो नास्ति तथा जागरदृष्टेऽपि जागरे जाग्रदवस्थायां दृष्टे विनष्टेऽपि शरीरादौ आत्मनो नाशो नास्ति। ननु स्वप्नावस्थायां भ्रांतिवशादात्मनो विनाशः प्रतिभातीति चेत्तदेतदन्यत्रापि समानं। न खलु शरीरविनाशे आत्मनो विनाशमभ्रान्ती मन्यते। तस्मादुभयत्राप्यात्मनो विनाशोऽनुपपन्नो विपर्यासाविशेषत्। यथैव हि स्वप्नावस्थायामविद्यमानेऽप्यात्मनो विनाशे विनाशः प्रतिभासत इति विपर्यासः तथा जाग्रदवस्थायामपि॥१०१॥

મરણરૂપ વિનાશથી ઉત્તરકાલમાં (વિનાશ પછી) આત્માનો અભાવ સિદ્ધ હોય તો તેનું સર્વદા અસ્તિત્વ કેવી રીતે સિદ્ધ થાય? એવું બોલનાર પ્રતિ કહે છે :—

**શ્લોક ૧૦૧**

**અન્વયાર્થ** :—(स्वप्ने) સ્વપ્ન–અવસ્થામાં (दृष्टे विनष्टे अपि) પ્રત્યક્ષ જોવામાં આવેલા શરીરાદિકનો નાશ થવા છતાં (यथा) જેમ (आत्मनः) આત્માનો (नाशः न अस्ति) નાશ થતો નથી (यथा) તેમ (जागरदृष्टे अपि) જાગ્રત અવસ્થામાં પણ દેખેલા શરીરાદિકનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી; (विपर्यासाविशेषतः) કારણ કે બંને અવસ્થાઓમાં વિપરીત પ્રતિભાસમાં કાંઈ ફેર નથી.

**ટીકા** :—સ્વપ્નમાં એટલે સ્વપ્ન–અવસ્થામં દેખવામાં આવેલા શરીરાદિનો નાશ થવા છતાં જેમ આત્માનો નાશ થતો નથી, તેમ જાગ્રત અવસ્થામાં પણ દેખવામાં આવેલા શરીરાદિનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી. સ્વપ્ન–અવસ્થામાં ભ્રાન્તિને લીધે આત્માનો વિનાશ પ્રતિભાસે છે એમ શંકા કરવામાં આવે, તો અન્યત્ર પણ (જાગ્રત અવસ્થામાં પણ) તે સમાન છે. ભ્રાન્તિ વિનાનો માણસ, શરીરનો વિનાશ થતાં આત્માનો વિનાશ ખરેખર માનતો નથી. તેથી બંનેમાં (સ્વપ્ન અવસ્થામાં અને જાગ્રત અવસ્થમાં) પણ વિપર્યાસમાં (ભ્રાન્તિમાં) ફેર નહિ હોવાથી (ભ્રાન્તિ સમાન હોવાથી) આત્માનો વિનાશ નહિ હોવા છતાં (તેનો) વિનાશ પ્રતિભાસે છે, તેમ એવી ભ્રાન્તિ જાગ્રત અવસ્થામાં પણ થાય છે.

સ્વપ્ને દૃષ્ટ વિનષ્ટ હો પણ જીવનો નહિ નાશ;
જાગૃતિમાં પણ તેમ છે, ભ્રમ ઉભયત્ર સમાન. ૧૦૧.

૨૪

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

नन्वेव प्रसिद्धस्याप्यनाद्यनिधनस्यात्मनो मुक्त्यर्थं दुर्द्धरानुष्ठानक्लेशो व्यर्थो ज्ञानभावनामात्रैणैव मुक्तिसिद्धेरित्याशङ्क्याह—

* अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ।
तस्माद्यथाबलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥१०२॥

---

**ભાવાર્થ** :—સ્વપ્નમાં શરીરનો નાશ જોવા છતાં આત્માનો નાશ થતો નથી તો પણ આત્માના નાશનો ભ્રમ (વિપરીત પ્રતિભાસ) થાય છે; તેમ જાગ્રત–અવસ્થામાં પણ શરીરનો નાશ જોવા છતાં આત્માના વિનાશનો ભ્રમ થાય છે. બંને અવસ્થાઓમાં જે ભ્રમ થાય છે તે સમાન છે. તેમાં કાંઈ તફાવત નથી. પરમાર્થ દૃષ્ટિએ જોવામાં આવે તો સ્વપ્નમાં મનુષ્યના શરીરનો અને તેના આત્માનો નાશ થયો નથી; તેમ જાગ્રત અવસ્થામાં પણ મરણથી મનુષ્યના શરીરનો અને તેમાં રહેલા આત્માનો નાશ થતો નથી, કારણ કે દરેક દ્રવ્ય સત્ છે. સત્નો કદી નાશ થતો નથી, ફક્ત તેની પર્યાયમાં ફેરફાર થાય છે. એક પર્યાયનો વ્યય, બીજી પર્યાયનો ઉત્પાદ અને તે બંનેમાં દ્રવ્યનું ધ્રૌવ્યરૂપે કાયમ રહેવું–એવી વસ્તુસ્થિતિ છે.

## વિશેષ

આત્મા એક ચેતન, અમૂર્તિક, અવિનાશી પદાર્થ છે. તેના વિનાશની કલ્પના કરવી એ નિતાન્ત ભ્રમ છે. સંસાર–અવસ્થામાં શરીર સાથે આત્માનો પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપ સંયોગ સંબંધ છે, પણ અજ્ઞાનીને તે બંનેનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી બંનેને એકરૂપ માને છે; તેથી શરીરરૂપ પુદ્ગલ–પર્યાયનો વ્યય જોઈ તેમાં સંયોગરૂપે રહેલા આત્માનો પણ ભ્રમથી વિનાશ માને છે; પરંતુ ઝૂંપડી બળી જતાં તેમાં રહેલું આકાશ કાંઈ બળી જતું નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો નાશ થતો નથી. ૧૦૧.

અનાદિનિધન આત્મા પ્રસિદ્ધ હોવા છતાં તેની મુક્તિ માટે દુર્દ્ધર તપશ્ચરણરૂપ ક્લેશ કરવો વ્યર્થ છે, કારણ કે જ્ઞાનભાવનામાત્રથી જ મુક્તિની સિદ્ધિ છે એવી આશંકા કરી કહે છે :—

---

* सुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि।
तम्हा जहाबलं जोई अप्पा दुक्खेहिं भावए॥६२॥ —मोक्षप्राभृते, कुन्दकुन्दः।

અદુઃખભાવિત જ્ઞાન તો દુખ આવ્યે ક્ષય થાય;
દુઃખ સહિત ભાવે સ્વને યથાશક્તિ મુનિરાય. ૧૦૨.

**टीका**—अदुःखेन कायक्लेशादिकष्टं विना सुकुमारोपक्रमेण भावितमेकाग्रतया चेतसि पुनः पुनः संचिन्तितं ज्ञानं शरीरादिभ्यो भेदेनात्मस्वरूपपरिज्ञानं क्षीयते अपकृष्यते। कस्मिन् ? दुःखसन्निधौ दुःखोपनिपाते सति। यत एवं तस्मात्कारणात् यथाबलं स्वशक्त्यनतिक्रमेण मुनिर्योगी आत्मानं दुःखैर्भावयेत् कायक्लेशादिकष्टैः सहाऽऽत्मस्वरूपं भावयेत्। कष्टसहोभवन्सदाऽऽत्मस्वरूपं चिन्तयेदित्यर्थः ॥१०२॥

ननु यद्यात्मा शरीरात्सर्वथाभिन्नस्तदा कथमात्मनि चलति नियमेन तच्चलम् तिष्ठति नियमेन तिष्ठेदिति वदन्तं प्रत्याह—

## શ્લોક ૧૦૨

**અન્વયાર્થ** :—(अदुःखभावितं ज्ञानं) જે જ્ઞાનદુઃખ વિના ભાવવામાં આવે છે, તે (दुःखसनिधौ) ઉપસર્ગાદિ દુઃખો આવી પડતાં (क्षीयते) નાશ પામે છે, (तस्मात्) માટે (मुनिः) મુનિએ અન્તરાત્મા યોગીએ–(यथाबलं) પોતાની શરીરાદિથી ભિન્ન ભાવના ભાવવી.

**ટીકા** :—દુઃખ વિના એટલે કાયક્લેશાદિના કષ્ટ વિના સુકુમાર ઉપક્રમથી ભાવવામાં આવેલું અર્થાત્ એકાગ્રતાથી મનમાં વારંવાર ચિંતવેલું જ્ઞાન એટલે શરીરાદિથી ભિન્ન આત્મસ્વરૂપનું પરિજ્ઞાન ક્ષય પામે છે–ક્ષીણ થાય છે. ક્યારે? દુઃખની સન્નિધિમાં (ઉપસ્થિતિમાં)–દુઃખો આવી પડતાં, તેટલા માટે યથાશક્તિ એટલે પોતાની શક્તિનું ઉલ્લંઘન કર્યા સિવાય મુનિએ–યોગીએ દુઃખથી આત્માની ભાવના ભાવવી અર્થાત્ કાયક્લેશાદિરૂપ કષ્ટોથી આત્મસ્વરૂપની ભાવના કરવી–કષ્ટ સહીને સદા આત્મસ્વરૂપનું ચિંતવન કરવું–એવો અર્થ છે.

**ભાવાર્થ** :—જેમને શરીરાદિની અનુકૂળતામાં યા સાતાશીલપણામાં જ્ઞાન–ભાવના કરવાની આદત પડી છે, તેમને ઉપસર્ગાદિ આવતાં જ્ઞાન–ભાવના અચલ રહી શકતી નથી, કારણ કે તેઓ ભૂખ, તરસ, ગરમી, ઠંડી વગેરેની થોડી પણ બાધા સહી શકતા નથી. તેઓ નજીવું સંકટ આવી પડતાં ગભરાઈ જાય છે અને જ્ઞાન–ભાવનાથી ચલિત થઈ જાય છે; તેથી આચાર્યદેવે આ શ્લોકમાં કહ્યું છે કે જ્ઞાન–ભાવનાના અભ્યાસીને ઉચિત છે કે તે અનેક કષ્ટો સહન કરવાની એવી ટેવ પાડે કે કષ્ટો આવી પડે તો પણ તે જ્ઞાન–ભાવનાથી ચલાયમાન થાય નહિ. ૧૦૨.

જો આત્મા શરીરથી સર્વથા ભિન્ન હોય તો તેના ચાલવાથી શરીર નિયમથી કેમ ચાલે અને તેના ઊભા રહેવાથી તે (શરીર) નિયમથી કેમ ઊભું રહે છે? એમ શંકા કરનાર પ્રતિ કહે છે :—

प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात्।
वायोः शरीरयंत्राणि वर्तन्ते स्वेषु कर्मसु॥१०३॥

**टीका**—आत्मनः सम्बंधिनः प्रयत्नाद्वायुः शरीरे समुच्चलति कथम्भूतात् प्रयत्नात्? इच्छाद्वेषप्रवर्तितात् रागद्वेषाभ्यां जनितात्। तत्र समुच्चलिताच्च वायोः शरीरयंत्राणि शरीराण्येव यंत्राणि शरीरयंत्राणि। किं पुनः शरीराणां यंत्रैः साधर्म्ययतस्तानि यन्त्राणीत्युच्यन्ते? इति चेत् उच्यते–यथा यंत्राणि काष्ठादिविनिर्मितसिंहव्याघ्रादीनि स्वसाध्यविविधक्रियायां परप्रेरितानि प्रवर्तन्ते तथा शरीराण्यपीत्युभयोस्तुल्यतां। तानि शरीरयंत्राणि वायोः सकाशाद्वर्तन्ते। केषु? कर्मसु क्रियासु। कथम्भूतेषु? स्वेषु स्वसाध्येषु॥१०३॥

### શ્લોક ૧૦૩

**અન્વયાર્થ** :—(इच्छाद्वेषप्रवर्तितात्) ઈચ્છા (રાગ)–દ્વેષની પ્રવૃત્તિથી થતા (आत्मनः प्रयत्नात्) આત્માના પ્રયત્નના નિમિત્તે (वायुः) વાયુ ઉત્પન્ન થાય છે–વાયુનો સંચાર થાય છે. (वायोः) વાયુના સંચારથી (शरीर यंत्राणि) શરીર યંત્રો (स्वेषु कर्मसु) પોત પોતાના કાર્યોમાં (वर्तन्ते) પ્રવર્તે છે.

**ટીકા** :—આત્માના પ્રયત્નથી વાયુનો શરીરમાં સંચાર થાય છે. કેવા પ્રયત્નથી? ઈચ્છાદ્વેષથી પ્રવર્તેલા–રાગ–દ્વેષથી ઉત્પન્ન થયેલા (પ્રયત્નથી), તેમાં (શરીરમાં) સંચારિત વાયુથી શરીર યંત્રો–શરીરો એ જ યંત્રો તે શરીરયંત્રો–(સ્વકાર્યમાં પ્રવર્તે છે).

શું શરીરોને યંત્રો સાથે સમાન ધર્મ છે કે જેથી તેઓ (શરીરો) યંત્રો કહેવાય છે? એમ પૂછો તો કહેવાનું કે જેમ લાકડા વગેરેનાં બનેલાં સિંહ–વ્યાઘ્રાદિયંત્રો પરપ્રેરિત થઈને પોતપોતાને સાધવા યોગ્ય વિવિધ ક્રિયાઓમાં પ્રવર્તે છે, તેમ શરીરો પણ (પ્રવર્તે) છે. એમ બંનેમાં (શરીર અને યંત્રોમાં) સમાનતા છે. તે શરીરયંત્રો વાયુ દ્વારા પ્રવર્તે છે. શામાં? કાર્યોમાં–ક્રિયાઓમાં. કેવા (કાર્યોમાં)? પોતપોતાને સાધવા યોગ્ય (કાર્યોમાં).

**ભાવાર્થ** :—જીવને જ્યારે શરીરની ક્રિયા કરવાની ઈચ્છા થાય છે, ત્યારે તેના (ઈચ્છાના) નિમિત્તે વાયુ પોતાની યોગ્યતાથી શરીરમાં ઉત્પન્ન થાય છે. તે વાયુના સંચાર નિમિત્તે શરીરયંત્રો અર્થાત્ શરીરની ક્રિયાઓ પોતપોતાની યોગ્યતાથી પોતાનું કામ કરે છે.

---

ઈચ્છાદિજ નિજ યત્નથી વાયુનો સંચાર;
તેનાથી તનયંત્ર સૌ વર્તે નિજ વ્યાપાર. ૧૦૩.

આમ જીવની ઇચ્છા અને શરીરની ક્રિયાને સીધો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ નથી, પરંતુ જીવની ઇચ્છા અને વાયુને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે અને વાયુ તથા શરીરની ક્રિયાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

## વિશેષ

સ્થૂલદ્રષ્ટિએ (વ્યવહાર નયે) જીવની ઇચ્છાથી શરીર ચાલે છે એમ કહેવામાં આવે છે તેનો અર્થ એ છે કે જીવની ઇચ્છાથી કે વાયુથી શરીરની ક્રિયાઓ ખરેખર થતી નથી, પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ઉપચારથી તેમ કહેવામાં આવે છે.[1]

યોગ (અર્થાત્ મન–વચન–કાયના નિમિત્તે આત્મ–પ્રદેશોનું ચલન) અને ઉપયોગ (અશુદ્ધ ઉપયોગ–જ્ઞાનનું કષાયો સાથે જોડાવું)–એ બંનેનો કર્તા, આત્મા કદાચિત ભલે હો, તથાપિ પર દ્રવ્ય–સ્વરૂપ કર્મનો કર્તા તો તે નિમિત્તપણે પણ કદી નથી. અજ્ઞાન અવસ્થામાં જ આત્માને યોગ–ઉપયોગનો કર્તા કહી શકાય, પણ શરીરાદિ પર દ્રવ્યોનો કર્તા તો તે નિમિત્તપણે પણ કદી નથી.

આ ઉપરથી એમ સમજવું કે જો જીવ, પુદ્ગલ–કર્મનો ખરેખર કર્તા નથી, તો શરીરની કોઈ ક્રિયાનો કર્તા તે કેમ હોઈ શકે? જરા પણ નહિ; પરંતુ અજ્ઞાન દશામાં જીવનો યોગ અને ઉપયોગ, શરીરની ક્રિયામાં નિમિત્ત થાય છે.

દ્રવ્યદ્રષ્ટિથી તો 'કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો કર્તા નથી,' પરંતુ પર્યાયદ્રષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે, તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્ત–કર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનો (શુદ્ધ–અશુદ્ધ પરિણામનો) કર્તા છે, તે અન્ય દ્રવ્યના પરિણામનો કર્તા નથી.[2]

"અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની (પર્યાયની) ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી (એ સિદ્ધાંત છે કે) 'સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી જ ઊપજે છે.'"[3]

".....સર્વ દ્રવ્યો, નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના

---

૧. જુઓ–મોક્ષમાર્ગ પ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ. ૨૫૬.

૨. જુઓ–શ્રી સમયસાર ગુ. આવૃત્તિ–ગા. ૧૦૦ અને તેનો ભાવાર્થ.

૩. કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ ગા. ૩૭૨)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तेषां शरीरयंत्राणामात्मन्यारोपाऽनारोपौ कृत्वा जडविवेकिनौ किं कुर्वत इत्याह—

**तान्यात्मनि समारोप्य साक्षाण्यास्तेऽसुखं जडः।**
**त्यक्त्वाऽरोपं पुनर्विद्वान् प्राप्नोति परमं पदम्॥१०४॥**

**टीका**—तानि शरीरयंत्राणि साक्षाणि इंद्रियसहितानि आत्मनि समारोप्य गौरोऽहं

---

સ્વભાવથી જ ઊપજે છે, કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી સર્વ દ્રવ્યોને, નિમિત્તભૂત અન્ય દ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ.....''[1]

''.......વળી પર્યાયમાં જીવ-પુદ્ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે; તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નીપજી માને છે, પણ આ જીવની ક્રિયા છે તેમાં પુદ્ગલ નિમિત્ત છે તથા આ પુદ્ગલની ક્રિયા છે તેમાં જીવ નિમિત્ત છે, એમ (અજ્ઞાનીને ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી........''[2]

માટે જીવની ક્રિયાથી શરીરની ચાલવાની તથા ઊભા રહેવાની વગેરે ક્રિયા થતી માનવી તે ભ્રમ છે. ૧૦૩.

તે શરીરયંત્રોનો આત્મામાં આરોપ અને અનારોપ કરીને જડ (અજ્ઞાની) અને વિવેકી પુરુષો શું કરે છે? તે કહે છે :—

### શ્લોક ૧૦૪

**અન્વયાર્થ** :—(जडः) અજ્ઞાની બહિરાત્મા (साक्षाणि) ઇન્દ્રિયો સહિત (तानि) તે શરીરયંત્રોને (आत्मनि समारोप्य) આત્મામાં આરોપી (असुखं आस्ते) દુઃખી થાય છે. (पुनः) કિન્તુ (विद्वान्) જ્ઞાની અંતરાત્મા (आरोपं त्यक्त्वा) શરીરાદિકમાં આત્માનો આરોપ (આત્માની કલ્પના) છોડી (परमं पदं) પરમ પદને-મોક્ષને (प्राप्नोति) પ્રાપ્ત કરે છે.

**ટીકા** :—તે અક્ષ સહિત એટલે ઇન્દ્રિયો સહિત શરીરયંત્રોને આત્મામાં આરોપીને

---

૧. શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગા. ૩૭૨ ટીકા.

૨. મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ. ૨૩૦.

જડ નિજમાં તનયંત્રને આરોપી દુખી થાય;
સુજ્ઞ તજી આરોપને લહે પરમપદ-લાભ. ૧૦૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

सुलोचनोऽहं स्थूलोऽहंमित्याद्यभेदरूपतया आत्मन्यध्यारोप्य जडो बहिरात्मा असुखं सुखं वा यथा भवत्येवमास्ते। विद्वानन्तरात्मा पुनः प्राप्नोति किं? तत्परमं पदं मोक्ष। किं कृत्वा? त्यक्त्वा। कं? आरोपं शरीरादिनामात्मन्यध्यवसायम्।।१०४।।

कथमसौ तं त्यजतीत्याह–अथवा स्वकृतग्रन्थार्थमुपसंहृत्य फलमुपदर्शयन्मुक्त्वेत्याह—

(શરીરાદિને આત્મા કલ્પી)–અર્થાત્ હું ગોરો, હું સુંદર આંખવાળો, હું જાડો ઈત્યાદિ અભેદરૂપપણે (એકતાબુદ્ધિએ) આત્મામાં આરોપીને, જડ–બહિરાત્મા જેમ અસુખ–સુખ થાય તેમ વર્તે છે, પરંતુ વિદ્વાન–અન્તરાત્મા પ્રાપ્ત કરે છે. શું? તે પરમપદને–મોક્ષને. શું કરીને? ત્યજીને, શું (ત્યજીને)? શરીરાદિનો આત્મા વિષે જે આરોપ છે–અધ્યવસાય છે તેને (ત્યજીને).

**ભાવાર્થ** :—હું ગોરો, હું સુંદર, હું જાડો ઈત્યાદિરૂપ, શરીરાદિમાં આત્માની અભેદ કલ્પના કરી (આત્મબુદ્ધિ કરી) અજ્ઞાની બહિરાત્મા સુખ–દુઃખ માને છે, પરંતુ જ્ઞાની અંતરાત્મા આત્મામાં શરીરાદિનો મિથ્યા અભેદ–અધ્યવસાયનો ત્યાગ કરી પરમપદને–મોક્ષને પ્રાપ્ત કરે છે.

## વિશેષ

અનાદિથી શરીર અને આત્માને સંયોગસંબંધ છે. આ સંબંધને લીધે શરીરના અંગોપાંગની ક્રિયા જોઈ અજ્ઞાનીને ભ્રમ થાય છે કે એ બધી ક્રિયાઓ આત્માની છે, પણ વાસ્તવમાં આત્મા અને શરીર લક્ષણે એકબીજાથી તદ્દન ભિન્ન છે. એક ચેતન અને અરૂપી છે અને બીજું અચેતન–જડ અને રૂપી છે. બંને વચ્ચે માત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, પણ અજ્ઞાની ભ્રમથી નિમિત્ત–નૈમિત્તિક સંબંધને બદલે કર્તા–કર્મ સંબંધ સમજી પોતાને સુખી–દુઃખી કલ્પે છે.

જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે. તે શરીરની ક્રિયાઓને આત્માની ક્રિયા માનતો નથી. તેને શરીરમાં આત્મબુદ્ધિ–એકતાબુદ્ધિ નથી, તેથી શરીરની ક્રિયામાં તેને કર્તા–બુદ્ધિ નથી. શરીરાદિમાં કર્તા–બુદ્ધિ નહિ હોવાથી તેને હર્ષ–શોક કે રાગ–દ્વેષ પણ નથી. તેના અભાવમાં જ્ઞાનીને કર્મનો નવો બંધ થતો નથી. ભેદવિજ્ઞાનના બળે જેમ જેમ વીતરાગતા વધતી જાય છે, તેમ તેમ જૂનાં કર્મ પણ ઉદયમાં આવી નિર્જરી જાય છે. અંતે કર્મોનો સંપૂર્ણપણે અભાવ થતાં પરમ વીતરાગપદની પ્રાપ્તિ થાય છે. ૧૦૪.

તે તેને કેવી રીતે ત્યજે છે તે કહે છે–અથવા પોતાના રચેલા ગ્રન્થના અર્થનો ઉપસંહાર કરીને ફલ દર્શાવતાં. 'મુક્ત્વા' એમ કહીને, કહે છે :—

मुक्त्वा परत्र परबुद्धिमहंधियं च,
संसारदुःखजननीं जननाद्विमुक्तः।
ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ–
स्तन्मार्गमेतदधिगम्य समाधितंत्रम् ॥१०५॥

**टीका**—उपैति प्राप्नोति। किं तत्? सुखं। कथम्भूतं? ज्योतिर्मयं ज्ञानात्मकं। किंविशिष्टः सन्नसौ तदुपैति? जननाद्विमुक्तः संसाराद्विशेषेण मुक्तः। ततो मुक्तोऽप्यसौ कथम्भूतः सम्भवति? परमात्मात्मनिष्ठः परमात्मस्वरूपसंवेदकः। किं कृत्वाऽसौ तन्निष्ठः स्यात्। मुक्त्वा। कां? परबुद्धिं अहंधियं च स्वात्मबुद्धिं च। क्व? परत्र शरीरादौ। कथम्भूतां तां?

## શ્લોક ૧૦૫

**અન્વયાર્થ** :—(तन्मार्ग) તે પરમપદની પ્રાપ્તિનો ઉપાય બતાવનાર (एतत् समाधितंत्र) આ 'સમાધિતંત્ર' શાસ્ત્રનું (अधिगम्य) અધ્યયન કરીને–અનુભવ કરીને (संसारदुःखजननीं) સંસારનાં દુઃખોને ઉત્પન્ન કરવાવાળી, (परत्र) શરીરાદિ પદાર્થોમાં (अहंधियं परबुद्धिं च) અહંબુદ્ધિને તથા પરબુદ્ધિને (પર તે હું છું એવી બુદ્ધિને) (मुक्त्वा) છોડીને (परात्मनिष्ठः) પરમાત્માની ભાવનામાં સ્થિર ચિત્તવાળો અન્તરાત્મા (जननात् विमुक्तः) સંસારથી મુક્ત થઈને (ज्योतिर्मयं सुखं) જ્ઞાનમય સુખને (उपैति) પ્રાપ્ત કરે છે.

**ટીકા** :—પામે છે એટલે પ્રાપ્ત કરે છે. શું તે? સુખ. કેવું (સુખ)? જ્યોતિર્મય એટલે જ્ઞાનાત્મક (સુખ). કેવા પ્રકારનો થઈ તે તે (સુખ) પ્રાપ્ત કરે છે? જન્મથી મુક્ત એટલે ખાસ કરીને સંસારથી મુક્ત થઈને (સુખ પ્રાપ્ત કરે છે). તેનાથી (સંસારથી) મુક્ત થયેલો છતાં તે કેવો સંભવે છે? (તે) પરમાત્મનિષ્ઠ–પરમાત્મસ્વરૂપનો સંવેદક (થાય છે). શું કરીને તે તનિષ્ઠ (એટલે પરમાત્મનિષ્ઠ) બને? છોડીને. શું (છોડીને)? પરબુદ્ધિ અને અહંબુદ્ધિ એટલે સ્વાત્મબુદ્ધિ (છોડીને). શામાં (છોડીને)? પરમાં–શરીરાદિમાં. કેવી તે (બુદ્ધિને)? સંસારનાં દુઃખોને ઉત્પન્ન કરનારી–ચતુર્ગતિનાં દુઃખોની ઉત્પત્તિના કારણભૂત (બુદ્ધિને). તેથી તેવા

---

જાણી સમાધિતંત્ર આ—જ્ઞાનાનંદ-ઉપાય,
જીવ તજે 'હું'બુદ્ધિને દેહાદિક પરમાંય;
છોડી એ ભવજનનીને, થઈ પરમાતમલીન,
જ્યોતિર્મય સુખને લહે, ધરે ન જન્મ નવીન. ૧૦૫.

संसारदुःखजननीं चतुर्गतिकदुःखोत्पत्तिहेतुभूतां। यतस्तथाभूतां तां त्यजेत्। किं कृत्वा? अधिगम्य। किं तत्? समाधितंत्रं समाधेः परमात्मस्वरूपसंवेदनैकाग्रतायाः परमोदासीनताया वा तन्त्रं प्रतिपादकं शास्त्रं। कथम्भूतं तत्? तन्मार्गं तस्य ज्योतिर्मयसुखस्य मार्गमुपायमिति॥१०५॥

**टीका**–प्रशस्तिः

येनात्मा बहिरन्तरुत्तमभिदा त्रेधा विवृत्योदितो,
मोक्षोऽनन्तचतुष्टयाऽमलवपुः सद्ध्यानतः कीर्तितः।

પ્રકારની તે (બુદ્ધિ)નો ત્યાગ કરવો. શું કરીને? જાણીને. શું (જાણીને)? સમાધિતંત્રને–સમાધિના એટલે પરમાત્મસ્વરૂપના સંવેદનમાં એકાગ્રતાના અથવા પરમ ઉદાસીનતાના તંત્રને એટલે પ્રતિપાદક શાસ્ત્રને. તે કેવું છે? તેના માર્ગરૂપ છે, તેના એટલે જ્યોતિર્મય સુખના માર્ગરૂપ એટલે ઉપાયરૂપ (શાસ્ત્ર) છે.

**ભાવાર્થ** :—શ્રી પૂજ્યપાદાચાર્ય–વિરચિત આ 'સમાધિતંત્ર' શાસ્ત્ર, પરમાત્મસ્વરૂપના સંવેદનમાં એકાગ્રતા જ સમાધિ છે–અર્થાત્ પરમપદની પ્રાપ્તિનો ઉપાય છે–તેનું પ્રતિપાદન કરે છે. આ 'સમાધિતંત્ર'નો સારી રીતે અભ્યાસ કરીને, શરીરાદિ પર પદાર્થોમાં જે અંતરાત્મા અહંબુદ્ધિ અને પરબુદ્ધિનો ત્યાગ કરે છે અને પરમાત્માની ભાવનામાં ચિત્ત સ્થિર કરે છે તે સંસારના દુઃખોથી મુક્ત થઈ કેવળજ્ઞાનમય પરમ સુખને પ્રાપ્ત કરે છે.

એ રીતે આચાર્યદેવે પ્રસ્તુત 'સમાધિતંત્ર'ની અગત્યતા દર્શાવી પરમ પદની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે.

જ્યાં સુધી સ્વ–પરનું ભેદજ્ઞાન થાય નહિ, ત્યાં સુધી જીવ અજ્ઞાની રહે છે અને અજ્ઞાનજનિત ભ્રમને લીધે તે શરીરાદિ પરપદાર્થોમાં અહંબુદ્ધિ–આત્મબુદ્ધિ કરે છે, અર્થાત્ તેમાં પોતાના આત્માની કલ્પના કરી કર્તા–બુદ્ધિ સેવે છે. તે શરીરની ક્રિયા અથવા પરનાં કાર્યો હું કરું છું–એમ માને છે. વળી તેને શરીર અને પરપદાર્થો પ્રત્યે મમકારબુદ્ધિ હોય છે, અર્થાત્ શરીર મારું, સ્ત્રી–પુત્ર–મકાનાદિ મારાં–એવી ભ્રમજનિત માન્યતા તે કરે છે. આ અજ્ઞાનમૂલક માન્યતાના કારણે જીવને રાગ–દ્વેષાદિ કષાયભાવ થાય છે જે ચતુર્ગતિરૂપ સંસાર–ભ્રમણનું મૂલ કારણ છે. સ્વસન્મુખ થઈ આત્મસ્વરૂપમાં સ્થિર થવાની ભાવના કરવી તે જ સંસારનાં દુઃખોથી મુક્તિનો અને પરમ પદની પ્રાપ્તિનો ઉપાય છે. ૧૦૫.

## ટીકા–પ્રશસ્તિ

જેમણે આત્માને બહિર્, અંતર ને ઉત્તમ–એમ ત્રણ પ્રકારે વર્ણવી બતાવ્યો છે, જેમણે

जीयात्सोऽत्रजिनः समस्तविषयः श्रीपूज्यपादोऽमलो,
भव्यानन्दकरः समाधिशतकश्रीमत्प्रभेन्दुः प्रभुः ।।१।।

इति श्रीपण्डितप्रभाचन्द्रविरचिता समाधिशतकटीका समाप्ता ।।

સદ્ધ્યાનથી અનન્ત–ચતુષ્ટમય અમલ શરીરરૂપ મોક્ષ છે એમ પ્રસિદ્ધ કર્યું છે, તે પૂજ્યપાદ પ્રભુ અહીં જય પામો! તે કેવા છે? તે જિન છે, તેમના (ઇન્દ્રિય) વિષયો બધા અસ્ત થઈ ગયા છે, તે અમલ છે, ભવ્ય જીવોને આનંદકર છે, સમાધિશતકરૂપ શ્રીથી યુક્ત છે અને પ્રભામાં ચંદ્ર સમાન છે.

આ શ્લોકમાં સમાધિતંત્રના (અપર નામ સમાધિશતકના) રચયિતા શ્રી પૂજ્યપાદાચાર્ય પ્રતિ પ્રશસ્તિ દ્વારા પૂજ્યભાવ પ્રગટ કરી તેના ટીકાકાર શ્રી પ્રભાચન્દ્રે ગર્ભિતપણે 'શ્રીમત્ પ્રભેન્દુ' શબ્દો દ્વારા સમાધિશતકના ટીકાકાર તરીકે પોતાના નામનો પણ ઉલ્લેખ કર્યો છે.

ઇતિ શ્રી પંડિત પ્રભાચંદ્રવિરચિત સમાધિશતકની ટીકા

**સમાપ્ત**

**समाप्तोऽयं ग्रन्थः**

સહજ ચિદાનંદ.

## સમાધિતંત્રની પદ્યાનુક્રમસૂચી


| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| **अ** | | |
| अचेतनमिदं दृश्य | ४६ | ८५ |
| अज्ञापितं न जानन्ति | ५८ | १०५ |
| अदुःखभावितं ज्ञानं | १०२ | १७२ |
| अनन्तरज्ञः संधत्ते | ९९ | १६६ |
| अपमानादयस्तस्य | ३८ | ७२ |
| अपुण्यमव्रतैः पुण्यं | ८३ | १४२ |
| अयत्नसाध्यं निर्वाणं | १०० | १६८ |
| अविक्षिप्तं मनस्तत्त्वं | ३६ | ६८ |
| अविद्याभ्याससंस्कारैः | ३७ | ७० |
| अविद्यासंज्ञितस्तस्मात् | १२ | ३१ |
| अव्रतानि परित्यज्य | ८४ | १४३ |
| अव्रती व्रतमादाय | ८६ | १४६ |
| **आ** | | |
| आत्मज्ञानात् | ५० | ९१ |
| आत्मदेहान्तर | ३४ | ६५ |
| आत्मन्येवात्मधी | ७७ | १३२ |
| आत्मविभ्रमजं– | ४१ | ७६ |
| आत्मानमन्तरे | ७९ | १३६ |
| **इ** | | |
| इतीदं भावयेन्नित्य– | ९९ | १६६ |
| **उ** | | |
| उत्पन्नपुरुषभ्रान्ते | २१ | ४६ |
| उपास्यात्मानमेवात्मा | ९८ | १६४ |
| एवं त्यक्त्वा बहिर्वाचं | १७ | ३९ |
| **क** | | |
| क्षीयन्तेऽत्रैव | २५ | ५२ |
| **ग** | | |
| गौरः स्थूलः | ७० | १२३ |
| ग्रामोऽरण्यमिति | ७३ | १२७ |
| **घ** | | |
| घने वस्त्रे यथात्मानं | ६३ | ११४ |
| **च** | | |
| चिरं सुषुप्तास्तमसि | ५६ | १०२ |
| **ज** | | |
| जगद्देहात्मदृष्टीनां | ४९ | ९० |
| जनेभ्यो वाक् | ७२ | १२५ |
| जयन्ति यस्यावदतो | २ | ६ |
| जातिर्देहाश्रिता | ८८ | १५० |
| जातिलिंगविकल्पेन | ८९ | १५१ |
| जानन्नप्यात्मन | ४५ | ८३ |
| जीर्णे वस्त्रे यथात्मानं | ६४ | ११५ |
| **त** | | |
| तथैव भावयेद्देहाद् | ८२ | १४० |
| तद्ब्रूयात् तत् परान् | ५३ | ९६ |
| तान्यात्मनि समारोप्य | १०४ | १७६ |
| त्यक्त्वैवं बहिरात्मान | २७ | ५५ |
| त्यागादाने बहिर्मूढः | ४७ | ८६ |
| **द** | | |
| दृढात्मबुद्धि | ७५ | १२९ |
| दृश्यमानमिदं | ४४ | ८२ |
| दृष्टिभेदो यथा दृष्टिं | ९२ | १५५ |
| देहान्तरगतेर्बीजं | ७४ | १२८ |
| देहे स्वबुद्धिरात्मानं | १३ | ३२ |
| देहे स्वात्मधिया | १४ | ३४ |
| **न** | | |
| न जानन्ति शरीराणि | ६१ | ११० |
| न तदस्तीन्द्रियार्थेषु | ५५ | १०० |
| नयत्यात्मानमात्मैव | ७५ | १२९ |
| नरदेहस्थमा– | ८ | २५ |

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦




| | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| नष्टे वस्त्रे यथात्मनं | ६५ | ११६ |
| नारकं नारकांगस्थं | ९ | २५ |
| निर्मलः केवलः शुद्धः | ६ | २१ |
| **प** | | |
| परत्राहंमतिः | ४३ | ८० |
| पश्येन्निरतंरं | ५७ | १०३ |
| पूर्वस्य दृष्टात्मतत्त्वस्य | ८० | १३७ |
| प्रचाव्य विषयेभ्यो | ३२ | ६२ |
| प्रयत्नादात्मनो– | १०३ | १७३ |
| प्रविशद्गलतां | ६९ | १२२ |
| **ब** | | |
| बहिरन्तः परश्चेति | ८ | २५ |
| बहिरात्मा शरीरादौ | ५ | १७ |
| बहिरात्मेन्द्रियद्वारैः | ७ | २२ |
| बहिस्तुष्यति मूढात्मा | ६० | १०९ |
| **भ** | | |
| भिन्नात्मानमुपास्य– | ९७ | १६३ |
| **म** | | |
| मत्तश्च्युत्वेन्द्रिय | १६ | ३७ |
| मामापश्यन्नयं | २६ | ५४ |
| मुक्तिरेकान्तिकी | ७२ | १२५ |
| मुक्त्वा परत्र परबुद्धि | १०५ | १७७ |
| मूढात्मा यत्र विश्वस्त | २० | ४४ |
| मूलं संसारदुःखत्य | १५ | ३५ |
| **य** | | |
| यत्त्यागाय निवर्तन्ते | ९० | १५३ |
| यत्परैः प्रतिपाद्या | १९ | ४२ |
| यत्पश्यामीन्द्रियै– | ५१ | ९३ |
| यत्रावाहितधीः | ९५ | १६० |
| यथासौ चेष्टते | २२ | ४८ |
| यदग्राह्यं न गृह्णाति | २० | ४४ |
| यदन्तर्जल्पसंपृक्त | ८५ | १४४ |
| यदभावे सुषुप्तो– | २४ | ५१ |
| यत्र काये मुनेः | ४० | ७५ |
| यदा मोहात् प्रजायेते | ३९ | ७३ |
| यद् बोधियितुमिच्छामि | ५९ | १०७ |
| यन्मया दृश्यते रूपं | १८ | ४० |
| यस्य सम्पन्दमाभाति | ६७ | ११८ |
| युंजीत मनसा | ४८ | ८८ |
| येनात्मनानुभूये | २३ | ४९ |
| येनात्माऽबुध्यतात्मव | १ | १ |
| यो न वेत्ति परं | ३३ | ६३ |
| यः परमात्मा स एवाहं | ३१ | ६० |
| **र** | | |
| रक्ते वस्त्रे यथात्मानं | ६३ | ११४ |
| रागद्वेषादिकल्लोलैः | ३५ | ६७ |
| **ल** | | |
| लिंगं देहाश्रितं | ८७ | १४९ |
| **व** | | |
| विदिताशेषशास्त्रो | ९४ | १५९ |
| व्यवहारे सुषुप्तो यः | ७८ | १३४ |
| **श** | | |
| शरीरकंचुकेनात्मा | १८ | ४० |
| शरीरे वाचि चात्मानं | ५४ | ९८ |
| शुभं शरीरं दिव्यांश्च | ४२ | ७८ |
| शृण्वन्नप्यन्यतः | ८१ | १३९ |
| श्रुतेन लिंगेन | ३ | १० |
| **स** | | |
| सर्वेन्द्रियाणि संयम्य | ३० | ५९ |
| सुखमारब्धयोगस्य | २७ | ५५ |
| सुप्तोन्मत्ताध | ९३ | १५६ |
| सोऽहमित्यात्त | २८ | ५६ |
| स्वदेहसदृशे दृष्ट्वा | १० | २८ |
| स्वपराध्यवसायेन | ११ | २९ |
| स्वप्ने दृष्टे विनष्टे | १०१ | १७१ |
| स्वबुद्ध्या यावद् | ६२ | ११२ |


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.